57

વઢ-ઘેલી વનિતા.



નિરંજનીનુ સાસરવાસ તરફ પ્રયાણ!

ભા. ૧ પૃ ૧

શ્રી.

દેલવાડાકર-વાર્તામાળા. નં. ૨૨.

નિરંજની

અથવા

દુઃખની રાતપર સુખનું સવાર !

સચિત્ર સંસારી-નવલકથા.

"પતિવ્રતાઓ નિજ કંથને ભજે,
અનન્ય ભાવે કદી શીલ ના તજે;
સતી સ્રીઓએ પતિ દેવ માનવા,
વસંત કહે આ કથિયું વિચારવા"

પ્રકરણ ૧ લું.

નિરંજની સાસરવાસના સુખપથમાં.

"શોભે સુંદરીઆ, સાસરીયામાં શાણી
રહી મન માની-ગૃહરાણી...

વિજયા દશમીનો પવિત્ર ને શુભ અવસર, સાસરવતી બાળાઓનાં મનમાં ઉછાળી રહેલો છે. શરદપક્ષનાં સરોવરો જેમ જળથી

ઉછળતા ને મદમાતાં થઇ રહેલા હોય, તેમ લગ્નવતી બાળાઓનો મન—મદ છલકાતો દેખાય છે. ગિરિશૃંગોમાંથી નીતરતા જળ—ઝરણાઓ મળીને બંધાયલો વહેળો સરિતાના સમાગમમા આવે છે, ત્યારે જેમ તેનાં જળ છલકાતાં સાગરને ભેટવા દોડે છે, તેમ નવયૌવનાઓ પોતાના પતિને ભેટવાને સાસરે જવા તલ્પી રહી છે. દિવાળીનાં આણાનો ઢોલ વાગી રહેલો છે. આશાની નોબતો ગાજી રહી છે. પ્રેમની મુરલી બાજી રહી છે જુવાનીનો તનમનાટ ચમકી રહેલો છે. પરણ્યા પછી પતિને મળવાની પહેલી લાલસા, આશાના વૃક્ષને અડગ રાખવાનું મુહુર્ત્ત મેળવવા નવતરૂણીયો, વસંતના ખિલતા ફુલ પેઠેમ ડોલી રહી છે. કોઇ વેલી, કોઇ આવળ, કોઇ કાંટા સળીયા જેવી, અને કોઇ ચમેલી જેવી, કોઇ બાવળ કે ગુવર જેવા અને કોઇ ગુલાબ કે મોગરા જેવા પતિનો પ્રેમ ભાગ્ય—વાટે સંપાદન કરવા આતુર થઇ રહી છે.

રણવાસીઓ હથિયાર હાથ ધરીને પ્રેમથી પુજન કરવા હોસીલા થયલા દેખાય છે. પાંડવો પોતાના શાસ્ત્રોવડે વિજયનાદ કરી જય પામ્યા, એ મોટાને પગલે, અને તેના શુભ જયવડે શ્રદ્ધાપર રહી, રાજવંશીઓ વિજયાદશમીને દિવસે ઉત્સાહી બને છે. શુંભ નિશુંભ અસુરોને હણીને દેવનો ભય દુર કરનારી મહાદેવી ચંડિકાનું વરદાન આજે સુધાસમાન વડી રહેલું છે. નવરાત્રીના ગરબાઓ ગાઇને નિવૃત્ત થયલી કુમારિકાઓ, કેટલીક લગ્નવતી હોય, તે વિજયાદશમીનાં પ્રયાણ કરી સાસરે સિધાવવા ચાલી છે.

આપણી વાર્તાની નિર્દોષ નાયિકા નિરંજની, આજે સાસરે સિધાવે છે. અલ્હેતી બાળા આજે પિયર છોડીને, માબાપનો લાડકો સહવાસ મુકીને, પિયુની છાયામા ને સાસરીયાના તડકામા રહેવા જાય છે, કોમળ કાયા કસવા જાય છે, સૌભાગ્યના અખંડ

સુખ પામનારી પ્રેમદાઓ વૈભવ મેળવવા જાય છે, સ્થિર ચિત્ત અસ્થિર તરંગ તરફ ધસડાય છે.

કેટલાક કાળના નિવાસને તજતા જીવ-પ્રાણી માત્રને સંકોચ થાય છે. ભાડાનુ ઘર છતા ભાડુતને તે સ્થળ બદલવાની ફરજ પડે છે, ત્યારે તેને પણ સહજ આકરૂ લાગે છે, તો પછી માનીતી માતાના લાડમા ને પિતાના પ્યારમા ઉછરેલી, ભાઇ, ભાભી વગેરે પર છુટથી સરદારી કરેલી, એ નીચુ મસ્તક નમાવીને, સાસરાના ઘરેમાં કેદરૂપ બની જાય, એ સમયે તે બાળાને મન થોડું દુઃખ નથી! કાયા નગરનો જીવડો પોતાનું સ્થળ છોડતા કેટલાં ફાંફાં મારતો હશે, તે તો મરનારને ખબર, પણ અવશાન જોવા બેઠેલા સંબધીઓ આજારીનો દમ-ઘટ જોતા જીવતા અનુભવથી સહજ સમજી શકે છે. સગ ને સ્નેહ એવી વસ્તુ છે, કે જ્યા સુધી તેનાપર અભાવ થતો નથી, અથવા જો વિસરભાવ થતો નથી, ત્યાં સુધી, તે તજવો ગમતો નથી. ઓકારીનુ અન્ન સુગ ચડાવે છે ખરૂ, તોપણ અન્ન તો ખાવુજ પડે છે, મુકાતુ નથી.

સાજના પાચ વાગ્યા. શમી પુજન કરવા માટે નગરવાસીઓ નવરંગી પોશાક પહેરીને નિકળી પડયા. રાજમહાલયમાં દુંદુભી નાદ થવા લાગ્યા. નરપતિના રક્ષણ અર્થે રાજરીતિ પ્રમાણે પશુવધ કરવાની તૈયારી થઇ રહી. સુર્યનારાયણ આ જગતને નમસ્કાર કરી પૂર્વના ઉદયની રાહ મુકીને ચાલતો થતો દેખાયો. સમુદ્ર ધીમે ધીમે ચદ્રની રાહ જોતો, કીરણ અને તરગનો સમાગમ કરવાને પ્રયત્ન કરવા લાગ્યો. ગૌમાતાઓ પોતાના વ્હાલા વચ્છને મળવાને ગોદરા તરફ ફાળ ભરતી આવવા લાગી. પંથીઓ પોતાના ઘરને ભેટવા લાગ્યા, પખીઓ પોતાના માળા તરફ ઉડવા લાગ્યાં.

અને સલુણી મુગ્ધાઓના નવલ ભર્ત્તાર પ્રિયાના આવાગમનની રાહ જોતા, ફાંકડા બની, તેલ-ફુલેલ અત્તર લગાડી, આશાના ઉમળકામા મલકાતા, મિત્રોની જોડે નવી નવી કલ્પના ને ઇચ્છાઓ બાંધતા ફ઼રવા લાગ્યા. રાત્રી સત્વર પડો, પણ પ્રભાત મોડું થાઓ, આમ સ્વાર્થભોગી ભમરાઓ મનસાધ્ય કરવા લાગ્યા—આર્ય સંસારનો પડછંદો પાડવા લાગ્યા.

> મ્હારી બાળા અલ્હેતી, લ્હાડે .ઉછરતી,
> ચાલી આજે સુખી સાસરે—
> મૂકી માતાની માયા, બનીને જાયા,
> કાયા કરી ચાલી સાસરે —

આહા ! માતાનુ માંસલગાત્ર, મહા મુસ્કેલીએ પ્રસવ કરીને ગૃહલક્ષ્મી મૂર્તિ ઉછેરી, કેળવી, અને આખરે માતપિતાના મંદીરમાંથી, આ પરકું ધન પરદેશીની વાટે વળાવવુ પડ્યું. આ સમયનાં માતાના અશ્રુ, તો પુત્રીવતી માતા જ દાખી શકે ? અવગુણી અને મિજાજી જામાત્ર, જાણે મ્હોટા ઉપકારમાં દાબીને, લાડકી બાળાનો ભરથાર બની, કેદી તરીકે કેમ રાખવા લઇ જતો હોય, તેવો આર્ય સંસારનો જુનો જમાનો જોવાઇ રહેલો છે. આખે પાટા બાધી, ઘાણીમા જોડાએલા બળદની પેઠેમ, બાળાઓના મોંપર ઘુમટા તણાવી, ગમે તેવા વિચારના ને ગમે તેવી રીતના, અસ્વભાવથી તડપતા યુવાન સાથે લાકડે માકડું જોડી દઇ, તેના હાથમા આ નાજુક બાળાને સોપી દઈ, કેવળ તેના જીવનથી અજ્ઞાત રાખી, સ્વામીનો સેવા કરવાનો ને આજ્ઞામાં રહેવાનો ઉપદેશ આપી, એક સ્થૂળ દેહને, કે જેમા તેમનુ જીવન હોય યા ન હોય, એક ફળ, કે જેમાં સાવો યા મીઠાશ હોય યા ન હોય, તેવાને ભોગ દેવાને મોકલે છે. બાળવયની શારિરીક અવયવોથી નાજુક, અને વ્યવહાર-વ્યાપારમાં અજ્ઞાન છતાં

કોઇ વાર, ધન લોભી માબાપો, વૃદ્ધોશ્રયના વરને પણ સોંપી દે છે ! અરેરે, એ આર્ય જમાનો કયારે સુધરશે ? ઉદય ઘાટ પર રમતાં ભમતાં હંસલાં, નયના સરોવરપર હરતાં ફરતાં થઇને પ્રેમી હંસો કયારે પ્રાપ્ત કરશે ? આશાવંતી બહેનો ? બ્રિટીશ રાજની બોલબાલા• મા કેળવણીનાં ખડગ, એ તમારા આંતરિક દુ:ખો કાપી નાખશે. એક જમાનો એવો આવશે, કે માબાપો તમને લાયક વર શોધી કહાડવાની તક આપશે. ને તમે પ્રાચીન આર્ય ભારતના વિધી પૃષ્ઠપર લખાયેલા આશિર્વાદ પ્રાપ્ત કરીને, વૈકુઠ પ્રાપ્ત કરશો. પર્વતો ઉલંઘતાં જ સરળ માર્ગ હાથ ચડે છે, ગિરિગુફા જોતાં જોતાં જ વૈકુંઠધામ મળી આવે છે. દુ:ખ વિના સુખ નથી. કસોટી વિના અનુભવ થતો નથી.

સગુણરાય દેસાઇની વયવતી કન્યા નિરંજની, લાડકા નામની નીરૂ બહેન સાસરે જતાં તેની વહાલી નાજુકડી સહિયરો એક પછી એક મળવા આવતી હતી. કંઇ કંઇ ચેષ્ટાઓ અને કંઇ કંઇ રમુજ કરતી હતી. ગુણીયલ નીરૂ, તેઓની જોડે હાસ્ય કરતી હતી, સખીઓને રીઝાવતી હતી, પણ અંતર માંહેનો વિયોગ દવ, જે તેની મુખમુદ્રાપર રતાશ ચડાવી રહેલો હતો, તે જણાવા દેતી ન હતી

માતા ગુજરી ગયાને માત્ર બાર માસ થયા હતા, ને જો માતા હૈયાત હોત તો નીરૂ કદાચ અખાત્રીજને આણે સાસરે જાત; પણ સગુણરાયે જાણી જોઇનેજ તેને મોકલવાને છ માસ વીલંબ કર્યો કે, તેના મનમાં ઓછું ન લાગે ! માનું વહાલ, દીકરીને સાસરે જતાં બહુ જ સાંભરે ' વહાલી માયે પડખામાં રાખીને ઉછેરેલી, તેને છુટી કરતાં તેનું હૃદય બહુ જ દુ:ખિ થાય. જો આજે મંદાકિની હૈયાત હોત, તો નીરૂ બહેનને કેટલીક શાન્તિ થાત વિયોગમા અશ્રુ લુંછીને તેને ધીરજ દઇ સાસરે વળાવત, પણ અફસોસ ! નીરૂને માતાનું ઘર છોડતાં, વહાલી માતાને હેતથી મળવાનો લાભ ન મળ્યો.

"નીરૂ બહેન, રથ લઇને મેરૂ ખવાસ ડેલે આવી ઉભો રહેલો છે. ટ્રેનને પણ વધુ વખત રહેલો નથી. પાંચ મૈલ પહોંચતા સહેજે અરધો-પોણો કલાક તો થશે." સાસરેથી નીરૂ બહેનને તેડવા આવેલા ગોર મહારાજે ધીમેથી કહ્યુ:—

"હુ તૈયાર છુ-સામાન સઘળો અંદર મુકાઇ ગયો?"

"હા, બા-હધુ ગોઠવી દીધેલું સે!" મેરૂ ગાડીવાન બહાર એ.ટલા પર ઉભો રહેલો હતો. તેણે જવાબ દીધો.

"નીરૂબા, અંદર આવો-હું તમને હાર પહેરાવી ચાંલ્લો કરીને વધાવુ." નીરૂની માનીતી સારી ભાભીએ વ્હાલથી. કહ્યુ-નીરનું હૃદય ભીનું થવા લાગ્યુ. સહિયરોને બેસાડીને તે ભાભી તરફ ચાલી.

"સારી ભાભી? મે કપાળમાં પીયળ તો કરી છે!" નીરૂ બોલતી બોલતી ભાભીને ભેટવા ચાલી.

વહાલ ને ઉમળકાથી ઉભરાતી ભાભી આજે સગી બહેનને સાસરે વળાવતી હોય, તેવો ભાગ ભજવતી હતી. મંદાકિની સાસુ આજે સ્વર્ગસ્થ થયાં હતાં, તેની ખોટ પુરતી હતી. નીરૂ પોતાની વ્હાલી ભાભીને પોતાની વડી બહેન જેવા પ્યારથી ચાહતી હતી. ભાભીનુ નામ સારિકા હતુ. ખરે સારિકા જેવી જ સુંદરી હતી. પણ નીરૂ તેને સારી ભાભીના ઉલ્હામણાથી બોલાવતી હતી.

આજે ઉત્સવનો દિવસ હતો. જનવર્ગમાં આનંદ થયો હતો. ત્યારે સગુણરાયના હૃદયમા છુપો સંતાપ થયો હતો. આજે જ મંદાકિનીના મરણનો ગમ તાજો થયો હતો. નીરૂની હાજરીથી સારાકાકાને પોતાની પ્રિયાનો વિયોગ જણાયો ન હતો. હવે ઘર સુનુ થઇ પડ્યુ હતું. પોતાનુ જીવન પરવશ પડ્યુ લાગતું હતુ. નીરૂની હાજરીથી વચનમાં વિસામો હતો. દીલમા દીલાસો હતો. ઘરમાં જુવાન વહુ છતાં જો કે તેના ઠરેલપણાને લીધે પોતાની મા

વિનાની દીકરી અને પોતે બન્ને બહુ જ સુખ-શાન્તિથી રહેતાં હતાં વૈકુંઠરાય જેવો આજ્ઞાંકિત પુત્ર, ને સારિકા જેવી સદ્‌ગુણી પુત્રવધુમાં કંઇ પણ દોષ ન હતો; તે છતાં આ વૃદ્ધાવયના વડીલને હવે વહુવારૂ સાથે કામ લેવાનુ આવ્યું હતું. નીરૂ એક મોંનો કોળીયો કહો, કે આજ્ઞાનું જળ-પાત્ર કહો, તો તે હતી; એ હવે ટળી. અને પોતાની પુત્રીને સાસરે જતી જોઇ ગદગદ કંઠે થઇ ગયો, અશ્રુનો ભાર છાતીમા દાબી રાખ્યો, મા વિનાની પુત્રીને ઓશીયાળી જેવી ભાભીના લાડથી માનું ભેટવાનું માનતી, નીરૂ પિયર તજી ચાલી·

નીરૂ બહેનને રસિલી ભાભીએ શણગારી .સૌભાગ્યના શણગાર સજાવ્યા. પિતાએ પુત્રી ધર્મ બજાવતાં સારી રકમના દાગીના અને કિમતી કપડા આપ્યાં

નીરૂના કપાળમાં કંકુની શોભિતી પીળ હતી. રડમસ ચ્હેરાથી ગોરા ગાલપર લાલાશ આવી ગઈ હતી. પિયર છોડીને સાસરે જતાં, અને પોતાને ઉછેરનાર માતાનો વિયોગ યાદ આવવાથી આંખમાં અશ્રુ ચાલતા હતાં, અને તેથી આંખો લાલ થઇ ગઇ હતી. દાંતપર કુસુંબ ચડાવ્યો હતો. હોઠની લાલી કુસુંબી હતી. કસુંબી સાળું પહેર્યો હતો. ને કસુંબી રંગની અતલસની કસકસતી ચોળી પહેરી હતી. હાથમાં કસુમ્બવતી ચુડીઓ હતી. આખા શરીરનો ઘાટ કસુમ્બ રંગથી છાયો હતો. સંધ્યા સમય હોવાથી સુર્ય પણ તેવા જ રંગનો દેખાતો હતો.

રથના બળદીયાને રાતા રંગની ઝુલો પહેરાવી હતી. રથ પર રાતો પડદો ઢાંકયો હતો. ગાડીવાને પણ કસુંબી ફેંટો બાધ્યો હતો. શુકનમાં કુસુંબ રંગ રૂડો સજતો હતે, પણ ભાવીનો રંગ પતંગ જેવો લાગતો હતો:—

ન્યાત રિવાજ પ્રમાણે, ન્યાતીલા તેમજ સગા સ્નેહી ને સંબં-

ઘમાં સ્ત્રી વર્ગ સર્વે ગોધમ-નાળીયેર આપવા આવનાં હતા. સારિકા સૌનો યથાર્થ સત્કાર કરતી હતી. નીરૂ સર્વને ભેટતી હતી.

"અરેરે. આ વેળા મા જીવતી હોય, તો કેવો ઉમળકો આવે ?" એક છીબાવલી બોલી:—

"મા તે તો મા ! બિચારી મા વિનાની નીરૂ લાડ વગર સાસરે ચાલી ?" એક ટચાકલીયે પુરવણી કરી.

"મા હોય કે ના હોય, પણ દીકરી તો સાસરે જ જવાની; પછી શ્રીમંત હોય, કે ગરીબની પુત્રી હોય ! મા કઇ સદાકાળ બેસી રહે છે ? જે ઘરમા વડીલ હોય, તે વળી મા જેવા જ તો !" એક ચતુર પાડોશણે છીબાવલીયોને ચાટ પાડી નાખી—

સ્નેહી વર્ગ છુટો પાડવા લાગ્યો, રથને દરવાજે રવાના કર્યો. નીરૂ બહેન રડમસ ચ્હેરે ચાલ્યા સાથે ભાભી અને સહીયરો ચાલી, ચાલતાં ચાલતાં ઝાપા બહાર આવ્યા.

"નીરૂ બહેન, વહેલાં વહેલા આવજો. સારા સમાચાર કહાવજો !" સખીઓએ ગદગદતે સાદે કહ્યું.

"હા, બહેનો ! તમે પણ કોઇ કોઇ વાર ખબર કહાવજો."

"આપણા સખીમંડળમાં નીરૂ બહેનની તો ખોટ જ !"

"બહેનો ! શ્રીમંત માબાપને ઘેર કઇ આપણે શોભીયે નહિ; દીકરી તો સાસરે જ સારી. તમે પણ હવે વખત આવ્યે સૌ સાસરે જશો, કોઇ વહેલું ને કોઇ મોડું ! આવો આપણે મળી લઇયે !" નરૂએ ધિરજથી છાતીનો ઉભરો દાબીને કહ્યુ, ને દરેક સહિયરોને ભેટી.

"નીરૂ બહેન, સંભાળીને સીધાવજો. પહોંચતા ખબર જલદી કહાવજો." સારી ભાભીએ કહ્યું.

"ભાભી ! તમે મ્હારા વડીલ બ્હેન તરીકે આજ સુધી મને સાચવી છે; એટલુ જ નહિ, પણ મારી મા ગુજરી ગયા પછી પણ તમે તેની ખોટ જણાવા દીધી નથી. મેં તમને નાદાનીમાં કંઈપણ કડવું શુકન કહ્યું હોય, તો મને માફ કરજો. તમે વડીલ છો." એટલું બોલતા બોલતાં નીરૂએ ચોધાર આંસુડાં છોડી મુકયાં. શ્રાવણ ભાદ્રપદનો વર્ષાદ જાણે બાકી રહેલો આશુ માસમાં સરી પડગો.

"મારાં લાડકા નણંદ, તમે મને ભાભી તરીકે જ નહિ, પણ વડીલ બહેન તરીકે જ આજ્ઞા પાળી છે. મેં સાસરાના ગૃહરાજ્યમાં પિયરના સુખ કરતાં વધારે સુખ ને સત્તા ભોગવી છે. મરનાર મા જેવાં સાસુ, ને તમારા જેવી નણંદ તો સૌ ભાભીને મળજો. બહેન! મેં તમને અનેકવાર ધમકાવ્યાં છે, તે મને માફ કરજો, મનમાં ઓછું લાવશો નહિ. મા ગયાં, તે આપણાં દુર્ભાગ્ય; પણ તેથી આ ઘર લઇ ગયા નથી. તને જરાયે દુભાઓ તો મ્હારા બાપુના સમ છે!" એટલુ કહેતા જ સારિકા જે છુપે આંસુડે, ને ગદ્ગદ કંઠે વહતી હતી. તેણે ચોધાર આંસુ છોડી મુક્યા.

'બેન, બળદીયા તોફાન પર ચડયા સે. હુરજ નારાણુની ઝાંખી કરી લીગો. ઇશટેશને ગાડી ખોટી નહિ થાય, બા!" મરૂ ગાડીવાનની ધિરજ હગાઇ ગઇ, ને તે બોલ્યો.

"દીકરા! રથમા બેસો." સગુણરાયે ધીરે સાદે, રડતે સાદે કહ્યુ, નીરૂ તેમને ભેટવા ચાલી.

કણ્વ મુનિ જેવા તાપસી વૈરાગીને પણ વનમાંથી મળેલી, ફક્ત પાળક બાળા શકુન્તલા સાસરે જતાં અશ્રુપાત થયો હતો, માયાનો અનુરાગ લાગી રહેલો હતો; તો પછી સગુણરાયને પોતાની એકની એક પુત્રી જે ટાણે માના મીઠા વચનોની ઉપદેશ માળા ગ્રાહ્ય કરવાનો તેને સમય હતો, તે પણ ગેરહાજર હતી, તેવા સમયે બાળા સાસરે

જતાં કેમ તેનુ હ્રદય ન ભીંજાય! વળી પોતાનો એકનો એક વચન વિસામોને આજ્ઞાંકિત આધાર હતો. ઘરમાં નીરૂનુ નામ અલ્હેતું હતું, તે આજે જુદી પડતી હતી. પંદર વર્ષ સુધી પિતાના લાડમા રમતી હતી, ને તે છૂટી થતી હતી, ત્યારે ભલા પિતાને કેમ રડવુ ન આવે? પિતાજીને મર્યાદા સહિત નીરૂ મળી,—

"પિતાજી! આપને હવે પ્રણામ કરૂ છુ." નીરૂ, નિર્મળ નજરે બે હાથ જોડીને બોલી—અશ્રુધારા ચાલુ હતી.

"અખંડ સૌભાગ્યવંતી રહે, બેટા! અને ઉભય કૂળનો ઉદ્ધાર કરવા સાવિત્રી પેઠે સામર્થ્યવાન થા!" માત્ર ગદ્દગદ કંઠે સગુણરાયે એટલુ જ કહ્યુ, અને હ્રદયનો ભાર અશ્રુદ્વારા ઉતારવા લાગ્યો. તેને ભાવીનું સર્વ સુખદુઃખ સાભર્યું. મા વિનાની દીકરીને સાસરે વળાવતાં વ્હાલા પિતાને બહુ અસર થઇ. પુત્રીરૂપ પારકા ધનને પરહસ્તે મુકતાં માબાપોની દૃઢ છાતી આ ટાણે ખાલી થાય જ, અને તેમ થઇ. દીકરીને ખરેખરો માનો ખપ, સાસરે જતાં કે સીમંત ટાણે, એ ટાણે જ મા સાંભરે; પણ ન હોય, તો પછી આંખ આંસુથી ભરે, ને હ્રદયનો ભાર ખાલી કરે!

પિતાનો આશિર્વાદ મેળવીને નીરૂ હજી રથ તરફ બેસવા જતી હતી, ત્યાં વિપ્રો દક્ષણા લેવાને આશિર્વાદ આપતા પધાર્યા.

સાવિત્રી સીતા દમયંતી જેવી,
સદ્દગુણી પાંચાળી સમાન એવી;
થાજે સુખી કૂળ ઉજાળીને બા,
અખંડ સૌભાગ્યવંતી રહે બા.

વિપ્રોનાં વિશુદ્ધ વચનોનો આશિર્વાદ સંભળાયો. સગુણરાયે તેમને યથાશક્તિ દક્ષણા આપી, અને નીરૂ રથમાં બેઠી.

નીરૂ બ્હેન, જરા ઘર તરફ નજર કરજો, સાને સદા યાદ કરજો, સ્ત્રી ધર્મ તો સારી રીતે જાણો છો, ઠરેલાં છો, કેળવાયલાં છો, સો શીખેલાંને સાત શું શીખવાડીએ, સુખી થજો."

"વ્હાલી ભાભી! પ્રીય સખીયો! પાછાં વળો! તમારો આભાર ને પ્રેમ હવે મ્હારાથી ઝીલી શકાતો નથી. બાબુભાઇ! આવજો." નીરએ રથમાથી ડોકું બહાર કહાડયું. ને લાંબો હાથ કરીને બાબુને પાસે તેડીને ચુંબન કર્યું, સ્ત્રીવૃંદ ઘર તરફ ફર્યું.

'વૈકુંઠરાય! બ્હેનને સારીતે ગાડીમાં બેસાડીને પછી જ પાછા ફરજો." સગુણરાયે પોતાના પુત્રને ભલામણ કરી, વૈકુંઠે ડોકું નમાવ્યુ.

"જે! જે! રાયજી સાહેબ! સુખી રહો." ભટજીયે કહ્યું.

"ગોર મહારાજ, તમારા ભલા વેહવાઇ નિર્ગુણરાયજીને અમારા ઘટીત કહેજો, અને નીરુ બ્હેનને મુંબઇ મોકલતાં પહેલા જે દિવસ નક્કી થાય, તે કહેવરાવજો. આ અલ્હેતી બાળા છે, તેને સાચવવા-સભાળવા માટે શીવગંગા બ્હેનને મ્હારી તરફથી કહેજો, ને તમે પણ સારે કામે પાછા પધારજો."

"ચિન્તા નહિ! નીરૂ બહેન રાજભૂવનમાં જ રહીને સુખી થવાનાં છે. એમનું ભાગ્ય ઉજ્વળ છે. બહેન તો લક્ષ્મી પગલાંનાં છે." ગોરે પુરવણી કરી. મેરૂએ રથ હંકાર્યો—નીરૂ આજે વતનભૂમી છોડીને ચાલી—મનને દૃઢ રાખીને ચાલી; પણ આહા! સાસરે જતાં, જે સ્વામીને ભેટવાનુ હતુ, તે તો મુંબઇ હતા. ત્યાં જઇને પણ વાતનો વિસામો ન હતો—હૃદયનો ભાર ખાલી થાય, તેમ ન હતો.

રથ તો પાટનગરથી ચાલ્યો, અને એક કલાકના અંતર વચ્ચે આનંદ સ્ટેશન નજદીક આવી પહોંચ્યા. રાજનગર જતી ટ્રેન મેળવવાને ત્યાં જલદી પહોચી ગયાં, નીરૂ સાસરવાટે ચાલી.

પ્રકરણ ૨ જું.

નિરંજનીનો પિયર-પરિવાર.

અસલ ગાયકવાડીમા કલમ, કડછી કે બરછીવાળાઓને તેમની લાયકાત પ્રમાણે સારાં સારા ઇનામો મળતાં હતાં. અંગ્રેજી સલતનત છતાંયે, આજે ગાયકવાડી, કેટલાક દેશી રજવાડાપર જો કે સર્વોપરી સત્તા તો નાહજ, પરંતુ ખંડણીનો હક તો ધરાવે છે. અસલ ગાયકવાડી સાથે સાપ્રત જમાનો, અંધારા પછી અજવાળા જેવો થઇ પડયો છે. જ્યાં કેળવણીનો પ્રકાશ, ત્યાં સર્વ પ્રકાશ સમજી શકાય ! અલબત જમાનાના બદલાયલા રંગ પ્રમાણે કેટલાક સંસારી રિવાજો અને કેટલીક સત્તા આગળ શાણુપણ ન ચાલે, તેવા જો હુકમી વિચારોનું પ્રબળ છે, અને એવો અજ્ઞાનભાવ જેમના હૃદયમાં છે, તેમણે પાશ્ચિમાત્ય જમાનાનો અભ્યાસ કર્યો નહિ હોય ! પૂર્વ દેશના ઉદયકાળનો ખ્યાલ કર્યો નહિ હોય ! જમાનાની બલિહારી છે, અજ્ઞાનતાની નિશાની છે !

વર્ણાશ્રમ ધર્મના પાઠકો સારી રીતે સમજતા હશે, કે અનાદિ કાળથી ચાલતો આવતો રિવાજ કાયમ રહે, તો ઠીક; પણ કાળની અવનતિ થાય, ત્યારે સૃષ્ટિનો રંગ બદલાય, ને તે સાથે રિવાજો પણ બદલવા જ જોઇએ ! આર્ય સંસારના બંધારણોની ઉચ્ચતા માટે અમેરિકનો પણ મહામત ધરાવે છે, તેનું કારણ ઉંડું છે; પણ જેમ સઘળા જનો એક વિચારના નથી હોતા, તેમ સઘળો સમય એક સરખો નથી હોતો. જે ગાયકવાડી, ગાયકવાડી હતી, તે આજે નથી, એમ કહેનાર પણ અનેક છે. અને કેટલાક વળી પેટ બળ્યા તેથી વિરૂદ્ધ પણ બોલતા હશે ! ખરી વાત છે કે કૃપાને

મ્હોડે ઢાંકણુ છે, કંઇ જગતને મ્હોડે ઢાંકણું છે ? કેટલીક વખતે સુધારો, કુહાડાની ગરજ સારે છે; અને કેટલીક વખતે સુખની ટોચ પર મુકે છે; તોપણ હીંદમાં હાલ ગાયકવાડી સુધારો વખાણને પાત્ર તો છે !

કાઠિયાવાડ સ્ટેટ્સની સરહદમાં ગાયકવાડી ખાંભાઓ પડયા છે. અમરેલી–ધારી અને કોડીનાર તાલુકાઓ, જેમ આફ્રિકાની ભૂમિકામાં યુરોપ, જર્મન, ફ્રાન્સ અને સ્વદેશી બોયરોના મથકો થઇ પડયા છે; તેમ દીલ્હીની મુગલાઇ તૂર્કી અને ગુજરાતમા સુબાઓએ પથારી કરી, તે રીતે કાઠિયાવાડમા જુદી જુદી રાજસંસ્થા સ્થપાઇ, ને તેમાં જુની ગાયકવાડી પણ પેઠી. એ સમયના મુત્સદી વર્ગના મજ-મુદાર અને દેશાઇને નામે, ગાયકવાડી દફતરમા જાગીરદાર તરીકે ઇનામી ગામોના માલીકનાં નામો દાખલ થઇ ગયાં. એ મુત્સદી વર્ગ-માહે, સગુણરાયના વડીલો પણ હતા. ને તે મંહેના વંશજોના વેલામા કડવી–મીઠી તુંબડી તરીકે એકાદ ગામ જેટલી મીલ્કત ધ-રાવવા માટે સગુણરાય ભાગ્યવત થયા હતા. તેમનો નિવાસ પાટનગર (પેટલાદ) હતો. જો કે તેમની કને દ્રવ્ય તો નહતું, પરંતુ વાર્ષિક આવકમાંથી બચાવેલુ થોડું ઘણું નાણું વ્યાજે ફરતું હતુ તેમના લગ્ન એક નાવારસ અપુત્રવત ગૃહસ્થને ત્યા થયું હતુ, ને તેથી તે ગૃહસ્થની પુત્રી મંદાકિની, કેટલુક ધન લઇ અહીં પતિના ધનમાં મેળવણી કરવા લાગી હતી. સસરાનુ ને પોતાનું ધન એકઠું થયા પછી વ્યાજખાઉ ધધો કરવા માંડયો હતો, પણ છપ્પનીયા દુકા-ળની અસરથી આ જાગીરદારોને ધીરેલાં નાણાં સરી પડયાં હતા. ભાગ્યું તોયે ભરૂચ, તેમ મોટાના ઘરની ઉખરેડ પણ વધે ! સગુ-ણરાય તો પણ ધનવંતની નામનામાથી અને અમીરાતની ટીપમાથી મોકળા થયા ન હતા. પોતે પણ ગાયકવાડી નોકરીની ધુસરી ગરદન

પર ધરી હતી. અને તે માત્ર પોતાના પિતાના જીવનકાળ સુધી જ પરબન્ધન ભોગવ્યું હતુ.

પ્રભુ કૃપાએ પતિ અને લક્ષ્મી સજોડ થયા, ત્યાર વ્યાપાર-ધંધો આદર્યો હતો. એક ભલો પુત્ર અને બીજી ગુણી પુત્રી પ્રાપ્ત થઇ હતી. શરીરમા આરોગ્યતા હતી. ગૃહસ્થાશ્રમધર્મ સુખથી સચવાતો હતો. પોતાના ખંડ પ્રદેશમા પણ સારી આબરૂ હતી. ન્યાતજાતમાં આગેવાન ને કુળવાન ઘર ગણાતુ હતું. પોતાના પુત્ર વૈકુંઠરાયને પણ એક કુળવાન ઘરની કન્યા વરી હતી. ગરીબ બિચારી કુળ વધુ સારીકાના પિયરમા માત્ર તેની એક વૃદ્ધ જેઠી માતા હૈયાત હતી. તે સિવાય સઘળું સ્વર્ગમા સીધાવ્યુ હતુ. સારિકા જેમ ભલી તેમ માયાળુ હતી. અને મહાકિની સાસુના હાથમા તે એટલી તો પ્રવીણ ને સદ્દગુણી બની હતી, કે માતાની લાડકી બાળા નિરંજનીને તેની માતાની ગેરહાજરી યાદ આવવા દીધી ન હતી. એટલુ જ નહિ, પણ સગુણરચના ગૃહસ્થાશ્રમને દીપાવવામાં આ જુવાન કુળવધુ નિષ્ફળ નીવડી ન હતી.

માતા તુલ્ય પ્રેમ-ભાવથી વર્ત્તન કરનારી સાસુઓ, અને પુત્રી તુલ્ય પ્રેમ પ્રાપ્ત કરનારી સદ્દગુણી કુળવધુઓથી આ સૃષ્ટિના સસ-પાયા સદાકાળ તટસ્થ રહ્યા છે. અનેક વંશોનો ઉદ્ધાર થયો છે, અને અનેક ગોત્રીકો તરી ગયા છે

નીરૂ પોતાની માતાની વહાલી પુત્રી હતી. તેને લાડથી વરાવી પરણાવતી હતી. પણ કમભાગ્યે સાસરે વળાવની વખતે તેનો સ્થૂળ દેહ આ જગત છોડી ગયો હતો. આત્મા સંસ્કારને સ્વાધીન થયો હતો. નીરૂ સાસરે સીધાવી હતી.

પ્રકરણ ૩ જું.

સરિતા–સાગરનો સમાગમ.

સંસારમાં શાન્તિનું નામ તે સદ્‌ગુણી અને પ્રેમાળ પત્નિ છે. જેના ઘરમા સુઘડ ને સ્નેહવતી નાર છે, તેનો સફળ અવતાર છે. અનેક દુઃખોમાંથી મુક્ત કરનારી, અનેક આફતમાંથી અલગ કરનારી, દિવસના થાકને વિસરાવનારી, અને સુખ દુઃખમા એક જ સરખી ભાગ લ્હેનારી ભાર્યા છે. જેને તેની કિમ્મત નથી, તેને મન રાખની છે જે તેની કદર કરી શકે છે, તેને મન લાખની છે. એ આફત સામે યુદ્ધ કરી શકે છે. એ બળીયા સામે બાથ ભીડી શકે છે. તે અબળા છતાં અનાધાર હાલતે પણ બળવીર બની રહે છે. એક પુરૂષ પોતાના બાળ–બચ્ચાને પાળવા પોષવામા નાહિમતભર બને છે, પણ એક સ્ત્રી પોતાના પતિના વંશજોને દીનમાં દીન હાલતે પણ દળણું દળી કે મહેનત મજુરી કરીને પણ ઉછેરી શકે છે. એ વૈભવ ભોગવવામા વ્હાલી છે, તેવી જ રીતે વિપત્તિ વેઠવામાં પણ શુરવીરતાવાળી છે. પુરૂષો કોઇ વાર હારી જાય છે, પણ સ્ત્રીયો તો સામે થાય છે. ધનવંતના ઘરમા ઉછરેલી છતાં રંકદશામા તે પોતાનો સંસાર સરળ રીતે ચલાવવામા પાછી પાની કરતી નથી. ઘરમાં અન્ન હોય વા ન હોય, તો પણ પરજનની કલ્પનામાયે પોતાના ઘરની અછત આવવા દેતી નથી. તે લોભી છે. સંગ્રહ કરવામાં કુશળ હોય છે, તે માયાળુ છે. માત્ર સ્ત્રીયોને હલકી કરનાર, નિષ્ઠુર કરનાર ને તેને માયા હેતથી દુર કરનાર, નગુણા અને સ્વાર્થી લોભી પુરૂષો પોતે જ છે. પોતે તેના પર રાજસત્તા ચલાવે છે. ગુલામડી ગણે છે. પોતે મુર્ખ વચન વદીને પેલી કને ખરૂં કહેવરાવે છે. પોતે જ

ડાહ્યા ને સ્ત્રીઓ તો અક્કલહીણુ જ, એમ હીણીને તેને નઠોર બનાવે છે. જો એ કોમળાંગીને માન મર્યાદાથી ને માયાથી પાળી હોય, તો તે કામદુ ર્ગાછે. ત્રિભૂવન તારણી દેવી કુળમાયા છે.

નિરંજની સ્ટેશન પર આવી પહોચી. પોતાના વહાલા ભાઈ વૈકૂઠરાયે તેમને માટે સેકન્ડ ક્લાસ લેડી કમ્પાર્ટમેંટમાં બેસવાની ગોઠવણ કરી આપી. અને ટ્રેનની રાહ જોતાં બેઠા. મુબઇથી સવારે નીકળતી ફાસ્ટ પેસેન્જર ટ્રેન, રાજનગર (અમદાવાદ) જવાને આ-ણંદ સ્ટેશને લગભગ રાતના સવાસાત વાગ્યાના સુમારમાં આવતી હતી. ને તે પ્રમાણે આવવાની રાહ જોવાતી હતી નીરૂ બહેનને કોઇ સદ્‌ગુણી પ્રવાસી સ્ત્રીનો સગાથ કરી આપવાનો હતો. જો કે તેડાગર તો સાથે હતો. પણ તે ત્રીજા વર્ગના ડબ્બામાં બેસનાર હતો. થર્ડ ક્લાસ લેડીઝ કમ્પાટમેંટમા બેસાડવાને વૈકુઠની ઇચ્છા ન હતી જો કે ડોસા સગુણરાયે તો તેવી સલાહ આપી હતી. કેમકે સેકન્ડ કલા-સમાં એકલું બેસવુ પડતું હોય, તો થર્ડ કલાસમા સ્ત્રીવર્ગ સાથે બેસવું સારૂં; પણુ માત્ર દોઢ કલાકના માર્ગમા તે શુ લુટાવાનું હતું ? પ્રભુની ઇચ્છા ન્યારી છે.

ટ્રેન લગભગ એક કલાક મોડી આવી, કાકરખાડી સ્ટેશને ઇ-ન્જીન બદલાવતાં વાર લાગી. માર્ગમાં કેટલીક હરકત નડી. શરૂઆ-તમા જ આ મુહુર્ત પેઠું. એક તો સસરાજીએ પોતાના સ્વામીને મળતો છટકાવ્યો હતો. અને નીરૂ આજે પહેલવહેલી પતિ ઘર પધારતી હતી. કુદરતની ગતિ વિચિત્ર છે.

જેનુ રક્ષણુ જગત કરે છે, તેને ઇશ્વર મારે છે,
જેનાપર કોઇ નજર કરે નહિ, તેને ઇશ્વર તારે છે;
આપ ખુદે અટકાવ કરે, તેને પ્રભુ માર્ગ બતાવે છે.
જેના સુખમાં વિઘ્ન કરે, તેને ભગવંત મેળાવે છે.

નિરંજનના મનમાં ક્લેશ થતો હતો. પિયર છોડીને સાસરે જતી બાળા, ઘર છોડતાં બહુ જ અકળાય છે. તેમાં મા વિનાની દીકરીને અતી લાગે છે, અને નીરૂને તો વધારે લાગ્યું છે. સાસરે જઇને પણ મન શાન્તિ મેળવવાનું અટકી પડયું છે, પણ પ્રભૂએ તેની દાદ લીધી છે. નીરૂનો વર મુબઇમાં છે. અને નીરૂ સાસરે જઇને પછી પોતાના પતિ કને મુબઇ જવાનો સંકેત છે, પણ કુદરતે જુદુ ધારેલુ છે.

કુદરતી મનનો વહેળો વ્હાલાને જઇને જ મળે છે. સરિતા તો સાગરમાજ મળી જાય છે. પ્રિયા તો પ્રીતમને જ મળે છે. ટ્રેનની વીશલ થઇ, પેસેન્જરો ચોંકતાં ચમકતા તૈયાર થઇ રહ્યાં, અને સુસવાટા કરતા હાથીની પેઠેમ ગાડી સ્ટેશન પર આવીને ઉભી રહી. ગોર ઝડપથી થર્ડ ક્લાસમા બેસી ગયો. મેરૂ સામાન ચડાવા લાગ્યો. વૈકુંઠ, પોતાની વહાલી બેનને બેસાડવા માટે કમ્પાર્ટમેન્ટ તરફ ચાલ્યો. ત્યાં સુમન પ્લેટફોર્મ પર આવીને મળ્યો.

" અલ્લો, મી. સુમનરાય ! એકાએક કયાંથી ? "

વૈકુંઠે પોતાના બનેવીનો હાથ પકડી શેકહેન્ડ કરી.

" હુ મુબઇથી અમદાવાદ જાઉં છુ." આજુબાજુ નજર કરતાં મને સુમને કહ્યુ, એટલામાં તેની નજર પોતાની પ્રિયા તરફ ગઇ અન્યોઅન્ય દૃષ્ટિ મેળાપ થયો.

" સથવારો કોઇ ન હોય, તો મ્હારા કમ્પાર્ટમેન્ટમા બીજુ કોઇ નથી. સામાન અહીં લાવો. "

" યેસ, એમજ કરીએ !' વૈકુંઠે, નીરૂનો સામાન લઇને મેરૂ તથા ગોરને નજદીક બોલાવ્યા. અને પોતે સુમન સાથે તેમના બેસવાના ડબ્બા આગળ ચાલ્યો. નીરૂ હસતી હસતી શરમાતી, આડી

આંખે વ્હાલાને જોતી, નુપુર ઠણુકાવતી, પાછળ પાછળ ચાલી. નીરૂ તરફ સુમનથી જોવાઇ જવાતું હતુ મેરૂ સામાન લાવતાં બીજે સ્થળે અટકી ન પડે, એવું નિમિત્ત બતાવતો, નીરૂનેજ નિરખતો હતો. અધીરો હંસ! હવે વળી પ્રિયા ક્યાં ન્હાશી જવાની હતી! પણ જુવાનીયાનો પ્રીતિભાવ શિતળ થાયજ નહિ!

સુમને પોતાના કમ્પાર્ટમેન્ટમાં સામાન મુકાવ્યો. ગોરમહારાજ થર્ડકલાસમાં બેસી રહ્યા. "નીરૂ બહેન, તમારે અહીંજ બેસવાનું છે!" વૈકુંઠે કહ્યુ, ને નીરૂ ઝડપથી અંદર બેસી ગઇ. એટલામાં તો ગાડી ઉપડવા લાગી. વીશલ થઇ.

'બહેન, સાચવીને ઉતરજો, ને કુશળતા જણાવજો."

"વૈકુંઠભાઇ! તમે આવજો. બાબુને બોલાવજો. ને ભાભીને પ્રણામ કહેજો. હું જાઉં છુ." એટલુ કહેતા તે રડી પડી, ને વૈકુંઠની આંખમાં ઝળઝળીયાં આવી ગયા.

"બહેન રડશો નહિ. આંસુ ન ઢાળીયે. અપશુકન કહેવાય! સાસરે જાઓ, ને સુખી થાઓ." મેરૂએ કહ્યુ.

"મેરૂભાઈ! હવે મોટાભાઇની ને ઘરની સંભાળ રાખજો. બાપાજી વૃદ્ધ છે, એકલા જેવા થઇ ગયા છે, માટે તમે તેમને સાચવજો."

"પ્રભુ હાસવે–બાપા તો હૌના માથાના તાર સે!"

"લ્હો, આ મ્હારી ભેટ!" નીરૂએ અરધો રૂપિયો કહાડીને મેરૂને આપ્યો.

"બા' આ ટાણું તે લેવાનું સે! પરભુ તમને સૈયું આલે, ને હારા દી દેખાડે, ત્યારની વાત જુદી મે! અનારે તો મારે તમને આપવાનું હોય, પણ હુ ગરીબ મણખ"–એટલું બોલતાં તેની આંખમાં આંસુ આવી ગયા.

"મ્હારા સમ, લ્હો! તમારે લેવુજ પડશે. હું તમને નથી આ-પતી. છોકરાંઓને દિવાળીમા ફટાકડા લઇ આપજો."

"લ્હે, લ્હે મેરૂ!" વૈકુંઠે સંમતિ આપી. મેરૂએ અરધો રૂ-પિયો હઠહઠથી લીધો, ટ્રેન સ્ટાર્ટ થઇ.

"સાહેબજી!" સુમન ને વૈકુંઠ મળ્યા, ને સુમન ટ્રેનમાં બેસી ગયો. ટ્રેન ચાલી, અને ભાઈ બ્હેન પરસ્પર જોતાં દુર થઇ ગયાં—સરિતા સાગરમાં ગઇ!

પ્રકરણ ૩ જું

નિરંજનીને ભરથારની ભેટ,

"વ્હાલા સ્વામીનાથ! ભગવત કૃપા બળવંત છે! આપ અ-ણધાર્યા પધારોને આ દાસીને કૃતાર્થ કરી, પાવન કરી, હર્ષિત કરી! કઇ બહુ દયા ઉતરી?" નીરૂએ પોતાના વ્હાલા નાથની બાથ ભીડી, ને દયામણે સ્હેરે, પણ પ્રેમ-વચનોથી વધાવતી બોલી.

"મ્હારી માનીતી માયાળુ મૂર્તિ! તને ભેટવાને દીલમાં પ્રેમે એટલો તો ઉછાળો માર્યો, કે પિતાજીની મનાઇ છતા હું નીકળી આવ્યો. તુ નવલકિશોરી, વસંતની જુવાનીના કુસુમ સુંઘવા જાય, ને ત્હારો ભોગી ભમર દુર રહે? તું વિયોગ ટાળવા તો પિયરને છુટીને સાસરે આવે, ને ત્હારો સ્વામી પરદેશ રવડે? પલકના ઇશારામા મુંબઇથી અમદાવાદ આવી પહોંચાય, અને તે પોતાની પ્રિયાંગનાને એકલી ઝુરવા દેય? હૃદયે આકર્ષણ કર્યું, ને હું મુમ્બઈથી એકદમ નીકળી આવ્યો. ટ્રેન પણ આજ પકડી, કે ખચીત ત્હારો ભેટો માર્ગમાં થાય, ડીયર!" સુમને પ્રિયાને ચુંબન કીધું.

"મને મનમાં બહુજ સંકોચ થતો હતો, પહેલી વહેલી પ્રાણ નાથને મળવા ચાલી છું, પણ નાથ તો નથી મળવાના ? લગ્ન પ્રસંગે નિરખ્યા હતા–પત્રથી દર્શન કરૂં છું, ને વ્હાલાની છબી સદા જોઉં છું, પણ મ્હારાં અર્ધાંગ સાથે ભેટવાની તો આ પહેલીજ તક મળી !"

"આહા ! પ્રભુનો કેવો ઉપકાર ? માર્ગમાંજ ભેટ થઇ !"

"વિયોગની ઘડી વિલાસમાં પલટાઇ ગઇ ! મુજ અબળાની ઇશ્વરે દાઝ ખાધી. તે લોકો મ્હારી સામુ જોઇ દયા ખાત ! વહુજી જુવાન વયનાં થઇને માબાપને ત્યાં ખાઇ પી આવ્યાં તો ખરાં, પણ રાત્રી કોની સંગે કહાડશે ?" નીરૂએ પતિના ખભાપર બે હાથ સહિત માથું ઢાળ્યું.

"ત્હારા પતિ સાથે, મ્હારાં ગુલાબ ?" સુમને પોતાની કોમળાંગીના ગાલપર હાથ ફેરવતાં કહ્યું.

"ખરે, મને આજે કેટલો આનંદ વધ્યો છે ? પ્રભુએ તમારા હૃદયમાં ઠીક પ્રેરણા કરી !"

"એ ત્હારા વિશુદ્ધ પ્રેમનો પ્રભાવ, પ્રિયા ! જો કે મ્હારૂં આવાગમન માત્ર તનેજ પસંદ પડશે, પિતાજી તો કદાચ લડશે."

"મ્હારે ખાતર બે બોલ સહન કરી લ્હેજો ! પિતાજી તો તીવ્ર સ્વભાવના છે, પણ માતાજી વિવેક કેમ ચુકયા ? વહુને બોલાવે, ને દીકરાને વિદેશ રાખે ? પહેલ વહેલી વહુ ઘેર આવે, ને તેના સ્વામીને નજરે જોવા ન દે ? બહુ નવાઇની વાત છે."

"ડીયર, તેનું કારણ એ છે, કે તને તાકીદે મુંબઇ મોકલવાની ગોઠવણ કરેલી છે, તેથી બે–પાંચ દહાડા માટે મ્હારે ખર્ચ કરીને આવવું, એ પિતાને ન ગમ્યું; જો કે માતાજીએ તો બહુ આગ્રહ કર્યો, ને સમજાવ્યુયે ખરૂં, કે લોકાપવાદ લાગશે. વહુ ઘેર

આવશે, ને પહેલેજ આણે દીકરો ઘેર ન હશે, તો લોકો ચર્ચા કરશે; પણ બાપાએ માન્યુંજ નહિ. સુધારાનો એ એક ફાંકો ?"

"બાપા ધૂની તો ખરા, સુધરેલા પોતાનીજ વાત સમજે; કેળવાયલા ખરા, પણ વહેવારમાં કાચા !"

"હાજ તો ! તેમાં વળી બાપાજી લગાર કાયદાબાજ ને ન્યાયાધીશ ખરા કેની ? એટલે ફાટામા આવે તેવુંજ કરવાના ?"

"હવે તમને જોશે, ત્યારે બહુ લડશે હો !"

"કહીશું કે રજાના દિવસો હતા, તેથી બે-દહાડા આવ્યા. વળી તને લઇ આવનાર કોઇ નહતુ, ને તે સાથે એટલુ પણ હતું કે તું મુબઇ આવે, ત્યારે કોની જોડે આવવું ? જે કોઇ આવે તેનો ડબલ ખર્ચ તો લાગે કની ? તે કરતાં સીંગલ ખર્ચે મ્હારી સાથે આવવુ શુ ખોટુ ?"

"એ વાત બાપાજી નહિ જાણતા હોય !"

' પણ ફાંટો ! બસ, એકવાર મ્હોડેથી નીકળી ગયું, કે સુમનને અહીં અમદાવાદ આવવાની જરૂર નથી, વહુને મુબઇ મોકલી દઇશુ ! મીયા બોલ્યા, ને દાઢી હાલી !"

"તમારા મોટા ભાઇ નાનુભાઇ સાહેબ અને તમારાં ભાભી શામળી વહુને ગમશે કે ?"

"તે તો બિચારા સવાર-સાંજની રોટલીનાજ અધિકારી છે, મોટાભાઇ ઘરકામ કર્યા કરે, બહારથી લાવ લઇજા કરે, ને ભાભી સાહેબ, રાંધવા-કરવાનું કામ ચલાવે; મોટા ભાઇ ભણ્યા થોડું, પછી બીજું શુ કરે ! બાપા કમાય, ને ભાઇ ખાય !"

"તોપણ ઘર ખાતે એક માણસની જરૂર હોવી જોઇએ. તેમને બદલે આપ ભણો છો, તે થોડું છે ? આ વર્ષે એડવોકેટ થવુ છે કે ?"

" ડીયર, ટર્મ તો ભરૂં છુ; પણ પાસ થવું પ્રભુ હાથ છે. '

" વિલાયતના એડવોકેટ સારા કે બેરીસ્ટર!"

" બેરીસ્ટર તો દમડાના ને નામનાજ જાણવા; પણ ત્યાંના એડવોકેટનું માન મેળવવુ બહુજ કઠણુ છે. પ્રભુ કૃપા થાય, ને ત્હારૂં વચન સફળ થાય, તો સેવકની ઉમેદ પાર પડે! લન્ડનનીજ કોર્ટમાં કામ કરવા દીલ તો બહુ તલપે છે."

" પ્રભુ તમારી ઉમેદ પાર પાડે; પણ પછી આ રંક દાસીની શી કિમ્મત!"

" મ્હારાં વ્હાલાં જીગર, તું હવે આ હૃદયમાંથી કે આ આંખમાંથી ખસવાની છુ કે? આ જીવન ને દેહ હવે ત્હારાજ વચનમા બંધાયેલો છે."

" નાથ! હું અજ્ઞાન છુ. ગ્રામ્ય નિવાસી છું. વિવેક વાર્તા કે વિનોદ–રસથી અભિજ્ઞ છું. રૂપ હીણુ છુ; ગુણ તો ગમે ત્યારે ખરો, પણ આપના જેવા પુરૂષને શું મુજ સરખી રાંકડી રમા યોગ્ય હશે ખરી?" નીરૂએ ગદગદ કંઠે પતિને પુછ્યુ.

" શહેરની સુધરેલી–ફટાબાજ સ્ત્રી કરતાં ગામડાની શાન્ત ને સુશીલ સ્ત્રી મને બહુ ગમે છે. તને મ્હારે લાયક બનાવવી, એ મ્હારૂં કામ છે. કેમકે માબાપો કંઇ વરને જોઇને પોતાની દીકરીને કેળવતાં નથી. સામાન્ય જ્ઞાન સૌમાં હોય છે, પછી પોતાને લાયક બનાવવુ, એ પુરૂષનું કામ છે પુરૂષમા જો આવડત હોય, તો પોતાના સ્વભાવ–ગુણને યોગ્ય, ગમે તેવો સ્વભાવ પલટાવીને પણ લાયક કરી શકે છે. જે લોકો હારીને એમ કહે છે, કે આ સ્ત્રીથી તો હાર્યા! હું કહું છું કે આ બોલ માત્ર નબળા ને બાયલાઓનો છે. કાં તો તેનામાં શક્તિ નહિ હોય, ને કાં તો તે કેળવાયલો નહિ હોય! તું તો સમજુ ને જ્ઞાની છુ, એમ ત્હારા પત્રો સિદ્ધ કરી આપે છે.

ત્હારમાં પવિત્ર ગુણો સમાયલા છે, ને તે એક પ્રભુની પ્રસાદી છે. તને મ્હારે નવુ તત્વ આપવાનું રહેનુંજ નથી? કુદરતે જાણે પ્રથમ-થીજ મ્હારા વિચારો જાણીને ત્હારામાં દૈવત મુકયું છે. તોપણ હજી જે કસર કે કસુર હશે. તે સુધારીશ, ને તને મ્હારા સુખ યોગ્ય બનાવીશ; પણ તુ શુ કરીશ? તું મને ત્હારા યોગ્ય કરી શકીશ કે?"

"જ્યારે હું પોતેજ તમારે યોગ્ય થઇશ, એ રીતે મને કેળવશો? તો પછી મ્હારે ભાગે આપને કેળવવાનું રહેશે કયા નાથ, આપ ગુરૂમંત્ર આપી શકો, હું તે પદને લાયક ન કહેવાઉં!"

"મ્હારી ડૉલી! મ્હારી ડાર્લિંગ! એ તો માત્ર ત્હારી મનની મોટાઇ છે. કેટલીક વખતે તમારો ઉપદેશ, વિચાર, સલાહ ને સહાય એટલી તો કિમતી થઇ પડે છે, કે અમને તાજુબ લાગે છે કે અબલા જાતમાં પણ ઇશ્વરે કેવુ ચૈતન્ય ને બુદ્ધિબળ પ્રેર્યું છે? આ વાત તો નિર્વિવાદ છે, કે સ્ત્રીયોની ખરી કસોટી દુઃખ વેળાએ છે. તેઓ ગમે તેવી આફત સામે બાથ ભીડી શકે છે; પુરૂષો તે વેળા હારી જાય છે."

"હું તો ખરે ગરીબ છું, રંક છુ, મ્હારામાં કશી શકિત નથી. માત્ર આપના પ્રેમનું બળ જેટલુ વધે, તેટલું જ વધેલું ગણાશે, નાથ!"

"મને માત્ર ત્હારાં આ વચનનોજ વિસામો પુરતો છે. કલ્યા-ગરી, ડહાપણદાર, સુશીલ, ને ભલી કાન્તા પામનારો ભરથાર ભગવંત કૃપાળુ ને ભાગ્યવંત ગણાવો જોઇએ! હું પણ તેવુજ માનું છે. પ્રિય!"

"નાથ! એટલી હદ સુધી હમણાંથી જ જો મને મોટાઇનુ માન મળશે, ને મ્હારૂ મગજ ચસકી જઇને વિવેકની સીડી પરથી સરી જઇશ, અથવા જો ચતુરાઇનો ચીલો ચુકીને ચૂલામાં પડી જઇશ તો!"

"પુત્રના પગ પારણામાંથી પરખાય!: ઉગતા છોડનું પાંદડેથીજ પારખું જણાય! વહુની પરીક્ષા તેનાં પગલા પરથી થાય? દીકરાનું ભાગ્ય તેના કપાળ પરથી દેખાય! ત્હારી નમ્ર આંખો, ત્હારી મીઠી વાણી, ને ત્હારી ગંભીર રહેણી-કરણી જ ત્હારી પરીક્ષા કરાવે છે. જગતને ગમે કે નહિ, તેનુ મ્હારે કામ નથી; મને તુ ગમે એ-ટલે બસ! કેટલીક સ્ત્રીઓ, પરજનને પોતાનું રૂપ કે વૈભવ બતાવવા ઠણકા કરે છે, અને તેમાંથી માત્ર નિંદાના બે શબ્દો કરતાં વધારે મેળવી શકતી નથી; એ રીત હું પસંદ કરનારો નથી. અને મને એવીજ સ્ત્રી ગમે, કે જે માત્ર જેના શરણમાં રહેવાની છે, તેનુ દીલ જીતી શકનારી હોવી જોઇએ."

"ખરેખર મને ભય લાગે છે. હુ મ્હારા વ્હાલાનુ દીલ કેમ જીતી શકીશ?"

"વશીકરણ આવડે છે કે?"

"ના રે મા! એ શબ્દથી તો હું દુર નાસુ છું?'

"ઘેલીરે ઘેલી! વશીકરણ એટલે મદારી વાંદરાને નચાવે, કે વાદી પેલા સાપને રમાડે, એવી રમતથી વરને વશ કરવાનો મંત્ર નહિ, પણ પોતાના સ્વામીની ઇચ્છા પ્રમાણે વર્તન ચલાવીને તેનો પુરો પ્રેમ, ને ચાહ મેળવી લેવો, એ જાતનું વશીકરણ શીખવાનું છે વહેમના વટોળીઆમા ઘસડાતી વનિતાઓ, મૂર્ખપણે દોરા-ધાગામાં વૃથા જીવન ગુમાવે છે, તે નહિ!'

"નાથ! મ્હારી એટલીજ વિનતી છે, કે હું આપને માથે ભાગેલી ભામિની છુ, કેવળ જંગલનું ઝાડ છુ, આપ તેની વૃદ્ધિ-કલમ સુધારજો, અને આપને લાયક બનાવજો. મ્હારી મા નથી, કે હવે મને—" એટલુ કહેતા જ નીરૂથી રડી જવાયું. સુમને તેને છાતી સમી ચાંપીને રૂમાલથી આંસુ લુછ્યાં

"પ્રિયે ! તું નચિંત રહે. ત્હારે બ્હીવાની જરૂર નથી, હું ત્હારૂં હૃદય પરખી ગયો છું. તને સુખી કરવાનાં જે સાધનો છે, ને મને સુખી થવાના જે ઉપાયો છે, તે હું અમલમાં મુકીશ, પણ તું લગારે ઓછું ન લાવતી ! તુ રડશે, એ મને નહિ ગમે !"

"હવે હું નહિ રડું ! હું શુ કરવા રડું ! મ્હારો નાથ મ્હારાપર છાયડી કરે, ને મને રડવાનુ શુ હોય ! પ્રાણ, ક્ષમા કરજો. મ્હારી બા મને યાદ આવી, તેથી રડી જવાયું; પણ હવે કદીયે હું તમારૂં દીલ નહિ દુભાવુ ! કહોને, મને માફ કરશો કે ?" ગરીબ બિચારી **નીરૂ** બે હાથ જોડીને વિનતિ કરવા લાગી.

"વ્હાલી **નીરૂ** ? આમ કેમ કરે છે ? શુ હુ હવે પરાયો છું ? ક્ષમા કેવી ? અપરાધ કેવો ? ત્હારામા ને મ્હારામા અતર શો છે, કે તું ક્ષમા ચાહે છે ?"

"મ્હારા નાથને દુભાવુ, તો પ્રભુ દુભાય !" ભોળી **નીરંજ**-નીએ મનનો ભેદ ખોલ્યો, બિચારીને એકજ જ્ઞાન હતુ, કે "હું તો મ્હારા નાથનીજ છું. !"

આહા ! જગતમા **નીરૂ** જેવી અનેક કોમળાંગી કળીઓ હશે ભાગ્ય યોગે તેનુ રક્ષણ કરનાર, ને જીવન નીભાવનાર લાયક પતિ હોય તો સારૂં ! પતિ યોગ્ય છતાં સંજોગ સરખા નીભે તો સારૂં ! સંજોગ પ્રતિકુળ થાય, ને ભાગ્યની ઉથલપાથલ થઇ જાય, તો પછી એ કુસુમકળી બિચારી કેવી ચીમળાય છે, એ પણ દયા યોગ્ય થઇ પડે છે. **નીરૂ** બિચારી આ વખતે તો પતિ પ્રતિ પ્રાણ પાથરે છે, ને પતિ તેને બહુ ચાહે છે; પણ એ ચાહના કાયમ છતાં કુદરત જો વાંકી થાય છે. તો કેવું અસુખ ઉત્પન્ન થાય છે, એ પણ જોવા જેવુ છે.

વ્હાલાની વાતોમા વખત ક્યાં નીકળી જાય છે. તેની ખબર અનુભવીયોને વધારે હોય છે. તેમાં ઘણે વખતે મળેલા મિત્રો કે કેટલેક અંતરે મળેલાં પ્રેમી દમ્પતીઓ પોતાનો સમય ક્યાં ગાળે છે, તેનું ભાન તો બીજાને ન હોય! એ પ્રસગ અતુલિત છે. વ્હાલાના ભેટનો આનદ, એ રંકને મન વૈકુંઠના વૈભવ કરતાયે વિશેષ છે.

વાત કરતાં પચાસ કોસ ગાડી નીકળી ગઈ. અને અમદાવાદ શહેરના કિલ્લા તથા તે ઉપર ડોલતા મિનારાઓ અને મીલોનાં ભૂંગળા નજરે પડ્યાં, બરાબર રાત્રીના લગભગ નવ વાગ્યાના અરસામાં ગાડી સ્ટેશનપર આવી પહોંચી. સાસરેથી સીગરામ સ્ટેશનપર આવ્યું હતું. ને મોટાભાઈ પોતે સ્ટેશનપર હાજર હતા. દમ્પતી ઉતરી પડયાં. અને સામાન વગેરે કહાડવાનો સઘળો બંદોબસ્ત મોટા ભાઈએ તથા ગોરે કર્યો. દમ્પતી તો ઘેર વિદાય થઇ ગયા.

પ્રકરણ ૪ થું.

નિરંજનીના સાસરવાસનો વ્યવહાર.!

અમદાવાદ શહેરની પ્રાચીનતા, અને ત્યાંની અસલી રહેણીકરણી કેટલાક પ્રકારની કંજુસાઇને બાદ કરતા ઠીક કહેવાય; માત્ર સુધારાના વાવટા તરફ કોઇ પણ અમદાવાદી કોમે નજર કરી હોય. તો તે નાગર-ક્ષત્રી કોમ છે; અને તે અનાદિકાળથી મુત્સદી કોમ છે, એટલે તેમાં કેળવણી ને સુધારો પ્રથમજ પ્રાપ્ત થવો જોઇએ.

વાર્તાની નાયિકા નિરંજનીનો સસરો નિર્ગુણરાય મહેતા હાલ અમદાવાદ સીટી મેજીસ્ટ્રેટના માનવંત હોદ્દાપર અમલ કરે છે. ગ-

રીબ સ્થિતીમાંથી આ દરજ્જે પહોંચ્યા છે. ઘણા જુના નથી, પરંતુ પ્લીડરની લાઈન પરથીજ આ હોદ્દાપર ચડયા છે. કાયદા સંબંધી ઉંડા જ્ઞાનને લીધે સરકારી પદ મેળવવાને ભાગ્યશાળી થયા છે; પણ તેઓ અસલથીજ ફાંટાબાજ, આપમતીલા, અને સ્વતંત્ર સ્વભાવના છે. ને એ સ્વભાવ કેટલીકવાર તેમને ઠપકાપાત્ર બનાવ્યા છતા રોજ અમલની ધૂનમાં તે ધુમ્યાજ કરતા હતા. પોતાનુંજ ધાર્યું કરવુ, ને પોતે કરે છે તેજ ખરૂં, એવુ તેમનું વર્તન હતું. ઘરમાં કડવો રૂવાબ હતો, ને તેથી કોઈ તેમને છેડતું નહતું, તેમનો વ્યવહાર કંઇ બહોળો નહોતો પણ માત્ર એક વિધવા છોકરી કમળી ઘણીજ કડવી હતી. બાપના સ્વભાવને તે મળતી હતી, ને તેથી બાપાનું પ્રીતિપાત્ર હતી. બાળરાંડ હતી, મ્હોડે ચડેલી હતી, સૌ ભાડુઓમાં ન્હાની હતી, અને "ઉરૂ ને વળી ઉકરડે ચડયું." તેમ રંડાણી હતી! સાસરામા પુજવા યોગ્ય, કે પુછવા યોગ્ય કોઇ નહતું. બાઇ સાહેબ બાપાજીના લાડમાં ઘરનો વ્યવહાર ચલાવતાં હતાં. કોઇથી તેને કહેવાય તેમ નહતુ. વાદરાને દારૂ પાયા જેવી દશા હતી. વિધવાઓ ઓશીયાળી, તેમજ મિજાજી બાપની પ્રીતિપાત્ર બેટી, પછી પુછવુ શુ? ઘરમાં સ્વતંત્ર કારભાર તેનો હતો. મા અને ભાભી પણ તેનાથી ડરતાં હતા. કેમકે વાત વાતમાં કલ્હ કરતી, ને તેનો પડછંદો પિતાના કાનમા પડતાં, કાબૂલી તાપકા ધડાકા એવા તો આકરા થતા હતા, કે ઘરમાંથી ધૂમો કહાડવો ભારે થઇ પડતો હતો.

નિર્ગુણરાયના પત્નિ શિવગંગા બહેન કેવળ શાન્ત સ્વભાવનાં હતાં. લોકો કહે છે કે "મા તેવી દીકરી" પણ આ બાળાના સંબંધમાં તો તેથી ઉલટુ થયું હતુ. માત્ર ચોઘડીયા ફેર, યા મ્હોડું જોયા વિરામ થયો હશે!!

નિર્ગુણરાયનો મ્હોટો પુત્ર નાનુભાઇ પ્રથમથી જ મોભાગ્ર બુદ્ધિનો હતો, તેનાપર જ્યારે ભણવાની સખ્તાઇ કરવામા આવી, ત્યારે આજારી થઇ પડ્યો હતો. નિર્ગુણરાયના પિતાએ, એ ભાઇનો વિવાહ બચપણથી કર્યો હતો. ને તેથી પંદર વર્ષની વયે તો પરણી બેઠા હતા. તે પછી સ્કુલ છોડી, અને ઘરકામ ખાતે તેમને રાખ્યા હતા. પ્રભુ કૃપા ઉલટી ઉતરી હતી, મોટા ભાભી પણ સીમતનો લ્હાવો લેવાને હજી સુધી ભાગ્યવત થયાજ ન હતાં.

સુમનરાય એ તેનો ન્હાનો છોકરો હતો તેનો વિવાહ મેળવ્યા પછી લગ્ન થતા પહેલાં વહુ ગુજરી ગઇ હતી; ને તે પછી સુમન અભ્યાસમા વધુ ગુથાયાથી તથા પિતાની સારી આશા બંધાયાથી તાકીદે તેનું લગ્ન કર્યું નહિ. જ્યારે L. L. B. મા પાસ થયો, ત્યારે ગયે વર્ષે મ્હોટી ઉમરની કન્યા જોડે તેમનો વિવાહ બહારગામ પેટલાદ ખાતે મેળવ્યો હાલમાં તે એડવોકેટની ટર્મ ભરે છે. અને મુંબાઇ ખાતે, નિર્ગુણરાયના એક પરમમિત્ર મી. વિનોદરાય મોલીસીટરનો છાયામાં તેમને ત્યાંજ રહે છે. વિનોદરાય આ સુમનને બચપણથીજ ચાહતો આવ્યો છે, ને પોતાને પુત્ર ન હોવાથી આ મિત્રપુત્રને વ્હાલથી રાખ્યો છે. તેમના ભલા પત્નિ મનોહરી પણ સુમન તરફ અતી પુત્ર વાત્સલ્યતાથી વર્તે છે. એ જાતનો સ્નેહ હજી સુધી સુમને પોતે મા-બાપ તરફથી જોયો નથી, તે તેથી સુમને હવે સુખનું સ્થાન એજ ઘર મળ્યું છે.

નીરૂનાં સાસરાંનો આ વ્યવહાર છે. આજે દશેગ હોવાથી સૌ બપોરે મોડું જમ્યા છે. માત્ર ન્હાની ભાભી આવવાનાં હતા; તેથી કમળીએ પોતે કંસાર રાંધ્યો હતો. કંકાસ કર્યો ન હતો. આજે લગાર તે રંગમાં હતી. નવી ભાભીને પોતાની હુકુમત, ચાલાકી, તથા ડહાપણ દેખાડવાના દોરમાં દોરયલી હતી શીવગંગાએ તેને છેડી ન હતી.

નિર્ગુણરાય બપોરના જમીને સાંજે ચા પી બહાર સિધાવ્યા હતા. તેમને માથે એક કામ આવેલું હતું, અમદાવાદના લોકપ્રિય કલેકટર સાહેબ, મી. રીડ પેન્સનપર રીટાયર થતા હોવાથી, અમદાવાદી પ્રજા તરફથી માનપત્ર આપવામાં આવનાર હતું, ને તેના કારભારમાં તેઓ ગુંથાવાથી રાત્રીના દસ વાગ્યા પછીજ ઘેર આવવાનું થયું હતું.

ભાભી સાથે ભાઇ આવ્યાની ખબર ઘરનાં માણસોને થતાં તેઓ હેબતાઇ ગયાં, કે રખે નિર્ગુણરાય અપમાન કરે, ને નીરૂના દેખતાંજ સુમનનું દીલ દુભાવે! પણ હજી બાપાજી ઘેર પધારે, ત્યાં તો દમ્પતી પોતાના એકાન્તાલયમાં પધાર્યાં હતાં. થાક લાગ્યાને બહાને વહેલા વહેલાં જમી લીધું, ને માએ પણ જાણ્યું, કે આવતા પાણીના પુરનો વેગ રોકી શકાશે નહિ, માટે પાળ બાંધવીજ નહિ; એમ ધારીને વ્હાલાં છોકરાંઓને જલદી સુવા જવા દીધાં. ડોસા દસ વાગે આવ્યા, ને પોતાની ધુન પ્રમાણે કંઇ પણ પુછયા વિનાજ પથારી પર ગયા! વહુ આવ્યાં કે નહિ, તેની પણ પુછાપરછ ન કરી; જાણે દરકાર ન હોય! સૌને મન નિરાંત થઇ, ને રાત્રી તો કુશળક્ષેમ વિતવા લાગી, નવલ દમ્પતીની રાત્રી કેવી ચાલી?

પ્રકરણ ૫ મું.

નિરંજનીનો રજની-વિલાસ,

"જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;
આંસુમાંગે આંખથી યાદી ઝરે છે આપની.

આ ખુનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ બદમ બોલી રેહી ઝીણી સિતારી આપની.
આકાશથી વર્ષાવતા હો ખજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની.
દેણી બુરાઇ ના ડરૂં હું શી ફિકર છે પાપની;
ધોવા બુરાઇને બધે, પ્રીત–ગંગ વહે છે આપની.
જુનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું;
જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની,
કિસ્મત કરાવે ભૂલ, તે ભૂલો કરી નાંખું બધી;
છે આખરે તો એકલી, ને એજ યાદી આપની.

"કલાપી"

"પ્રાણનાથ! તમારા પત્રમાં એક વેળા આપેલી આ કવિતા મને બહુ ગમી છે, હું! આહા! મ્હારા જેવી અજ્ઞાન, પ્રેમાળ બાળા–મુગ્ધા કહો, તેને સદા પ્રેમમંત્ર આપનારી આ કવિતા કેવી અનુભવવા યોગ્ય છે!" નીરૂ, પોતાના સ્વામીનાથ સગાથે રજની-વિલાસ ખેલતાં આનંદની લ્હેરી લ્હેતી બોલી.

પ્રેમાળ દમ્પતીયોની યુવાન આશાઓનો તનમનાટ, તેના સ્નેહ અવધનો પહેલો પ્રસંગ, અને વિયોગનાં દ્રવતા અશ્રુઓ પછી મળેલી એકાન્ત રજની નિર્ભય જગ્યા માહેનો આનદ કેટલો સુધામેઘ વરસાવતો હશે, તે તો કોઇ રસીયો અનુભવી સમજી શકે!

નીરૂ ને તેના પતિ સુમનનાં લગ્ન થયાને એક વર્ષ થઇ ગયું. તે પહેલાં કુંવારાવસ્થામા તેમનો કશો દષ્ટિ સંયોગ થયો ન હતો. મુખદર્શન પણ ખરેખરી નાગરી રીત પ્રમાણે આજેજ થયું હતું. માત્ર પત્રથી પ્રસગ ચાલતો હતો, ને તે પણ નીરુને જો સારી ભાભી જેવા કુશળ સહચરી મળી ન હોત, તો એ પણ એક ઓ-

રતો રહી જાત ! પણ સૌનાં દીલને માર્ગે કરી આપનાર પરમકૃપાળુ પરમેશ્વર સમર્થ છે, સૌના મનના કોડ સહજ એ દયાળુ દેવ પુરે છે.

"હા, પ્રિયા ! સમય સમયના રંગો જુદા હોય છે. વિરહ પ્રાપ્ત થયા પહેલાનો રંગ, શાન્ત થયા પછી જુદો હોય છે; સૂર્ય ઉગ્યાનો પ્રહર, આથમતી વખતે જુદીજ રીતે તપતો હોય છે."

"શું તે વખતે અતી પ્રેમ–ઘેલછા હતી, ને આ વેળા શાન્ત પડી ગઇ છે ?"

"ના; પણ આપણે દુર રહેલાં વિયોગી હોઇયે, ને તે વખતે મળવાની આતુરતા તથા પ્રેમની રેલછેલ દોડતી હોય, તે મળ્યા પછી ના હોય !"

"પણ તેથી અંતરમાં ઉભરાતા રેલા કંઇ નરમ પડી ગયેલા ન કહેવાય, નાથ ! પ્રેમનાં કુસુમો કદીયે કરમાતાં નથી, એ તો તમે જાણો છો ? પેલા કવિનું કાવ્ય સાંભળ્યું હશે, કેઃ—

છે પ્રેમ સુધારસ પાત્ર કોઇ પરખીને પિનારા,
તન મન લોભી બહુ મળે છે, જીવને ઠગનારા.

"એ સઘળા પતગીયા છે, કુસુંબ રંગરેજ નહિ."

"વ્હાલા ! કહો, તમે તો કુસુંબજ છો કે ?"

"પ્રીયા ! તને પરણ્યો છું, કંઇ ઉપાડી લાવ્યો નથી ! જીવન સુધી જાળવવાની પ્રતિજ્ઞા લીધી છે, કંઇ મ્હોડેની વાતોથી લલચાવી લાવ્યો નથી."

"તોપણ હૃદયનો તાર એક ન હોય તો પછી !"

"આ પ્રશ્ન કરવોજ ખોટો છે. આજે આપણા સુખવાસી સંસારની પહેલી રાત્રી છે. આપણી અનેક પહાડ–ગુફા અને કઢણો ઉલંઘવાની છે. મહા હેલીબંધ વર્ષાદમા, તોફાનની અહર, પવનના સુસવાટા સાથે, ભરજંગલમાં ચાલવાનું છે. ત્યાથી જો તર્યા, તો

મહાસાગરમાં ગોથું ખાવાનું મળશે, અથડાવુ પડશે, ડુબવું પડશે ! જ્યાં આ મહા સંકટ સાથે શોષવાનાં છે, ત્યાં છુટાય શી રીતે ? પ્રેમની દોરી ખેંચી લેવાય શી રીતે ? પ્રિયા હવે કપાળે ચોંટયા કાન ક્હાડી નાખવાના હતા ! આ કંઇ ઉડતો પ્રેમ નથી. અજબ જેવુ છે કે તને પેલી નીલમગવરી પેઠે શંકા કેમ થઇ ? શું તે મને પેલા રત્નલાલ ઝવેરીના પુત્ર નવલરાય જેવો નબળા મનનો ધાર્યો ! શુ આપણો સંસાર એવો ધાર્યો ?"

"કૃપાળુ નાથ ! આપ એ શંકા ન કરશો. હુ રંક છું, નાદાન છું, નબળા મનની છું. દુઃખ સહવાની મ્હારી શક્તિ નથી. ઠપકો ખમવાની તાકાત નથી, તેથી હું આપને વિનતી કરૂં છું."

"મ્હારી મૃગનયની રંભા ! તુ શાન્તિ રાખજે. ત્હારાપર આ ત્હારા પ્રેમાળ પતિનો છાયા છે."

"નાથ, પેલી ચંદ્રાનો પ્રભાવ જોયો કે ? તેનો પ્રકાશ પણ ઉગતો–આથમતો છે !"

"આહા ! એ માટે રાવણે કેવો બળાપો કર્યો છે ! સાંભળ પ્રિયા !"

"એક ઘડી રહું આયુષ્ય દે, મન આશ કરૂ પુરી હુ મન માની,
ચદ્ર તણો ક્ષય ટાળી દઉ, રવિ રાત પડે ન કદી બની રાણી.
સિંધુ તણુ જળ મિષ્ટ કરૂં, હરૂં હું જમદૂત તણો ભય જાણી;
અમ્મર આશ રહે જયગ ખાસ રહે જીવડાની અવિચળ વાણી.

રાવણે મરતી વખતે રઘુનાથને કહ્યું, કે મ્હારી એટલીજ ઉમેદ રહી જાય છે, કે જો પાંચ મિનિટજ જીવવા દે, તો સમુદ્રને મીઠા કરૂં, ચંદ્રને સદા ઉગતો કરૂં, ને મરણનો ભય દુર કરી જમદૂતોને મારી નાંખુ, કે જેથી જગત સદાકાળ જીવતુ ને જામતું રહે. આશા તથા વાણી અમ્મર થઇ જાય."

" પણ મરતી વખત સાંભર્યું શા કામનું ?

બાળપણ ખેલમેં ખોયા,
જુવાનીએ રંગ બહુ જોયા;
બુઢાપણમા પછી રોયા.

" અરે શું આ વાત સાચી હશે, કે રામચંદ્રજીએ ધોબીના કહેવા પર સીતાજીને તજી દીધાં ! "

" લખનાર મૂર્ખ હશે. સીતા જેવી સુંદરીને માત્ર એવા નિ- ર્જીવ ને નિર્બળ કારણસર રામ જેવા ભરથાર તજી ન જાય, પણ ન્યાયને ખાતર તેમ કરે ! "

" સીતાનો શો દોષ હતો, કે તેના અપરાધ માટે એ શિક્ષા કરી હોય ! પુરૂષોની કઠોરતા આ જોતા વધારે સિદ્ધ થાય છે. બિ- ચારી સીતા પોતાના સ્વામીના સુખ માટે મહેલ છોડીને વનમાં આવી, કેટલાં સંકટ વેઠયા, ને છેવટે તેનો ત્યાગ કર્યો ? "

" એ માત્ર સ્ત્રી હઠનું પરિણામ છે. સીતાએ પેલા સુવર્ણ- મૃગની હઠ ન લીધી હોત, તો તેનું હરણ થાત ? "

" આ દૈવી બનાવ છે સીતાનો ત્યાગ, એ તેવો નથી. "

" રઘુરામ એક પત્નિવૃત્તધારી હતા, એ ખરૂં હશે ? "

" હા, રામરાજ્યનાં વખાણ માત્ર નીતિ અને ન્યાય સમાન હોવાથી જ થાય છે. '

" આપ તેવી પ્રતિજ્ઞા રાખી શકશો ખરા ? "

" હા, સાચા સ્નેહથી ને શુદ્ધ અંતઃકરણથી ! મ્હારી રંક વેલડીને સંકોચાયલી કે કરમાતી હું જોવાનો જ નથી. મ્હારી કુમુદા- ને ચીમળાતી જોવાનો જ નથી. તું કાં આજ શંકાના જ પવનમાં રમણ-ભ્રમણ કરે છે પ્રાણ ! "

" નાથ ! મને કંઇ કુદરતીજ એવી ભાવના થાય છે. "

" તુ અતી ભોળી અને બહુજ લાલચુ લાગે છે. તને સ્વામી-ને અતીશય પ્રેમ જોઇએ છે. "

" હા; જો નળરાય પેઠે દગો થાય, તો દમયંતી જેવી દશા મ્હારી થાય ! "

" પ્રિયા ! વિશ્વાસ રાખજે, હું તને નહિ જુદી થવા દઉં, મ્હારી પાસમાંજ રાખીશ. "

" હમણાં આપણે સ્વતંત્ર તો નથીજ. "

" ને તેથી ત્હારી સબુરીની કસોટી છે. "

" પ્રેમનું ખેંચાણ મ્હારા હાથમાં નથી. "

" ધારો, કે પિતાએ હાલ તને મ્હારી સાથે મુંબઇ ન મોકલી તો ! "

" તો હું હવે વ્હાલા વિના રહી શકવાની નથી. "

" આ તો તારૂં ઘેલાપણું કહેવાય ! પુરૂષ તો પ્રદેશ ભટકતોજ હોય, તેથી સ્ત્રીને સાસરવાસમાં ન રહેવું, એવું બને ? "

" જો મ્હારા નાથની પ્રીતિ એવી હોય, ને આજ્ઞા એવી હોય, કે મ્હારે તો સાસરામાંજ રહી, અનુકુળતા સુધી તેમની સેવા કરવી, તોપણ હું કરીશ. મ્હારા નાથના પ્રેમનું બળ, મને કષ્ટ વેઠતાં શીખ-વાડશે. કહો, નાથ ? હવે બીજી પ્રતિજ્ઞા કરાવવી છે ? મ્હારી રીતિ-નીતિ વિષે તો આપને શંકા નથી કની ? "

" મ્હારી દયાળુ મૂર્તિ ! પ્રેમાળ પ્રિયા વિષે શંકા ? દુધામૃતમાં ઝેર હોતુંજ નથી ! "

" દેશી ડેસ્ડીમોનાની નીતિ કે રીતિ દુષ્ટ તો નહતી; પણ માત્ર ઓથેલો—"

" હા, તેં ઠીક યાદ કર્યું; પણ હું એવા કાચા કાનનો નથી હોં ! પરન્તુ તું તો નબળા મનની નથી કની ! " સુમને હસતાં હસતાં કહ્યું.

"મ્હારે એકજ નાથ, ને એકજ સાથ છે. મ્હારો પ્રાણ એક, પ્રભુ એક, ને પતિ પણ એકજ છે. સુખ એક, શાન્તિ એક, ને જીવન પણ એકજ માનું છું. મ્હારા નાથના સુખમાંજ સુખ માનું છું. મને પાળજો, ગમે તો તારજો, મારજો કે ઉગારજો, હું તમારે શરણે છુ. દીકરીને ફરિયાદનું સ્થાન માતા—પણ તે મેં ગુમાવ્યું છે. બીજું દુ:ખ રડવાનું સ્થાન સ્વામી, તે મેં સ્વિકાર્યું છે. તમે હવે મ્હારી સાર લ્હેજો, માફ કરજો, હમે અબળા જાત, ડગલે ને પગલે ભૂલથી ભરેલી હોઇયે છીયે—તમે અમારા નાથ, ધણી છો. તમને રૂચે, તે કરવા બંધાયલાં છીયે, તમારા આશરે છીયે, માટે સંભાળજો. અમારી જીવન, સુખ દોરી તમારા હાથમાં છે. અરે તમારા પ્રેમ—કુવામાં, કાચે સુતરને તાંતણે ઉતરેલાં છીયે, માટે સ્વામીનાથ! પ્રભુનો ડર રાખીને, અબળાની ધા જાણીને પણ અમને પાળજો,—સંભાળજો." નીરૂએ આજે ભાવીનું ભાગવત ઉખેળ્યું. કોણ જાણે શા માટે તે આટલુ બોલી, એ તેનાથીએ કળાયું નહિ!

"હા, પ્રિયા—મેં સાંભળ્યુ, ને તુ નચિંત રહેજે—પણ તું મ્હારા માટે નવું શું લાવી?"

"તે તમે ન જોયું?"

"ના, મને તું બતાવે, ત્યારે જોઉં કેની?"

"જાઓ મ્હારા નાથ! ત્યારે તમે ખરા પ્રેમી નહિ!"

"હું કંઇ જાદુગર નથી કે જોઇ શકું!"

"ખરો પ્રેમી, તે જાદુગર કરતાં આલે હોય છે. મ્હારા નાથ, તમે ચતુર છો, ને આમ શું કહો છો? તમારા માટે હું જે લાવી છું, તે તો વળી તમે જોયુંએ ખરૂં, ને કંઠમાં પહેર્યુંએ ખરૂં?"

"જા જા! મ્હારી મશ્કરી કરે છે કે? કયાં છે કંઠમાં?"

"જરા છાતીની દરમ્યે તો જુઓ!"

" ત્યાં તો કાળજું છે-હાર્ટ છે ! "

" તેમાં મ્હારૂં અરધું હૃદય મુક્યુ છે. જુઓ ? "

" વાહરે વ્હાલી વહુ ! ઠીક કલ્પના કરી ? " સુમન બહુજ હસી પડ્યો.

" નાથ ! જે ખરા પ્રેમી છે, તે તો પારખીજ લ્હે. '

" હું ઝવેરી પાકો નહિ-તે ખુબ સમસ્યા સમજાવી ! ચતુર નાયિકાની આ એક ખરી ખુબી છે. "

" પ્રાણાધાર ? ઘડીયાળમા પાચ વાગ્યા-આખી રાત્રી આ રીતેજ વિનોદ-વિલાસમા પસાર થઇ; હવે આપ જરા આરામ લ્હેશો ?"

" પ્રિયા ! આ આરામ સદા મળનો નથી-ઉંઘ વળી વિયોગીને કેવી ? "

" હવે તો સયોગી થયાં ? "

" ઘણા દહાડાનો વાયુ એકઠો થયો છે, તે એકદમ શાન્ત નિદ્રા ન આવવા દે ! તોપણ મ્હારાં જીગરની લાવણ્યતા જોનાં જોતાં હું ઉંઘી જઇશ ! "

" ગરમી ઘણી પડે છે; લ્હો-હું પખો નાખું ! મ્હારા વ્હાલાને સુવાડી દઉં ? ચરણ તળાસું ? "—

" ના-જરા પખો ઉડાવ-માત્ર પ્રેમના પવનથી શાન્ત નિદ્રા આવી જશે ! " **નીરૂ**એ પખો લઇ લીધો, ને સુમન તેના ખોળામા માથું રાખીને સુતો, **નીરૂ** પોતાના સ્વામીના કપાળ સામું જોવા લાગી

" આહા ! કેવું ભવ્ય કપાળ, કેવો મોહક ચહેરો ? ખરે, જાણે મ્હારા ભાગ્યનો ચમકતો સિતારો ! ઓ અખંડ ઝગમગતા તારાઓ ? તમે કદીયે ચદ્રના તેજમા છવાઇને ડુબી જશો નહિ ! તેજથી અંજાયા છતાયે તમારો પ્રકાશ બંધ કરશો નહિ ! મ્હારા નાથના સીતારાને પણ ઝાંખો થવા દેશો નહિ ! કોઇ ચંદ્રમુખી રજની તેમને ઝાખો કરવા આવે, તો તે થવા દેશો નહિ ! આહા ! શુ મ્હારા

સૌભાગ્યનું આ અખંડ કુસુમ, 'આ નિરંજનીના દેહને છેવટ સુધી શાભાવશે ? મ્હારો સૌભાગ્યનો તોરો સદાય સુગંધ આપતો રહેશે? જે મ્હોડામાં પાનની લાલી ચમકે છે, તે નાગરવેલીજ ચાવશે કે ? જેની પ્રીતિ ઉભરાય છે, તે ચાલુજ રહેશે કે ? જો તે નરમ પડી હોય, તો નિરંજની ? ત્હારૂં મુખ કેવું કરમાઇ જાય ! ત્હારૂં હૃદય કેવું ખિન્ન થઈ જાય ! પણ હા ?–" નીરૂ ચમકી–" હું આ, શા તરંગો ચલાવું છું: મ્હારા જીવન સુખપર શાને શકની નજરે જોઉં છું ? ના–મ્હારા વ્હાલા દયાળુ છે. તેની પ્રીતિ બદલાશેજ નહિ !. વ્હાલા ! વ્હાલા ? મને સદા ત્હારા પડખામાંજ–છાયામાંજ રાખજે ! મ્હને હવે ત્હારોજ આધાર છે ! હા; મ્હારો નાથ, મને હથેળીમાં રમાડશે, હૃદય–હીંચોળે ઝુલાવશે, ને પોતાની છાયામાંજ રાખશે !" ભલી ને ભોળી નીરૂ પવન નાંખતી હવે શાન્ત પડી. પતિને નિદ્રાવશ થયલો જોયો, એટલે પોતે પણ સહજ ઢળી–નિદ્રા દેવીએ તેને વિમાનમાં ઉંચકી લીધી.

આહા ! નીરૂને આ વિચારો શા માટે સ્ફુરતા હશે ? નાજુક મનની નાજનીયે છેલ્લે છેલ્લે એકાદ બે પુસ્તકો એવાજ પ્રકારનાં હૃદયભંગ–રંગનાં વાચ્યાં, તેથી તેના નબળા મગજપર તેમજ કંઇ અસર થઇ હશે. જુગલ કિશોર જોડલાં ખરે શાન્તિની નિદ્રામાં પોઢી ગયા: પણ તેની ભાગ્ય દેવીએ કંઇ તરેહવાર ઉથલ–પાથલ કરવા માંડી

પ્રકરણ ૬ ઠું.

નવા સંસારની શરૂઆત

પ્રેમના આવેશમા આંધળા બનેલાં જોડલાં, જાણે ઉભયનું કેવું પોતે ભલું કરી દેવાનાં છે, એ આવેશમાં દિવાનાં બની જાય છે. તેનો ઉછળતો પ્રેમ હાથમાં રહી શકતો નથી. તેનો અંધાપો, જગતમ

કેવળ બીજાંને આંધળાં સમજે છે, પોતે ભાન ભૂલી જવા સાથે બીજાને પણ ગમાર સમજે છે." પ્રીતિનાં દર્દનું આ એક ઉપલક્ષણ છે. પ્રારંભનો પ્રેમ એક એવુ મોહનું રૂપ પકડે છે, કે તેની સકળ વૃત્તિઓ તદાકાર વ્હાલાના વ્હાલમાંજ તલ્લીન થઇ જાય છે ! આહા ! કૃષ્ણ–ગોપીના પવિત્ર ને નિર્મળ ભાવનો કેવો પ્રકાશ પડ્યો છે ? પ્રેમલક્ષણા ભક્તિનું કેવું સુફળ મળ્યું છે ? ગમાર ને ધર્મથી અજ્ઞાત તેનો ઉલટો અર્થ કરે છે, પણ ખરૂં શોધનારાને શું સમજાયું છે ? વ્રજમાંથી જવાની તૈયારી કર્યા પછી શ્રી કૃષ્ણ પ્રભુના રથ સામે આવીને વ્રજવનિતાઓએ સ્તુતિ કરી કેઃ—

"દયાનિધાન ! આ ચરણરજ દાસીયોનો પ્રેમભાવ સ્વિકારીને તેમને સાથે લહો અને આપ પ્રભુજી અહીં રહો, કે અમે દર્શ-આતુર ગોપીયો સદા શાન્તિ પામીયે, નહિતો વિરહથી વ્યાકુળ થઇને આપની શોધમાં આવવું પડશે. યમુના તટપર મુરલીની ધુનમાં ઘેલી કરીને સંતાઇ ગયા પછી અમારે માથે જે વિટમ્બના પડી, તેવી પડશે; માટે માનો પ્રભુજી !"

"ગોપાંગનાઓ ! તમે તમારા સ્વામીની સેવા કરો. સ્રીયોનો ધર્મ છે, કે પોતાના પતિને પુજવા !"

"દયાળુ દેવ ! પ્રેમલક્ષણા ભક્તિ, એ મુક્તિનું સ્વરૂપ છે. કામિનો વ્યવહાર કુટીલ જેવો છે. અમે જે રીતે પરણ્યાં છીયે— પ્રેમની કે પતિની ભાવનાનો અમને અંશ પણ ભેદ માલમ નથી. માત્ર અમને તો એક મૂર્તિમંત કાયાવાળા પુરૂષ સાથે પરણાવ્યાં છે. તેમનું પ્રથમથીજ દર્શનજ થયું નથી, તો પછી પ્રેમ તે હોયજ કયાંથી ? પ્રેમ, એ મુક્તિનું દ્વાર છે, ને તે પ્રેમ આપના પ્રતેજ લાગ્યો છે, અમારી વૃત્તિ શુદ્ધ છે. આપને કામ સ્વરૂપે નહિ, પણ પ્રેમ દેવ રૂપે ભજીયે છીયે. અમે આપની ઇન્દ્રિયો છીયે, ને તેથી

અમે આપના દર્શન વિના રહી શકવાનાં નથી." મૂર્તિમંત કાયારૂપ પતિને આપની પેંઠે ભજી શકવાનાં નથી.!"

વીરમતીગો ? તમે ભૂલો છો. વ્યવહાર અને ધર્મ બન્ને સાચવવું, એજ સંસારીયોનું કામ છે. ખરી વાત છે, કે હાલ કળિના વહેવારમાં પ્રેમથી ભજીને પરણનારી સ્ત્રી થોડી છે. પ્રેમ વિના મુક્તી નથી, તેમ પ્રેમ વિના ભક્તિ નથી. તમને માત્ર માંસતકાયા જોડે પરણાવવામાં આવી છે, ને તેથી તમે કહો છો, તેમ તેમના પર તમારો પ્રેમભાવ ચોંટતો ન હશે, તોપણ, વ્યવહારને ખાતર તમારે પતિને ભજવો જોઇએ!"

"દેવના દેવ? અભાવનું ભોજન શી રીતે ખવાય! અજીર્ણુપર ખાખ શી રીતે ખવાય?"

"પણ જો તેમ નહિ કરશો, તો હવે પછીના વિષમકાળમાં ધર્મ હાની થશે; મ્હારા અવતારની અસિદ્ધી થશે."

"તો અમારા હૃદયમાં એવી "પ્રીતિભાવના" મુકો, કે અમે અમારા પાતને ભાવથી ભજી શકીયે!"

"હું તમારી ઇચ્છા તૃપ્ત કરૂં છું, તમારા નાથના સ્વરૂપમાં મ્હારી શક્તિ મુકું છું. જાઓ, પાછાં ફરો, ને સ્વામીની સેવા કરો. તમારા સ્વામીને તમે શુદ્ધ ભાવે ભજો. જે સ્વરૂપ તમે ચાહશો, તે તમને નજરે પડશે. જે ભાવનાથી ભજશો, તે રીતે તમને ફળશે. તમે મ્હારૂં સ્વરૂપ તેમાં જોઇ શકશો. પતિને પ્રભુરૂપ ગણીને ભજશો, તો તે મુક્તિરૂપ ઠરશે."

"અમે આપની આજ્ઞા માથે ચડાવીએ છીયે, ને હવેથી પતિને પ્રભુરૂપ ગણીને ભજવાનું, સેવા કરવાનું શરૂ કરીયે છીયે, પણ જો જો, અમારી સાથે પણ કપટ ન કરતા?"

"શ્રદ્ધા ફળે છે, પથ્થર નહિ! એકીન ફળે છે, માળા નહિ!"

વાંચનાર, આ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિથી તરનારાં પ્રાણીયો શ્રદ્ધાથીજ સુખી થાય છે. **નીર**ના મનમાં જે કલ્પના ઉભી થઇ છે, તેમાં કંઇક કુદરતી ચમત્કાર હશે, નહિ તો એકાએક આ શંકા પ્રાપ્ત ન થાય! જ્યારે પાસા સવળા પડવાના હોય છે, ત્યારે સવળા સંજોગો અનુકુળ થઇ પડે છે, પણ જ્યારે ઉલટુંજ પરિણામ આવ-વાનું હોય છે, ત્યારે હાથ પડેલાં સાધનો સરળતાથી સરવા મંડી જાય છે, ને અંતે એવી મુશ્કેલીમા ભાન ભૂલી જાય છે, કે બીજાં કલ્પનામાંયે આવી શકતાં નથી.

સુમન અને **નીર** સવારમાં મોડાંજ ઉઠ્યાં **નિર્ગુણરાયે** રાત્રે કંઇ પણ વાત ન કરી તેમનો હોલ જુદોજ હતો. ધર્મ વ્યવહારના માર્ગથી પોતાની બેઠકનો માર્ગ અલગ હતો, અને કામ વિના ત્યા કોઇ જઇ શકતું નહિ. પોતાને જમવા આવવાનો દરવાજો અલગ હતો, ત્યાં બીજુ કોઇ નજરે પડતુ નહિ.

આજે પ્રભાતમાં કોર્ટ હતી—એટલે આઠ વાગ્યામાં ન્યાયાધીશ સાહેબ તો ચાલ્યા ગયા સુમનભાઇ ઊઠયા, ને પિતાને બહાર ગયા જાણીને શાન્તિથી થાક ઉતારવા લાગ્યા. મા કને બે ઘડી વાતો કરી, પ્રિયા સાથે ચા પીધો, પાન ખાધુ, અને ન્હાઇ-ધોઇને ભભીના હાથની ગરમાગરમ રસોઈ જમવા ચાલ્યા.

સુમને પોતાની પ્રિયા સાથે બીજી તરેહવાર વાત કરી, પણ પોતાની કમળી બહેન લગાર ખુશામત ઇચ્છનારા છે, તેને રમાડી લ્હેવાની વાત ન કરી અજાણી **નીર** ગંભીર હતી, એટલે કમળીને લાગ્યું, કે ભાભી સાહેબ મોટા જાગીરદારના દીકરી તેથી મિજાજમાં હશે. **નીર** બિચારી પોતાના ઓરડામાંથી ન્હાઇ-ધોઇને સાસુ કને જતી હતી, ત્યાં કમળીએ પોંખી લીધી.

"ભાભી સાહેબ મોટા જાગીરદારનાં છોકરા હોય, તો તેના બાપને ભારે, બીજાને શું?"

કમળીએ આડકતરી રીતે તાણો માર્યો, કજીયો કરવાનું ઉપાસન કર્યું, પણ નીરૂ શું જાણે કે આ કજીયાબાઇએ સ્વભાવ દોષ ઉખેડયો છે? નીરૂ કંઇ બોલી નહિ, એટલે તેના પાસે આવીને કમળી બોલી–"ભાભી સાહેબ! અહીં કંઇ અમન કરવા નથી આવ્યા? માબાપે મર્યાદા શીખવાડી છે કે નહિ? બપોર દહાડે સોડમાંથી છુટયા, ને પાછાં પાટલા પર આવીને બેસવાના આમંત્રણની વાટ જોતા હશો? અહીં કંઇ ભટ કે નોકર નથી? ચાલો, ચોપડા આવડે છે કે?" કમળીએ હાથ પકડયો. શીવગંગા પાછલા ખડમા હતી, તેણે આ ઘોઘાટ સાંભળ્યો, ને જાણ્યું કે વરૂએ બકરને પકડયુ છે. શીવગંગા હજી બહાર આવે, ત્યા તો સુમન ન્હાતો હતો, ત્યાંથી ભીંજાયલે કપડે વ્હાર કરવા આવી ચડયો

"કેમ રે કમળી! પેલી બિચારી અજાણીને એટલો દમ કેમ મારે છે? તેને તો તેના માબાપે મર્યાદા શીખવાડી નથી, પણ તું શીખી છે, તેનો ઉપયોગ કરી બતાવ! જા, ખબરદાર, તેને ધમકાવી તો?"

"હા-હા, જાણ્યુ જાણ્યુ! તુંજ એક બૈરી પરણ્યો છું! ભલે, ગમે તે કરો–મને શાને ધમકાવે છો! શુ અમે તારા ઓશીઆળાં છીએ તેથી? હજી તો મા ને બાપ બન્નેની છાયા છે; નથી ભાઈ, ભાભીને પનારે પડયા!" કમળીએ રૂદન શરૂ કર્યું. તે ગળે પડી, સુમન ચાલ્યો ગયો. માતાને સામેથી આવતી જોઇનેજ ચાલ્યો ગયો.

"બહેન! તમે કહો, તે હું કરૂં! હું ક્યાં ના કહું છું! હુ અજાણી છુ, મને અનુભવી કરો!" નીરૂએ કમળીને સમજાવીને કહ્યુ, શીવગંગા આ વચનો સાંભળીને એકદમ આવી અચકી પડી.

"હા, હા, એ બધું બોલવામાંજ ! જાણી તમારી ચતુરાઇ ! મ્હારી કને આ ચરિત્ર નહિ ચાલે ? ભાઇ સાહેબ ભલે મડમ સાહેબને માથે બેસાડને ચાલે, મ્હારે તો ખાસડા ઠેકાણે !" એટલું બોલીને કમળા ચાલી ગઇ, નીરૂ તેની સામુ જોઇ રહી, શીવગગા આગળ આવી.

"બેટા ? મ્હારી કમળીનો તો એવો સ્વભાવજ છે, તું મનમાં ઓછું ન લાવતી; આવ, મ્હારા ખંડમાં !" નીરૂને પોતાની બાથમાં લઇને તે બોલી, નીરૂથી રડી જવાયુ.

"મા ! મેં તેમને કશું કંઇ કહ્યું નથી, હોં !"

"હા, હું સાંભળું છું. પાછલાજ ખંડમાં હું હતી, ને તેથીજ એકદમ અહીં આવી, કેમકે એ અલ્હેતી છોકરી કદાચ તારૂં અપમાન કરી નાખે !"

"ના–માજી ! મને વળી માનાપમાન કેવુ ! હું તો તમારી છાયામાંજ છું. હું અજાણી છું, એટલે ભૂલ–ચૂક થાય, ને તમે કહો, તેમાં દુઃખ શેનું ?"

"દીકરી ! કહેવત છે કેઃ—
કાણાને કાણો કહે, કડવું લાગે વેણ;
ધીરે ધીરે પુછીયે, આ કેમ ગુમાયાં નેણ ?"

માત્ર બોલવા બોલવામાંજ ફેર છે. એ માત્ર સ્વભાવ દોષ છે. ચાલ, રસોડામાં જઇયે, જમવાનું થઇ ગયું છે. લ્હારા જેઠાણી રાંધે છે, ત્યાં જઇયે ?"

"માજી ! આજે હું મોડી ઉઠી છું, હોં ! કાલથી તમે કહો, તે વખતેજ ઉઠીશ ?" ભલી ને ગરીબ નીરૂ સાસુનો ઠપકો સાંભળતા પહેલાં બિચારીએ પોતાની ભૂલો કહેવા માંડી. ભલી સાસુ તેની ગરીબાઇ જાણી ગઇ, અનુભવને અંતે તેનામાં ડહાપણ આવ્યું હતું.

વહુવાર તરીકે સાસુના હાથ તળે સંસાર ચલાવેલો હતો, તેથી પોતાની દશા શી થતી, એ જાણતી હતી. કેટલીક હલકા મનની સાસુ એવા અનુભવનો ખોટો ઉપયોગ કરતી, ને પોતાને માથે ગુજરેલો સીતમ પોતાની પુત્ર વધુપર ગુજારીને પોતાના જીવન દુઃખનો દાખલો બેસાડતી; ત્યારે ભલી સાસુ, પોતાનું દુઃખ કેવુ આકરૂં હતું, ને તેથી કેવુ દીલ દુખાતું, એમ સમજીને માત્ર મ્હોડાની વાતો કરી, ભલા વિચારોથી પોતાની પુત્રવધુને છાયામાં રાખી, સુખી થયેલી જોતી. આ માત્ર ગુણ-દોષનું કારણ હતું; સાસુ-વહુ રસોડામાં ગયાં. સુમન ન્હાઇને ત્યાંજ આવ્યો, અને નિરાંતે જમ્યાં.

દમ્પતીના અતુલીત પ્રેમનાં બન્ધનો તેમને એકાન્ત ભૂવનમાં ધસડી ગયાં. નવાં જોડલાં સુખમાં રહે, એ ભલાં માબાપોની શાન્તિ છે, એમ માનીને તેમને છેડતાં નહિ.

નિર્ગુણરાય કોર્ટમાંથી ઘેર આવ્યા, ને ન્હાઇ ધોઇ જમ્યા. તે પ્રસંગે પણ સુમનના આવાગમન માટે કંઇ બોલ્યા નહિ ! શીવગંગાએ જાણ્યું, કે આજે વળી એવીજ ધુન હશે, પરંતુ નિર્ગુણરાયના મગજમાં ધુમો તો ભરાયલો હતો જ; માત્ર ખાલી કરવાનો પ્રસંગજ મળ્યો નહતો.

પ્રકરણ ૭ મું.

ઉભરાતા પ્રેમનો ઉછાળો.

સુમનની આશાવંતી મૂર્તિ નિરંજની પ્રતિ તેનો પ્રેમ એટલી તો હદ સુધી ઉછાળો મારી રહેલો હતો, કે પોતાની આંખથી તેને અળગી કરવાને હઠીલો થતો હતો. સુમનની ઇચ્છા એવી થઇ, કે

પોતાની પ્રિયાનો ફોટો લેવરાવવો. જો કે તેઓ દમ્પતી, બીજે દહાડે સવારે તો મુંબઇ તરફ ઉપડી જવાનાજ હતાં, પરંતુ જુવાનીના ઉછાળાએ, ને પ્રેમની ધુનમાં મસ્ત બનેલા સુમનને આ વાત સુઝી પોતાની પ્રિયાને તે વાત ન કરી, અને તેણીને તાજુબી પમાડવા, તથા તેની પ્રત્યે પોતાનો કેટલો ઉંડો પ્રેમ છે, એ બતાવવાનો તેણે યત્ન કર્યો.

નિર્ગુણરાયને માથે પેલા રીટાયર થતા અંગ્રેજ અમલદારને માન આપવાની ગોઠવણ કરવાના સંબંધમાં તેમના પર જે ફરજ આવી પડી હતી, તે માટે તેઓ તો બે વાગે બંદોબસ્ત કરવાને ઘેરથી બહાર નીકળી ગયા. અને સુમનરાય પોતાની પ્રિયાંગનાને શણગારીને ફોટોગ્રાફ-હાઉસમાં ચાલ્યા ! મુંબઇની ધુન ને પવન મગજમાં ઘુમતો હતો, એટલે ઘરમાં કોઇની પરવા નહતી. મોટાભાઇ, ભાભી તો કિંમત વગરના તેને મન હતાં, ને મા બિચારી ભલી હતી. પોતાનાં બાળુડાં સુખ-મોજમાં ફરે, તે જોવા રાજી હતી. કમળી તો કટકણી, છેછણી, ને કજીયાબાઇ હતી, એટલે તેનો તો વકર નહતો ! ડોસો બે દરકાર હતો, પછી સુમન શા માટે સ્વતંત્રતા ન વાપરે ?

ફોટોગ્રાફવાળાને ચાર્જ કરતા એકાદ ચાટલા વધારે આપવાનું કહીને, બીજેજ દિવસે કોપી મેળવવા કરાર કરી ફોટો પડાવ્યો. નવી સ્ટાઇલ પ્રમાણે, ને અપ ટુ ડેટ ફેશન પ્રમાણે, પુર્ણ પ્યારવંતા જોડલાને છાજે, તેવી રીતે છબી પડાવી.

નીરૂના મનમાં સહજ સંકોચ થયો, અને માત પિતા જાણશે, તો ઠપકો આપશે, એટલું તો લાગ્યું; પરંતુ પતિની ઇચ્છા વિરૂદ્ધ ન થવાના નિયમથી તેમણે ફોટો પડાવ્યો. પ્રિયાને પોતાની પાસે ઉભી રાખી હતી, ને પોતે તેના મોં સામુ જોઇને હસતો હોય, તેવો પ્રેમાળ ચ્હેરો પ્રકટ કર્યો.

સુમને ત્યાંથી પત્નિસહ રજા લીધી, પોતાની પ્રિયાને, નોકર સાથે ઘેર મોકલી દીધી, અને પોતે શાન્તિભુવન થીએટરમાં "વીણા-વેલી" નાટકની ટીકીટ ખરીદવા ગયા. રાત્રીએ પોતાની પ્રિયા સાથે નાટક જોવા જવાનું હતું, તેથી રીઝર્વ સીટ કરી લેવા ગયા. કંપનીનો મેનેજર તેને સારી રીતે પિછાણતો હતો. વળી આ એક માનવંત ન્યાયાધીશનો પુત્ર હતો. ને ઓછામાં પુરૂં, તે આવતી કાલે, કલેકટરના માનમાં ખેલ કરવાનો નક્કી ઓરડર આપવાનું કામ તેના પિતાના હાથમાં હતું તેથી સુમનને ટીકીટ રીઝર્વ કરી આપતા પૈસા લેવા ના કહી. સુમને આગ્રહ કરીને પૈસા આપ્યા. અંતે નાટકવાળાએ નાટકી ગત કરીને ખાસા ચાર રૂપિયા ખીસ્સામા મુકી દીધા. સુમન ઘર તરફ વિદાય થયો. પોતાની વ્હાલી પ્રિયાને પ્રથમથીજ પ્રેમ-રંગમાં ઝબોળવા આ ઉછાંછળો પ્રયત્ન આદર્યો; એ પ્રયત્ન નુકશાનકારક નીવડશે, તેનો ભય કે ચિન્તા ન ચિન્તવી!

અભાગ્ય ચોઘડાયે અવળા દાવનો ઉપાયજ ન મળે-સુમનનો યત્ન અફળ નીવડયો.

નિર્ગુણરાયને આજે બે કામ કરવાના હતાં. એક તો આજે છ વાગે કલેકટરના માનમા મેળાવડો હતો. ત્યાં ફોટો પાડવાની ગોઠવણુ કરવાની હતી, અને બીજે દહાડે નાટક કરાવવાનો હતો તેનીયે ગોઠવણ કરવાની હતી; એથી તે પ્રથમ ફોટોગ્રાફરને ત્યાં ગયા. ફોટોગ્રાફર પણ બીન અક્કલનો, ને પોતાના કામની પ્રશંસા કરવામાં આકળો થઇ ગયલો, તેમજ પોતાનું બહુ લાયક કામ છે, એ બતાવવા યત્ન કર્યો; અને સુમને પડાવેલી છબીનો તાજો કાચ બતાવી બોલ્યો.

"આપના પુત્ર હમણાંજ છબી પડાવી ગયા છે, કાચ તાજો છે, છતા કેટલા સુંદર ફીગર છે? અમારે ત્યાં કામ ચોકસ, ઝડપનું ને સફાઇદાર થશે!" ફોટોગ્રાફરે કાચું કાપ્યું!

"વારૂ, ત્યારે સાધનો લઇને પ્રેમાભાઇ હોલમાં પાંચ વાગે આવજો." એટલું કહીને નિર્ગુણરાય ચાલ્યો ગયો. તેના મનમાં પોતાના પુત્રની ઉછાંછળી રીત માટે બહુજ તિરસ્કાર પેદા થયો.

દારૂમાં દીવાસળી પડે, તેમ વળી બીજો બનાવ બન્યો.

ફોટોગ્રાફનું નક્કી કરીને નિર્ગુણરાય, પેલા નાટકવાળા પાસે થીયેટરમાં ગયા. મેનેજરે તેને નાટકી લાયકાત પ્રમાણે નમી નમીને આવકાર આપ્યો, અને ખુશામતી સત્કાર કરવા માંડયો. મેજીસ્ટ્રેટે કહ્યું, કે મ્હારે પ્રથમ કામની જરૂર છે.

"સાહેબ આપની દયા છે, તો સૌ સારૂંજ થશે. કહો આપની શી આજ્ઞા છે?"

"આવતી કાલે "વીણા-વેલી" નાટક કરવાનું છે. અમારે માટે ઓરચેસ્ટ્રા ને ફર્સ્ટ ક્લાસની બધી રૉ રાખી મુકજો. બીજા ક્લાસની ટીકીટો જો તમને વહેંચવી હોય, તો પબ્લીક માટે રાખજો. અમને વાંધો નથી. અમે તમને ઠરાવેલી રકમ આપીશુ.

"બહુ સારૂં, સાહેબ! પણ અમારી એક કસુર માફ કરજો, જો કે મેં તો બહુ વિનતી કરી, પરંતુ સુમનરાયભાઇએ માન્યું નહિ; ને આજ રાતની બે ટીકીટ પૈસા આપીને રિઝવર્ડ કરાવી ગયા!"

"તમારૂ તેમાં શું ગયું? ધંધાનુ કામ છે!"

"પણ સાહેબ! તમારો હમારાપર ઉપકાર થાય, ને હમારાથી પૈસા લેવાય! શું આ ઘર જુદુ છે?"

મેનેજરે, મેજીસ્ટ્રેટને પણ નાટકી બનાવ્યા! જાણે તેનું ઘર પણ નાટકશાળા જેવું નાચતું-કુદતું છે. નાટકવાળાની ભાષાજ નકટી!

"ઓલરાઇટ! હવે કાલે અમે વખતસર આવીશું. અમારો ઇન્વીટેશન કાર્ડ લાવે, તેને દાખલ કરજો. માત્ર આગલી બે શીટસ એંગેજ રાખજો."

એટલું કહીને નિર્ગુણરાય ચાલ્યા. માર્ગમાં પોતાના પુત્રની આ અવિચારી ને ઉછાંછળી રીત માટે ઘણોજ ખેદ થયો. ને જો હવે તેને ઘટતી સજા નહિ થાય, તો તે ઘણોજ ખેદ ઉચ્છૃંખલ બની જશે, એ ચિન્તા પેદા થઇ. તે ત્યાંથી પરભારો ઘેર ન ગયો. કેમકે મીટીંગનો બન્દોબસ્ત કરવાનો હતો. સાત વાગે ત્યાંથી છુટયો, અને ઘેર આવીને પોતાના મગજપર પુત્રની અઘટિત રીતનો ધૂમો હતો, તેને કહાડવાનો યત્ન કર્યો. ઉભરાતા પ્રેમનાં ઉછાંછળાં પગલાંનું પરિણામ પુત્રની વિરૂદ્ધમાં આવ્યું.

પ્રકરણ ૮ મું.

ન્યાય અને શાસન.

સન્ધ્યા સમય પુરો થયો. સુમન પોતાની પ્રિય પતિ સહિત આજે રાત્રે નાટકમા જવાનો હતો. નાટકમાં જવું, એ તો શોખીનોને મન, જાણે મોટા લગ્નમંડપમાં કે વ્હેલીમાં પધારવા જેવું હોય, એમ ધારીને બે બે કલાક તો ડ્રેસમાં ગાળે, અને ઉત્સાહનો તથા ધાંધલનો પાર નહિ.

જે અમદાવાદ જુનું હતું. તે આજે બદલાયલું લાગતું હતું. એક એક જઇ (પાઇ) હિસાબને ચોપડે ચડતી, ધોબી–હજામનાં વરશાન અપાતાં, અને નાટક–ચેટક બદલે ભાંડ–ભવાઇ થતી, તે ટળી ગઇ છે. અને વેશીંગકંપનાઓ, હેરકટીંગસલુન, ને રીચીરોડ પર લ્યામલાઇટથી દીપતાં હોટલપર અમદાવાદી ભાઇયોનો મારો ચાલ્યો છે, તે ઉપરાંત દારૂનાં પીઠાં જોવાં જુદાં, ને કદાચ મી. ક્રામાના એમ્પાયર હોટલની મુલાકાત પણ લઇ શકાય ખરી !

નવા જુવાનીયાઓને લાગેલો નવીન શોખ, અમદાવાદની ભવિષ્યની ક્રેડીટને વેપારી લાઇનમાંથી અળગો કરી દે, તો નવાઇ નથી. હાલની પ્રજા કેવળ બેદરકાર અને બેપરવા છે. જો કે હજી કેળવણી છે ખરી, પણ આજના સમયની હરિફાઇમાં વિવેક, નમ્રતા ને મોટે ભાગે ઓળખાણ વિના ભલા ભલા પુછડીયાઓને ડીગ્રીવાળાને પણ ઇનફ્લ્યુન્ઝ વિના મુસારો મળી શકતો નથી અમદાવાદી ફાંકડા જુવાનો વગેરે મારતેમીયાં પેઠે ઇશ્કના વાળના ઝુમખા રાખીને ફરવુ, બાપ કમાય ને દીકરો ખાય, તેવા રોબપર તાગડધિન્ના કરવુ, વાંકી ટોપી ને વર લાડકા, પેઠે સાસરવાસમાં સવાર થઈ ચાલવુ, ને આવડતમા જોઇએ તો એકડો નહિ ! નોકરી કરવાની દાનત પુરી પાધરી નહિ ! મિજાજ તો નાકની દાંડીપર, પછી ભાવ પણ કોણ પુછે ? આ રીતભાતવાળાને લાગવગ કોની થાય ! પોતે પોતાનુ પુરૂં ન કરી શકે, તો બીજાને શું પાળે ? હજી જમાનો જોઇ શકયા નથી, પરતુ પરિણામ તેમની વિરૂદ્ધમાંજ આવશે; કેમકે એકાદ દાયકામા સ્વતત્ર રહેણી–કરણીના પ્રતાપે, એક બીજાને ભૂલી જશે; દેશાવરના ધધા તથા નોકરીના સબબે કોઇ કોઇ વાર મળવુ થતા, સંપ કે સ્નેહ જળવાશે નહિ. ને એ રીતે પડતી થવાનો સમય નજદીક આવતો જશે, જો કે આ પથ ગુજરાતના ઘણા શહેરોમા પ્રસરેલો છે, નવી કેળવણીના પ્રતાપે જુવાનોના મગજમાં જે પવન તથા ફાટો આવ્યો છે, તે આવડત કરતાં અક્કડાઇના રાજ્યનો વધારે આશ્રિત છે, ને તેથી ઉચી સોસાયટીમાં તેઓનો સમાસ થવો મુસ્કેલ છે જેમ પાંચ આગળી સરખી નથી, તેમ બધા જુવાનો સરખા નહિ હોય; પરંતુ મોટો ભાગ, બેદરકારી બેપરવાઈ, મિજાજ અને આપ અખત્યારોથી ચાલ નારો નીકળવા માંડયો છે, એ આપણા દેશી સંસારનો નાશ ને નુકસાન કરનારૂં છે. ઇશ્વર સૌને સદ્દબુદ્ધિ આપે. આ સર્વ મૂળ કેળ-

વણો ને નીતિની ખામીનું પરિણામ છે.

નિર્ગુણરાયને લાગ્યું કે, જે પુત્રપર પોતે ભારો આશા બાંધી હતી, તે પુત્ર પણ મુંબઇની સ્વતંત્ર જીંદગી ભોગવતાં ઉછૂંખલ બની ગયો છે "રોગ થતો ડહામવો–ને શત્રુ ઉગતો તાડવો" એ રીતે નિર્ગુણરાયે પોતાના પુત્રને ન્યાય ને શાસન આપવાનો ઠરાવ કર્યો.

પોતે સાંજ સમયે ઘેર પધાર્યા. અને પોતાની ઓફીસમાં ન્યુસ વાંચવા બેઠા. બાપાજી ઘરમા આવ્યા છે, એટલે છોકરાઓ તથા નોકરો ચૂપ-ચાપ ચાલવા લાગ્યા

સુમનને નાટકમા જવાનું હતું. બા સાહેબને કહી રાખ્યું હતું. બાપાને જાણ થવા દેવી ન હતી. પણ બિચારા સુમનને કયાં ખબર હતી, કે બાપાજી તો તમારાં સઘળા કારસ્તાનથી પુરા વાકેફગાર થયા છે, ને એ ઉદ્ધતાઇ માટે ન્યાય માર્ગે, શાસન કરવાના વિચારમા ઘડીયો ગુજારે છે.

બરાબર આઠ વાગ્યા. સુમન તથા નિરંજની હવે પોતાના રૂમમાં ડ્રેસ કરવા ગયાં. એટલામા પટેલે આવીને હુકમ આપ્યો. પિતાજી તેડે છે, માટે જલદી પધારજો. આ હુકમ સાંભળતાંજ સુમનના હાંઝા ગગડ્યા. રખે ડોસો કઇ વિઘ્ન નાખે ? બિચારો સુમન કંપતે શરીરે ચાલ્યો. વાઘ સામે બકરૂં ઉભું રહ્યું ન્યાયાધીશ સામે અપરાધી ઉભો રહ્યો. પ્રભુ જાણે પોતાને શુ શાસન થશે ?

" સુમન ! આજે મી. રીડ સાહેબને માન આપવાનો મેળાવડો હતો. તેમા થયેલાં ભાષણો વગેરે વર્તમાનપત્રમાં પ્રકટ કરવાનાં છે. જો કે મુબઇના પેપરોના ખબરપત્રીઓ ત્યા હાજર હતા, પરંતુ શોર્ટહેન્ડની કચાશને લીધે એકાદ નકલ આપણે તૈયાર કરી આપવાની ઠરી છે, કે તેના પરથી દરેક પત્રો લઇ લ્હેશે; માટે અહીં મ્હારી પાસે બેસીને, જુદા જુદા નંબર છે, તે પેપરો લઇને એક

સરખી નકલ કરવા બેસી જા. પ્રભાતમાં તો તેમને આપવાની છે. " એટલુ કહીને, સઘળા કાગળો સુમનના હાથમાં આપ્યા.

" અહીંજ બેસીને લખવાનું છે કે–"

" અહીંજ, કેમકે વારંવાર પુછપરછ કરવી પડશે. "

" વારૂજી ! " સુમને ધીરે સાદે, ને રડમસ ચ્હેરે જવાબ આપ્યો. સુમનરાય ટેબલ પાસે ખુરશી લઇને, સખ્ત મજુરીનું કેદ-ખાનું સ્હેવવા બેઠા. નિર્દોષ નિરંજની તો પોતાના શયન ગૃહમાં ડૂસ કરે છે. ભાઇસાહેબનું ચિત્ત ત્યાંજ છે, પણ પિતાને શી રીતે કઇ કહેવાય ! કેવી રીતે રજા લ્હેવાય ! નાટકની ટીકીટ રદ થઇ રાત્રિનો આનંદ ઉંટો નીવડયો, અને અનિવાર્ય સંજોગે, તેને શિક્ષા ભોગ-વવી પડી. ન્યાયાધીશે, ન્યાય કર્યો; લાયકને લાયક શિક્ષા આપી. ન્યાય ને શાસન એકજ હાથે થયુ, ડોસા વારવાર સુમન સામુ જોતાં જોતા પત્ર વાંચતા હતા. સુમન લખતાં લખતા ડોસા તરફ ટીકતા હતા. બન્ને મનમાં સમજતા હતા સુમને આ કાળે તો એવું થતું હશે, કે ડોસાને હીસ્ટીરીયા થાય, તો કેવુ સારૂં ?

પા કલાક થયો, કે ડોસાને કોઇ ગૃહસ્થ મળવા આવ્યો, તે મુલાકાત લગભગ દોઢ કલાક ચાલી. એટલામાં ઘડીયાળની અંદર બરાબર દશનો ટકોરો થયો, પેલો મહેમાન ગયો. ને ડોસા ઉઠીને સુમન પાસે આવી, લખેલા કાગળો જોવા લીધા.

અફસોસ ! બેચેની ને બેભાનમાં સુમને એક કાગળ બીજામાં ને બીજો કાગળ ત્રીજામાં મુકીને નકલો કરવા માંડી, ને તેમાં પણ કેટલીક લાઇનો ગુમાઇ ગઇ !

ડોસો વાંચતાં વાંચતાં છેડાઇ પડયો. સુમન સામું જોઇને એક એવો તો બરાડો પાડયો, કે જે અવાજથી જાણે ધરતીકંપ થઇને

નીરૂ ને સુમન.



પ્રાણનાથ? પિતાજી શા માટે ગુસ્સે થયા?

ભા. ૧ પૃ ૫૧

ઘરો ઝુમી પડશે, તેમ સુમન તથા ઘરનાં સૌ સાંભળનારાંને ભય વ્યાપી ગયો.

"ભાઇ સાહેબ, લગાર મગજ સ્થિર રાખો! હજી મુંબઇની સ્વતંત્રતા બાપાના ખીસામાં છે, સમજ્યા? જાઓ, તમારાથી દિવસ વળી રહ્યા! નાટક જુઓ!"

નિર્ગુણરાયે આમ બોલતાં બોલતાં સઘળા કાગળો ઝડપી લીધા, અને ઇઝીચેરપર ફેંકીને પ્રીવીકૌંસીલમાં રવાના થયા. સુમન તો ત્યાં ને ત્યાં સ્તબ્ધજ થઇ ગયો. નાટકની વાત ડોસાને કાને કેમ ગઇ? ડોસો આ રીતે ધુધવાયલા ધૂમાડા પેઠે ભડકો લઇ કેમ ઉઠયો? હવે અહીં વધુ થોભવામાં સાર નથી, એટલું કહીને તે પોતાના શયનગૃહ પ્રતિ રવાના થઇ ગયો. ઘરમાં સૌ શાન્ત થઇ ગયું. સૌ પોતપોતાને ઠેકાણે જઇ નસકોરાં ઘોરવા લાગ્યાં. ડોસો પાછો હોલમાં આવ્યો, ને પોતાના પુત્રને માટે શીખામણના બે બોલ લખવા બેઠો. દુખતા પર ડહામ દેવા બેઠો. ન્યાયપક્ષે યોગ્ય શાસન કરવા બેઠો, છેલ્લો ચુકાદો આપવા બેઠો.

પ્રકરણ ૯ મું.

"પ્રાણનાથ! પિતાજી શા માટે ગુસ્સે થયા?"

"તેમને નાટક તરફ તિરસ્કાર છે, તેથી!" નીરના જવાબમાં સુમને કહ્યું. વાત ઉડાવી દીધી.

સુમન, શયનગૃહની ખુરસીપર ઉદાસ થઇને બેઠો. શણગારેલી તૈયાર થઇને નાટકમાં જવા સજ થયલી, ઠણકાદાર નીર પલંગપર બેસીને બોલી.

"ત્યારે હું કપડાં બદલી નાખું? ડ્રેસ કરેલો ઉતારી નાખું? રાત્રીનાં કપડાં પહેરી લઉં?"

સુમન કંઇ ન બોલ્યો. તેને ઉત્તર આપવો ભારે થઇ પડ્યો. પોતાની વહાલીને અતી ઉછરંગથી આજે લઈ જવાના હતી, તે રંગમાં ભંગ પડવાથી, ને શોભિતી સુંદરીએ સજેલા મનમોહક શણુગાર જોઇને દુશ્મનની છાતીમાં ઘા વાગે, તેવો દેખાવ કહડાવી નાખવા સુમનનું હૃદય હઠીલું થતું જણાયું!

"પ્રિયા! તને આ શણુગાર અકળાવતા તો નથી કની?"

"ના, નાથ! તમને ગમતું હોય તો ભલે ભાર રહ્યો. પલંગપર પધારો, આમ ઉદાસ શા માટે થાઓ છો? નાટકની શી નવાઇ છે! મુંબઇ ગયા પછી નાટકજ નાટક! તમે તો નાહક ઉતાવળ કરી, નાથ! હશે, ગઇ ગુજરી યાદ ન કરવી. ચાલોને, સવારની ટ્રેનમાંજ રવાના થઇ જઇએ? ત્યાં તો રહેવાની જોગવાઇ છે કની!"

"હા, પ્રિયા! સૌ ત્યાં તો સારૂંજ છે; પણુ રખે ડોસો કંઇ વિઘ્ન નાખે? મ્હારૂં હૃદય લગાર દાઝે છે, દીલ કંપે છે"

"એ તો તાજા બનાવને લીધે એમ થતું હશે. મને ત્યાં મોકલવી હતી, એટલા માટે તો તમને તેડાવાનુ માંડી વાળ્યું હતું!"

"ને તેથી કદાચ હવે મ્હારા આવ્યાથી ડોસો ગુસ્સે થાય, ને તને નહિ મોકલે તો?"

"તો પછી પાછળથી આવીશ પિતાજીની મરજી સાચવવી, એ આપણી પહેલી ફરજ છે. વળી ત્યાં બીજું કોણુ મ્હારી વાટ જોનાર છે?

"ને તે એમજ છે. ત્યાં પણુ તને ઝખનારાં ત્હારી વાટ જુએ છે, ત્હારે ત્યાં આવવાનું છેજ."

"મ્હારી વાટ જોનાર તો મ્હારી શોકમાંજ છે, વળી બાજું કોણુ છે?"

"પેલી વિનોદરાય સોલીસીટરની પુત્રી મધુરી?"

"હું તો તેમને ઓળખતી નથી, તે છતા—

"હું તો તેમની જોડેજ વસું છુ કની? વારંવાર ત્હારી જંખના થાય, ત્હારી છબી જોવાય, ને પત્રો આવે. એ સઘળું, એ બાળાના જોવામાં આવે-તે મને પુછે, ને તેના જવાબમાં હું ત્હારાં વખાણુ કરૂં! વળી તું મુમ્બઇ આવીને તેમના પિતાનાજ બંગલામાં રહેવાની છુ, ને સાથી સહિયર તરીકે એ ત્હારી જોડે રહેવાની છે, તો પછી પ્રથમથીજ તેને ત્હારી પ્રીતિ લાગે, તો સારૂં કેની?"

"શું તે તમારા ખાનગી ઓરડામા આવતી હતી?"

"વિનોદરાયના બંગલાની સામે, એક નાનું સરખું ગેસ્ટ—હાઉસ તેણે કરાવેલુ છે, તે મને વાપરવા આપ્યું છે. વચમા બગીચો છે, મધુરી વારંવાર ફરતી ફરતી મ્હારા રૂમમાં આવે, બેમે, બે ઘડી વિનોદ કરે, ને વખત પસાર થતા તે પોતાને સાસરે જાય!"

"તે પરણેલી છે કે?"

"હાઃ બિચારી નિર્દોષ પણ અભાગિણી! તેની સાસુ ઘણીજ કલાઠ ને કુચ્છંદી લાગે છે. મંદિરોના છંદમા, મરજાદીના તોરમા વયોવૃદ્ધ છતાં, શોખમાં રમતીજ જણાય છે. મધુરી તો તેને કાળ જેવી લાગે છે"

"અરેરે, ત્યારે તો તેનો વર પણુ—"

"કેવળ કુચ્છદી-જુગારી ને રંડીબાજ-રાંડીરાંડનો છોકરો-બાપ તેના બચપણુથી માના હાથમાં મુકી ગયો. ખુદ મા અપલક્ષણી ને છોકરાને છુટ મળી વળી બાપની બે ચાર લાખની દોલત મળી, પછી મુમ્બઇ જેવા શહેરમાં શોખની શી ખોટ? સંગત ને સોબતની

શી અછત હોય ! આ દુઃખમાં ભલી મધુરી મુગે મ્હોડે પિતાની શરમ ને પોતાની કેળવણીના યંત્રમાં દબાયલી ચિન્તાતુર ભટકે છે. કોઇ ત્હારા જેવી સાથી મળે, તો બિચારી શાન્તિ મેળવે, નહિ તો ઘેલાં માણસ પેઠે, વિયોગી મૃગલી પેઠે, એકલી વિચાર વમળમાં અથડાયા કરે !"

"ત્યારે તમે ને તે બન્નેનો ઠીક સમાગમ થયો. નિવૃત્તી ને વિયોગ એ બન્ને વસ્તુનાં સમાગમે દુઃખિયાંઓનો સમય સારી રીતે પસાર થતો હશે !"

"હા; પ્રાણ ! જ્યારે ત્હારી યાદ સદા અખંડ હૃદયમાં ઝળહળતી હોય, ત્યારે વિગોગ સતાવે, પછી તે વાર્તા–વિનોદમાં શાન્ત થાય !"

"કોઇ વેળા મન લલચાય ખરૂં કે, વારૂ !—"

"પ્રિયા ! જેમને પોતાની પતિ પ્રત્યે ખરો ભાવ હોય છે, જેને પોતાના ઘરનુંજ ખાવાની ટેવ હોય છે, તેની આગળ ગમે તો ભોજનના તરેહવાર થાળ ધરો–કે સોના મોહોરોંની થેલી મુકો, પણ તેનો તે ભોગી થવાનોજ નથી ! આપણા દેશી લોકોમાં આ પ્રકારની એક કલ્પના કરવાની એબ છે. એક સ્ત્રી સાથે એક પુરૂષ સમાગમમાં આવ્યો, એટલે આપણાં લોકો એમજ માની લ્હે છે, કે તેઓ અઘટિત માર્ગનાં અધિકારી થયાં છે ! ! આપણા સંસારની આ ખાસ નુકસાનકારક બદી છે. આ ઉપરથી સમજાય છે, કે આપણામાં હજી કામવિકાર–દૃષ્ટિવિકાર ને ધર્મવિકાર બહુ છે. નિર્મળભાવના અથવા સમાન દૃષ્ટિ નથી. આર્યસંસારની આ એક નબળાઇ છે, દરેકને ભ્રષ્ટ વિચારે તપાસવાં કે જોવાં એ એક શરમ ભરેલો અપરાધ છે."

"ખરા વાત છે. વ્હાલા ! પરતુ પરસ્ત્રી અને પુરૂષનો એકાન્ત સમાગમ થાય, તો મન બળ નબળું પડે, ને બીજાં શંકા કરે, ખરાં !"

"કદાચ ધારો કે સ્ત્રી ને પુરૂષ બન્નેનો સ્નેહ ગાઢો થયો, તો તે પરથી શુ એમ માનીજ લેવુ જોઇએ, કે તેમનાં પવિત્ર હૃદય પલટીને કામ વિકારથી ભ્રષ્ટ થાય? જો તેમજ કોઈ માની લેતું હોય, તો તે માણુસ ખુદ પોતેજ ભ્રષ્ટ છે. સદાકાળ બધા સ્નેહમાં કામનોજ વિકાર હોતો નથી. જે સ્ત્રી સ્નેહ બતાવે છે, તે કરતાં કોઇ વાર બહેન તેથી અધિક સ્નેહ દાખવે છે; ને ઘણીવાર જુવાન વયનાં હોય, ને એકાન્તમાં રહેવાનો પ્રસંગ આવે છે, તેથી શું તેમના વિચારો એવા માર્ગપર ચડી જાય છે? આ માત્ર દેશીઓમાં નીતિની કેળવણીની અછતનુંજ કારણ છે."

"દેશીઓ એવા વિચારનાં તો ખરાં, તોપણ એક દરદનાં બે પંખી મળે, તો મનની શાન્તિ માટે કદાચ–"

'ડીયર, ત્હારા સંગીન વિચારો બદલાઇ ગયા કે શુ? તું પણ પેલી વહેમીલીયો અને નિંદખોર અદેખી રંડાઓના વિચારોને આધીન થઇ કે શુ? મેં તને પ્રથમજ કહ્યુ, કે મનને જે માર્ગે દોરવીયે, ત્યાં દોરાય. કંઇ સઘળા પુરૂષોજ, સ્નેહી સ્ત્રીયોના સમાગમમાં આવાને તે વિષયની આકાક્ષા રાખતા નથી. કુળવાન ને ઉચ્ચ વિચારનાં સ્ત્રી–પુરૂષો એક બીજાના સંબધમાં કંઇ એવા હેતુથી આવતાં નથી. કોઇ નીચ કે પાખડી હોય, ને એવા ભ્રષ્ટ વિચારો કરે છે. જુવાન અબળાઓના જુવાન શિક્ષકો હોય છે, તે છતાં મર્યાદા અને નિયમમાંજ ચાલે છે. વિલાયતમાં તો આ નિયમ સાધારણ છે. એક જરા પણ નિયમ ઉલંઘન થયો, કે સોસાઇટીમાંથી વિમુખ થાય છે. માત્ર આપણા અજ્ઞાની લોકોમાં કંઇ એવું છે; ને તેનું કારણુ ખરી કેળવણીની ખામી છે. મનને દઢ કરવામાં આવે, તો પછી ભલે પરપુરૂષ ને પરસ્ત્રી એક રૂમમાં, બિછાના પર પડયાં રહે, પણ લગારે ચળિત ન થાય; ને જો થાય, તો તે હલકી

સંગત ને આછી કેળવણીનાં અનુયાયી હોવા જોઇએ. મી વિનોદ-રાયની એકની એક પુત્રી મધુરી, ખરો એક રત્ન છે ખરી કેળ-વાયલી છે, ને ખરી કુળવાન છે. તે લગાર અહેની, મ્હોડે ચડેલી, છુટા વિચારની, દેખાવડ, અને બહુજ માયાળુ તથા પ્રેમાળ છે ખરી; પણ વિચારમાં દૃઢ, ધર્મમાં અનુકુળ, મર્યાદામાં મનવંતી, અને સ્નેહમા સાચા નિયમવાળી છે. અને તેને માટે મને બહુજ માન છે, પ્રિયા!"–"ત્યારે મ્હારી ગેરહાજરીમા આપને અતીશય વિગોગે દુ ખ દીધુ નથી!" નિરંજની કઇક સંકોચાયના હૃદયે વાત આ-ગળ વધારતી બોલી. "મધુરી! દર્દીનાં દુ ખમાં વધારો ન થવા દેવા માટે, તેમજ તેના નબળા વિચારો થયા હોય, તો તેને આગળ વધવા ન દેવા માટેજ તેની કને તેને ગમતા પદાર્થો ને માણુસો રાખવામાં આવે છે; કેમકે ખોટા ખોટા એકાન્ત ભાગમાં વિચારો આવે, તે તેની પ્રકૃત્તિને વધારે સુખરૂપ થઇ ન પડે, તેટલા માટે દરેક માણુ-સોએ એવા સમયમા મનની વ્યાધી ટાળવા ને જો કોઇ તેવુજ દરદી-સોબતી મળી જાય, તો તેથી તેને દિલાસો મળે છે; એ ઉપરથી શુ દર્દ નાશ થઇ જાય છે? ના–માત્ર આગળ દુખ કરતુ અટકી પડે છે. ને તેવીજ રીતે માનવધર્મ પોતાનો માર્ગ ખુલ્લો કરી શકે છે"

"કદાચ ધારો, કે પોતાની પ્રિયા કરતા, પેલી સ્ત્રી વધારે વ્હાલી લાગી હોય–રૂપમાં, ગુણમાં, અને પ્રેમમા ચડતી માલમ પડી હોય, ને તે સ્ત્રી પણ સ્નેહીને શોધતી હોય તો?"

"એક પરણેલો પુરૂષ, પછી ગમે તેવી સુંદરમાં સુદર સ્નેહાળ સ્ત્રીના સંસર્ગમા આવ્યા પછી પોતાનો દરજ્જો, માન, ધર્મ, ને મોટાઇ ભુલી જાય–તો પછી તેના જેવો સંસારમા એક પણ ઝેરી સડો ન કહેવાય! સ્નેહ છે, તે કંઇ કામ વિકાર તૃપ્ત કરવા માટે હોતો નથી.

અને દરેક પુરૂષને રૂપાળી કે ગુણીયલ સ્ત્રી મળતી નથી જેમ સ્ત્રીને સારોજ પુરૂષ મળે, કે પુરૂષને સારીજ સ્ત્રી મળે, એવો સાધારણ નિયમ આપણાજ સસારમા નથી; જો કે વિલાયતમાં તો પ્રેમના લગ્ન અને જ્યારે બન્નેનાં દીલ એક થાય છે, ત્યારેજ પરણે છે પછી કાળાં—ગોરાનો કે પ્રેમ—મોહનો સવાલજ કયાં રહ્યો ? એ સૌ આ પણા લોકોના બળાપા ને ઝુરાપા માટે છે ''

"તોપણ એ લોકોની સોસાયટીમા છુપા સડા ઘણા જણાય છે.

"માત્ર ન્યુસપેપરનાં પાનાં પર ચડેલા, એક કોર્ટની દેવડીપર દેખાયલા ગણ્યા—ગાઠયા બનાવો આપણે જાણીયે છીયે રેનોલ્ડ જેવા લેખકોએ નબળા મનનાં માનવોને જે આનંદ દેવા પુસ્તકોદ્વારા આ· પણા જેવા દુર પ્રદેશીને તેમજ અજાણ પ્રજાને ડોલાવા તથા પોતાની કોમને હલકી પાડવાનેજ જાણે આ યત્ન કર્યો હોય, એમ લાગે છે; પણ વિલાયતમાં ઉચ્ચ કુટુમ્બોની રહેણી-કરણી એટલી તો મર્યાદા· શીલ છે કે જે નિયમ, દઢતા વિવેક ને વિચારનો આપણે ખાસ અ· ભ્યાસ કરવો જોઇએ છે અલબત આપણા જેવાને એ ચડતી સોસા- યટીનો એકદમ લાભ મળતો નથી, ને વિલાયતમાં ભૂખમરો ઘણો હોવાથી, તેમજ છુટાપણું અને હલકા લોકોમાં અનીતિ ઘણી હોવાથી આપણાં જેવાંને તેમની કોમ માટે કદાચ હલકા વિચાર આવે; પણ આપણે જે દાખલો લેવાનો છે, તે આપણા ગૃહસ્થાશ્રમના ઉચ્ચ વિચારોને અનુસરતો લેવાનો છે, નહિ કે હલકા પ્રકારના લોકો તરફ માત્ર ગોરી ચામડી જોઇને તપાસવાનુ છે. નીતિની બાબતમા વિલા- યતના ઉચ્ચ કુટુમ્બો ચડે છે તેઓ વિધવા વિવાહ કરતા નથી તેઓ પોતાનાથી ઉતરતા દરજ્જાના લોકો સાથે સસર્ગમા આવતા નથી તેઓ પોતાના મનને દઢ રાખી શકે છે. અને એક વખત પ્યારમા પડયા પછી સુખ કે દ,ખ સારી રીતે નીભાવી લ્હે છે. અલબત બધા

ભાગમાં તેમ બનતું ન હશે, પરંતુ આપણા લોકો જેવાં નબળાં તો નહિજ, કે દરેક કુટમ્બમાં પરપુરૂષ જતો આવતો થયો કે, તેને માટે ખોટી શંકાએ ચાલુ કરવાજ માંડે! અફ્સોસ!"

"ત્યારે હું ધારૂં છું, કે આપને દેશી કરતાં વિલાયતી સંસાર અને ત્યાંની પ્રજા વધારે ભાવતી હોવી જોઇએ."

"ઓ યેસ! મને જો તક મળે, તો હું જરૂર ત્યાંજ વસું! આપણા કુટમ્બોના કુથલા ને લોકોના સ્વભાવ મને તો પસંદ નથી. વાતે વાતે પરનિંદા, શકા, અને ખોટી રીતભાતના જ વિચારો કરે; દેશનો ઉદય તે કયાંથી થાય! વિલાયતમાં કોઇ કોઇની દરકાર કે પરવા નથી; અહીં તો એક ઘરની સામે બીજા ઘરમાં ઘડી બેઘડી આ મહેમાન કે પુરૂષ પરોણો બેઠાં હોય, તો તેની ચેષ્ટા, ને તેની પર ડીટેકટીવ તપાસ ચાલુજ હોય! કેમ જાણે જગતની ચિન્તા દરેક દેશીયોને પડી હોય! આ પ્રકારના ક્ષુલ્લક તથા નબળા વિચારો પ્રજામાં પેસી જાય, પછી ઉચ્ચતા પ્રાપ્ત કયાથી થાય! ને ન થાય તો ઉદયની શી આશા રખાય?"

"તોપણુ જો પ્રેમી જોડાં હોય, તો શંકા સમાધાન સહજ થઇ શકે; પરન્તુ તેમાયે જો—"

"જીગરનો તાર જુદો તો બધો સંસાર જુદો છે,
બધા સંસારથી એ તાર, બેદરકાર જુદો છે.
હજારો બોધ મંદિરોમહિ નિત્યે ભલે થાજો,
અમો મસ્તાનના ઉસ્તાદનો, દરબાર જુદો છે.
શીખે જો પ્રેમ પુરો તો અચળ અભેદ પામે તે,
નથી જ્યા પ્રેમની ધૂની, પ્રીતિ અગાર જુદો છે.
થયાં જે પ્રેમમાં પુરા, બની મનમસ્ત મુક્તિ લ્હે;
ઝુલે જુક્તિના વિમાને, મગજનો તાર જુદો છે."

" ખરી વાત છે, પણ આપણે માટે હવે એ શંકા હોયજ શી રીતે? વ્હાલી! તું મુંબઇ આવ તો ખરી; જો ત્હારી મનગમતી કેવી મળે છે તે? તું ખુશી થઇ જઇશ?"

" મધુરી બ્હેનનું મુખડું તો હસમુખુ હશે, નહિ?"

" ખરેજ, હસતું! જાણે હંસપક્ષી! સફેદ ચંદની જેવા મ્હોંપર ફુલેલા કમળ જેવા ગાલ ને ઉપર લાલી ગુલાલી! કુદરતે સૌંદર્ય તો તેનેજ આપ્યું છે, પણ સુગંધ લ્હેનાર નહિ, ત્યાં કુસુમની કિમત શી?"

" આપ જેવા રાગીને તો પ્રિય છેજ તો!'

" પણ મ્હારા કુસુમની સુગંધ લ્હેતાં છુટો થાઉં, ત્યારે તેના પ્રતિ વખાણ કરવા જાઉં, કની?"

" હું તો ગમાર છું, ગામડીયણ છું; ને તે તો કેળવાયલી, સુધરેલી તથા નામે પણ મધુરી છે. તેનો ફોટો હોત તો જોઇને વધારે વખાણ કરત!"

" તું નજરેનજર જોઇને, સહવાસમાં રહીને, એકઠાં વસીને પછી પરિક્ષા કરી કહેજે!"

" આજે પત્ર કોનો હતો? અક્ષર તો કોઇ સ્ત્રીના જેવા હતા!"

" ના; એ તો વિનોદરાય કાકાનાં પત્નિ બાસાહેબનો પત્ર હતો! કુશળ સમાચાર હતા; પણ હવે એ વાત ત્યાં નિરાતે થઇ રહેશે. ગરમી બહુ થાય છે· જીવ અકળાય છે. મને લગાર અગાશીમાં જવા દે, હું તો ત્યાંજ સાદરીપર પડીશ"

" હું અહી પવન નાખું તો?"

" ના, મને ઉંઘ નહિ આવે. એક તો મગજપર ગરમી ચડી છે, ને બીજી ઋતુની ગરમી છે માટે.'

" પણ મને અહીં એકલાને કેમ ગમશે?"

" ડીયર, આ ઓરડીના દરવાજા પાસે દાદર છે-દાદર પાસેજ

અગાશીમાં હું ત્હારો દરવાન થઈને પડયો છુ. પછી ભય શો છે? ત્હારી કાયા કોમળ છે. અગાશી ખુલ્લી છે છો ને પવન બન્ને શિતળ વસ્તુ ત્હારા અંગને ઝાપડી હહે! મને તો ટેવ છે, માટે તું અહીં રહે, ને મને જવા દે–" એટલુ કહીને સુમન ઉપર ચડી ગયો, અને ત્યા જઈને શાન્ત મને સુતો જરાવારમા નિંદ્રાથી ઘેરાઇ ગયો. અહીં નીરૂ કને શો બનાવ બન્યો. તે જોઇએ!

પ્રકરણ ૧૦ મું.

નિરાશા.

"કઇ લાખો નિરાશામા, અમર આશા છુપાઇ છે;
ખકા ખંજર સનમનામા, રહમ ઊંડી લપાઇ છે. ૧
જુદાઇ જીંદગીભરની, કરી રો રો બધી કહાડી;
રહી ગઇ વસ્તુની આશા, અમર ગરદન કપાઇ છે. ૨
જીગરમા પ્રેમની ધુની, સળગતી ને ભડકતી છે;
બુઝાઇ જાય તો યે ત્યાં, હ્રદયમાહે સમાઇ છે." ૩

* * * * * * *

સુમનની મનોવૃત્તિ અશાન્તિના ઉદ્ગાર કહાડતી હતી; ત્યારે નીરૂ બિચારી એકલી શયનગૃહમાં પલગ પાસે પડેલી ખુરસીપર બેસી, વિચાર-ભુવનમા શોચ કરતી હતી–પોતાના વહાલાના આનંદનો ભગ કરાવવાનુ નિમિત્ત પોતાની પર તો આવ્યુ નહિ હોય? પિતાજીનો ક્રોધ મ્હારે માટે તો નહિ હોય? વ્હાલા નાથ તેથી તો આજનું શયન તજી નહિ ગયા હોય? આહા! ગઈ કાલ રાત્રે આ વખતે તો પ્રેમના અકુરોને સંપુર્ણ ઝીલતી, આ ગધે, રગમા રમતી હતી, ને આજે આ સ્થિતીમા!'

નીરૂએ નિસાસો નાંખ્યો. કામથી વિહ્વળ બની વિયોગમાં વિરહ અને અપવાસમાં ભૂખ વધારે લાગે, તેમ નીરૂનું મગજ ચમકયુ વ્હાલાને ભેટવા ઉત્સાહ વધ્યો નાથ શાન્ત નિદ્રામાં હોય, કદાચ પિતાના ક્રોધનું બલિદાન થઇ નિરાશામાંજ દુઃખ લય પામ્યુ હોય તો, તેમ જગાડું ! વખત હઠતો ન હતો. એકલીને હવે ઉંઘ આવતી નહતી.

નાથ કહેતા હતા કે ત્હારે માટે " નીલમ–માણેક " ના આઠ ભાગ વાચવા લઇ આવ્યો છુ, તે લાવની ટ્રંકમાંથી કહાડીને વાંચું ? એ દિવસથી તો મ્હોડાની વાત ને મનનો વિનોદ ખુટયો નહિ, તો પછી વાંચવાનો વખત કયાથી મળે ? એ તો નવરાશનું સાથીડું છે

આ કલ્પના કરીને ટ્રક ઉઘાડી અને પુસ્તકો તરફ નજર કરતા જતાં, એક સુંદર સ્ત્રીનો ફોટો હાથમાં આવ્યો. ફોટા ઉપરજ લખેલુ હતું કે, " સ્નેહીની યાદમા ! ' અફસોસ.

નીરૂના મગજપર જે પ્રેમ–કામનો ધુમો ઝળહળી રહેલો હતો, તે બીજાજ રૂપમા બદલાઇ ગયો કામ બદલે ક્રોધને શરણુ થયો.

લાલચુ નીરૂને વધારે શોધખોળ કરવાની ઇચ્છા થઇ. પુસ્તકો લેવા જતા એક કાગળ નીકળ્યો. જે કાગળ માટે સ્વામી સાથે વાત થઇ હતી, ને એ પત્ર સોલીસીટરના પત્નિનો કહેવાયો હતો તેજ પત્ર હાથ ચડયો. નીરૂએ તે ઉખેડયો. આહા ! તેમા શુ ભેદ ભરમ હતો ?

સુજ્ઞ સુમન,

તુ ગયા પછી મ્હારી દશા બહુ બુરી થઇ છે. કયાં જઇ કહુ ? મ્હારા હૃદયનો ને મગજનો ભાર કયા જઇ ઉતારૂ ? તુ ત્યાં વધારે રોકાઇશ નહિ–મને અહીં એકલુ જરાએ ગમતું નથી. જ્યારે મ્હારા દુઃખની કહાણી ત્હારી કને કહીશ, ત્યારે મને શાન્તિ થશે. મ્હારૂં

વ્હાલામાં વ્હાલું સ્નેહી હવે તુંજ છે; મ્હારા જીવનસાગરમાં થતા ભરતી ઓટ વેળા સહાયક નાવીક તુંજ છે.

લી. મધુરી.

" શું મ્હારો સુમન બીજાના જીવન—સાગરનો નાવીક બન્યો છે ? ત્યારે શુ મ્હારા પરનો પ્રેમ અને મીઠાં વચનનો વિશ્રામો કૃત્રિમ છે ? ઓ ભલા સ્વામીનાથ ! ના, ના, તું તેવો તો લાગતો નથી. ત્હારા હૃદયમાંથી નીકળતા ઉદ્દગાર તેવા નથી ! પણ હા ! મ્હારા હૃદયમાં તાપ તપતો હતો, ને શંકામાં હું ઉડતી હતી. એ છુપો ભેદ બહાર નીકળી આવ્યો ! ઓ દયાળુ ભાવીના ભરથાર ! જો જો, આ તરૂણ દાસી પ્રતિ જો—આ ત્હારી પ્રિયા છે ! આ ત્હારૂં સાથી પંખીડું છે ! આ ત્હારા વશની તારક છે, આ ત્હારા આરામની ગાદી છે. પેલી એ મધુરી નહિ ! કોણ મધુરી ? પેલા વિનોદરાય સોલીસીટરની છોકરી ! હા—રખે તે પ્યારમાં પડી હોય ! મ્હારા ગુલાબના રંગની લાલી લેવા-સુગંધ કળી ચુંટવાને મ્હારી વ્હેરીણી બની હોય ! વારૂ, હવે હું ચેતી છુ. મુંબઇ નાથ સાથે જઇને હાલ છુપી ચેષ્ટા જોઉં. ને પછી જુક્તિથી છુટો પાડું ?"

નીરૂ વારવાર મધુરીની છબી સામુ જોઇ જોઇને રડવા લાગી. પેલા પાસે પડેલા પર નજર કરીને ભય પામવા લાગી ! ઓ મ્હારા શત્રુનાં શસ્ત્ર ? ઓ પાપી પત્ર ! જા, ઉડી જા, આ ધર્મમંદિરમાંથી ન્હાસી જા, ફાટી જા ! મ્હારા સૌભાગ્ય-સુખમાં વિઘ્ન નાખનાર રાહુ તું દુર ખસી જા-અહીંથી ટળી જા ? શું હજી સ્વામીના સ્નેહનાં દર્શન કરતાંજ આ મહાકોપનો દવ સળગી ઉઠયો ! શું મુંબઇની એકાન્ત જીંદગી ને વિરહ ઘેલી સ્ત્રીયોનો સંગ, આ પરિણામ લાવ્યો ? હાલ આ વાત છુપી રાખવી. ધીરેધીરે અજાણી બનીને બધાં લક્ષણો જોવાં. કદાચ મધુરીનો પ્રેમ મ્હારા સુમન પર હશે, તો તે મને

બે પ્રકારના સ્નેહથી જોશે. એક તો લાલચ આપીને વશ કરશે, ને બીજી તરફથી વૈરભાવે, મ્હારા સ્નેહનું શસ્ત્ર લઈ મ્હારી જીવનદોરી કાપશે? પણ ચિન્તા નહિ; જોવાનું છે કે શું થાય છે! સારૂં થયું કે આજે નાટકમાં જવાનું બધ રહ્યું. સસરાજીને સારી બુદ્ધિ સુઝી કે, તેમણે રોકી રાખ્યા, ને તેઓ પણ અગાશીવાસી થવાથી આ નવી તક હાથ ચડી! ઓ પ્રભુ! તું મ્હારી લાજ રાખજે! અનાથ અબળાના સુખદાતા! તું મ્હારૂ સુખ સંભાળજે!

નીરૂ દુખાતા દીલે ને દુભાતા હૃદયે ફોટો તથા કાગળ ટ્રંકમાં મુકવા લાગી. પણ તે મુકીને પેટી બધ કરતાં કલ્પના થઇ, કે તે બન્ને પોતાની પાસે રાખવાં! તેમ કરતાં વળી નાથનો પ્રકોપ ઉતરે, એ ભય લાગ્યો. કોઇ પણ રીતે આ ભેદ છુપો નહિ રહે, એ નકી હોવાથી પેટીમાં મુકયું; અને વિચાર કરતી બેઠી—"કદાચ નાથ ઉદ્ધત થાય, ને સસરાજીને કાને વાત નાંખતાં, એ ન્યાયાધીશ સાહેબ પુરાવો માગશે તો? માટે બન્ને ચીજો લઇ લ્હેવી. કદાચ નાથને જ તક મળતાં ખુલાસો કરવા દેવો, પણ પુરાવો પાસે રાખવો!" ભોળી ભલી પણ નાદાન નીરૂએ પત્ર તથા ફોટો લઇ લીધો. ગમે તેવી ડાહી ને પ્રેમાળ સ્ત્રીજાત સાહસીક ઉતાવળી ને નાજુક મનની તો ખરી નીરૂએ ફોટો તથા પત્ર પોતાની ટ્રન્કમા મુકયો. સુમનની ટ્રન્ક જેમની તેમ બંધ કરી. અંતે નિરાશાના નિસાસા નાંખતી આખરે નિદ્રાવશ થઇ. અહા! સ્વપ્નામાં પણ તેને એજ રટણ ને રમણ થવા લાગ્યુ.

નીરૂ બિચારી કયાં જાણે છે, કે સુમન પર પત્ર લખનાર મધુરીનો પ્યાર એક ખરા ભાઇ કરતાં બીજા રૂપમાં પ્રકાશતો નથી. સુમનનું હ્રદય તો તેને બ્હેન જેવી જાણે છે, પણ નીરૂના વાંચવામાં જે પત્ર આવ્યો છે, તેની ભાષા દ્વીઅર્થી છે ખરી; વળી

આયે પુરૂષપર લખેલો પત્ર હોવાથી તેમા સમજ ફેર થઇ જાય; ને તેમાંયે પત્નિ અને સ્વામી વચ્ચેના પવિત્ર સ્નેહમા, નબળા મનની સ્રીને તો આ પ્રકારના પત્રો બહુજ ચકરમ બનાવી દે; વારૂ, એ પણ ભેદ એક પ્રસંગે ખુલ્લો ને ખરો થશે

પ્રકરણ ૧૧ મું.

પિતાનો પુત્રને ઉપદેશ.

"ચેસ્ટરફીલ્ડનો પુત્ર પ્રતિ ઉપદેશ" એ ગ્રંથ આપણી આધુનિક પ્રજાની અભ્યાસ પોથી તરીકે પણ આ દેશમા પ્રવર્ત્યો છે. પોતાનાં વહાલાં ફરજંદોને સુખી જોવાને, કેળવણીથી ભૂષિત અને ઉચ્ચ વિચાર, ઉચ્ચ સહવાસ, તથા ઉચ્ચ કીર્તિ પામેલાં જોવાને દરેક માબાપો આતુર છે પોતાની આખી જીંદગી, પોતાનાં ફરજંદ પાછળ તેની દેખરેખ પાછળજ કહાડે છે, એટલુ છતાંયે અનેક માબાપો, વૃદ્ધોવયમાં, પોતાના પુત્રોની બેવફાઇ અને નિમકહરામીપર શ્રાપ દેતા જોવામાં આવે છે. પોતાના ઋણનું વ્યાજ પણ વળેલુ જોવાને પણ તેઓ રાજી છે, પણ પોતાને પાખ આવી, ને માર્ગ મળ્યો, કે માબાપ કોના, સેવા કેવી, અને ધર્મ શો!–પેલા નીલમમાણેકના નાટકના સીનમા વેણીલાલ શરાફનો પુત્ર કાન્તિલાલ, મૂર્ખત્વમાં વદે છે કે—

"હું ક્યાં તમારે પગે પડવા આવ્યો હતો, કે મને પુત્ર કરો! તમારે મ્હારા જેવા દીકરાની ગરજ હતી, ત્યારે તમે દેવ-દેવલા શોધતા ગયા હતા—ને જ્યારે તેમને રિઝાવ્યા, ત્યારે મ્હારા જેવુ રત્ન પ્રાપ્ત થયુ છે!"

ખરી વાત છે, કે આ સર્વ વચનો સાંભળવાને અધીરાં મા-બાપો લાયકજ છે. પ્રથમથી દીકરાને લાડમાં લડાવી, મ્હોયે ચડાવી, બોલીદરાજ બનાવી, ઉદ્ધત્ત કરાવી, અને પાછળથી પોતે વડીલાઈ માગવા જાય, એ કેળવણીની ખરી ખુબીથી અજાણ પુત્રો માબાપની મર્યાદા શી રીતે રાખે ?

માબાપે, પુત્રના વાત્સલ્ય તરફ જોઇને, માત્ર પુત્રની કોમળતા તરફજ નજર કરવાની નથી, પણ તેને કસોટી પર ચડાવવો, મહેનતમાં મુકવો, અને અનેક સારા નઠારા પ્રસંગોમાં લાવીને દરેક સ્વભાવના શખ્સોના અનુભવમાં જવા દેવો. રાજા કે ધનવંતના મંદિરમાં ભલે તે લાડથી ઉછરેલો હોય, પણ જ્યાં સુધી તેને વિપત્તીનો ઘા વાગશે નહિ, ત્યાં સુધી તે પોતાની જાતને કદી પિછાણશે નહિ; માટે દીકરાને તો જરૂર એ માર્ગે મુકવો.

આપણાં માનવંત વિકટોરિયા રાણીના કુટુંબ તરફ નજર કરતાં સ્પષ્ટ જણાય છે, કે પોતાના રાજવંશી બાળકોને સ્ટીમરોમાં દોરડાં ખેંચાવતાં, પોતાની મોટાઇ, કે રાજપુત્રની કોમળતા આડી આવી નથી; સામાન્ય ખલાસીના હાથ તળે તેમણે એ જ્ઞાન સંપાદન કર્યું છે.

દરેક ધનવંત માબાપની કે રાજ કર્ત્તાની ફરજ છે કે તેઓએ પોતાના પુત્રને માણુસાઇ ખવાસના બનાવવાં. આ ઉભય પક્ષને માથે સૃષ્ટિનાં રંક અને અનાથને ઇન્સાફ તથા મદદ આપવાનો બોજો ઇશ્વરે મુકેલો છે, એ ફરજ અદા કરવા માટે, સામા માણુસની મુશ્કેલી પારખતાં પોતાની પ્રજાને શીખવવુ જોઇએ. અને એ પરિક્ષા તે કયારે કરી શકે, કે રંક દશાનો, વખત બે વખતની મુશ્કેલીનો તેને પુરેપુરો અનુભવ થાય તોજ ! જે માબાપો પોતાના બાળકોને કેવળ માયા ને દયામાં ઉછેરેછે, તેની પ્રજા, ખરેજ માબાપની મેળવેલી કીર્તિ-ધન ને શાન્તિનો નાશ કરનારાં નીવડે છે; તે પિતાને પૈસે અધર્મ ને અન્યાય

કરતાં શીખે છે, અને તેનામાં અનહદ દુર્ગુણો ઉભા થવાથી પોતાના વંશને દોષિત કરીને આખરે પોતે દુષ્ટ હાલતે દેહ ત્યાગ કરે છે. આ સર્વ માબાપોની બેદરકારી ને અજ્ઞાનતાનું કારણ છે. બાળકોને ઉચ્ચ પ્રકારે કેળવવાં જોઇએ; ધર્મજ્ઞ, આજ્ઞાંકિત, વિદ્વાન, ને ગુણજ્ઞ બનાવવાં જોઇએ; ને પ્રતિ બેદરકાર રહેવાથી બાળકો કેવળ ઉછૃંખલ, નબળા વિચારનાં, સ્વાત્માભિમાની, ઉદ્ધત અને અન્યાયી બને છે, ને એવી પ્રજાથી દેશનો ઉદય થવા બદલે અંધકાર વધારે થાય છે. આ કારણુસર જ ડાહ્યાં માણસો પોતાના બાળકોને બાળકવયની લાવણ્યતા લીધા પછી તુરત ગુરૂકુળમાં મોકલી દે છે; અને યોગ્ય વયનો કેળવાઇને લાયક થાય, ત્યારેજ સસાર–માર્ગના પગથીયા પર ચડાવે છે. આ પ્રજાની રીતિ-નીતિ એટલી ઉચ્ચ છે, કે તેના વડે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ, ચારે પદાર્થ સિદ્ધથાય છે–ચારે આશ્રમે સતોષ મળે છે; ને દેશ–કુળનો ઉદ્ધાર થાય છે.

ભગીરથ રાજાનાં શુભ લક્ષણોનો પાઠ કરો. શ્રવણની પિતૃ-ભકિતનું શ્રવણ કરો, અયોધ્યાનાથ રઘુનાથજીની કથા શ્રવણ કરો. પિતાના વચનને ખાતર રાજ્યાભિષેક તજીને બાર વર્ષ વનવાસ વેઠયો. જેની છાયામાં જન્મ લીધો, જેમણે ભલી આશા માટે, મહાકષ્ટ સહીને ઉછેર્યો, તેના સંકટમાં ભાગ ન લહે, તે પુત્ર કેવો ? તેના કરતાં પથ્થર પણ સારો–ખરે, એ ખબર તો પોતે જયારે પિતા થાય ને પોતાના પુત્રો પોતાની સ્થિતિ પ્રમાણે બેવફા નીવડે, ત્યારેજ તેને અનુભવ થાય ! પ્રભુજી કોઇને એવા પુત્રનું મોં ન દેખાડે ! જો પ્રભુ આપે, તો સત્યવાન જેવા પુત્ર આપજો, ને સાવિત્રી જેવી પુત્રી આપજો, કે ઉભય કુળનો ઉદ્ધાર થાય,

આપણી વાર્તાના નાયક સુમનના પિતા નિર્ગુણરાયે, રાત્રીના પ્રસંગ પછી પોતાના પુત્રને આ રીતે એક ઉપદેશનો પત્ર લખેલો હતો

પ્રિય પુત્ર સુમન,

પિતાનો ધર્મ છે, કે પુત્રને તેમને જીવનસાફલ્યયોગ્ય કેળવણી આપવી; તેમાં જેટલી ખામી રહે, તેટલો દોષ અને નુકશાન પિતાએ તો પ્રથમ ન્યાયદર્શક રીતે શાસનરૂપે વેઠવુંજ જોઇએ! તોપણ કોઇ વેળા માબાપે પોતાની ફરજ અદા કર્યાં છતાં, અણધાર્યા યોગે ને સંજોગે, પુત્રો કુસગતને બારણે જઇ ચડે, અને પિતાને અંધારામાં રાખીને, ઉજ્વળ પડદો આગળ ધરી, અધારા પડદાને નજરેજ ન પડવા દે, તો પછી તેના પિતાનો શો વાંક ગણાય?

માબાપો હમેશાં સતતિના ઇચ્છક હોય છે. બાળકોને રમાડવાં, એ ગૃહસ્થાશ્રમીનો આનંદ-વૈભવ છે સીમતની ક્રિયામાં દેશી સ્રીયો ઉલ્હામણુનાં ગીત ગાય છે. સગર્ભા સ્રી પુજાય છે, અને સતતિવાળી સ્રી, સ્વામીને તથા સાસરવાસમાં માનીતી ગણા છે. કુરૂપ છતાં ને દુર્ગુણ સ્વભાવની છતા જણનારી જનેતા માન્યભૃત ગણાય છે. આ સર્વ સતતિની ઇચ્છાના કારણ છે.

નવ માસ ભાર સહીને આહાર-વિહારમાં નિયમિતપણું જાળવીને, આખરે કષ્ટ વેઠીને, પ્રસુતકાળમાં પ્રભુ કૃપા હોય તો સતતિ સહિત જીવન સુખ ભોગવે, નહિ તો માતા અને સતાન બન્ને જાય આ ઉપાધી તથા અવદશા ભોગવીને, એટલુંજ નહિ પણ તે બાળકને ઉછેરવામાં અનેક કષ્ટો સહન કરીને કેળવવામાં ને વિવાહ કરવાનો લ્હાવો લેવામાં કરજાળુ બનીને પુત્રને સસાર યોગ્ય કરે; અને જ્યારે તે સ્રીસુખ પામી, કેળવાઇ, બેપૈસા કમાતો થઇને વૈભવ સુખ મળતા માબાપને વિસરી જાય, તો તેનાપર પ્રભુનો કેવો કોપ ગુજરે! આ દષ્ટાન્ત માત્ર પિતાના પુત્રેજ જાણવાનુ હોતુ નથી; પણ દરેક પુત્રે, ભાવીના પિતા થવાને લાયક માનીને મનન કરવા યોગ્ય છે.

પુત્ર પ્રાપ્તિનાં બહુ સુખો છે. તેમા બે મુખ્ય છે. એક તો વંશજોને તૃપણ કરવાની ધર્મ-રીતિ સદા અખંડ રહે તે, અને બીજું

દેશકાળમાં સારી પ્રજા અવતરતી રહે, એ કારણ મુખ્ય છે; ને તે કારણોનો સ્થંભ, સ્વધર્માચારી પ્રજાનેજ આભારી છે.

પિતાના ફળદ્રૂપ ને આશાવંતા છોડને દરેક રીતે ઉછેરવું, ને તેને સુખરૂપ પાણી સીંચવું, એ ધર્મરૂપે બોજો મુકાયલો છે- ઈશ્વરે, તે માથા માબાપને સોપી છે. પોતે માત્ર સ્વેચ્છાચારી રહેલો છે. પુત્રને કષ્ટ પડે, તો માબાપે રહેવવું તેને ઔષદ્ધોપચાર કરવા; તે કુભાંડી કે કુસંગી નીકળે, તો તેમાંથી તેમને મુક્ત કરવા—અને છેવટે તે મરી જાય—ગુજરી જાય, તો માબાપે સર્વ સંસાર—સુખનો ત્યાગ કરવો; પછી ભલે તે પુત્ર, શત્રુનું કર્મ બજાવી, ઋણ લઈને પલાયન થઈ, પ્રભુના દરબારમાં ઇન્સાફ મેળવવા ગયો હોય; અથવા તો પિતાજ માતાનો અનાદર કરી પરિત્યાગ કરી, સ્ત્રીના મોહમાં લપટાઈ, પિતાએ કરેલો ઉપકાર ભૂલી જઇ તેમને સુખની હાલતમાં મુકીને ચાલ્યો ગયો હોય, તોપણ માબાપ તે માબાપજ ! તેમને હેરાન કરે, કે અપમાન કરી, મારીને કહાડી મુકે, તોપણ બાળકોની દુઃખ વેળા, તેઓ આગલો પાછલો કશો વિચાર રાખ્યા વિનાજ, પુત્રની સહાયતામાં સામેલ થઇ જાય છે; માબાપની આ હદપર વાત્સલ્યતા, પુત્રો સ્વીકારતા નહિ હોય, પણ તેનેફ્લે પડેલા અભાગી પુત્રો સાંપડે, પછી તેની શુદ્ધ ઉઘડે છે; પોતે કરેલાં કર્મનો પશ્ચાતાપ કરે છે !

માબાપની ફરજ છે કે પુત્રને યોગ્ય ઉમરનો થતાં સુધી વ્યવહારમાં લાવવો—ભણાવવો અને લાયક બનાવવો. તેમના પર અધીક પ્યાર રાખવો—પણ અંકુશથી એળગો થવા દેવો નહિ. આંધળા પ્યારને શરણ થવાથી દીકરાઓ ઉદ્ધત બની જાય છે. ને તેઓ જેમ પેતાનું તેમ પિતાના સુખનું સત્યાનાશ વાળે છે; એ સર્વ દોષ માત્ર માબાપનોજ છે. જો માબાપ પ્રથમથીજ પુત્રને ઘટતી મર્યા-

હ્રામાં રાખે. તો ઉભયનું કલ્યાણ કરી શકે છે, ને એજ કેળવણી સાચી છે.

કેટલાંક માબાપો–વહુ–દીકરાને પોતાનાં ગુલામ જેવા ગણી. નેજ, તેમની કનેથી સેવા માગે છે, એ તેમની ભૂલ છે. સ્વતંત્ર સુખનાં સર્વે અધિકારી છે. મા ને બાપ બન્ને, પુત્ર તથા પુત્રવધુની સેવા મેળવવાના હકદાર છે ખરાં; પણ એક આંખે માબાપ ને બીજી આંખે પત્નિને જોવાની છે; અને એ સુત્ર દરેક માબાપે ને પુત્રે યાદ રાખવાનું છે. દીકરાના સુખ પર તલપ મારીને પુત્રનું આખું જીવન સુખ લૂંટી લેવાનો, અથવા તેમના પ્રેમ–સુખનાં સ. ઘળાં સાધનો પોતાને કબજે કરી રહેવાનો બાપનો અધિકાર નથી. એ વાક્યો પણ સમજુ પિતાએ ભૂલી જવાનું નથી. પિતા–પુત્ર વચ્ચેના ધર્મ, ધારા ને અંકુશ તથા મર્યાદાનીયે અવધી છે. ને તે કરતાં અધિક વર્ત્તાય તો અસુખ ઉત્પન્ન થાય છે.

પિતાને જેમ પોતાના ધર્મની વાત સ્મરણમાં રહેવી જોઇએ, તેમ પુત્રોએ તે કરતાં વિશેષ રાખવી જોઇએ, ધર્મ સ્વરૂપ પારખતાં ન આવડે, તો એકજ નીતિ વચન યાદ રાખવું જોઇએ, કે:–

પ્રભુ કે પિતા, અથવા પ્રજા મંડળ માંહેના વા દેવ કે ઋષિ સંતમંડળ માંહેના, અગર પશુ–પંખી પ્રાણી ઇત્યાદિએ કરેલા ઉપ. કાર ભૂલવા નહિ! તેને બદલો આપવા જેટલી શક્તિ આખા જીવ. નમાં ન આવે, તો તે ઋણ માટે ઇશ્વર કને, ને આપણા અંતઃક. રણમાં રહેલા અમર આત્મા પ્રતિ ક્ષમા માગવી. ઋણ તો આ જન્મે કે પુનર્જન્મે પણ આપ્યા વિના છુટકો નથી; પછી પુત્ર કે પુત્રી રૂપે સેવક કે શત્રુરૂપે ગમે તે પ્રકારે આપો–લ્હો, પણ તે સંસ્કાર મેળવવાનો છેજ; ને તે રીતે પુત્રે, પિતા–માતાના ઋણ માટે સમજવાનુંછે; પણ તે ઋણ માટે દેવાળીયા થયે ચાલવાનું નથી. આ વાત સિદ્ધ છે.

આજના જુવાનીયા, જેને કેળવણી પામેલા અને સુધરેલા તરીકે કહેવરાવવાનો આંધળો ઉત્સાહ ધરાવે છે; તે કેવળ પોપટીયા પંડિત છે! ભાગ્યેજ સેકડે સવા ટકાને વ્યવહારની રીતિ આવડતી હોય, તો કોણ જાણે! આસુરી પ્રજાની વિદ્યાનાં વ્યવહારિક તત્વમાં તેવું વિષ હોય, કે ગમે તો આધુનિક કાળનો પ્રતાપ હોય, પણ આર્ય પ્રજામાં એક જાતનું ઉદ્ધતાઇભરેલું વિષ પ્રવેશ થવા પામ્યું છે તેમાં તો શક નથી; નહિ તો પોતાને અને પોતાનાં માબાપોને ધર્મને ને દેશને વિસરી જવાનો પ્રસંગ ન આવે! અંગ્રેજી ભણ્યા એટલે સ્વર્ગ પામ્યા; આજનાં જુવાન બાળકોની ધુન, ભારતનું સત્યાનાશ વાળનારી છે. તેમનામાં ધર્મ-નીતિનો છાંટો નથી, ને તેથી પાશ્ચિમાત્ય પ્રજા, ભારતની ઉછરતી પ્રજાને નીતિની કેળવણી આપવા માટે, ઇન્ડીયા એજ્યુકેશનલ ડીપાર્ટમેન્ટને ભલામણ કરે છે, એ પણ અફસોસની વાત છે.

આર્ય પ્રદેશનું જીવન કેવળ ધર્મસંસ્થાને આધારે છે અમેરિકન વિદ્વાનોએ આર્ય ધર્મના સિદ્ધાન્તો પર ચાલવાનો આગ્રહ કરવા માંડયો છે. પ્રાચીન આર્ય સતજનોએ, જે શ્રદ્ધાથી ધર્મની પ્રસ્થાપના પરનાળિકા કરી છે, તે આદિ-અનાદિ ને ભાવી પ્રજા માટે સુખરૂપ ને શાન્તિરૂપ છે. તેમની વર્ણાશ્રમ બાંધવાની શક્તિ, અવસ્થાના— આશ્રમ સ્થાપવાની જુક્તિ, અને ધર્મ મર્યાદા તથા સંસાર-વ્યવહાર ચલાવાની રીતિ-નીતિ એવી તો ઉત્તમ પ્રવાહથી ચલાવેલી છે, કે જો તે જ્ઞાનસંપાદન કરીને કોઇ પણ આર્યપુત્ર ચાલવા ઇચ્છે, તો તેને તેની પ્રજા કદી પણ અસુખી કે અસંતોષી થવા ન પામે; પણ આજની કેટલીક વર્ણશંકર ને નપુશક પ્રજાને તો પાશ્ચિમાત્ય પ્રકાશનો છાંટો લાગ્યો, કે ભ્રષ્ટ થઇને સર્વસ્વ ભૂલી જાય છે; ધર્મભ્રષ્ટ થઇ પરધર્મનો માર્ગ પ્રશંસનીય ગણીને પેસવા જતાં અતો ભ્રષ્ટ

તતો ભ્રષ્ટ થઇ, કાકૂવૃન્દમાંથી વટલીને શુકમંડપમાં આવતા અધોગતિ પામે છે; આજ તે કેળવણીનું આ પ્રત્યક્ષ ને અનુભવવા યોગ્ય પ્રમાણુ તથા પરિણામ છે.

સુધારો કંઇ જુના સ્થાપિત રિવાજને છેદન કરીને, માત્ર કાયાને મળતાં નામનાં સુખ મેળવવા માટે નથી. માનસિક શકિતને નાજુક બનાવીને, મર્યાદાથી વેઠવી પડતી કેટલીક અગવડો, કે જે સ્થાયી સુખદાયી છે, તેનું ભાન ભૂલી જઇ, સગવડ શોધવા માટે પોતાને ભૂલી જવાનું નથી. તેનું નામ સુધારો નથી. પાશ્ચિમાત્ય સુધારો સ્વતંત્રતાને શિખરે ચડી જવાથી હાલ એજ સુધારકો હવે પોકાર કરવા મંડયા છે, સોસાયટીઓને ધીક્કારવા લાગ્યા છે. સુધારાને સુધારવાનો પ્રયત્ન કરવા લાગ્યા છે. મર્યાદા તૂટતી જાય છે. બાપ–દીકરા ભૂલા પડવા લાગ્યા છે, કુસંપ અને અમર્યાદાના બીજ રોપાવા લાગ્યાં છે; તે કાળે, આર્ય પ્રજાએ ચેતવાનું છે

પ્રિય પુત્ર ! આ તો માત્ર આજના કાળનું તને કેટલુક ભાન ને અનુભવ બતાવા મે ચિતર્યું છે. મને પણ અગ્રેજી વિદ્યાનો અનુભવ થયો છે. મને પણ સહજ એ ચેપ લાગ્યો હતો, પણ મહાન વિદ્વાન્ તત્વવેત્તાઓના ગ્રંથનો સત્સગ થયા પછી, અને પાશ્ચિમાત્ય સિદ્ધાન્તો સાથે આર્ય ધર્મનાં મુખ્ય સિદ્ધાન્તો મેળવ્યા પછી મને ભાન થયુ છે, કે આજની ઉછળતી પ્રજામા આર્ય ધર્મનાં બીજ નહિ રોપાય, ને રાજકીય ભાષા સાથે તેમના સસારનો કેવળ ઊંડો નહિ પણ ઉડતો ચેપ લાગશે, તો નિશ્ચય આર્ય પ્રજા હાનિ પામશે; એ માટેજ બ્રિટીશ માનવંતા અમલમાં આર્ય પ્રજાને નીતિ શીખવવાનું શુભ પગલુ ભરવામાં આવે છે.

હમેશાં દરેક વસ્તુની સરખામણી કરવાની જરૂર છે. તેમા કલ્પનાથી તથા પ્રયોગથી સિદ્ધ કરવુ. વધારે સ્હેલું, સારૂં, ને સુ·

ખદાયક શું છે? અલબત કાળના ફેરફારને લીધે, કેટલાક જુનાં બન્ધનો, જે માત્ર સ્વાર્થપરાયણ હોઇને, શંકાસ્પદ થતાં જણાય, તેનો નાશ કરવાની જરૂર છે. સ્વાર્થલોભી પુરૂષોએ, પોતાના ઉદર અર્થે, અનેક પ્રકારની લાલચોને, ધર્મના રૂપમાં મુકી દીધી છે, એ લાલચો તોડી પાડવાની જરૂર છે; પણ તેમાં ઉંડાં તત્વ સમાયાં હોય, વ્યવહાર માર્ગે જોતાં, આડકતરી રીતે પુન્યના માર્ગ હાંસલ થતા હોય, તો તે તજવા અથવા તોડવા નહિ; આ વાત લક્ષમાં રહેવી જોઇએ.

મેં તને મહાવિદ્યાલયની ચંદ્રક કેળવણી આપી છે. તું ન્યાય શાસ્ત્રી છું માત્ર પોથીનાં થોથાં ઉથલાવ્યાં છે. પિતા ને માતાની સાહ્યબીમાં મિત્રો જોડે, પારકે પૈસે પરમાનંદ કર્યો છે. કોલેજની સ્વતંત્ર જીંદગી ભોગવી છે વ્યવહારનાં સાંકડા ને કઠણ માર્ગ જોવાની ઇચ્છા કરી નથી. ધર્મને નામેજ, પોપટજી પંડીત પેડે, ફરજને ખાતર, યુનિવર્સીટીની ડીગ્રી મેળવવાજ મ્હોડે યાદ રાખ્યું છે. મનન કર્યું નથી; તેથી ધર્મ શબ્દનો ખરો અર્થ સમજાયો નથીજ, ને તેથી ધર્મનો ચીલો ચુકીને તું હવે કોઇ નવા જગતમાં ફરતો જણાય છે!!

શંકા વિના સબુરી પ્રાપ્ત થતી નથી; વિપત્તિ વગર વિશ્વની કસોટી થતી નથી. બીજા રંક જનો તથા ગરજવંતાની ખરેખરી ભીડ જાણવાનું સાધન વિપત્તિ છે. વિપત્તિ, એટલે મહા આફત વેઠવી, એમ નહિ; પણ અગવડ પડે, તેને કયા પ્રકારે, કઇ યુક્તિથી ટાળવી; અથવા સંકોચ કાળે કેવી રીતે સમય સંભાળવો, તેનું નામ કસોટી છે; એ અનુભવ એટલુ શીખવાડે છે, કે પોતે ઉદ્ધત થતો નથી, બીજાને થવા દેતો નથી, પોતાનું હૃદય દયાળુ બને છે, ને બીજાઓને તે માયાળુપણે જોઇ શકે છે, આજના ધનવંતના દીક-

રાઓ કેટલાક રંડીબાજ, સટ્ટાબાજ, જુગારી અને નાયકા કે નાટકોના છંદમાં ધન ઉડાવે છે, તેનું કારણ એજ કે માબાપોએ પોતાના પુત્રને કસોટી પર ચડાવ્યો નથી. આપણા માનવંત શહેનશાહ નામદાર જ્યૉર્જ પાંચમા, જ્યારે પોતાના મરહુમ વડીલ ભાઇ સાથે, સ્ટીમરમાં દોરડાં ખેંચવાનું કામ કરતા હતા, તે વેળા શું તેમનાં માબાપોને દયા ન્હોતી, એમ ન્હોતું; તેમ તે પોતાની રાજસત્તા તથા વૈભવ વિસારીને પુત્રનાં શત્રુરૂપ બન્યાં નહતાં; પણ તેઓ જાણતાં હતાં, કે અમારાં બાળકોને સૃષ્ટિના મોટા ભાગની પ્રજાનું હિત જાળવવું છે, અને સર્વના સુખ–દુઃખનો વિચાર કરવાનો છે, માટે તેને કષ્ટની કસોટી પર ચડાવવાની જરૂર છે, ને તેથીજ લડાઇ જેવા ભયંકર કામમાં તેમને રોકયા હતા. પ્રાચીન કાળના ભારત વીર નરો, રામ–લક્ષ્મણ અને કૃષ્ણ–બળદેવ પ્રભુ જેવા પણ ગુરૂકુળમાં જઇ, શસ્ત્રવિદ્યા–ધનુર્વિદ્યા શીખ્યા હતા; વનવાસ ભોગવ્યો હતો. શત્રુ સાથે લડયા હતા, દુઃખ પણ વેઠયાં હતા. ભૂખ પણ વેઠી હતી. આ દાખલા લેવાનું કારણ માત્ર એટલુજ, કે પોતાનું જીવન ઉદ્ધત બની ન જાય, બીજાની સ્વતંત્રતા પર તરાપ ન પડે, અને બીજાનું સુખ લુટી લેવાની ઇચ્છા ન થાય. વળી એક બીજો દાખલો લક્ષમાં રાખવો.

Work and work until you become successful just as a common soldier who goes to fight a battle. You are to fight a battle of your life and acquire success in life. Also do not forget that you are the son of a gentleman and act and be a true gentleman. This is your first last opportunity to acquire success in life. If you lose it

then it will never come. Do not get pisheartened if you at first get a releaff, but try and try. Also taken how to live and act among strangers as now go in the world. Always try to do your duty towards your parents and family and trust God. This is your old father s advice who is not to live long Remmember this and never forget the last words of your old father in after life.

"જેમ એક સાધારણ સીપાઇ લડાઇમાં જીત મેળવી ફતેહમંદ થવા ચાહે છે, તેમ તુ જ્યાં સુધી જીંદગીમા ફતેહમંદ ન થાય, ત્યાં સુધી મહેનત કર. તારે તારી જીંદગીની લડાઇ લડવાની છે. અને તે લડાઇમાં ફતેહમદ થવાનું છે. વળી એટલું તુ ધ્યાન રાખજે, કે તુ એક ગૃહસ્થનો છોકરો છે. અને એક સાચા ગૃહસ્થ તરીકે વર્તજે."

"આ તારી પહેલી તેમજ છેલ્લી તક છે, જો તે એક વખત ગઇ, તો ફરી પાછી આવવાની નથી! કદાચ પહેલાં મુશીબત પડે, તો તેથી નીરાશ થતો નહિ; પરંતુ પ્રયત્ન કરજે. હવે તુ જે દુનિયામાં જાય છે તેથી અજાણ્યા લોક સાથે કેમ રહેવુ, તથા કેમ વર્તવુ, તે પણ શીખવા પ્રયત્ન કરજે. હમેશાં માબાપ તથા કુટુંબ તરફ પોતાની ફરજ બજાવવી, અને ઇશ્વરપર ભરોસો રાખવો; આ તારા ઘરડા બાપની, કે જે હવે ઘણું જીવવાના નથી, તેની શીખામણ છે. આ હમેશ યાદ રાખજે. અને તારી હવે પછીની જીંદગીમાં, આ તારા ઘરડા બાપના છેલ્લા શબ્દ યાદ રાખજે."

આ મહાવાક્ય ધિરજથી શ્રવણ કરવાનાં છે. મ્હારી જીંદગી માટે મેં ત્હારા પર કશો આધાર બાંધ્યો નથી. મ્હારૂં જીવન સ્વતંત્ર

છે, ને તે સ્વતંત્રતા મેળવી છે. હું તો માત્ર હવે ત્હારી પ્રત્યેની, શીખામણ રૂપે છેલ્લી ફરજ બજાવું છું. છેવટ સમજાવું છું.

જુવાન પુત્રને વધારે શીખામણ આપવા જતાં "સાઠે બુદ્ધિ નાઠી" એ ચાંદ તમે અમને અર્પણ કરવાનાજ; પણ અમે એવા મૂર્ખ નથી. પુત્ર પ્રત્યે સંપુર્ણ પ્રેમ, ધર્મ ને અંકુશ રાખ્યા છતાં, તથા તેને સુખી ને સ્વતંત્રતાનો માર્ગ કરી આપ્યા છતાં, ન્હાનો ભાઇ કે પુત્ર બેવફા નીવડે, તો તેનાં ભાગ્ય; માબાપ પોતાની ફરજ બજાવી ચુકર્યા છે; અફસોસ માત્ર એટલોજ કે એ એક કડવુ ને અકર્મી ફળ નીવડ્યું.

તને મેં કેળવણી આપી છે. હવે તને મે મુંબઈ અનુભવવા માટે મોકલ્યો છે. હું સારી રીતે જાણું છુ, કે એ મોહકનગરી છે. સારાને સારા નરો મળી શકે છે; પણ નઠારાને નટારા બહુજ મળે છે. શોખીલુ શહેર છે, હલકા કુળના ને ઉદ્ધત જુવાનીયાઓ બહુ ભટકે છે. ગરીબના છોકરાઓ કોઈ ચીકાશદાર ચાંચોડાવાળા છોકરાઓ શોધે છે, તેને બનાવીને તેને પૈસે મઝા કરવા ચાહે છે, પણ તેઓ ભૂલે છે, કે એ ક્ષણીક સુખ, જીવનનું શત્રુ થઇ પડે છે.

મેં તને મ્હારા એક કુલીન મિત્રની ઓફીસમાં ત્હારા ન્યાય શાસ્ત્રને ખિલવવાનુ કામ શીખવા રાખ્યો છે. એ ભલા મિત્રે તને પુત્ર તરીક રાખ્યો છે. તેમનાં કુટુમ્બમાં તુ પલોટાઇ ગયો છે—ને તેથી હવે અમદાવાદના કેટલાક ઉચ્છૃંખળ જુવાનીયાની જોડે સહવાસમાં આવવા દેવાની મ્હારી ઇચ્છા નથી, મુંબઇના મોજીલા ધામમાં કદાચ જુવાની ફાટી નીકળતાં, મગજ ચસ્કે, તે માટે તેનો અટકાવ કરવાજ અંકુશ રૂપે ત્હારી ધર્મ પત્નિને ત્હારી પાસેજ રાખવા ઇચ્છા કરી; પણ ત્હારી સબુરી રહી નહિ.

મેં તને અહીં આવવાની સખ્ત મનાઇ કરી હતી—મ્હારી રજા વિના ત્હારે મુંબઇની બહાર પગ ન દેવો, એવો મ્હારો હુકમ હતો તે તેં તોડયો. ત્હારી પત્ની કંઇ ન્હાસી જવાની ન હતી. તેમ ત્હારો ધાર્મિક પ્રેમ લુલો થઇ જવાનો નહતો. તે છતાં તેં જુવાની-ના જોશમાં મર્યાદાનુ ઉલ્લઘન કર્યું. પોતાનો ધર્મ, તથા પિતાની આજ્ઞા તોડી; અને પશુવત્ જીવન ભોગવવા માટે, કુકુટ સ્વરૂપથી તું અહીં એકદમ પત્નિ પાછળ દોડી આવ્યો! મ્હારે આ વાકય, વિવેક ને ધર્મ વચન ઉલ્લંઘીને કહેવું પડે છે, પણ ક્રોધનું બલિદાન છે.

તેં પ્રેમ કહો કે મોહ કહો, ગમે તે કહો; પણ એ અંધાપા-માં કેટલીક હદ સુધી વિવેક તથા વ્યવહારને વિસાર્યો છે, તેનું તને કશું ભાન રહ્યું નથી.

આજના જુવાન છોકરાઓ, માબાપોને આંધળાં સમજે છે, અથવા તો બનાવવાની યોજના કરે છે; કુદરત કંઈ વાંકી થઇ નથી તમારાં દરેક છુપાં કામો, અમને આત્મદ્વારા જણાવે છે; અથવા આડકતરી રીતે અમને તે રસ્તે દોરી જાય છે; જો કે તે પ્રકટ થયા છતાં માબાપ મુગાં રહે છે, ત્યારે તમે જાણે અજાણ્યા થઇને નફ્ફટાઇથી વરતો છો.

પત્નિને કેમ કેળવવી, તેનું ભાન આજના થોડાક જુવાનીયાને છે. તેમને તો માત્ર મનનો મોહ પાર પડયો, એટલે બસ છે! મા-બાપના પાશમાથી છોડાવીને, મુંબઇ જેવા શહેરમાં એકાન્ત જીન્દગી ભોગવવા આતુર થઇ જાય છે, પણ એ જુવાનોને હજી ઓછો અનુ-ભવ છે, કે ત્યા પોતાની અકેળત્રાયલી તથા વ્યવહારથી અકુશળ સ્ત્રીને એકલી રાખવાથી પોતાના નિર્મળ સંસાર સુખને કેટલો ફટકો લાગે છે! સઘળી સ્ત્રીયો જો કે નબળા મનની નથી; પણ તે નાદાન ને મુર્ખ હોવાથી નબળા મનના પરવશ પતિથી સ્વતંત્ર થવા ચાહે

છે. કામ માર્ગીય પુરૂષો પોતાની પત્નિને પ્રથમ તો માથાંપર ચડાવે છે. પણ જ્યારે એકાદ બાળક થયુ, નોકરીની સખ્તાઇ થઇ, ને કમાઇનાં સાધનો કરતાં ખર્ચ વધવા માંડયો, પછી પ્રકૃતિ બદલાય, ને તે વેળા ઉદ્ધત પત્નિને કરકસર કરવાનું કહે, ત્યારે પોતાનો કુહાડો પોતાનાજ પગ ઉપર વાગે !

તમે હજી પારકે પૈસે મજાહ ઉડાવો છો ! પૈસો પ્રાપ્ત કેમ કરવો, તેનુ કશું ભાન નથી. તમે એમ સમજતા હશો, કે પિતાના હમે હકદાર વારસ છીયે, અને પિતા પોતાના વીલમાંથી બાતલ કરશે, તોપણ કાયદાસર વારસો લઇશું; ન્યાયમાર્ગને અળગો કરીને, કચરી–મરડીને પણ લઇશું; અથવા જો તે પહેલાં ડોકરો ટકટક કરશે, તો સ્વતંત્ર કમાઇ કરીને મજાહ મેળવીશું, તેમ કરતાં ભલે ગાડીઘોડામાં નહિ ફરાય, કે વાડી–બંગલો નહિ બંધાય, અથવા તો કીર્તિનો કોટ નહિ ચણાય, તો ભાડાના ઘર કયાં ગયાં છે ? ફલાણાના પુત્ર તરીકે તો ઓળખવાને કોઇ ના પાડતું નથી ? પણ ના—

ચલનો ભલો ન કોશકો, દુહિતા ભલી ન એક;
મંગનો ભલો ન બાપકો, જો પ્રભુ રાખે ટેક.

અથવા તો—

સિંહણ મનમાં મગરૂર બની મુજ એકજ સુત ભલો ભવમાં;
ફટ–ભુંડણ ? સો તુજ બાળકડાં, નહિ રક્ષણ તારૂં કરે દવમાં !

વળી ચારણની કહેવત છે, કે:—

બાપ કમાઉ, તો દીકરા ને કાઉ ?
જો દીકરો કમાઉ, તો બાપને લ્હાઉ !

“ જો બાપ કમાઉ હોય, તો દીકરાને શો યશ ? પણ જો દીકરા કમાઉ હોય, તો ઉભયને યશ !

તેમ તમે બાપના નામે પંકાઓ, તે કરતાં બાપને તમારા નામે પંકાવાનો સમય આપો.

તમે તમારૂં હિત સુધારવા જતાં, સહજ ઉદ્ધતાઇથી, પિતાની માનભરી, પવિત્ર ને નિર્મળ લાગણીપર એક ફટકો માર્યો છે !

મ્હારો એક પુત્ર, ત્હારો મ્હોટો ભાઈ નાનુ લગાર મોભાગ્ર બુદ્ધિનો નીવડવાથી, તેને વિદ્યાલયમાંથી દુર કર્યો. ઘરવ્યવહારમાં જોડી દીધો. તું કુશાગ્ર બુદ્ધિનો હોવાથી ભણાવ્યો, ને કેટલાક અનુભવ પછી ત્હારી વૃત્તિ સ્થિર થવા દેવાને તને પ્રથમ બાળપણમાં—ને પછી મોટી વયે પરણાવ્યો, કે જેથી તું ઠરેલ થાય; પણ તેમાં તું નિષ્ફળ નીવડયો છું !

અજ્ઞાનપણામાં અને ઉદ્ધતપણામાં તમે તમારૂં કેટલું અહિત કરો છો, લાભ મેળવી આપનારાઓને તમ રી અજ્ઞાનતાથી તમે કેવી રીતે આડા દોરવો છો, તેની ભલી અને માયાળુ લાગણીને આડકતરી રીતે તમે કેવો ઝટકો મારો છો, જાણે પોતે મોટા પાવરદા થઇ ગયા હોય, જાણે એકલેજ હાથે, ને સ્વતંત્ર રીતે, સઘળા માર્ગોને પહોંચી વળવાને સમર્થ થયા હોય, તેવું વજન ચલાવીને તમે કેવા હેરાન થાઓ છો, તેનું ભાન ક્રોધી મગજને લીધે, અને વહેવારૂ કેળવણીની સામટી અછતને લીધે, તમે પોતાને ભૂલી જાઓ છો.

સ્વતંત્ર ને મુર્ખ છોકરાઓ એમ બોલે છે, કે જો માબાપ બચપણમાંથી મરી ગયાં હોત, તો શું અમારો પરમેશ્વર ન્હોતો ? ખરી વાત છે, પણ પરસ્પરનીજ દુનિયાં છે. ઇશ્વરે એક બીજાનો આધાર કરી રાખેલો છે. વન ઓથે સિંહ છે, સિંહ ઓથે વન છે. વાડ વિના વેલો ચડતો નથી, ગુરૂ વિના જ્ઞાન મળતું નથી.

કેવળ મદન રાગને તાબે થઇને મનેન્દ્રિયો વિહ્‌વળ કરવાનો આજના જુવાનીયાનો સ્વભાવ ખરેજ ભાવી પ્રજાની હાની કરનારો

છે ! આજ કારણુસર પ્રાચીન પ્રજાએ, બ્રહ્મચર્ય પાળવા માટે ગુરૂકુળમાં બાળકોને મોકલવાની જરૂર વિચારી છે. કટીબંધ સ્થિતીમાં રાખવાની અને જે સહવાસથી મગજપર લાલચનો તાપ વધે, એ વસ્તુથી તેમને અલગ રાખવાં, વૈભવોથી વિહીન કરવાં, ને જ્યારે તેમની માનસિક તથા શારીરિક શક્તિઓ ખીલે, ત્યારેજ તેમને ગૃહહસ્થાશ્રમ ધર્મમા દાખલ કરવાં, આ ઉચ્ચ રીતિ હવે પાશ્ચિમાત્ય લોકો પણ ગ્રહણુ કરવા લાગ્યા છે. જ્યારે આપણી ભારતીય પ્રજા તે ભુલવા લાગી છે; હાથમા અમૃતનો કટોરો ઢોળીને, મદિરા વગેરેના બિલોરી ગ્લાસ હાથમા અને મ્હોડામાં શોભાવા લાગ્યા છે; આ સર્વે વ્યવહારિક અનુભવ ને અભ્યાસની અછતનું પરિણામ છે.

આજની પ્રજા ડેલીકેટ થતી જાય છે ! પૂર્વે ગર્ભશ્રીમંત ઘરનાં સ્ત્રીમંડળો ઘરસંસારી કાર્ય હાથે કરતા હતાં. જો કે તે વેળાયે નોકર, ચાકર હતા, પણ કેટલાક કામ એવાં હતાં કે જેમાં સ્વચ્છતા, નિર્મળતા, ને પવિત્રતાનીજ જરૂર હોય, તે પોતાને હાથેજ કરવાનું માનતાં હતાં; હાલમાં દક્ષિણુ પ્રદેશમાં એ રિવાજ પ્રચલિત છે; આજના કાળની આપણી બાળ પ્રજામાથી એ ધોરણુ નીકળી જવા લાગ્યુ છે. આજની છોકરીયોને નોકરોની જરૂર પડે છે. કેમકે જુવાનીયાઓને નવરાશ વધારે ગમે છે; આનદની વાતો, વિનોદ ને વિલાસમાંજ વખત ગાળવો જરૂરનો થઇ પડે છે; તેમ કરતા પોતાની પૈસા સબંધી સ્થિતી કેટલી કફોડી થઇ પડે છે, તેનું ભાન નથી; પછી કરજના પોટલા માથે ચડે છે, સ્મોલકોઝીઝ કોર્ટનાં પગથીયાં ગણુવાં પડે છે, ને કાંતો છેવટે ઇન્સાલ્વન્સીમાંયે ભત્તું ભરવુ પડે છે.

દીનપરદીન શરમ અને મર્યાદાનો લોપ થતો જાય છે. મુબઇની નવરંગી પ્રજાના આચાર વિચાર સ્વતંત્રતાથી ઉછળતી પ્રજામાં મદનાચાર ને અવિચાર વધારે પ્રસરતો જાય છે. કોના બાપનો એરો

ને કઇ રાંડની બેટી, આ શબ્દ–વાકયો બેશરમ બનાવે છે! ને તેથી પ્રજામાં ઉદ્ધતાઇ વધે છે; પરિણામે અસુખ ને અશાન્તિ ઉભી થાય છે.

હોટેલના ચા પીધા, બીસ્કીટ ખાધી તેથી શુ? વટલવાની વાત બાજુ કરો, પણ સ્વચ્છતાના નિયમ જાળવવાનો મુખ્ય સવાલ છે. ન્હાઇ–ધોઇને પ્રભાતમાં મંગળ કાર્ય કરવાનો, દેવ–સેવા કરવાનો હેતુ, મનની નિર્મળતા ને તનની સ્વચ્છતા માટે એ તજવાથી શારીરિક ઉત્સાહ મંદ પડે છે, ને શુદ્ધ તથા શુભ વિચારો પ્રત્યક્ષ થતા નથી. એથી રોગ વધે છે, દરિદ્રતા વધે છે, ને ધન ઘટે છે. પ્રાચીન વિદ્વાનોએ આર્ય પ્રજામાટે જે નિયમો બાંધ્યા છે, તેમાં પ્રથમથીજ ઠરાવ્યું છે, કે થોડે ખર્ચે, મુક્તિના દ્વાર ખુલ્લાં થાય, અને શાન્તિથી જીવન પસાર થાય. પણ એ આશ્રમોને આડી આંખે જોવાને આપણા જુવાન છોકરાંઓ હઠીલા થાય છે; ધોતીયું પહેરવામાં કેટલી આવડ, અને કેટલુ ઉપયોગીપણું છે; તથા છેવટે ડુબતા બચાવનાર, ટહાડમાં ઠંડી રોકનાર, બેયતળીયે સુતા પાથરણુ થનાર, ને ફાટી જતાં, પાટામાં થીયે ન જનાર, તથા કદી કોઇ બીજાને પણ ઓઢાડવુ હોય, તો તરતજ સહાયભૂત થનાર, વાવડીમાથી પડેલાને દોર તરીકે ઉગારનાર અને આંગળીના પાટામાંથીયે ન જનાર ધોતીયુ તજીને લેંગા તથા પાટલુનપર છોકરાંને શોભાવનાર ખુદ માબાપોજ બેવકૂફ બન્યાં છે. માનું દુધ મુકીને મેલીન્સફુડ ઉપર ઉતર્યા છે, ત્યાં કાળ વિના બીજા કોને દોષ દેવાય?

ભાઇશ્રી! કેવળ પાશ્ચિમાત્ય પ્રજાના કેટલાક સદ્‍ગુણી પ્રયત્નોને વખાણનારો છતાં આ દેશમાં આપણો જન્મ થવાથી, અને તે દેશના કલ્યાણ માટે, પ્રાચીન વિદ્વાનોએ અવિચ્છિન્ન પ્રયત્નથી ધર્મમાર્ગ સ્થાપિત કર્યા હોવાથી, હુ તેના અભ્યાસી દાખલ સદઢ મનનો થઇ, આર્ય સિદ્ધાન્તને વખાણવાજ બેઠો છું. તે વિચારો,

આજના કેટલાક લેભાગુ સુધારાના-પવનમાં વ ટોળીયા જોડે વીંટળા-યલાને નહિ ગમે; તોપણુ મ્હારી ખાત્રી થઇ છે, કે ભારત માટે, પ્રાચીન નિયમોનું સ્થાપિતપણું સ્વિકારનારી પ્રજા ખચીત સ્હેલાઇથી સુખ સંપાદન કરશે, ને ત્રિલોક તરશે; માત્ર તેમાં કઠીણુતા છે, કડવાશ છે, ઉગ્રતા છે, અવલંબન છે; જો તે સ્વિકારે, તો કોઇપણુ માણુસ આ અવતારે સુખી થઇ મુક્તિ પામે.

મ્હારો આ ઉપદેશ તને ન ગમે તો ત્હારાં ભાવી! ત્હારાથી સિદ્ધાન્ત પર ન ચલાય, તો ત્હારા પૂર્વની કરણીના ભોગ! મને જે વાજબી લાગ્યુ, તે મેં કહ્યું; કરવું કે ન કરવું, ત્હારૂં કામ છે, તું જુવાન છુ. એટલે મ્હારે એટલું કહેવુ પડયું; તેં તેવું વર્તન ચલાવ્યું, એટલે મેં કહ્યુ જો કે તે પહેલાં, ત્હારા ધર્મ માટે ને ઉંચા તથા ઉંડા અનુભવ માટે મેં તને સારાં સારાં પુસ્તકો, જેનો મેં સંગ્રહ કર્યો છે, તે વાચવા આપ્યાં છે; પશ્ચિમાત્ય વિદ્વાનોના તત્વજ્ઞાનના ગ્રંથો, આર્ય વિદ્વાનોની ફીલસુફીનાં પુસ્તકો બતાવ્યાં છે. તને સંસ્કૃતનો અભ્યાસી બનાવ્યો છે, અંગ્રેજી ભાષાની કુશળતા સંપાદન કરાવી છે, એટલુંજ નહિ, પણુ ત્હારી પચીસ વર્ષની વય સુધી, કશા પ્રકારની ચિન્તા કે બોજો પડવા દીધો નથી; એટલી સગવડ છતાં તેં કશું હિત સંપાદન નથી કીધું, એથી મને અતિ ખેદ થાય છે.

પુત્ર પ્રાપ્ત થયો, એથીજ કંઇ પિતા કૂળનો ઉદ્ધાર થયલો મનાતો નથી. ભગીરથ જેવા કે યુધિષ્ટિર અથવા ભોજ, વિક્રમ જેવા પુત્રો ઉત્પન્ન થાય, તોજ પુત્ર ખરા; માતાએ જન્મઆપ્યો પણુ. પ્રમાણુ, અને પિતાએ પાળી-પોષીને મ્હોટો કર્યોએ પ્રમાણુ કહેવાય!

હજી ત્હારી યુવાન અવસ્થા છે. માબાપના મહારાજ્યમાં, વગર મહેનતે મળતા પૈસાનો ઉપયોગ કરવા માંડયો છે. તમારા સુખ જો-

ઇને માબાપ રાજી થાય, માટે તમને ઘટતી સ્વતંત્રતા આપવામાં આવે છે; તેનો તેં દુરોપયોગ કર્યો છે.

મુબઇના વસવાટ દરમ્યાન તમારી લાયકીની અથવા કામકાજની ખરેખરી સ્થિતી મને પુરતી રીતે માલમ પડી નથી. સદ્ભાગ્યે, મ્હારા ભલા મિત્ર વિનોદરાય, ને તેમના પત્નિ ભગીરથી બહેને, અમારા કરતાં વધારે પુત્રભાવથી તને રાખ્યો છે, એટલે એ પવિત્ર શહેરમા ત્હારા દોષ કે અવગુણ તે જોતા ન હશે, તેથી અ દરના અવગુણો તેઓ જાણતાં નથી–જણાવતા નથી

માત્ર આ વખતે, સારા ભાગ્યે મને ત્હારી ઉછૃંખળતાથી આકસ્મારી રીતે ખબર થઇ છે. જે તે તારા સારા ભવિષ્યની નિશાની છે. જો એ પ્રસંગ મળ્યો ન હોત, તો હુ તને કશા પ્રકારનો ક્રોધ કે ઉપદેશ બતાવતજ નહિ, પણ રોગ અને દુસ્મન ઉત્પન્ન થતાંજ શાન્ત પાડવા; અવગુણો બહાર આવતાજ બંધ કરવા, એ સુત્ર પ્રમાણે એક તક મળી છે, ને તેથી હવે તને એકજ વાત સ્પષ્ટ સમજાવુ છુ કે.—

પિતાના રાજ્યમાં જે સુખ સંપાદન કર્યું, તે હવે તમારે ભોગવવાનું નથી. તમારા ભાવી સુધારવા માટે તમારાથી બનતો યત્ન કરવો; કેમકે તમારે પલ્લે, એક કુલીન કુમારિકા પ્રાપ્ત થઇ છે. સં· સંસાર–વ્યવહારનાં પગથીયાં પર ચડ્યા છો. માટે તેમને કેળવવાની સાચવવા–સંભળાવાની ફરજ અમારા કરતા ત્હારા પર બેવડી છે. માટે તે પણ લક્ષમા રાખવું.

જ્યાં સુધી તમે તમારા ઉદયના માર્ગ ખુલ્લા કરી નહિ બતાવો ત્યાંસુધી, તમે પથ્થર પર પાણી રેડેલુ માનીશુ; તે માટે લેવાયલો શ્રમ, ને ખરચેલા પૈસા ધૂળધાણી થયલા ગણીશું.

પિતાના બળ ઉપર ઝુલનારા પુત્રો એક નિર્બળ પ્રજા તરીકે લેખાય છે; પછી તે મહાન ડીગ્રી ધરાવતા હોય તોયે શું?

જાતી પરાક્રમ કરી બતાવવુ, ને પિતાની અસંખ્ય દોલત કે રાજવૈભવ છતા, પોતાનાં જાતી પરાક્રમથી ખિલી નીકળવું. એજ પુરૂષાર્થ ને એજ સાફલ્યતા છે.

તમારી નાદાની જો નહિ અટકે, તો કેળવણીને ઝાંખ લાગશે, માબાપને ખેદ થશે, ને તમારા ભાવીના ઉચ્ચ માર્ગ બંધ પડતા જશે.

મુબઇના કુસંગમાંથી બચવા માટે, તેમજ જુવાન જીવડાની વૃત્તિ સ્થિર થવા માટે, અને ભાવીમાં શાન્તિ તથા સુખ અખડ રહે, તે માટે મેં ત્હારી સ્ત્રીને તાકીદે મુબઇ મોકલવા ઠરાવ કર્યો, તેથી તું સંતોષ ન માનીને, મ્હારો અનાદર કરીને અહીં આવ્યો. મ્હારી આજ્ઞા વિના, ઉદ્ધત થઇને પત્નિસહ ફોટો પડાવ્યો, તથા નાટકની સીટ રિઝર્વ કરીને ઉછૃંખળવૃત્તિ જાહેર કરતાં શરમાયો નહિ: આ સર્વ પગલાં ત્હારા આશાવંતા ભાવીને ઉધાં વાળનારાં છે. માન પીતાની સંમતિ ન લેખાય, તોપણ મર્યાદા જાળવીને, ધીરે ધીરે કામ કરવામાં આવે, તો આ ત્હારા માબાપ, એવા જક્કી કે અદેખાં અથવા જુનાં વિચારનાં નથી, કે દીકરાના સ્વતંત્ર સુખને ઘટતી ઇચ્છાએ માર્ગ ન આપે; પણ હદબાહેર ઉલટને ઉદ્ધત્તાઇથી તે અમને ખેદ કરાવ્યો છે, તેનું ફળ ત્હારે ચાખવું જોઇએ.

મ્હારી એટલીજ સુચના ને સલાહ છે, કે હવે ત્હારે ત્હારી કેળવણીનાં ફળ મેળવવાં.

મ્હારો વિચાર હવે મેં પ્રકટ કરવો બંધ રાખ્યો છે; પણ ત્હારે એકલાનેજ મુબઇ જવુ; અને વિનોદરાયને સમજાવી ત્હ'રે હવે ત્હારા પોષણનું શોધન કરવુ, તેમજ કેવળ જુદા રહીને, ત્હારો વૈભવ સજવો. એ મને ત્હારે માટે વાજબી લાગે છે.

આ સુચના કયારે અમલમાં મુકવી, કે જ્યારે તું પોતે સફળ થવાનો હોય તોજ; નીકર હાલ તુરત સમય જોતો રહે.

આ સુચનાથી ક્રોધાયમાની થઇને ગેરઉપયોગ કરીશ નહિ.

મ્હારી કૃપા સંપાદન કરી છે, પણ અખંડ રાખવી હોય, તો ત્હારાં સદાચરણ તથા શુભ પ્રયત્ન વધારે ખીલવી બતાવ! તું સુખી થા ને અમોને તે સુખ જોવાને ભાગ્યવંત થવા દે. અસ્તુ!

લી. ત્હારો શુભેચ્છક પિતા.

પ્રકરણ ૧૨ મું.

નિરાશાનું પ્રથમ બિન્દુ!

સુમનની નિદ્રા પલાયમાન થઇ ગઇ! નિરંજનીનો નિસાસો શાન્ત પડી ગયો! વ્હાલાં પ્રેમીયો મનની અણધારી અગવડોથી સુખની રજની, દુઃખ ને વિયોગીમાં વિરામી! આરબ્ધાં અધવચ રહે, હરિ કરે તે હોય; એવું થયું! પ્રિયાને ભેટવાની અનહદ આતુરતા અધવચ લટકી રહી! કહો, કે ભેટયો ન ભેટયા જેવો! પ્રિયતમાને પ્રેમ હૃદયના હિંચોળાપર એકાન્ત મુંબઈ નગરીના શાન્ત મહાશ્રયમાં ઝુલાવવા લઈ જવા આવેલો પરોણો, હવે નિરાશ થઇને પાછો ફરશે, મિત્રો હાંસી કરશે, અને પોતાના વિયોગ દિવસો દોહલા થશે, એ તેને ક્યા ખબર હોય? પ્રભુની ગતિ ન્યારી છે. માણસ ધારે છે એક, ને ઇશ્વર બનાવે છે બીજું! દૈવની ગતી દૈવને હાથ છે; એજ જગતનો નાથ છે.

નિર નિદ્રાધીન હતી. રાત્રીએ દૃષ્ટિગોચર થયેલા નાવથી બને

નિરાશ થઇને ઉથી ગઇ હતી. તેને સતી પાર્વતીની[1] પેઠે અપમાન થયું હોય, સીતા[2] પેઠેમ અનાદર થયો હોય, દમયંતી[3] પેઠે પરિત્યાગ થયો હોય, એવી અસર થઇ ગઇ હતી.

મધુર ને નિર્દોષ સુંદરી ! કમળ જેવાં નેત્ર મીચીને પ્રેમના વિમાનમાં પ્રિયતમ સાથે જાણે પ્રવાસ કરતી હોય ! કોમળાંગી

---

૧. રામચંદ્રજી જ્યારે લક્ષ્મણ સાથે સીતાની શોધ માટે વનમા ફરતા હતા, ત્યારે એક વેળા શંકર, વૈકુંઠમા પાર્વતીસહ જોતા હતા. શંકરે રઘુનાથને નમન કર્યું, ત્યારે પાર્વતીજીને શંકા થઈ કે, "એક રાજકુંવરને શીવજી નમ્યા કેમ ?" તેણે શીવને પુછ્યું, ત્યારે તેણે કહ્યું કે "એ પ્રભુરૂપ અવતારી પુરૂષ છે !" પાર્વતીએ ન માન્યું. ને તેની પરિક્ષા કરવા ઉતર્યા. શંભુએ બહુ સમજાવ્યા, પણ ન માન્યુ. ને સીતાનું રૂપ લીધું. રામચંદ્રજીએ આ કપટ જાણ્યું; ને સતીને આવતાં જોઇ સાષ્ટાંગ દંડવત્ કરતા બોલ્યા, કે "જય માતા સતી પાર્વતી ! પાર્વતી શરમાઈ ગયાં, ને શંકર પાસે આવ્યાં. શંકરે પોતાની પ્રિયાનો અનાદર કર્યો. ઉછંગે બેસવા ના પાડી. સીતા દેવીનું સ્વરૂપ હવે પોતાની પત્નિ તરીકે જોવા હઠ લીધી. આખરે પાર્વતી વિયોગી થયાં." વિશેષ જુઓ શ્રીમદ્ ભાગવત, ચતુર્થ સ્કંધ અધ્યાય.

૨. શ્રી રામ વનવાસમાથી પાછા ફર્યા પછી રાજ્યપદ પામ્યા. એ અરસામાં, (દંતકથા પ્રમાણે, જો કે તે તે પ્રસંગ ખરો હોય, એમ કલ્પના થતી નથી. રામ જેવા એક પત્નિવ્રત પાળનારા દેવપુરૂષ, માત્ર નિર્જીવ વાક્ય શ્રવણ કરીને પોતાની પ્રિયાનો ત્યાગ ન કરે ! પરંતુ ન્યાયદર્શક થતાં લોક ચર્ચા માનીશું !!)

એક ધોબીએ પોતાની સ્ત્રીને મેણું માર્યું, કે "ગઇ સીતા તો રામ રાખે, બીજાના ઘરમાં તું જઈ આવી. હવે મ્હારા ઘરમા પાય કેવો ?" આ વાક્ય રામે સાંભળ્યું, ને સીતાનો ત્યાગ કર્યો. જુઓ "ઉત્તર રામકથા."

"નળરાજા પોતાના પિત્રાઈ પુષ્કરના કપટ ભરેલા પાપથી રાજપાટ હાર્યો, નૈષધ નગરી તજીને વનમાં ચાલ્યા. બાળકો મોસાળ ગયાં. અને દમયંતી પતિ સાથે ગઈ. વનમાં નળરાજાએ તેનો ત્યાગ કર્યો, એટલે તે અટુલી પડી રહી હતી. જુઓ મહાભારત, નળાખ્યાન ઈત્યાદિ.

કેવળ શાન્તિના સાગરમાં વ્હાલના નાવમા બેસીને ડોલતી હોય, સ્વર્ગીય પવનની લ્હેરો લ્હેની હોય, તેવી સુતી છે, વિકાર શબ્દનો હૃદયમાં અંશ લાગતો નથી શિયળના સુંદર સાળુથી શોભિતી સ્વપ્નમાં પણ પીયુનુંજ રટણ કરતી પડી છે. અરેરે ! રખે એના મનમાં એમ આવે કે, પ્રથમના પ્રેમ-પાનમાંજ પીયુએ ત્યાગ કર્યો ! શકુન્તલા જેવી ભોળી વનવાસિનીને રમાડી લીધી હોય ! પ્રેમનો આવેશ દ્રવતો હતો, **નીરૂ**, ભરનિદ્રામાં લોટતી હતી. વ્હાલી પ્રિયાને અધિરા પ્રાણનાથે પ્રેમચુંબન કર્યું; ભલી લલનાની ચક્ષુ ઉઘડી ગઇ, ચમકીને ઉઠી. પીયુ પ્રત્યે નજર કરી. જરા હસી

" જાઓ, વ્હાલા ! તમે તો મને વિસારી દીધી."

નીરૂ, આંખ્યો લુછીને ઉભી થઇ.

" મ્હારા જીગર, મને માફ કરજે ! મ્હારૂં મન ગુંચવાયલુ હતું. તેથી મેં તને તરછોડી, મ્હારી વાત જાણુવાથી તને દુઃખ થશે, તે કરતાં છુટું પડી જતાં વાત અળગી થઇ જશે, એમ ધારીનેજ મેં તને દુર રાખી; પણુ તું મનમાં ઓછુ ન લાવતી, પ્રણુ !" સુમન, ખુરસી પર બેસી, **નીરૂ**નો હાથ લઇ, સમજાવતો-પટાવતો રમાડવા લાગ્યો.

" ઠીક ! " **નીરૂ**એ નીચી નજરે નિસાસો નાખતાં કહ્યું,

" પ્રિયા ! નિસાસા પરથી તું દિલગીર થયલી જણાય છે ?"

" ના, કંઇ નહિ-" વાત કરતાં **નીરૂ** અટકી.

" કહે; ખુલાસાથી કહે, હું પ્રત્યુત્તર આપું ! "

" વારૂ, કંઇ વેળા વહી ગઇ નથી; મને અગત્ય જણાશે, ત્યારે કહીશ. ને ખુલાસો માગીશ; પણુ આ વેળા તો પ્રકૃતિ સારી છેની ?"

' હા, ડીયર ! મગજ પરથી ક્રોધનો અંગાર ઉતરી ગયો છે!"

' મુબઇ જવાની હવે તૈયારી કરવી જોઇશે ? "

" હા; પણ જેમ નાટકમાં જવાની તૈયારી કરતાં ગઇ રાતે અટકી પડયાં તેમ, મુબઇ જવાનુંયે અટકી પડશે તો ?"

હજી આ શબ્દ મ્હોડામાંથી નીકળ્યા, ને તેનો વળતો જવાબ **નીરૂ** આપે, તેટલામાં તો ઘરના નોકર બીમા પટેલે **ક્વીફ** લાવી આપી.

આ ક્વીફ પિતાનો લેટર હતો, નોકર ગયો, ને **સુમને** પત્ર ઉખેડયો.

" પિતાના અક્ષર છે ! લાઓ–લચ જેવો લેટર છે ! વારૂ, છેવટ શું છે? " સુમને છેવટના ભાગની છ લીટીયો વાંચીને મુર્છિત થઇ પડયો.

" અફસોસ ! આખર કલ્પના ખરી પડી ! "

" ખમાં ! ખમાં ! પ્રાણનાથ, કહો તો ખરા ? પત્રમાં શું છે ? **નીરૂ**એ, પતિને પકડી લેતા કહ્યું.

" અફસોસ ! કહેવાય તેમ નથી–સ્હેવાય તેમ નથી ! "

સુમને **નીરૂ**ના ખોળામાં માથું નાંખ્યું, ને ચોધાર આંસુડાં પટકાવવા લાગ્યો, ગરીબ **નીરૂ** પણ આશ્વાસન કરવા લાગી–રડવા લાગી, સુમનને શોક માત્ર એટલોજ કે, પ્રિયાને છોડીને પ્રદેશ જવાનું હતુ ! વીલે મ્હોડે પાછુ ફરવાનું હતું ! મુબઇમાં તેની વાટ કોણ જોતું હતુ ? મધુરી !

પ્રકરણ ૧૩ મું.

મધુરીની માનસીક લીલા.

જેનો પરઘરીયો ભરથાર, નારનો જાણુ અફળ અવતાર;
કપટ ધૂર્ત ને ખોટી માયા, મદનરાગી મન દાખે;
સત્ય વચન ને પ્રેમ ધર્મ તો, હરનીશ અળગો રાખે,
ફરે ચિત્ત પર દારે સંસાર—**નારનો**.

કુલીન કાન્તાઓ કેટલીક વાર કર્મયોગે કરીને, દેશી કહેવત મુજબ કાગડો દહીંથરૂં લઇ જાય, તેમ અનાડી પતિને પાને પડી જાય છે. માબાપનાં ધન કે આબરૂપર લલચાઇને કેટલીક કન્યાઓ, નબળા વરને વરે છે. વર્ષાના રંગ, સ્ત્રીનાં ચરિત્ર, બાળકોનું રૂદન, અને ગર્ભનો ઢંગ જેમ કોઇ જાણી શકતું નથી, તેમ કર્મની ગતિનો પડછાયો કોઈ જાણી શકતુ નથી; ભાવી પ્રબળ છે. કોઇ ભાગ્યવંતી માતાને ઉદરે જન્મેલાં બાળકનું અવતાર! શાથી કેવળ કુસંગી ને કુરંગી, નિર્ગુણી અને નિર્માલ્ય હોય છે? કોઇનો વર નઠારો, તો કોઇની વહુ નઠારી; સરખે સરખી જોડી તો કોઇનેજ, ને હોય, તો ટુકાં આયુષ્યવાળી!

કોઇનો વૈરભાવે સંબધ સંધાય છે, ને કોઇનો મિત્ર રૂપે સંબંધ થાય છે. પૂર્વનાં લેણાં-દેણાં લેવા-દેવા આવે-જાય છે. સૌ પોતાપોતાનું લઇ-દઇને ચાલ્યાં જાય છે. માત્ર સ્નેહનો શોક મૂકી જાય છે; ભલી ભૂડી વાતો રહી જાય છે]

મુંબઈના જાણીતા સોલીસીટર મી. વિનોદરાય વૈદ્ય સોલીસીટર, ધારામંડળમાં અતી બાહોશ સોલીસીટર તરીકે માન પામેલા હતા. કાયદા સંબંધી વિજ્ઞાન અને તર્કશાસ્ત્રી તરીકે પંકાયલા હતા, સારા સારા કેસો તેમને હાથે વિજયી નિવડયા હતા, કેટલાક અનાધાર બાળકો જેના માબાપે પોતાના મિત્ર દાખલ, પોતાની મલકતના ટ્રસ્ટી નીમેલા, તેઓ પાખંડી નીવડીને મિત્રનું ધન પચાવી પાડવા યત્ન કરતા હતા, તેમની કનેથી નાણું ખેંચાવી ખરા હકદારોને અપાવ્યુ હતું ન્યાય મંદિરમાં ઉચ્ચ વકીલ તરીકે તેની શાખ હતી; સારા વખતમાં પ્રશંસા પામેલો હોવાથી ધનના ઢગલા થયા હતા. પણ ખાનાર બીજું કોઇ પુત્ર સતાન ન હતું; માત્ર આંખની કીકી રૂપે પોતાને એકજ પુત્રી હતી, ને તેનું નામ મધુરી હતું.

મધુરી ખરેજ મધુરી હતી.. તેની લાવણ્યતા, સાંભળનારના કાનને ગમતી હતી. તેનું સૌંદર્ય, જોનારની આંખને અંજાવતું હતું. તેનુ હૃદય ઘણુંજ કોમળ હતું. માતાની માનીતી ને પિતાની લાડકવાઇ પુત્રી હતી. અનેક જનો તેનાં વખાણુ કરતાં. પિતાના કુલાઇન્ટસોની નજરમાં આ ભાગ્યવંત રાજરત્ન અસરકારક જણાતું હતું; કમનસીબે તેને ભાગ્યે અવળચંડો, અવિચારી ને અધમ પંકિતનો વર સાંપડયો હતો. તે વ્યભિચારી નહોતો, પણ તે જુગાર ને સરતોનો અથગ શોખીન હતો. વીસ વર્ષની તેની ઉમર હતી. તેના પિતાએ સરકારી નોકરીમાંથી કરકસર કરીને સારી જેવી રકમ મેળવી હતી. પણ એકાએક ગુજરી જવાથી, તે રકમ હાલ વિનોદરાયના ટ્રસ્ટીપણા નીચે હતી. વિનોદરાયના બે મિત્રો હતા. એક મિ. નિર્ગુણરાય પ્લીડર, જે એક અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ છે; અને બીજો મધુરીનો મરનાર સસરો, આ બન્ને તેના ભલા ને માયાળુ મિત્રો હતા, મધુરીના સસરાએ પોતાના ધનનો કુલ ટ્રસ્ટી યાને ગાર્ડીયન કહું એ તોપણુ ચાલે; પણ વિનોદરાય હતા. બાળકોની અછતે બન્ને મિત્રોએ, પોતાના સ્નેહ સંબંધના બન્ધનથી જકડાઇને પુત્ર પુત્રીનાં લગ્ન કર્યાં હતાં. મધુરીનાં લગ્ન પછી થોડાજ માસમાં તેમણે અણધારી કુચ કરી હતી. ને પાછળથી એક ભગતડી વિધવા તથા એક સ્વચ્છંદી પુત્ર મુકી ગયા હતા. મધુરી હવે સાસરે આવતી જતી થઇ હતી પેલા કનકરાયજીને આ મોહનસુંદરી મધુરી ગમતી ન હતી. કેમકે તે રૂપાળી ને ભણેલી હતી, ડાહી અને ચતુર હતી; તેથી પોતાને શીખામણ આપે એવી સ્ત્રી શું કામની ? વળી ભગતડી માતાએ પાઠ ભણાવ્યો હતો કેઃ—આવતી વહુ ને બેસતો રાજા " તેનો જે રોબ પડયો તે પડયો ! બુધે નાર પાધરી ને બુધે જાર-બાજરી " એ કહેવત ગોખાવી હતી, વળી ભણેલી તે વંઠેલી

ને સારા ઘરની દીકરી તે તો વરની સરદાર ! આ શબ્દો પણ સંભળાવ્યા હતા.

મધુરી સાસરે ગઇ. અને તેજ દહાડે બિચારીને માર પડયો. મુર્ખ કનકનાં મધુરીએ વખાણુ કર્યા, કે તમે તો મને સત્તાણુંના સોના જેવા મળ્યા ! કનકે વ્યંગ વચન સમજી બાઇને ખુબ લપડાકો લગાવી. સવારમા ઉઠીને બાયલાએ માને પોતાની બહાદુરીની વાતો કરી. લંપટ માએ વળી દીકરાને સાબાશી આપી મધુરીને ખાત્રી થઇ, કે હવે જીવતે રંડાપો આવવાનો ને આખરે એમજ થયું !

દર મહિને પચાસથી સાઠ રૂપીઆ રેસમાં ઉડવા લાગ્યા, અને એ રકમ કેવળ મધુરી પાસેથીજ મેળવવાનો કનકે ઠરાવ કર્યો. ભલી ને ગરીબ મધુરી વારંવાર કયાથી લાવે ? થોડા માસ પોતાની કને એકઠી થયેલી રકમમાંથી આપ્યા; પણ પછી લાચાર થઇ ગઇ કનકના મનમાં એમ આવ્યુ કે રંડા હવે ચેતી જવાથી પૈસા આપવાની ના કહે છે. તે પછી તેણે મારવાનું શરૂ કર્યું. મધુરીએ માર સહન કર્યો પણ કોઇનો આગળ ન કહ્યુ, કેટલાક મહીના તેવું ચાલ્યું, પણ જુલમ સહન ન થયો. ત્યારે તેણે સુમનને વાત કરી. જો માને વાત કરે, ને તે બાપાને કહે, તો તૃતિયમ્ થાય ! પોતાનો અવતાર તો ધણી સાથે કહાડવાનો હતો, એટલે સાગરમાં રહીને મગર સાથે વૈર કરવાનું પોસાય તેમ ન લાગ્યુ ધીરે ધીરે સમજાવી લેવાને ધારેલુ પણ કનકને સરતનો છંદ વધવા લગ્યો, ને તેમાથી દારૂના લખ પર ચડયો. રાતે કેવળ છાકટો બનવા લાગ્યો તેની મા રાડ ભગતડી અને રામલઠ્ઠી હતી. તે ફક્ત મંદિરોના મુખીયાજીઓની સેવકી હતી. મહારાજોએ તો તેને લાત મારી હતી, ત્યારે મુખીયાને પગે પડી હતી. માત્ર મ્હોડાંનીજ મીઠાશ

લેતી, અંગદાનથી અળગી હતી ! પ્રભુ હજી એટલો તેનો પાધરો હતો એ સ્વછંદી હોવાથી, તેને ભય લાગતો હતો, કે રખે પોતાનો છોકરો જુવાન થયા પછી માની રીતભાતથી નારાજ થઇને દગો દે ! આ ભ્રષ્ટ વિચારોને લીધે પોતાના દીકરાને જાતેજ સ્વચ્છંદી બનાવ્યો, અને દારૂના લખમા નાખી દીધો, કનક હવે હાથથી ગયો. મધુરીની માનસિક અવસ્થા બગડવા લાગી મનમાં મુઝાવા લાગી.

ગઇ પરમ દિવસ રાત્રે તો તે બિચારીને મારી નાખવાની ધમકી આપી. તેણીને કનકે એવો દમ માર્યો કે " હવે હું ઉમરલાયક થયો છું. માટે મ્હારી મીલ્કત સ્વાધીન કરવાને ત્હારા પિતાને સમજાવ " મધુરીએ આ વાતની વચ્ચે પડવાને ના કહી; એટલે આ નિશાખોર છોકરાએ તેને ખુબ મારી. ને દુખતા પર ડહામ તે સાસુજીએ ધમકાવી પોતાના દીકરા પર બળ ચલાવે છે, અને સોલીસીટરની છોકરી એટલે દમ મારે છે, ઇત્યાદિ આરોપ મુકયો; એટલું છતાંયે આ બિચારીએ સહન કર્યું, પણ માબાપને કહ્યું નહિ. માત્ર સુમનને તેણે પત્રદ્વારા જણાવ્યુ.

વાંચનાર ! સુમન સાથે એટલો પ્યાર શી રીતે વધી ગયો હશે કે, આ ભલી ને પ્રેમાળ બાળાએ પોતાના દુખની કથા સુમનને જણાવી. જરા તે તરફ પણ નજર કરવી ઠીક થઇ પડશે. મધુરીની માનસિક લીલા ને અવતાર સિદ્ધીનો કંઇક ચિતાર નજરે પડશે.

પ્રકરણ ૧૪ મું.

સંસાર—ભવમાં મધુરીનું ભાવી નોકા.

અજાણ્યા પ્રદેશમા, અજાણ્યા માનવ સમુહમાં, અથવા અવાચ્ય પશુ—સંગમાંયે રહેવાથી પ્રીત બાઝે છે; તો આપને ગમતું, મ-

નને રૂચતું, સ્વભાવને અનુસરતું, અને સમયને સંભાળતું પંખીડું સાથી તરીકે મિત્ર થાય, તો કોણ હૃદયભગી મુઢ માણસ હોય, કે સત્સંગના સમાગમનો લાભ લીધા વિના રહે! હવે એ પ્રીતિ કયા પ્રકારે નીભાવવી, એ પ્રેમીયોની માનસિક શક્તિઓ પર મોટો આધાર છે.

આપણા દેશમાં દીન પ્રતિદીન મહત્તાનો અંશ ઘટતો જાય છે. સ્ત્રી–પુરૂષનો સાચો અને વિશુધ સ્નેહ, સમાગમ. અવિચારને દુરાચાર તરીકે. આપણા દેશીયોની નજરે પડે છે!! આ નબળી ને કાચીદષ્ટે જોનારાની હલકી વૃત્તિપર પાશ્ચિમાત્ય લોકો ધીટકાર નાખે છે! આપણે એવી વૃત્તિએ ગોરી ગોરીઓનાપર તેની સ્વતંત્રતાને લીધે આક્ષેપ મુકીએ છીયે, પણ તેઓ જેટલી પવિત્ર અને સદૃઢ મનની છે, તેવો આપણી વૃત્તિયો નથી! એ પ્રજા સ્વતંત્ર ને હળતી મળતી છે. પણ આપણે તેના સાચા સ્નેહ સમાગમને કેવળ દુરાચારનું રૂપ આપીયે છીયે, એ આપણી માત્ર નબળાઈ છે. આપણા દેશી લોકોમાં તો એટલી હદ સુધી વ્યભિચાર દૃષ્ટિ વધી પડી છે, કે અગર જો કોઇ સ્નેહ સબધને લીધે સ્ત્રી કે પુરૂષ મહેમાન તરીકે આવીને પાંચ પદર દિવસ રહે, અને જો તેઓ લગાર ખાવા પીવામાં, હરવા ફરવામાં છુટથી વર્તે, તો તરતજ તેના પર અનેક પ્રકારનો દુષ્ટ આરોપ મુકશે, અરે, માર્ગ વચ્ચે સહજ મેળાપ થતાં બે વાત કરવા ઉભાં રહેલાં હશે, તોયે શકની નજરે જોતાં જશે! એક વખત એવો હતો, કે પ્રાચીન ભારતવાસીયો, જુવાન વયની સ્ત્રીઓ જોડે એકાન્ત ભાગમા પુરતા વખત સુધી રહેતા, તે આજની નબળી પ્રજામાંથી એ વિરત્વ નાશ પામતું જોય છે, અને ધિઃકારવા લાયક નપુશકત્વ પ્રાપ્ત થતુ જાય છે. શુદ્ધ સ્નેહની અવજ્ઞા કરનારા આર્ય રીપુઓનો જ્યાં સુધી ભારત સૃષ્ટિમાથી સંહાર થશે નહિ, ત્યાં સુધી સુખ કે શાન્તિ મળવાની

નથી. જ્યાં પતિ પ્રિયાનો પ્રેમ જોડાયલો જોવાને કેટલાંક સ્નેહી સં-બંધીઓનીજ દૃષ્ટિ ઉચી નથી, ત્યાંપર જગતની તે શી વાત ? આ માત્ર ઉંચા પ્રકારની કેળવણીની ખામી, નીતિ શિક્ષણની અછત, બા-ળપણથી મગજમાં રોપાયલા અઘટિત, અસંભવિત, તે અકુદરતી વિચારો, તથા ઘરમાં વસનારાની અજ્ઞાનતાભરી, નિંદિત તથા ક્ષુલ્લક મનોવૃત્તિવાળી રીતિ નીતિનુજ આ પરિણામ છે. દેશીઓમાં હાલ જે કુટમ્બ સારી કેળવણી પામેલાં છે, તે અભણ વર્ગની દાઢમાં કાંકરા પ્રમાણે છે. જો કે એવાં ભૂંડાની તેઓ દરકાર કરતા નથી, પરંતુ અજ્ઞાન જીવડાંઓ પેલાં સુખી સ્નેહીયોને નિંદવામાં, તે તેઓનું ચાલે, તો આજુબાજુના તેના સુખવાસી સંજોગોને જડમૂળથી ઉખેડી નાખ-વામાં કચાશ મુકે નહિ; જો કે તેમા માત્ર અદેખાઇનો ઉભરો શાન્ત કરવાના યત્ન વિના બીજો કંઇ લાભ ન હોય, પણ મુષક વૃત્તિને પાર પાડી શકે ! !

સગાં સ્નેહીઓમાં અનેક વાર અવળા પ્રસંગો આવે, ને જુવાન સ્ત્રી–પુરૂષ, સમયકાળને લીધે, એક બીજાને પરસ્પર સહાયભૂત થતા હોય, તો તરતજ આપણો વર્ગ માની લ્હે છે, ખરે, ખરેખર પવન ને અગ્નિ પેઠે ફેલાવો કરવા મંડી જાય છે, કે એ બન્ને વચ્ચે અ-ઘટીત વ્યવહાર છે ! એટલેથીજ તેનો ઉભરો બધ પડતો નથી ! તેમને સતાવવામાં, સાંભળવામાં, ઉશ્કેરવામાં અને પડછંદો પાડવા-પડાવવામયે તેઓ શરમાતા, કે હાર ખાતાં નથી ! દેશીયોની કેટલીક આ રીતભાત બહુજ ધિઃકારને પાત્ર છે, ને તેમાં આજની અધુરી કેળવણી પામેલી નીતિ જ્ઞાનની અછતમાં ઉછરતી પ્રજા, શોખ ને મોજની માનનીય પ્રજા, પાશ્ચિમાત્ય સુધારાનાં ઉંડાં તત્વો ન જાણીને; ઉપર–ઉપરના Love તરફ તીખી નકલ કરવા જોતા, પોતાનુ સામટુ સત્યાનાશ વાળે છે; એ પ્રજાનો નાશ નહિ થાય,

અથવા તેનામાં રીતિ–નીતિનો પ્રવાહ ચાલુ નહિ થાય, પરજનનો નિંદીત વ્યાપાર નહિ હઠે, ત્યા સુધી કદી શાન્તિ મળવાની નથી.

મધુરીનો જે પત્ર અમદાવાદ સુમનરાય ઉપર આવ્યો છે. અને એક પગના ગર્ભીત લખાણથી આપણી વાર્તાની નાયિકા નીર ભ્રમિત થઇ છે, એનો ઉંડો ભેદ કંઇજ નથી. વિનોદરાય સોલીસીટરના મહેલમાં સુમનરાય હાલ દાખલ થયો છે. છ માસ પુરા થયા નથી. નિર્ગુણરાય જેવા મિત્રના પુત્રને વિનોદરાયે કઇ પણ ખર્ચ લીધા વિના પોતાને ઘેર રહેવાને તેમજ એડવોકેટ થવાને રાખ્યો. વીનોદરાય મલબારહીલ ઉપર રહે છે. બગલાની સામે તેમણે ગેસ્ટહાઉસ બાંધ્યું છે. ત્યા સુમનનો ઉતારો છે, ઉપલા માળનો પાછલો ભાગ, સમુદ્રની સીધી હવાવાળો છે, ત્યા સુમનનો ઓરડો છે મધ્ય ભાગમાં બગીચો છે. સુમન અહી એક પુત્ર તરીકેનાજ પ્યારથી રહે છે. વિનોદરાયના સુજ્ઞ ધર્મ પત્ની ઘણુંજ માયાળુ ને શ્રદ્ધાળુ છે પોતાને પુત્ર નથી શીવગંગા બહેનને પુત્ર તે પોતાનોજ ગણીને રાખ્યો છે. મધુરી પણ તેને ભાઇ તરીકે આજ સુધી ચાહતી આવી છે. સુમને તો અતઃકરણ પૂર્વક બહેનના પવિત્ર ધર્મ-પ્રેમથી ચાહી છે, ને ચાહે છે; તેના મનમાં આ જુવાન બાળાના રૂપ કે ગુણનો અપ્રટીત આવર્ભાવ ઉત્પન્ન થયો નથી. મધુરીની સહનશીલના પર તે આફ્રીન છે ખરો, પણ તેની સંસારિક હાલત જોતાં, અને એક સુંદર મુર્તિના મુખાર્વાન્દ તરફ જોતાં, દુઃખના તાપથી ને કામના ભારથી દબાયલી જુવાનીકાને ખરે ઉદાસ જોઇને તેને બળાપો ઘણો થાય છે. સુમન લગાર શોખીન છે ખરો, પણ પોતાનાજ સુખ પર મુસ્તાક છે તે રસીલો ને પ્રેમી છે ખરો, પણ પોતાનીજ પ્રિયાંગનાનો અનુરાગી છે.

મધુરી દુઃખિ છે. ને તે દુઃખનો ઉભરો માત્ર વહાલા ભાઇ

સુમન પાસેજ કહાડે છે ! સવાર-સાંજ અને કોઇ વેળાએ બગીચામાં ચંદની વેળાએ બન્ને જણ બેસે છે. આ વાત ખરી, કે મધુને પ્રેમીલી બનાવવામાં, કામને આડકતરી રીતે ઉશ્કેરવામાં સુમને ઉત્તેજન આપ્યું છે, એટલે કે પોતાના રસીક પત્રો વાચવાનો લાભ મધુરીને આપ્યો છે, પણ કેવળ નિસ્પૃહ ભાવનાથી, અને પોતે પ્રિયાના પ્રેમમાં કેટલો મસ્ત, પવિત્ર તથા સુખી છે, તેનું ભાન કરાવવાજ કરતો હતો. ખરી રીતે કહીએ, તો મધુકીને એ સુખના માર્ગ દેખાડતો હતો; પણ અહીં તો

બેહેરા આગળ શખ વગાડે, તો કહે ગધો ભૂંકે છે;
અધા આગળ આરસી રાખે, તો કહે આખો ઝુકે છે.

એવી કથા હતી. મધુરી ચાહતી હતી, કે સુમનના સંગમાંથી શીખેલા પ્રેમના અકુરો પોતાના પ્રેમી પીયુના અતરને ભેદીને સુગંધ મેળવુ. પણ—

ડુગર ખેડીને બી વાવ્યે, છોડ કદી ખીલેજ નહિ;
તપતાં લોઢાં પર અમૃત જળ, કદી રગ તે ઝીલે નહિ,

આ સ્થિતિ હતી. મધુરી જ્યારે પતિને પ્રેમની વાતો કરવા જતી, ત્યારે પેલી લલિતા દુ:ખદર્શક નાટકના નાયક નંદનકુમાર પેઠ' તેને દોડદાઝી ગણીને લાત મારતો હતો. અજબ તો એ છે, કે મધુરી જેવી પ્રિયાગનાની બીજી જોડીનો પોતે આશક નથી ને તે છતા આ કુલાંગનાને ચાહતો નથી, ત્યારે શુ તે નપુશક હશે ? હા, કુટીલ માતાએ તેને બાયલોજ રાખ્યો છે, ભગતડી કાકીએ આ કાળીયાને કૂતરોજ બનાવ્યો છે !

મધુરીને હવે આશ્વાસનનુ સ્થાન માત્ર સુમનનો સ્નેહ હતો. મધુરીએ તેને હજી સુધી દીલના ભાવથી કોઇ પણ સગપણે ચાહ્યો

નથી. માત્ર જીભના વિવેકથી બોલવામાં શબ્દ તરીકે સંબોધવા જેટલું વદતી હતી. ધીરે ધીરે તેની વૃત્તિ ડગવા લાગી હતી. સુમન પ્રત્યે તેની અઘટિત ભાવના વધવા લાગી હતી. પણ ત્રણ રીતે તે ડરતી ને ડરતી હતી. એક તો સુમન ઘણોજ દઢ મનનો ને પ્રતિજ્ઞાથી ચાલનારો હતો. બીજું તો તે આ સ્થળે સુમન બહુજ સાંકડી સ્થિતીમાં, અને શુદ્ધ સગપણને સાચવવાને ભયથીજ રહેતો હતો. ને ત્રીજું તો તેની શાન્તિ તથા સુખ માટે પ્રેમાળ પતિ હતી. આ ત્રિભેટો થયા પછી સુમને કોઇ પણ રીતે મધુરીના મનનો માલિક થઇને, મર્યાદા તજી, અંગરાગનો ઉત્સાહી બને એમ નહતું; તો પણ એકાન્ત બુરી છે, સ્ત્રીનો આગ્રહ અદ્ભૂત છે, જગતનો ભયંકર છે. સ્નેહ અમુલ્ય પદાર્થ છે, ને આ સર્વ સંજોગ ચાલુ છે. વળી મધુરી બહુ દુખી છે, ને સુમન તેના પ્રતિ દયાળુ રહે છે, એ જોતાં કદાચ મધુરીની માન્યતા એવી હોય, કે સુમન એક પ્રિય મિત્ર તરીકે પોતાનો સાથી થાય, પણ આ કલ્પના નિષ્ઠુર હતી. સુમન કાદ્યે ચલિત થાય તેમ ન હતો, મધુરીની મનોવૃત્તિ અને તેની જ્ઞાતિ–નીતિ બહુ આગ્રહી, સ્વચ્છ અને શિતળ હતી, પણ વખાનો માર્યો જીવડો, ઝેર ખાવા કે કેફી રસ પીવા દોડે, તો સંજોગ તેને માર્ગ આપી શકે છે! આ માત્ર સઘળુ સમય પર રહેલુ છે; જોવાનુ છે કે ગગનમાં ચડેલી વર્ષાની વાદળી કઈ મેર વરસે છે,

પેલી કુટીલ માતાની દીકરી કનકે, ગઇ રાત્રે બિચારી મધુરાને બહુજ મારી હતી, અને તેથી તે ગરીબ છોકરીની આંખ સુઝી આવી હત. તેની ઇચ્છા એવી હતી, કે પોતાને મ્હોડે માતા કને કદી પણ વરની વાત મરતાં સુધી ન કરવી! પણ કુદરત આગળ તે કાંઇ ડાહી નહતી.

પ્રભાતમાં કનકરાયે પોતાની વંતરી મા કને રાતની વીતક વાતો કહી, અને એ રંડા છેડાઇ પડી. મધુરીને પોતાની કને બોલાવી;

બકરૂં બિચારૂં લમતુ ઝુમતું સાવજ કને આવે, તેમ તે આવી. આ મુગલ રાજમાંહેની સ્વચ્છંદી રાજકન્યા, ફાટાબાજ અમલમાં એ બાઇને મન જે ગમે તેવો ઇન્સાફ આપવા બેઠી હોય, તેમ મોટે સાદે બોલી.

"અલી છોકરી! શુ તુ એમ સમજે છે, કે ત્હારો બાપ સોલીસીટર છે, તેથી અમે દબાઇ જઇશુ? શુ ત્હારો બાપ અમારી મિલકતનો ટ્રસ્ટી છે, તેથી અમે ગુલામ તરીકે રહીશુ! શુ તું એમ માને છે, કે મોટા ઘરની છુ, તેથી અમારા પર સરદારી કરશે? તુ ભણેલી છુ, તેથી મ્હારા દીકરાને ડરાવીશ? રાંડ લુચ્ચી? ખબરદાર, મ્હારા દીકરાને દમ દીધો, તો ત્હારી વાત તુ જાણી!" રડા સાસુએ, દુઃખતાપર ડહામ દેવા, એક તમાચો ખેંચી કહાડયો. રાડ ભાયડાને ભોંય ભારે કરાવે, તેવી લફ્રી કાકીએ ગરીબ ગાયપર છરી ફેરવવા બેઠી.

"સાસુજી! મને ન મારો? જો, હુ તમારે પગે પડું છું! હું કદી પણ તમારા દીકરાને એક વચન કહેતી નથી, કહેવાની નથી. તે કહે એમ હું તો કરવા તૈયાર છું." મધુરી બિચારી ધ્રુજતી, કંપતી, બે હાથ જોડીને બોલી.

"જોયું કે! રાડ બડી લુચ્ચી હોં! મા, એ ખોટુ બોલે છે. મને તો કહે, કે હું મ્હારા બાપને કંઇ કહેવાની નથી! તમે જાણો ને તમારા પૈસા જાણે! મેં એમ કહ્યુ, કે હવે હું ઉમરે પુગ્યો છું, ને મ્હારી મા પણ લાયક છે, તો કા હમારી મીલકત અમને ન આપે! ત્યારે તેણે ચોખ્ખી ના પાડી. જાણે કે, આ ઘરનો વૈભવ તેને ગમતો ન હોય, ધણી પણ ગમતો ન્હોય! હું જાણું છુ તો! પેલો અમદાવાદી રાડવો ઘરમા પેઠા છે કની, તે સાથે—"

"ચૂપ કરો! જેવાં હોય તેવા ન દેખો! જરા વિચારીને બોલો, જરા પ્રભુનો ડર રાખો!"

"હેં! શું બોલી! એ બદામની ગુલામડી કુતરી? જેવા હોય તેવાં? તું કે ત્હારી મા? મારી મા–જેવી તેવી હશે કેમ રંડા! નીકળ–ઝટ ઘરમાંથીજ નીકળ?–જા, ચાલી જા–રાડ વંઠેલી? મ્હારા ઘરમા ત્હારો પગ નહિ! કાં તો હું નહિ, ને કાં તો તુ નહિ. મ્હારી માને તુ કહેનાર કોણ?"

કનકે રીસ ચડાવીને, મધુરીનો હાથ પકડી, તમાચા મારતો મારતો દરવાજા સુધી લઇ ગયો.

"દીકરા! જવા દે! તેને તુ નહિ પહોચે! એનો બાપ કાયદો કહાડશે, તો નકામો હાથ–પગમાં બેડી પહેરવી પડશે! હવે પાણી પીને ઘર શું પુછવુ? ત્હારે એ બૈરી ન ગમે, તો ન્યાતમાં કયાં તોટા પડયા છે? પેલી વેલકી વાલખાઉની છોકરી વીશ વર્ષની તાડ પેઠે ઉભી છે, કહે તો ચપટી વગાડતાં વાર વિવાહ કરી દઉં!"

લટુકી કાકીએ પોતાના જેવીજ રંડાની કન્યા શોધી આપી મોચીની નજર જોડા પર! વાઘરણની નજર અજીડાં તોલકાં પર!

"હુ ઠીક કરીશ; પણ હવે આ રંડાને વળાવી દે!" એટલુ કહીને કનક અંદર ચાલ્યો ગયો. સાસુએ ગાડાં નીચે કુતરૂં ચાલે, ને બધો ભાર જાણે પોતાને માથે હોય, તેમ વડીલાઇનું ડોળ ઘાલી બોલી.

"વહુ! મને લાગે છે, કે છોકરાના આજના ગુસ્સા પ્રમાણે તેં તેને બહુ સતાવ્યો છે; ત્હારાં મા બાપને કહીએ, તો નાહક તને એવડી સતાવે, માટે હાલ તો પિયર જા; હુ બોલાવું, ત્યારે આવજે?" એટલું કહીને સાસુજી મોં મચકોડતાં ચાલ્યાં ગયાં.

ગરીબ બિચારી મધુરી! રાભા જેવી ઉભી રહી. આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં. ગોરા ગુલાબી ગાલપર લોહીના શેરડા ઉડતા હતા. હ્રદયમાં તાપ પ્રજળતો હતો. છાતીનો ભાર ખાલી કરવાનો માર્ગ મળતો ન હતો સ્વામી અને સાસુ બન્નેનું ઝેર સોસાય તેમ નહતું. પિયર ગયા વિના છુટકો નહતો. પણ ત્યાં જઇને રડી ન પડાય, કે માતા-પિતા કોઇ ન જાણે, તેમ રહેવાને માટે ધિરજ કેમ રહે, એ વિચારવા બેઠી. ગિરગામથી છેક વાલકેશ્વર સુધી પગે ચાલીને શી રીતે પહોંચવું? વિકટોરિયા ભાડે કરીને જવુ, પણ પૈસા ક્યાથી દેવા? પોતાની કને કંઇ નહતુ. ઘેરથી અપાય તેમ નહતું. આજે સાસરે જમીને પિયર આવવાનું હતુ. હવે જ્યારે ઘરમાંથી ધણીએજ કહાડી મુકી, ત્યારે તેને પિયર આવ્યા વિના છુટકો નહતો. વ્હેલી વ્હેલી ચાલી આવ્યા માટે માતપીતા પુછશે તો શું કરવુ? વારૂ, જેવો આવડશે, તેવો જવાબ દઇશ, પરંતુ લડાઇ-ટંટાની કશી વાત ન કરવી!" આ વિચારે તે ચાલી માર્ગમાથી વિકટોરિયા લેવાની મિષે ચાલી. ત્યાં સુમનની વિકટોરિયા ત્યાંથી પસાર થઇ. મધુરીને જોઇને ગાડી ઉભી રાખી, ને તેને બોલાવી.

"મધુરી! ક્યા જાય છે? આમ એકલી કેમ? જો બાપાને ત્યા આવવુ હોય તો ચાલ! ગાડીમાં આવી જા!" મધુરી પાસે આવી.

"હા; હુ બંગલે આવુ છુ, પણ તું અહીં ક્યાંથી?" મધુરીએ ગાડીમા બેસતા પુછ્યુ.

"એક ફ્રેન્ડ અમદાવાદથી સાથે આવ્યો હતો. તેને મુકવા લાવ્યો હતો. પણ ત્હારી આખ ચડેલી કેમ છે? તું રડેલી કેમ છુ?" સુમને શંકાથી પુછ્યું, મધુરી ખરો જવાબ દઇ ન શકી, રડી પડી—મોં છુપાવ્યુ!

'મ્હારા સમ, તને કોઇએ સતાવેલી જણાય છે?"

" સુમન, એ વાત હમણાં રહેવા દે; કહે નીરૂ કયા છે ?"

" નીરૂ ? હુ તે નિરાતે કહીશ, મ્હારી સાથે આવી નથી."

" તું પણ મ્હારા જેવા દુઃખી તો નથી કની ?"

" ના, માત્ર સંજોગ પ્રતિકુળ છે! કહે, માતપીતા કેમ છે ? સૌ આરોગ્ય તો છે ?"

" હા; ત્યાં સૌ સારી પેઠે છે ?"

" હા, માત્ર હૃદય દુખી છે, ને તે હું નિરાતે કહીશ."

માત્ર એટલી ખબર-અતરની વાત પુરી થઇ, અને વિનોદ-રાયનો બગલો આવ્યો, ગડી બહાર દરવાજામા રાખી. મધુરી ઝડપથી ઉતરી પડી, અને બંગલામાં ગઇ. સુમન, ગાડી પાછી વાળીને બંગલાને પાછલે દરવાજેથી ગેસ્ટ-હાઉસમા પોતાને ઉતારે ગયો. મધુરી ક્યાંથી આવી, તે કોઇએ ન જાણ્યુ; તેમ સુમન કયારે ને કેમ આવ્યો, તેનીયે ખબર ન પડી

વાચનાર, સહજ સમજી શક્યાં હશે, કે પરસ્પરનાં પવિત્ર હૃદયનો ભાવ ભજવતો થયો. એકાએક સ્નેહ સમાગમ કેવો તીવ્ર છે, તે જણાશે. હવે સુમનની અમદાવાદની છેલ્લી કથા વાચીએ!

પ્રકરણ ૧૫ મું.

નીરૂનો પતિ-ભાવના.

" સ્વામીનાથ! ત્યારે શું મને અટલી કરીને જવું છે ? પરણ્યા પછી પહેલીજ રાત્રી એક આનન્દના સમાગમમાં ગઇ છે, અને એ આનન્દનો ઉમળકો આ પ્રેમ-ઘેલા દેહમા ઉછળશે, તે સિવાય મ્હારે છે ?" નીરૂ રડતી આખે બોલી.

" પ્રિયા ! મ્હારાં જીગરના રત્ન પેઠેમ હું તને રાખવામાંથી હઠતો નથી પણ હીંદુ સંસારમાં માબાપોને જ આધારે સન્તતિની જીવન કળા પ્રકાશે છે, ત્યાં બીજો શો ઉપાય ? જો હું ઉદ્ધત થાઉં, તો આપણા સુખ–સંચયના માર્ગ બંધ પડે ! આપણાં કલ્યાણના સાધનો તૂટી પડે ! હું હજી કંઇપણ કમાતો નથી. હું હજી વિદ્યાર્થી અવસ્થામાં છું, મ્હારૂં જીવન પરાધીન છે. પિતાની કીર્તિ, સત્તા, સહાય, ને ધન ઉપર મ્હારા ભાવીની ગાડી ચાલે છે; કહે, આ સંજોગમાં હું તને ક્યાં ને કેમ લઈ જઈ શકું ? મુબઈમા પણ હું પરાધીન અવસ્થા ભોગવુ છું, માત્ર મનથી ત્યા સ્વતંત્ર છું ! "

"અને તેથી સહેજ સુખી પણ હશો !" નીરૂએ મર્મમાં પુછ્યું.

" હા; ખરે હું ત્યાં સુખી છુ બાપ–મા ને પુત્રી ત્રણે પરોપકારી ને પ્રતાપી આત્મવંતો મને શુદ્ધ ભાવથી ચાહે છે ! '

" ને તે રીતે હું તમને ચાહું છુ કે ? "

" હા, વ્હાલી ! ત્હારા ભોળા ને ભાવનાવાળા હૃદયનો તાર કેવળ વિશુદ્ધ છે; ત્હારી પવિત્ર પ્રેમ–લીલા મને ગમે છે, હું તેથી જ વધારે સુખી છુ. સુખમા કે દુઃખમાં હું તને સાથે જ રાખવામા શાન્તિ માનું છુ ! "

" જેના પર અધિક પ્રેમ હોય, ને તે કદી સંગમાં ન હોય તો શું થાય ! "

" તેની મનોહર છબી સાથે રાખવી પડે ! "

" દરેક પ્રેમીઓ એવી છબીને જીવનપર્યંત માન આપતા હશે ? "

" હા, પ્રિયા ! સ્વપ્નમા કે જાગૃતિમા, દેશમાં કે વિદેશમા, સુખમા કે દુઃખમા, સદાકાળ તે સ્મરણમા જ રહે છે પ્રિયા ! પ્રેમનો વ્હેળો સદા ચાલુ પ્રવાહથી વહે છે !

" અને પ્રેમનો ઘા થયો હોય તો ? "

" તો ને રૂઝાતોયે નથી ! "

" કોઇ વેળા એવા પ્રેમીયોમા વિરોધ પડે ખરો ? "

" સાચા ને નિષ્કામનાવાળા પ્રેમમાં વિઘ્ન ન આવે. "

" રામ, નળ ને હરિશ્ચંદ્રે પોતાની પ્રિયાઓને તજી ન્હોતી ? "

" પ્રેમહીણ થઇને નહિ, વ્હાલી ! "

" બીજો પ્રેમ પહેલા પ્રેમ કરતા ચડતો લાગે તો ? "

' રૂકમણી આદિ અષ્ટ પટરાણીમાં કુબ્જા કાળી હતી, પણ પ્રભુનો પ્રેમ તે પ્રતિ અતુલિત હતો, તે સદાને માટે હતો ! "

" પ્રેમ વહેચાયેલો રહી શકતો હશે, વારૂ. "

" પાંચાળીના પ્રેમનું વર્ણન તું જાણતી હઇશ ? પાંચ પાણ્ડવોની સેવામાં તે તલ્લીન હતી. એટલુ છતાયે કૃષ્ણ પ્રભુએ સતી દ્રૌપદીને મહા સતી માન્યાં હતાં; પોતાની અષ્ટ પટરાણીનો ગર્વ ઉતારવા, તેને મહ પદ આપ્યુ હતું ! "

" ત્યારે શુ શ્રી કૃષ્ણ પરમાત્માએ સોળસો ગોપીયો સાથે રમણ કર્યું હતું, તે દરેકને સરખો પ્રેમ અર્પ્યો હશે ? "

" વ્હાલી ! ઇન્દ્રિયો સરખી જ છે. પગની આંગળી કપાય, ને એક વાળ તુટે, તો શુ આખા શરીરને ઝણકાર લાગતો નથી ? તેની વેદના થતી નથી ? એજ રીતે પ્રભુએ ગોપીયોને પોતાની ઇન્દ્રિયો માની હતી. દંત કથામાં અજ્ઞાની જનો તે વર્ણન કામ-ભાવનાથી કરે છે, મહાન જનો તેને પ્રેમલક્ષણા ભક્તિ ગણે છે. "

" કાયાને વરેલી ઇન્દ્રિયો, આપના કહેવા પ્રમાણે એક સરખું દુ:ખ કરે છે, તો પછી કાયાને વરેલી સ્ત્રીઓ, કે પુરૂષો જો તે કાયાથી વિરક્ત થાય, તો દુઃખ ન થાય ? દાખલા તરીકે ગોપીયો પોતાના સ્વામીને પરણ્યા પછી પરપુરૂષ પ્રતિ પ્રેમ આપે, તો તે ભ્રષ્ટ ન કહેવાય ? "

" પ્રિયા ! એ જ્ઞાન ઉંડું છે. કામવાસનાનો ભાવ અને પ્રેમલક્ષણા ભક્તિ ઉંડી છે. ગોપીયો શું કૃષ્ણને કંઇ કામતૃપ્તિ માટે કહે છે ! તેમનું રમણ કંઇ સાંસારિક સુખનું છે ? પ્રભુની પ્રસાદી દરેક ખાઇ શકે ! પરમાત્માનો અંશ દરેકમાં સરખો છે, ને તેથી એ અંશમાં મળવાનો સૌ યત્ન કરે છે. કાયામાંથી આત્મઅંશ વાયુ નીકળી ગયા પછી સ્ત્રી કે પુરૂષ કોઇ કોઇનું છે ? "

" ત્યારે સતીયો, પુરૂષો પાછળ નાહક બળી મરે છે, એમ જ માનવું ? "

" પતિ ને પત્નિના પ્રેમ વચ્ચે પ્રભુનો અંશ છે; બન્ને જો પવિત્ર ને એકાત્મા હોય, તો તે ગુરૂ–શિષ્ય પ્રમાણે વધતા–ઓછા પ્રમાણમાં મુક્તિ મેળવી શકે છે. "

" પણ પતિ કે પત્નિ જો પ્રેમભ્રષ્ટ થાય તો ? "

" તો તે પતકી ને ઘાતકી કહેવાય ! "

" ખરાં પ્રેમી જુદાં પડતાં નથી. સ્મરણ તો સો ગાઉપર હોય છે, ને કેટલાંક અધીરા પ્રેમીયો પ્રિયાની છબી રાખે છે, તમારી કને મ્હારી છબી નથી, તો પછી ? "

" તેથી જ મેં ગઇ કાલે એ યત્ન કરી લીધો ! "

" શું તમે જાણતા જ હતા, કે આ પ્રસંગ આવશે ? "

" ના; કુદરતે જ એ સુચના પ્રથમથી કરી. "

" ત્યારે પ્રથમથી જે છબી પાસે પડી હોય, તે પ્રેમી વધારે, પાછળનાં ? "

" એટલે ? ત્હારી આ વાતમા સમજાતું નથી ! "

" મ્હારી છબી તો આવશે, ત્યારે ! પણ તે પહેલાં તમારી પાસે છબી વધારે સારી છે, ખરૂં ? "

" હા; મ્હારા અંતરમાં ત્હારી છબી હતી, ને હવે મ્હારી સામે છે જ, ને તે પછી ચક્ષુમાં રહેશે."

" નજર કને પડેલી છબી વધારે સારી કે સ્મરણમાં!"

" નજરે ચડેલી વધારે ઠીક જ તો!"

" જે બહુ વ્હાલું હોય તેની છબી તો સાથે જ, ખરૂં?"

" હા, પ્રિયા! પણ હવે તું કહે છે શુ, તે તો સમજાવ!"

" કંઇ નહિ! વ્હાલા નાથ! હું કંઇ નથી કહેતી! હું શું કહું! કોને કહું!" નીરૂ રડતી પિયુને બાઝી પડી.

" ઘેલી! આજે આમ કેમ કરે છે? રાત્રે પણ તુ એવુ કાલું કાલુ ને ઘેલું ઘેલું બકતી હતી! આ વેળા પણ જાણે તુ શકમંદ હોઉં, તેમ બકે છે?"

" હા, હું શકમંદ છું! તમારી પ્રેમાળ છબીએ મને ઘેલી કરી છે!"

" પણ લાચાર છું, પ્રિયા! હું તને સાથે લઈ જઇ શકતો નથી!"

" તમારી વૃત્તિ પહેલી જ નહિ હોય! નહિ તો શુ મુબઇમા ફોટો ન પડત! આ તો મને માત્ર રાજી કરવા કરેલુ છે, મને બતાવવાનું, કે વિયોગમાં ત્હારો પ્રેમ અખંડ રાખીશ, જો મનમા એમ હોય, કે સાથે મુંબઇ લઇ જવી છે, તો હમણા છબી શાને પડાવવી? પણ મુંબઇમાં પ્રેમાળ છબીઓ ઘણી, ને તે છબીઓ બધી છુપી, એટલે આ જાહેર છબીને દીલાસો દેવા છબી પડાવી! આ પ્રેમ ને આ વચન!"

" વ્હાલી! મને લાગે છે, કે ત્હારા મગજમાં ભૂત ભરાયું છે! શુ અજ્ઞાની લોકો માને છે, તેમ તું પણ માને છે, કે મુંબઇમાં બધા જ જુવાનીયાઓ પરપ્રેમ શોધતા ફરે છે?"

નીરૂ અને સુમન.



સુમને, નીરૂને સમજાવીને શાન્ત કરી—

ભા. ૧ પૃ ૧૦૫

"હુ અજાણુ સ્ત્રી હવે એ વાત જાણવા નથી માગતી, પણ પ્રાણનાથ, આપ એ ભૂલના ભોગ થયા છો !"

"શા પરથી કહી શકે છે ?"

"તે તમારા દીલને પુછો !"

"મ્હારૂં દીલ શુ તું પારખી શકે છે ?"

"તમે જાણો છો, કે હુ અર્ધાંગના, તમારા અરધા શરીરની વાત જાણવાને યોગ્ય છુ, નાથ ! ગમે તેવા શોભિતા બંગલાઓ હોય, પણ ભાડાના તે તો ભાડાનાજ ! પોતાની રંક ઝુંપડીનો નિર્દોષ આનંદ અલબત તેમાં નહિજ ! હુ રંક, નિર્દોષ અને ગમારને તમે શું ઠગશો ? વ્હાલા, કહોની ! શું કરશો ? પ્રેમહીણુ બનાવશો, નિષ્ઠુર બનાવશો, કે નાલાયક ગણુશો ? હું તમારે આધારે છું, તમારે આશરે છું. મ્હારે હવે તમારા વિના બીજો કોઇ સતોષ નથી. મ્હારી ઓથે આપ ને ઇશ્વર છે, કહો, તમે મને હૃદયમાં રાખશો, કે મીઠા પણ કપટી વચનમાં ?"

"પ્રિયા ! આ તારો ક્લેશ મને વિચિત્ર લાગે છે. પ્રેમ કેવો, પ્રિયા કેવી,, વ્હાલ કયું, વચન કયું ? આ તુ શું બકે છે ? શું ? હું તને એક ઉતરેલા મનનો સ્ત્રી માનવાનો છુ ? તને આ ભ્રમણા શાને થાય છે ?"

"તમારી પેટી (ટ્રન્ક) માં જાદુનો ભાગ ભરેલો છે, ને તે ઉછળતો જોઇને મેં હાથમાં લીધો છે, ત્યાંથી જાદુ ભરાયુ છે. મને માફ કરજો, નાથ !" **નીરૂ** વ્હાલા પતિને ભેટી પડી.

"વાહ ! કેવી ભલી ને મ્હારી ભોળી પ્રિયા !" સુમન હસ્યો, ને તેણે **નીરૂ**ને શાન્ત કરી.

"તમે તો હવે હમણાં જવાના, મને મુકીને જવાના ?"

" શું કરૂં, પ્રિયા ! પિતાજીએ તાકીદનો હુકમ કર્યો છે, કે મ્હારે એક્સપ્રેસ મુંબઇ ગાડ્યા જવું !"

" ઠીક ! ' નીરૂએ નીચું જોઇને નિસાસો નાખ્યો.

" ભાઇ ! ગાડી પર જવાનો વખત થયો. સામાન નીચે ઉતાર્યો છે." નોકરે ખબર આપી-નીરૂને ભેટીને સુમન ચાલ્યો. નીરૂની ભાવના ડગમગતી રહી.

પ્રકરણ ૧૬ મું.

ધર્મ-સંકટ ?-સુમન ને મધુરી.

" પ્રેમ ધર્મ બે વચ્ચે, થઇ ત્રિશંકુ સમાન ગતિ મ્હારી;
ધર્મ, રાય ભણી ખેંચે, પ્રીતિ ખેંચે વિના શ્રમે પ્યારી."

વચનથી બંધાયલા સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્રને, નીચ જાતિને ઘેર વેચાવું પડયું હતું. વચનને ખાતર બળિરાજાને પાતાળમાં પેસવું પડયું હતું વચનને માટે દશરથ રાજાને પુત્ર વિયોગે દેહત્યાગ કરવો પડયો હતો વચનને લીધે પરમપ્રભુને અનેક વિદેહી અવતાર લેવા પડયા હતા. પ્રેમ ને ધર્મની વચ્ચે થતાં માનસિક યુદ્ધો વેળા, વચનના ટેકી યોદ્ધાઓ અનેક સંકટો વ્હોરીને પણ પોતાનું વેણુ લોપતા નથી. એમ કરવા જતાં તેમને આત્મભોગ આપવો પડે છે, તોપણુ તેમાં તે મગ્ન રહીને પોતાની ટેક જાળવે છે. ધન્ય છે, એવા વીર પુરૂષોને, ધન્ય છે એવી વીર તનયાઓને, કે જેણે પરહિત માટે પોતાના સુખનો ભોગ આપ્યો હોય ! યયાતિ રાજા જેવા વૃદ્ધ પિતાને, કામભોગ મેળવવા માટે, તેના સત્પુત્રે પોતાનું જીવતર અર્પેલું છે; અને રૂકમાંગદ રાજાની પવિત્ર પ્રિયા મોહિનીના વ્રતની સિદ્ધી માટે

તેના બાળ પુત્રે પોતાનો ભોગ દેવીને આપી દેવા પિતાને યાચના કરી છે ! વાહરે ત્હારી ટેક ! વાહરે ત્હારી વિશાળ બુદ્ધિ ! !

મહાન નરો પોતાની વડાઈ બદલ માત્ર યશનાજ ભોગી ને ભૂખ્યા હોય છે; કેટલાક ચારણીય કવીઓ વદી ગયા છે, કે—

" બાપૈયો જળ બીજેહ, પાલર વણુ પીયે નહિ;
સમુદર ભરીઓ છેહ, જળ ન બોટે જેઠવો ! "

હે રાજા જેઠવા ? પેલો બપૈયો, જો કે નદી, સરોવર ને સમુદ્ર જળથી ભર્યા છતાં તેમાંથી કદી નહિ પીયે, ફકત સ્વાતિનું બિંદુજ પીવાનો ! હંશ, મોતી વિના નથી ચરતો ભૂખ્યો પીડાય છતાં સિંહ કદીયે ધાસ નથી ચરતો. મહાન જીવડાની એ મોટાઇ છે.

જુનાં તજી નવાણ, નવાં જળને અડે નહિ;
ફરતાં નામ નિશાન, જળ એનું એ જેઠવા !

અનેક નવાં પાણીનાં નવાણ હોય, પણ જુનું કદી તજીએ નહિ: પાણી તો એનાં એજ, માત્ર નવાણ જુદા, તેથી પોતાની ટેક તજીને પરને ન ભજીએ !

સુમન નિરાશ થઇને પિતાને ઘેરથી મુબઈ આવ્યો. પ્રિયાને લઇને આવવાની ઉમેદ હતી, પોતાનો રૂમ ઘણીજ મનગમતી વસ્તુથી શણગાર્યો હતો. અત્તર, તેલ ફુલેલ ને સેંટ–સાબુનો ઘમઘમાટ શિતળતાથી મન શાન્ત પામતું હતું. આ સર્વ સ્થિતિ મનની અવસ્થાનાં સુખી સાધનો હતાં. વિરહ ને વિયોગીને ચિન્તાને ચિતા સમાન હતાં.

સુમન પોતાના આશ્રયદાતા વિનોદરાય સોલીસીટરના બંગલામાં આવ્યો, તે સાથે મધુરી પણ આવી. એકાદ કલાકે ભલી ને માતા જેવી માયાળુ ભગીરથી બહેનને ખબર થઇ, એટલે સુમનને

બોલાવ્યો; અને મા-પિતાના ખબર પુછ્યા. નિરંજનીને સાથે ન લાવવા માટે કારણ પુછતાં સુમનની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. કદાચ નીરૂને અહીં મોકલવાનો સંજોગ અનુકુળ ન હશે એમ ધારી એ વાત પડતી મુકી, ને વ્યવહારની વાતો કરવા લાગ્યાં.

આ વખતે મધુરી ત્યાથી સટકી ગઇ હતી. પોતાના રૂમમાં પલંગ પર જઇને પડી હતી. આખ આંસુથી ભરતી હતી. રાત્રીના બનાવ ઉપર અવિસ્તર્ણ કલ્પના કરતી હતી. માબાપનો માયાળુ મમતા છતાં, સાસરે જવાની સખ્તાઇ હતી. સાસરવાસમાં સ્વામીનું અનહદ દુખ હતું. સાસરાનું છુપુ દુઃખ કે સુખ જાણવા માટે મા બાપની ઇચ્છા ન હતી. તેઓ એમ જાણતા હતા કે મધુરીની સાસુ ભગતડી છે; મરજાદણુ હોવાથી કાલા-ઘેલાં વચનો વદે છે; પણ તે કુસંગી છે, એ વાત કોઇ જાણતું નથી, વળી જમાઇ સાહેબ જુગારના રંગી-ભંગી છે, એ વાત પણ અણુડ છે. વિનોદરાય દર માસે સો રૂપીઆ ખર્ચ સારૂ આપે છે. ને તેમાં મા દીકરો ખર્ચ ચલાવે છે. કનકના પિતાની જે રકમ, વિનોદરાય કને ટ્રસ્ટી તરીકે છે, તેમાથી તેઓ ખર્ચ માટે આપે છે, પણ તે રકમતો સરતના મેદાનમાં સહજવારમાં ચટ થઇ જાય છે, ને મારવાડીના ધરનો ઘોડો જમાઇના બારણામાં બંધાય છે, તે જુદો ! માત્ર મધુરી સિવાય બીજુ કોઇ જાણતું નથી. મધુરીએ પ્રતિજ્ઞા કરી છે, કે મરવુ તે કબુલ, પરંતુ વરની કે સાસુની કડવી ફરિયાદ માતપીતા કને કરવાનીજ નથી ! આ પ્રતિજ્ઞા સભાળવા જતા પોતાનો આત્મભોગ અપાય છે. તેની તેણી પરવા કરતી નથી

સુમન ને ભગીરથી વાતો કરતાં હતાં, ત્યાં વિનોદરાય આવ્યા. ન્હાવાની ને જમવાની તૈયારી થઇ રહી હતી વળી આજે હાયકોર્ટમાં એક અગત્યના વારસા-હિરસાનો અને ટ્રસ્ટખાતાના ઘોટાળોનો

ક્રીમીનલ કેસ હતો, ને તે કેસ વિનોદરાય હસ્તક ચાલવાનો હોવાથી જલદી કોર્ટમા ને ઓફીસમાં જવાનું હતુ સુમનને જોઇને ખુશી થયો. ને આજે તે કામકાજમાં ઉપયોગી થઇ પડશે, એમ ગણીને તેને પોતાની સાથેજ જમવા બોલાવ્યો. બન્ને જમીને ઓફીસમાં ગયા, અને કેસમા ગુંથાયા.

કવિ કહે છે કેઃ—

શુ નિરખો તનની છબી, મનની છબી નિહાળ.
દાખે દર્પણ સમ સદા, અંતર ભેદ વિશાળ.

મધુરી ભલે અનેક પ્રકારે મનનું દર્દ છુપાવા જાય, પણ તે પ્રકાશ મુખપર દેખાયા વિના રહેજ નહિ !

ચતુર ભગીરથી માતાને લાગ્યુ કે આજે મધુરી કંઇક શોકને વિચારમા ગુથાયલી છે; પણ એકજ રીતે તેને બોલાવાની તક ન લીધી, ને તે એજ કે સાસરવાસના કુથલાનો ભાર ચડયો હોય, તો પિયરીયામા તેનો પડછદો પાડીને, નાહક પરસ્પર વિરોધભાવ ભજવવો નહિ ! જળમાં લાકડી મારવાથી જુદું પડતું નથી, માત્ર ખાલી અવાજ થાય છે, ને તે અવાજ કરાવનારની મુર્ખાઇ છે ! સગા–સ્નેહી જેનાં અંતર એક જડેલાં છે, તેમાં અતિ વિરોધ થયા છતાંયે, લાંબે કાળે તેને એક થયા વિના છુટકો નથી; તે છતાયે, અજ્ઞાની, ક્રોધાવેશી ને નિંદક સ્નેહીયો, મહાવિરોધ કરીને સર્વ સુખનું સત્યાનાશ વાળે છે, ને શત્રુઓને ઉગ્રતા જગાડીને, વૈર લેવા જતાં પોતે તેના ભોગ થઇ પડે છે.

ભગીરથી ને વિનોદરાય બન્ને આ વિચારના હતા ન્યાત-જાતના કુથલાનો ભાર, સ્ત્રી સમુહની કર્મકથાનો ભાગ, અને જન-સમુદાયની નિંદાખોર લવરીનો ધ્વની ગ્રાહ્ય કરવાને તેઓ બિલકુલ તત્પર રહેતાં નહતાં; અનાયાસે કર્મયોગે આવી ચડે, તો તેને જેમ અને તેમ વિદાય કરતાં હતા, તેનાથી અળગાજ થતાં હતા.

ઘર સંસારમાં એવા બનાવો તો રોજના ચાલુ હોય છે, તેમાં સ્ત્રી–પુરૂષના ક્ષણિક ઝઘડા વચ્ચે, તે નાદાન જુવાન જોડાંની ઘડીભરની મતભેદી વચ્ચે માબાપોએ તો કદીયે ન આવવું, કેમકે ઝાકળ બિન્દુ પેઠે તે ગુસ્સો સહજવારમાં નરમ પડી જાય, ને વડીલોનાં વેણુાની માળા ગુંથાય!

ભગીરથી બહેનના આ સુજ્ઞ વિચારો યોગ્ય હતા, તોપણુ મધુરીની અંતર–પીડાથી તેને વાકેફ થવાની જરૂર હતી. જો તેમ થાય તો એ બિચારી નિર્દોષ બાળા, કેવળ અજ્ઞાન પતિનો ભોગ થાય છે, તેમાંથી બચી જાત; પરંતુ જે વાતની જરૂરજ ન ધારેલી, તે વાતને રસ્તે તે જાયજ શાને? ઘણીવાર એવા દુરાગ્રહો, ખરી મદદગારીનો નાશ કરી શકે છે; પણુ એ સર્વ ભાવીના સુખ–દુઃખનો ખેલ છે. કાર્ય જે બનવાનું હોય છે, તેને અણુધારી અમુલ્ય મદદ મળતી રહે છે. જે કામ બગડવાનું હોય છે, તેને સારૂ પાણીમાંથી અગ્નિ ઉત્પન્ન થઇને આશાનો નાશ કરે છે.

મધુરીએ આખો દહાડો નિરાશામાંજ નિર્ગમન કર્યો. આમ તેમ સઘળો વિચાર કર્યો. પોતાની પ્રકૃતિ પ્રમાણે, પથ્થરપર ચંદનને ઘસવા જેવો પ્રયત્ન માલમ પડયો. પિયુને સુધારી શકે, એવો મામલો લાગ્યો નહિ; તો પણુ તેણે હિમ્મત રાખી. ઘડીભર હિમ્મત રહેતી, ને પછી સમુદ્રના તરંગ પ્રમંણે તે ટળી જતી હતી. વળી જતી હતી ભરતી–ઓટ પ્રમાણે મનની સ્થિતી થયા કરતી હતી લોઢમાપડી હતી!

સુમનના અંતરમાં પ્રિયા–વિયોગનો શેરડો પડેલો હતો, પણુ આજના કામકાજની ધાંધલને લીધે તેનું ચિત્ત તેમાંજ રોકાયુ હતુ સાંજે છેક સાત વાગે વિનોદરાય સાથેજ ઓફીસમાંથી બંગલે આવ્યો હતો, અને તે ચાહતો હતો; કે કદાચ મધુરી હમેશના નિયમ

પ્રમાણે બાગમાં હરતી ફરતી બેઘડી વાર્તા–વિનોદ કરવા આવી ચડશે; બે દિવસના બનેલા બનાવનું વૃતાંત કહી જશે; પણ રાત્રી પડી ગઇ. મોડું થઇ ગયું ને બાપાજીની પ્રકૃત્તિ સંભાળવામાં અ-ટકી રહી.

મધુરીની હરપળ વિમાસણ ને દુ:ખમા જતી હતી. રાત્રે આઠ વાગે જમીને તરતજ સાસરે જવાનુ હતું. ગઇ રાતની વિતક તો હોળી રૂપે હૈયામા સળગતી હતી. એક ડગલુ આગળ વધવાને હિમ્મ-ત ચાલતી નહિ ! અવાચ્ય પશુને ઘાતકીયો જેમ કસાઇખાનામાં ગરૂ-દન રહેંસવા લઇ જાય, ને જેમ એ જીવડો તરફડાટ કરે, તેમ મધુ-રીના જીવનને કલ્પાત થતું હતું, પરંતુ લાચાર હતી.

રાત્રીએ સૌ સાથે જમ્યાં, વિનોદરાય જો કે આજનો કેસ ચલાવતાં થાકી ગયા હતા, તોપણ કેસમા જડજનું વલણ પોતાની દલીલપર હતું, એટલે તેનું લોહી ઉછળતું હતું, મિજાજ ખુશનુમાં હતો. આગલી પાછલી વાત વધારે પ્રફુલ્લતી હતી, પોતાની નિદ્રા પણ ટળી ગઇ હતી, પોતે ચોકમાં જ હિંચોળાપર ઝુલતા હતા.

રાત્રે મધુરીને સાસરે મુકવા જવા માટે ગાડી આવી. સુમન હજી પોતાના રૂમમા ગયો નહોતો. મા સાથે વાતો કરતો હતો. મધુરી અચકાતી જીભે, ને દુ:ખાતે દીલે માતાની રજા લેવા આવી.

“મા, હું જાઉં છું !” એટલુ કહીને ચાલી, સુમનને સહજ ઇશારો કર્યો.

“ત્યારે હું પણ સુવા જાઉં છું, મા !” સુમને રજા લીધી.

“વારૂ, જાઓ—સવારે વહેલા વહેલા આવજો. ભગીરથોએ નિર્દોષ ભાવ બતાવ્યો, અને બન્ને ગયાં. મધુરી દાદર પાસે ઉભી રહી, ત્યાં સુમન પાસે આવ્યો. મધુરીએ ધીમે સાદે કહ્યું.

' સુમન! આજે હું કસાઇવાડે જાઉ છું ?' એટલું કહેતા તેનાં આખમાંથી દડદડ આસુ પડવા લાગ્યાં.

"એટલુ બધુ શુ છે, મધુરી! આજે તું કંઇ બહુજ ઉડા દુ:ખમાં લાગે છે."

"હા; વીતક બહુ લાંબી છે મને ગઇ રાતે સાસરેથી કહાડી મુકી છે, હવે આજે શી રીતે જાઉ ?"

"માજીને કાં કહેતી નથી?"

"પિતાજી જાણે તો કકાસ વધે!"

"એ વાત તે કેમ બને? વાઘરાના દેવને ખાસડાંની પુજાજ સારી! બાપાજી તેને ધમકાવશે, એટલે પાધરા થઇ જશે."

"કૂતરાની પુછડી કુદરતેજ વાકી કરી છે, તે સીધી કરવા કોણ સમર્થ છે? પણ હું ત્હારી કને એક માગણી કરૂં તો ?"

' કહે, મ્હારાથી બનશે, તો તરત અમલ કરીશ.

"મ્હારી સાથે ચાલ, જો મને મ્હારા વર આજે ઘરમાં દાખલ કરે, તો આ જ ગાડીમાં ચાલ્યો આવજે; નહિ તો—"

"નહિ તો તને સાથે પાછો લેતો આવુ ?"

"ત્હારે ગમે તેમ કરજે. કાં તો મને દરિયામાં કે વાવડીમાં ડૂબવા દેજે!" મધુરી કંટાળીને બોલી,

"વારૂ, ચાલ હું ત્હારી સાથે આવુ, ત્હારા સ્વામી તથા સાસુ ને સમજાવુ!"

"એ સાપણની જાત, સામા પુરે ચાલનારાં છે, તેને છેડવાની જરૂર નથી. હલકા માણસને જેમ મનાવીયે, તેમ બેવડા દુશ્મન થાય, તુ હમણાં તો મ્હારી સાથે ચાલ, જલદી ચાલ."

મધુરીએ દાદર ઉતરતાં સુમનની પીઠ ઠોકીને કહ્યું. સુમન પણ તેના સાથે ચાલ્યો. મધુરી પાછલે દરવાજેથી ગાડી ઉભી હતી,

ત્યાં ગઈ, ને સુમન મોટે દરવાજેથી, જ્યાં વિનોદરાય બેઠા હતા, તે માર્ગે પોતાના રૂમમા ગયો, ને જેમ તેમ કપડાં પહેરી લઈને છુપો ચોર પેઠેમ ઉતાવળો ઉતાવળો ગાડી તરફ ગયો. મધુરી ને સુમન બન્ને બગલો છોડી ગયાં. ગાડી ચાલ્યા પછી સુમનના હૃદયમાં દુઃખ થવા લાગ્યું; તોપણ તે પરોપકાર અર્થે ચાલ્યો. બહેનના ભલા ભાઈ તરીકે ચાલ્યો નિસ્વાર્થ પવિત્ર પ્રેમભક્તિ લેતો ચાલ્યો. બહુ સકટ હતુ, તથાપિ ચાલ્યો

પ્રકરણ ૧૭ મું.

તોફાની નાવમાં ડોલતી મધુરી.

કૌવચ કાંટા ના તજે, કીચ તજે ન કુવાસ,
દુર્જન તજે ન કુટીલતા, સજ્જન તજે ન સુવાસ.
ચંદન તે ચંદન સદા, નરમ સુગંધ પ્રકાશ;
બાવળ તે બાવળ રહે, નહિ નમ્ર ગુણ વાસ.

મધુરીની નમ્રતા, રંકપણું, સહનશીલતા અને ભલાઈ તો ખરે ચંદન જેવીજ છે. તેના પતિ કનકરાયની કઠોરતા, બાવળ કરતાંયે કઠણ ને સરસ કરતાંયે નરસ મિજાજની છે. કર્મયોગે પૂર્વના સંસ્કારથી સુખ-દુખ લેવા, શત્રુ મિત્ર થવા અવતર્યા, ને સયોગ થયો, પછી પાણી પથ્થરને સાથે ઘસાય છે! પાણી એમ સમજે છે, કે હું પથ્થરને નવરાવીને સાફ રાખુ છુ; પથ્થર એમ સમજે છે, કે હું પાણીથી પાતળો થતો જાઉ છુ.

"સુમન, જો તુ નિરંજનીને અહી લાવ્યો હોત તો વધારે ઠીક પડતે; મ્હારૂ એક સ્ત્રીસંગી થતે!" મધુરી બોલી.

"હા; પણ મ્હારાં હથિયાર હાથમાંજ રહી ગયાં; પિતાનો પક્ષ બળવંત નિવડ્યો !"

"ત્યારે હવે મને તે ક્યારે મળશે ? એમનો ફોટો તો પડાવવો હતો ?"

"ફોટો પડાવતાંજ આ વિઘ્ન નડ્યું છે. ફોટો કાલે કદાચ અહીં આવશે.'

"ઘણી માયાળુ ને ડાહી છે, નહિ ?"

"ખરે, ઘણીજ નમ્ર ને ભલી છે, ત્હારા જેવીજ છે."

"પણ મ્હારા જેવી તે દુઃખી નથી !'

"હા, તેનુ મન, મ્હારી ભેટ પછી વધારે ઘેલુ લાગે છે, તો પણ લગાર વહેમી જણાય છે."

"વ્હાલાંઓ વધારે વહેમી હોયજ, કેમકે તેણે પ્રેમીના પ્યારનો જાણે સ્વતંત્ર કોન્ટ્રેક્ટ લીધો હોય, ને બીજાને જરાયે ઉપયોગી ન હોય, તેમ માને છે; ને તેથી તે દરેક સામે શકની નજરેજ જુએ છે."

"તોપણ તેનું દીલ કેવળ બિલોર જેવું ચોખ્ખું, ને ચંદનીમાં દુધ દેખાય, તેવું ઉજળું છે."

"પ્રભુ તમારૂં જોડુ સુખી રાખે ! અમારાજ ભાગ્યમાં આ અવતારે આ રઝળપાટ હશે !"

"કઠણુ યત્ન કરીશ, તો તે પણુ સુધરશે. ઉસ્તાદ કારીગરો, પથ્થરમાંથી પણ એવાં સૌંદર્યવંતાં પૂતળાં બનાવે છે, કે લોકોને દિવાનાપણું લાગે છે."

"માત્ર તેની પ્રકૃતિને મળી જવુ જોઇએ."

"હા; હું યત્ન કરીશ," એટલું કહેતાં ગાડી તેના સાસરાના દરવાજા પાસે આવી. અને પેલી રંડા તથા કનક બન્ને ચમક્યાં.

રામા ધાટીને જોવા મોકલ્યો. શેઠાણીની ગાડી આવ્યાની ખબર કરી, અને રંડા સાસુ ચમકી.

"મુવા બાયલા! બે બદામની વૈરીને પણ પુરો પડી શકતો નથી? ગઈ રાતે તને કેટલુ સમજાવેલો, રડયા કાળીયા? કહાડ, એ છોકરીને આંગણામાંથીજ પાછી કહાડજે; એના બાપની કશી ઓશીયાળ નથી." રંડાએ કનકનો કાન પકડીને ઉઠાડયો. કનક નીચે ગયો, ને પોતે માળની બારી કને ગાડી જોવા આવી.

અફસોસ, ગાડીમાં તો એક પુરૂષ જોયો. મધુરીને તેની સાથે વાત કરતી જોઇ. ગાડી પાછી ફરી, ને બંગલો છોડીન દુર રસ્તાપર ઉભી રહી. શંકાશીળ સાસુડી ચેષ્ટા જોવાને ત્યાંની ત્યાંજ ઉભી રહી.

મધુરી જેવી દરવાજામાં આવી, કે પેલા નાદાન કનકે એક તમાચો ખેંચી કહાડયો.

"વાંદરી! કૂતરી! બિલાડી! તને ગઇ કાલે ના ન્હોતી કહી? શા માટે પાછી અહીં આવી? જા, ચાલી જા, આવી હોય ત્યાં, કે ગમે ત્યા પાછી ચાલી જા?"

"વ્હાલા! હું તમને પરણી છું, તમે મ્હારા નાથ છો! આ મ્હારૂં હવે ઘર છે, હુ બીજે કયાં જાઉં!"

"દરિયો તો છે કની?"

"પછી તમે શુ કરશો?"

"કોઇ દીકરી નહિ દે, તો પછી વાંઢા રહીશુ?"

"કોઇ હલકા કૂળની છોકરી મળી તો તમે દુઃખી થશો!"

"તેની ત્હારે ચિન્તા નહિ, જા—ચાલી જા?"

"પણ મ્હારો કંઇ વાંક છે? જો હોય, તો મને કહો?"

"તું મ્હોટાને ત્યાં અવતરી, તે તારો વાક!"

"અને તમને, વરી, તેનો તો વાંક નહિ કની?"

" હું હવે લાંબી પચાત નથી કરાવતો ! મ્હારી મા મ્હારી વાટ જોતાં હશે. તેણે ગઇ કાલેજ ત્હારી સાથે વાત કરવાની મનાઇ કરી છે. માટે જા ? "

" મ્હારી સાસુને હું સમજાવું, પગે લાગું. મ્હારો વાંક હોય, તો ખોળે નાખે ! ભલે મને તેઓ બે તમાચા મારે, મ્હારે હવે તમારા વિના બીજું કોણ સગું છે ? "

" મ્હારાથી તને ઘરમા પગ મુકવા ન દેવાય ! "

" એટલી બધી હું અપરાધી ને અપવાદી છું ? "

" તે મા જાણે; હુ તો હુકમનો બંદો છુ ! "

" તમને પરણ્યું છે કોણ ? "

" તુ; પણ મા પહેલી ! "

" મા મરી જશે પછી ? "

" પછીની વાત પછી; રાડ વકીલાત કરવાને આવી છુ ? જા, નીકળ અહીંથી ! " કનકે તેને બીજી લાત લગાવી, ને ધક્કો મારીને તે દરવાજો દઇ અંદર ચાલ્યો ગયો મધુરી ચોકમાં પડી ગઇ. સુમને તેને ગાડીમાંથી જોઇ, અને તે તરત દોડી આવ્યો. કનક ઉપર આવ્યો, કે તેની માએ ઝડપથી બોલાવી લીધો.

" આંધળા ! ત્હારી આંખ્યો ફોડ ? જો, ત્હારી રંડાનાં ચરિત્ર ! સાથે કોઇ યારને લ્હેતી આવી છે. પહેલાથીજ એ લુચ્ચીએ સંકેત રાખેલો હશે, કે પોતાને હડધૂત કરશે, ને તેથી સાક્ષીરૂપ એક મણુસ સાથે લાવી છે. કાલે કાં તો ત્હારા હાથે બેડી પહેરાવશે ! જો, જો પેલી ત્હારી રંડા, ને તેની સાથે કોઇ પુરૂષ છે ! "

" તેને પકડી પાડું ! ચાટ પાડું ! "

" બેશ, બેશ, બાયલા ! તે કરતાં ત્હારા સસરા પર કાગળ લખીને છુટાછેડા કાં કરતો નથી, કે સહુનું પાપ ટળે, ને સુખ મળે ? '

૨૬ મધુરી.



મધુરી રડતે આંસુડે જોઇ રહી.

ભા. ૧. પૃ. ૧૧૬

" હા, એ વાત બરાબર છે, હમણાંજ લખું છું. '

કનક તરત મા પાસેથી પોતાના દિવાનખાનામાં ગયો, ને સસરાજી ઉપર વહુ વિરૂદ્ધ કાગળ લખવા બેઠો. કાગળમાં અક્ષના આંધળાએ ભમરડો ફેરવ્યો. મધુરી રડતી રડતી સુમન સાથે ગાડીમાં બેઠી. ગાડી ચાલી, ત્યાં સુધી સાસુએ બારી છોડી નહિ. ગાડી ચાલ્યા પછી પાછી વળી, ને જીવડાને સંતોષ દઇ સુતી !

" સુમન ! હવે મને તું કયાં લઇ જાય છે ? માત-પીતાને મ્હારાથી મ્હોડું તો નહિ દેખાડાય ! "

" ત્યારે શુ દરિયામાં પડવા જવું છે ? "

" તો હવે મને સંભાળનાર કોણ છે ? મ્હારે માટે નિવાસનું આશ્રમ કયાં છે ? હમણાં જો પિતાને મો દેખાડું, તો તેજ ઘડીયે મ્હારો હાથ પકડીને પાછા સાસરે વળાવે ! "

" તોયે માર્ગ ખુલ્લો થશે. તે લોકોનો મદ ઉતરશે. "

" પણ અંતે તો મ્હારે તેનીજ છાયામાં રહેવુ પડવાનુ છે ? "

" તો પછી આખરે સઘળો ભેદ ફોડયા વિના તો છુટકોજ નથી ! "

" બાપા, આજે પોતાના કેસમાં ગુંથાયલા છે. આજની રાત મને છુપાવી શકીશ ? "

" કયા છુપાવુ ? મ્હારૂ કઇ અહીં ખાનગી ઘર છે ? "

" આજની રાત મને ત્હારા રૂમમાજ રહેવા દે, પ્રભાતે સૌ ઠીક થઇ રહે,

સુમન વિચારમાં પડયો, અંતે હા કહી.

" પણ ઘોડાવાળો જાણુશે તે ? રખે ભોળપણામાં બડઘો ફોડી નાખે ! "

" ચિન્તા નહિં, ઉભી રહે, તેને સમજાવી દઉં ! " સુમને દોરી ખેંચી કે ઘોડાગાળાએ ગાડી ઉભી રાખી.

" ભાણા ! જરા ગાડી થોભાવીને નીચે આવ ? "

" આઇવો ભાય ! " ભાણાએ ઘોડાની લગામ ખેંચીને ભેરવી દીધી, ને નીચે ઉતરીને આવ્યો.

" છું કેતા છો ભાય ? " ભાણાએ ભલાઇ કરવા માંડી.

" ભાણા ! તું તો ડાહ્યો સમજુ ને વૃદ્ધ છું. મધુરી બહેનનું દુઃખ તો તેં નજરે જોયું. હવે બાપાજીને હમણાં વાત કરીએ, તો નાહક રાત વેળા કકાસ થાય. ઘરમાં તો જઇ શકાશે નહિ, માટે તું ત્હારા તબેલામાં બહેનને સુવરાવશે ? "

" ભાય, મોટું મણુષ વળી મ્હારા ગંદા તબેલામાં હુવે ? નાં–તમે તમારા ઓરડામાં હુવાડો, ને તમે ચાલમાં હુવો; પણ માજીને મળવાને અને તેની હંગાથે રહેવાને હું હરકત હોય, ભાય ! મધુરી બહેન તમે માને મળો નીં ? "

" ભાઈ, મ્હારાથી કંઇ થતું નથી, તેથી તો—"

" હું હમજ્યો; વાત વંઠી જાય, કારણ પુસે તો કેવુ પડે ! "

" ત્યારે તો તું એટલુંજ કરજે, મુગો રહેજે ! હું મધુરી બહેનને ત્હારા કહેવા પ્રમાણેજ મ્હારા ઓરડામાં રાખીશ, ને હું બહાર સુઇશ. "

" ને કહો તો હું ચોકી કરાહ; તમારી પાંહેજ ત્હાં હુવાહ ! કોઇ પાપીયો સાડી–સુગલી કરે. તો હું સાખશી પુરાહ ! "

" ઠીક, ત્યારે તો તેમજ કરીએ ! ચાલ, ગાડી ચલાવ, ને બંગલાની પાછળ તબેલા તરફજ ધીમે પગલે ઘોડાને હાંકીને અમને ઉતારી દે ! "

સુમનના હુકમ પ્રમાણે ભાણીયાએ ગાડી ચલાવી. અને દશ

મિનિટમા બંગલા પાછળ ગાડી ઉભી રાખી. મધુરી તથા સુમન ઉતરી પડચાં કુમનશીએ વિનોદરાયની દૃષ્ટે તે પડચા આજે અભાગીયે ચોઘડીયે કોઈ દહાડો નહિ. ને વિનોદરાય જાગતા હતા. કેસની ધુનમા બગીચાની અંદર આમ તેમ એકલા ચંદનીમા ફરતા હતા. તેની નજર ગાડીના અવાજ તરફ ગઇ, ને ગાડીમાંથી બે જણને ઉતરતાં જોયાં. સુમનના રૂમ તરફ જતાં જોયાં. વિનોદરાયે કલ્પના કરી, કે કદાચ "સુમન આજે અમદાવાદથી આવ્યો છે, તેને મળવાને તેનો મિત્ર પોતાની પ્રિયા સાથે આવ્યો હશે. ગાડી કદાચ મધુરીને મુકવા ગઈ હશે, તે ગાડીમાં તે લોકોને બોલાવ્યા હશે. તેમને તેડી લાવવાને ભાણીયાને કહેલું હશે." આ કલ્પના કરતો, નજરના ઝેરને મારતો, વિનોદરાય પથારી પર ગયો, હવે રાતના અહીં શુ બન્યું, તે તપાસીયે.

પ્રકરણ ૧૮ મું.

પવિત્ર—પ્રતિજ્ઞા !

ગર્ભાશમાં જેમ બીજ છુપાયલુ હોય છે, તેમ સત્યના પડમાંયે નિર્દોષતા છુપાયલી હોય છે. અરણીમાં અગ્નિ, ચન્દ્રમામાં શિતળતા, અને કસ્તુરી મૃગની ડુંટીમાં કસ્તુરી પદાર્થ દબાયલો રહે છે.એ સર્વ વસ્તુની કિમ્મત આંકનાર વીરલા બહુ થોડા છે. તેને શોધતાં ઘણી મુશ્કેલી પડે છે.

નિર્દોષ પ્રેમ ને નિર્દોષ માયામાં સદોષનાં પડ હોય છે. અનેક પૃથ્વીનાં પડ પછી પાતાળ, અને અનેક વાદળાંનાં પડ પછી આકાશ આવે છે, કાંદા જેવા ક્ષુલ્લક પદાર્થનો અનુભવ લ્યો, તો સહેજે જણાશે, કે કેટલાં પડ પછી તેનું ખરૂ બીજક મળે છે? મૂળ શોધવું મુશ્કેલ

છે, તે ઘડીકમાં મળી આવતુજ નથી. સોનુ તે સોનુ છતા કસોટીપર ચડયા પછીજ સત્તાબ્ં કે સો ટચનુ પરખાય છે હીરો ચમકતો છતા, છોલાય છે, ત્યારેજ તેનુ ઓપ દેખાય છે–કીંમતી થાય છે. ચંદન બાળ્યા પછીજ સામાન્ય કાષ્ટ કરતાં ચડીયાતુ જણાય છે.

ભલી ને ગરીબ મધુરી રાત્રીના એકાન્ત ભાગમાં આવી રહેલી છે. તેના હૃદયમાં તાપના ભડકા ઉડે છે. એક તરફથી ભય અને બીજી તરફથી વેદના ઉઠી છે. માતાપીતાના આકળા બન્ધનને લીધે તે આ સ્થિતીયે પહોચી છે.

કેટલાંક માબાપો પોતાના બચ્ચા તરફ, કેટલાક મિજાજી શિક્ષકો બાળકો તરફ, ને કેટલાક ગોવાળો જનાવરો તરફ અઘટિત દબાણુ કરીને તેને સખ્ત જાપતામાં રાખી અની મુઝાવે છે તેનું જ્યારે અઘ-ટિત પરિણામ આવે છે, ત્યારેજ તે પસ્તાય છે.

મધુરીને અને સુમનને એવાજ અઘટીત બન્ધનને લીધે આ સ્થિતીયે પહોંચવુ પડયું છે.

આ મહાકાળ રાત્રીયે જો કે તેઓ કેવળ ભાઇ બહેનની શુદ્ધ વાસના ને પવિત્ર પ્રતિજ્ઞાથી સંસ્કારી બનેલા છતા, એકાન્ત, રાત્રી અને સંજોગ વચ્ચે તે સપડાયલાં છે જગત ભયકર છે. લોચન ઝેરી છે, ને લોકો પોતેજ અઘટિત કે અવિચારી નજરે જોવામાં કંઇક મઝા સમજે છે

સુમન લગાર ગરમીના તાપથી કંટાળીને બહાર ગેલેરીમાં ઇઝી-ચેરપર પડયો હતો મધુરી અંદરના રૂમમા એક ખુરશીપર બેસીને ટેબલપર કોણી અટકાવી, આંગળીયો ગાલપર રાખી ધીરે ધીરે, ધીમા આસુડાં ઢાળતી હતી સુમનની સુસ્તી ઉડી, ને અડકાવેલા દરવાજા તરફ નજર કરી, તો દ્વારની વચ્ચેના ભાગમાંથી મધુરીના મ્હોંપર

આસુ પડતાં જોયાં.: દીવો બરાબર મધુરીના મ્હોને જોતો હતો. પ્રકાશથી દીપાવતો હતો

મધુરી એટલી તો ઊંડા શોકમા હતી, કે જોનારને ખરે એમજ લાગે, કે કાં તો આ કોમળ કામિની પોતાનો દેહાત્મા જુદો કરી દેશે! કેમકે કોમળ સ્ત્રી જાત, ઘરની અંદરનાં, કહો કે વ્હાલાંના દુઃખ ખમવા સમર્થ નથી તે વેરી સામે સિંહણ છે. પણ વ્હાલા સામે બિલાડી જેવી બ્હીકણ છે.

જોકે તેમ કસોટીયે ચડવાનું કેટલુક સહન કરવુ પડે છે. રૂને પિંજાવી, કોકડાં કરીને, જે તાર બનાવે છે, ત્યારેતો માત્ર તેની ચીકાશ જણાય છે, સારા–નઠારા રૂના તાતણાની કિમ્મતે આવે છે, આટલુ મોટુ દુઃખ થયા છતા હજી તો તે તાતણો કહેવાય છે જ્યારે તે કસોટી પર ચડીને વણાય છે, અને ખળ ખાઇને ખાદીના બાપનુ સગપણ જોડે છે, અને તે ધોવાઇને કાં તો સફેદ યા રંગીન બને છે, ત્યારે તો કપડા તરીકે પકાય છે. એજ રીતે આત્મજ્ઞાનીયો, સંસાર–સુખનો ભોગ આપે છે, ત્યારે તે મહાત્મા બને છે. તો પણ તેમને હજી અદ્વૈત સિદ્ધાન્તનુ પુરૂ શોધન કરવુ ભારે પડે છે. એક નિર્દોષ પર આવેલો અપવાદ પુરાવાના બળે ખરો પડે છે. ને તે શિક્ષા ભોગવે છે પછી તે કયા કાળનો સંગોગ–દોષ તેના પર આવી ચડયો હશે, તેની કોને ખબર? લોકો તો કહેશે, કે પ્રભુને ત્યા અન્યાય છે, પણ પોતે બુરા કર્મની થાપણ એકઠી કરી હશે; એ તેને ખબર નથી, માત્ર ચોર ખાતર પાડી ગયા, માટે રડવુ ને ઇશ્વરને દોષ દેવો, કે પોતાનું સકમાઇનુ ધન ગયુ. તેજ રીતે પુત્ર મિત્ર ને મારા દુશ્મનોના સબંધમા તાજી કલ્પનાનુ બધારણ છે, કે જેના અંતરપટની આપણને કશી ખબર હોતી નથી

સુમનનું હૃદય મધુરી પ્રતિ કેવળ નિર્દોષ, ને નિષ્કામી છે

નિસ્પૃહ ભાવનાથી તેની પ્રત્યે તે માનસહિત રહે છે, તે છતાં ધર્મ કરતાં ધાડ પડે, તેમ આફતકાળ ઇર્ષ્યા કરે, તો સદાય રીગણી પર હીમ પડતુંજ આવેલુ છે! નબળા ઉપરજ સબળા ફાવે છે. ચંદનનું ઝાડ ઝડપથી છેદાય છે. બાવળ તો અનેક કુહાડાની ધારો ખાઇ જાય છે, ને છેદનારની મહેનત બરબાદ જાય છે.

મધુરી સંકોચની સગડીના તાપથી તપી રહેલી છે. તીવ્ર દબાણુના જોરથી ઝકડાયેલી છે. નિર્દોષ છતાં ને સ્વતંત્ર છતાં, અમુક બન્ધનોને લીધેજ માત્ર તેની જીંદગી પર આઘાત પડે છે.

"મધુરી! ત્હારે આજે કેટલુંક રડવુ છે? હવે તો મ્હારાથીએ સહન થતુ નથી. મ્હારા સમ, હવે રડવું બંધ કરી દે, જરા નિદ્રા લઇ લે; બનવાનું હશે તે બનશે?"

સુમન, અંદર આવીને પાસે પડેલી ખુરસીપર બેસીને મધુરીનાં આંસુ રૂમાલથી લુછતાં કહ્યું.

"શું તું મને નહિ બચાવીશ? તું મને નહિ આશરો આપીશ?" મધુરી ચ્હેરો બદલીને સુમનના ગળામાં હાથ નાખીને બોલી—

"મધુરી! આજ ત્હારો ચ્હેરો મને કંઇક વિકાળ માલમ પડે છે. આજ તુ ઉશ્કેરાઇ ગયલી છું! શાન્ત થા ગુસ્સો હરામ છે! ક્રોધને સુખનું બળિદાન દેવાનું કામ આપણું નથી. જરા સુઇ જા! ક્રોધ દબાઇ જશે. અવિચાર મરી જશે."

"સુમન! તું શું મને નાદાન કે બાળક સમજે છે! કહે, તું મને ત્હારા હૃદય—મંદિરમાં જગ્યા આપીશ કે નહિ? મ્હારૂં જીવતર જોવા તુ રાજી છું?"

"હા; તને જીવતી જોવા, સુખી જોવા, ને સદાની શાન્ત જોવા હું રાજી છું. મેં તને મ્હારા પવિત્ર હૃદયમાં જગ્યા આપી નથી,

પણ કુદરતે મને ત્હારા સદ્‌ગુણ બતાવીને એવો તો પરવશ કર્યો છે, કે હું સદાય તને તેની જોવા રાજી છું !"

"સુમન ! તેમજ હવે હું તને મ્હારાથી સુખી જોવા રાજી છું; પણ વચન આપ, કે તું મને સદા ચાહીશ ?"

"હા, મ્હારૂં વચન છે-અભય વચન છે, કે ત્હારા જેવી ભત્રી પણ દુઃખી બાળાને મ્હારાથી બનતી સહાય આપવા, ને ભલા દીલથી ચાહવાને હું બંધાયલો છુ !"

"હું સંસારથી કંટાળેલી છુ. માબાપોની મરજી એવી છે, કે ભલો યા ભુંડો, જે પતી સાપડ્યો છે, તેને ત્હારે નિભાવી લેવો, તે ખોટી ચાલનો હોય તો સારી ચલનો બનાવી લેવો પતિ પોતાની સ્રીને વશ હોય છેજ; માત્ર પત્નિની કસુરથીજ પતિ વઠી જાય છે. માટે સ્રીયોની ફરજ છે, કે ગમે તે જુક્તિએ પતિને સાચવી લેવો. જે સ્રી પતિથી વિમુખ હોય છે, તેની સદ્‌ગુણતામાં કંઇક કચાશ હોય છે, તેની નિર્મળતામા મેલ હોય છે, ને તે ચળકતા સ્વરૂપમાં કંઇક કાળાશ હોય છે ! આ વિચારો પિતાજીના મનમા પ્રસરી રહેલા છે, ને તેથી તેઓ મને પતિ દુઃખે પિયરમા રહેવા દેવાની સાફ ના પાડે છે. તને હું એટ । માટેજ મ્હારી સાથે સાસરે લઇ ગઇ હતી. તે મ્હારો અવતાર જોયો-મ્હારો સડેલો સંસાર જોયો. માત્ર હું ઉમદા પિતાની પુત્રી, ધનવંત પિતાની પુત્રી છુ, કેળવાયલી છુ, કંઇક રૂપાળી છુ, એટલા માટેજ હુ તેને લાયક નથી; કેમકે સાસુજી રમતીયાળ ને વરજી બિચારા અક્કલ વગરના છે. પિતા દુરાગ્રહી છે. પતિ કંઇ સમજાવ્યા મ્હારાથી સમજતા નથી, સમજે ખરા, પણ માથી છુટા થાય તો ! તેમ બનવાનુ નથી. માને તો તે વશ છે, હવે મ્હારે શુ કરવુ ? ક્યાં જવુ ? ત્રણ દિવસથી માર ખાઉં છું. મેં તને અમદાવાદ પત્ર લખ્યો, તેમાં પ્રથમ

શંનની સમસ્યા કરી છે. એ દિવસથી આ હાલત છે. જો કાલે જઇશ, તો નક્કી ખુન કરશેજ: ને તેમ થતા મને મ્હારા દેહની હરકત નથી. મ્હારે દુનિયામાં સુખ જોવુ નથી, પણ જેને હુ વરી, જે મ્હારાથી આ સંસારમા સુખી થવાનો ગણાય, એ સ્વામી સપડાય તે માટે હું રાજી નથી. પિતાજી હમણાં તો પોતાની રઢ લઇ બેઠા છે, પણ જયારે એમ જાણશે, કે દીકરી દુઃખ વેઠીને મુએ મ્હારે પતિના હાથે મરણ પામી છે, ત્યારે તે દીકરીની વ્હારે દોડશે. ને વરને ફાંસી અપાવશે! હમણા જો કહેવા જાઉં, તો મને વગર દોરડે ફાસી આપશે. કડવાં વચન કહી ઉભા રહેશે. કહે, હવે મ્હારે કેમ કરવુ? માતાને કહેવાથી તે રડશે, ને ઘરમાં કકાસ થશે બાપાજી પણ તેને લડશે. ને કહેશે કે તુજ છોકરીને અસુખી કરશે. મ્હારે બાહર માને છુપા દુખમાં રિઝાવ્યા કરતા મ્હારે જ ભોગવવું કા નહિ?"

"વાહ, એ બધુ તો તું સમજે છે. અને હવે ભાવી ભોગવવા નુ તું કબુલ કરે છે ત્હારા દુખમાં બીજા કોઇને ભાગીદાર કરવા ખુશી નથી; તો તો પછી હવે ધિરજ છોડીને તું શું કહેવા-કરવા ઇચ્છે છે?"

"હું એ ઇચ્છુ છુ, કે રહૂં કયાં? આજ સવાર સુધીજ હું ત્હારી પાસે રહીશ. પછી? રાત પડી એટલે?"

"ત્યારે શુ તુ મા બાપને જાણીતા કરવાની ના પાડે છે?"

"હાજ તો! મેં નથી કહ્યું કે બાનું કહેલુ પિતાજી માનવાના નથી. પિતાને રુબરૂ કહેતા તે મ્હારો વાંક રજુ કરવાના છે?"

"ત્યારે હવે તને શુ સાધન જોઇએ છે, કે જેથી તુ શાન્ત થાય!"

"મને, હા–પણ ના–જીવ નથી માનતો, જીભ નથી ઉપડતી!"

"મ્હારા સમ! થવું ન થવુ પ્રભુ હાથ છે, પણ મનનો મેલ તો કહાડી નાખ!'

"મ્હારે ખાતર તું દુખ વેઠી શકીશ?"

"તુ જો સુખી થતી હઇશ તો ભોગ આપીશ."

"જો જે હું! બ્હીા જતો, બાઇલો બનેતો!"

"ના, પવિત્ર માર્ગે જતાં કદાચ મને અપવાદ ચડાવી મ્હારા સુખના રસ્તા બંધ થશે, તો હું થવા દઇશ!"

"જગત એમ કહેશે, કે તું હવે સુખવાળી સંસારમાં વસવાને યોગ્ય નથી!"

"તોપણ ત્હારે ખાતર—એક પવિત્ર પ્રેમથી ને પ્રતિજ્ઞાથી બંધાયલા ભાઇ બ્હેનના સંબંધને ખાતર."

"બસ—બસ કર, સુમન! મ્હારૂં સાંભળ? જ્યાં સુધી સ્ત્રી પોતાના સ્નેહીને, ભાઇ તરીકે ચાહે છે, ત્યાં સુધી તે સંબંધને લાયક છે, પણ જ્યારે તે પોતાના પ્યારા તરીકે—"

"મધુરી! તું આજે પલટાઇ ગઈ છુ કે? આ તું શું બકે છે? તુ મને અપવિત્ર પ્યારના વિમાનમા ઘસડી જવા ચાહે છે?"

"ના, પ્યાર અપવિત્ર હોતો નથી જે જેને ચાહે છે, તે અ- પવિત્ર પ્રેમથી નહિજ! બોલ શો જવાબદે છે?

"તુ પરણેલી છુ, તું ત્હારા પતિની વ્હાલી છુ!"

'ના માત્ર વિવેકને ખાતર, ધર્મને ખાતર નહિ! માત્ર મ્હારા દેહને દોરાવ્યો છે, આત્માને નહિ! મેં અગ્નિ સામે બેસીને હૃદય પૂર્વક, સમજીને, સ્નેહથી વરીને પ્રતિજ્ઞા કરી નથી! મે જે લગ્ન કર્યું છે, તે આસુરી છે, દૈવી નથી! મને પ્રતિજ્ઞા કરાવતા જે સસ્કૃત શ્લોકો બોલાવ્યા છે, તે હુ સમજી નથી. મ્હારો હાથ આપ્યો ત્યારે મે મ્હારા વરને જોયા નથી. મ્હારા મોં આગળ ઘુમટો હતો.

મ્હારા હાથ ઉપર વસ્ત્ર હતું. હું વચનથી, ધર્મથી, કે હૃદયના કોલથી વરી છું ? ન્યાય સૂત્રથી નિર્ણય કરજો વ્યવહારી વાત બાજુ પર ધરજો. મ્હારૂં લગ્ન શુદ્ધ છે ? "

" મધુરી ! લોકાચાર, ગ્રામાચાર, કુલાચાર અને ધર્માચાર, એ આપણા આર્ય સંસારીના ચાર સમ્પ્રદાય છે. મનને દઢ રાખીને ભગવત પર ભરૂસો રાખીને આપણે તે પાળવા જોઇએ. શું શિવલીંગમાં કઈ દૈવત છે ? શુ કૃષ્ણમૂર્તિમાં સિદ્ધી છે ? ના; પણ માત્ર શ્રદ્ધા ફળે છે. આપણા સંસારમાં આ કાળે વળી પરખીને કોણ પરણે છે ? પ્રેમથી કોણ પુજે છે ? આ કાળમાં તે સ્ત્રી ને પુરૂષોએ પોતાના સુખ સાધન સજવા માટે પરસ્પર નિભાવી લેવાનું છે. ન્યાયાસન પર બેઠેલા અધિકારી જો સંજોગ તપાસીને શિક્ષા ન કરે, દયા ને વિચાર રાખીને અમલ ન કરે, તો જેલમાં માણસોને સંભાળવાં ભારે પડી જાય. સરકારને તે માટે મોટાં લશ્કર રાખવાં પડે ! અનીતિ ને અધર્મ કંઇ સંસારમાં થોડો થતો નથી. સઘળાંજ અધર્મીને પાપી કઇ આપણી આ ભુમિની કોર્ટમાં ચુકાદો લેવા આવતા નથી. એમ હોત તો પુનર્જીવન માનવામા ન આવત. એમ હોત તો પૂર્વના સંસ્કાર, ને સુખ–દુખનાં ભાવીની વાતો પ્રકટ ન થાત ! કેટલાંક અહીં જેલમાં દેખતાંજ શિક્ષા ભોગવે છે, ને કેટલાંક અણુડ રીતે તન–મનની છુપી પીડા ભોગવે છે ! ઇશ્વરને ત્યાં જગી–લાકડીનો અવાજ છે. માટે ભયંકર સંસારમાં સમજીનેજ ચાલવાનું છે. ડગલે ને પગલે અસુખ, અધર્મ ને પાપ વસેલુ છે, ને તેથીજ સંસારને મહાત્માઓ અસારભૂત કહે છે. વળી ખાસ શ્રી કૃષ્ણ પ્રભુએ અર્જુનને કહેલુ જ છે, કે જો ત્હારે આ ભવમાંજ મુક્તિ મેળવવી હોય, તો સંસાર સંભાળવો ! કેમકે તેમાં અધર્મના દરવાજા છે, ને તેમાથી ત્યારે નીકળી જતુ. સંસારી ધર્મ બજાવીને નીકળનારાની મુક્તિ સહજ છે, કેમકે તે કસો

ટીમાંથી પસાર થાય છે. માટે સંસારીઓએ વિટમ્બના જોઇને ડરી જવાનું નથી. ઉશ્કેરાઇ જઇને, આકળાં પડીને, આ જીવાત્માપર ક્રોધ લાવી, પોતાના માનવ અવતારનું, અરેરે આ મુક્તિના ધામનું બળિદાન દેવાતું નથી. તુ હ્મારા પતિને જો ? પેલી સુકન્યા તથા સાવિત્રીનાં વૃતાત તરફ જો ? પેલી અનસુયા સતીનાં કર્તવ્યપર નજર કર, અને પછી તું મને હ્મારા પવિત્ર હૃદયમા જગ્યા આપ. ભલી મધુરી ! વ્હાલી બહેન ! જે સુખ પવિત્ર પ્યારમાં છે, જે નિર્ભયતા પવિત્ર પ્રેમમાં છે, જે મુક્તિ નિર્મળ ભક્તિમાં છે, તે કામથી ગંદા બનેલા સ્નેહમાં નથી. જે લોકો એ તુચ્છ સુખ ગણકારે છે. તેને હું ધિઃકકારૂં છું. પવિત્ર પત્નિને મળેલો પતિ, કે પવિત્ર પતિને મળેલી પ્રિયાના સ્નેહમાં જે સૌદર્ય છે, ધર્મ છે, સુખ—શાન્તિ છે. ને જે પ્રભુ અંશ છે તે બીજા કોઇ પ્રેમમા નથી, કૃષ્ણ યજુર્વેદ સંહિતામાં સ્પષ્ટ લખેલુ છે, કે—

સ્ત્રી અને પુરૂષ જે દમ્પતી સજોડ હોય, તોજ દેવકાર્ય થઇ શકે છે. દમ્પતી ધર્મમા પ્રભુનો અંશ છે. તેનાં સત્કર્મ, એ પ્રભુની પ્રસાદી છે. માટે સ્ત્રી અને પુરૂષે એકત્ર થઇ રહેવુ. અર્ધાગ તરીકે બન્નેનાં કર્મ એક કરવાં ને બન્નેએ સાથેજ મુક્તિ મેળવવી; એજ ખાતર સતીએ પતિ સાથે બળવુ, કે તેના જીવનપર આઘાત ન પડે.”

“ પણ જ્યારે પતિ પ્રેમી હોય, ત્યારે કની ? ”

‘ મધુરી ! કારિગર એક બાવળનુ લાકડું જંગલમાંથી લાવે, ને તે વેચે તો પાચ પૈસાએ ન પાકે; પણ તેનો ખુરસી જેવો ઘાટ ઘડે તો ? સોની એક સોનાનો કુકડો વેચે તેમા, અને તેનો સુંદર ઘાટ બનાવે, તેમાં કેટલો અંતર ? હ્મારી સદ્‌ગુણતાની ખુબી શું ? હ્મારી કેળવણીની ખુબી શું ? તુ જ્યારે રંક સંસારને ઉમદા કરી બતાવે, તું જ્યારે અભણ પતિને વિદ્વાન કરી દેખાડે, તું જ્યારે

સ્વચ્છંદી પતિને પોતાને વશ કરી બતાવે ત્યારેજ ખુબી ! માટી લાવીને ઉભો રહેનાર ગધેડા તે કુંભાર નથી ! માટીને પલાળીને ચીકણું બનાવી, ચાકડે ચડાવી, ઘાટ ઉતારીને પકાવી આપે, તે કારિગર ! તું તો આડે માર્ગે દોરવાય છે ! શુ તુ તને પોતાને ઓળખે છે કે ? ઘેલી ! વેળા-કવેળાના અવિચારી વિચારને શરણે કદી પણ શાણા માણુસ થાય નહિ ! વિશ્વામિત્ર મુનીયે હજાર વાર હરિશ્ચન્દ્ર કને જુઠું બોલાવવા યત્ન કર્યો, માત્ર એટલુજ બોલવાનું હતું, કે "હજાર મોહોર આપવાનું દીધેલું વચન યાદ નથી ! " અને એટલું જો હરિશ્ચંદ્ર કહે, તો અયોધ્યાનું આખું રાજ્ય તેને પાછું મળનાર હતું; પણ એ સૂર્યવંશી ને એક વચની રાજાએ આ વાત ઘણાજ તિરસ્કાર સાથે ના પડી, અને પોતાનુ વચન તથા ટેક રાખવાને પોતે એક ઢેડને ત્યાં વેચાયો, ને સ્ત્રી પુત્રને પણ વેચીને ઋણ આપ્યું ! શુ હરિશ્ચન્દ્રને રાજ પસદ નહોતુ ! પ્રિયા તથા પુત્ર પ્રત્યે પ્યાર ન્હોતો ? શુ જરા જુઠું બોલવાનુ પ્રાયશ્ચિત થયુ ન્હોતુ ? પણ ના; સત્ય ન તજવુ. જે વડે આ જગતમા સૂર્ય-ચંદ્ર પ્રકાશે છે, જે સત્ય વડે આ દેહને ધર્મ શોભે છે, તે ન તજવું; એજ કરવુ, તેમા મુક્તિ, ને તેમા ગતિ છે સતીની શક્તિઓ એજ રીતે વધે છે સતીયો એજ રીતે પ્રભુને પોતાના કરી શકે છે સુકન્યાએ અધપતિની આખ્યો અપાવી, અને સાવિત્રીએ મૃતપતિનો દેહ બચાવ્યો , તે પવિત્ર સત્ય વૃતના અભાવે ત્હારી પેઠે દુખથી કંટાળીને બ્હાવરી બની, પતિને તજી ગઈ હોત, તો કોણ જાણે કયા ખાડામા અથડાયલી હોત; માટે તને પણ ખરી કેળવાયલા, અને સાચી સતી હું ત્યારે જાણીશ, કે તુ અનેક કષ્ટો સહન કરીને પણ ત્હારા પતિને શુધારીશ, ને સુખી થઇશ. જ્યાં સુધી તું એ પ્રતિજ્ઞા નહિ લે, ત્યા સુધી હવે મ્હારે ત્હારૂં મોં જોવુ હરામ છે. રામ રામ છે ? " એટલુ કહીને સુમન તરત ઉઠ્યો.

"સબુર ! વ્હાલા ભાઇ ' સબુર કર ! મને માફ કર !" મધુરી ઘુંટણુપર પડીને સુમનનો હાથ પકડી માર્ગ વચ્ચે બેઠી.

"મધુરી ? તું પ્રતિજ્ઞા લ્હે, કે લ્હારે લ્હારા પતિને ત્યા જવું; તે મારે તો મરવું, પણ જીવવા માટે કરીને સ્વધર્મને ન તજવો ! જો તેવી પ્રતિજ્ઞા તું લ્હે, તો તુ કહે તે ભોગ આપવા હું રાજી છું !"

"મ્હારી પ્રતિજ્ઞા છે, કે હવેથી મહાકષ્ટકાળે પણ હું પતિ પ્રેમનો, ને પતિ ધર્મનો અનાદર કરીશ નહિ, પર પુરૂષ પ્રતિ પ્રેમ દૃષ્ટિ કરીશ નહિ; સંકટમાં હારિશ નહિ; ને પરમાત્મા દુભાય, તેવુ કામ કરીશ નહિ ! મ્હારાથી જે દોષ થયો હોય, તે ક્ષમા કરજે ! પ્રભુજી, મને સહાય કરજે ! ' મધુરી એટલું બોલતાજ મુર્છિત થઇ ગઇ. સુમને તેને ઉચકીને પલંગપર સુવરાવી, પખો લઈ પવન નાંખતો બેઠા. થોડીવારે તે નિદ્રાધીન થઇ, એટલે પોતે રૂમનો દરવાજો બંધ કરીને ગેલેરીમા આવીને ખુરશીપર વિચાર કરતો નિદ્રાવશ થઇ ગયો. પવિત્ર પ્રતિજ્ઞા લેવરાવીને હૃદયમાં આનંદ માનતો શાન્ત થઇ ગયો.

પ્રકરણ ૧૯ મું.

ભાવી-પ્રબંધ.

સત્ય, ધર્મ ને ન્યાય, એ ત્રણે ત્રિપુટીથી જગત ચાલે છે, પણ તેઓ જગમાયાના પડમાં એવી રીતે લુપ્ત રહેલાં છે, કે તે એકદમ પ્રકટી શકતાં જણાતા નથી. અંતે તો કુદરત ખેલ ખેલીને જાહેર કરે છે, પરંતુ અનેક કાળ વ્યતિત થાય છે: અનેક સંભ્રમ ભોગ થાય છે. અને અનેક સંકટ સોસવાં પડે છે. કેવળ નિર્દોષ

માણસ પર કલંક આવી અડે છે કોઇ વેળાએ દુર્જન વેરીયોના પાપનો ભોગ થાય છે, અને કોઇ વેળા સંજોગનો ભોગ થાય છે; ગમે તેમ પણ ઉપલી ત્રણ વસ્તુ એક સાથે પ્રકાશ પામવી કઠણ લાગે છે.

ઘણીવાર સાચી વસ્તુ અંધારામાં રહી જાય છે. સૂર્યની ગતિ જુઓ, સમુદ્રનો ભરતીઓટ જુઓ, વરસાદનો આભાસ જુઓ, તો સ્પષ્ટ જણાય છે, કે તેના તેજ ને બળ ઘણીવાર છુપા રહે છે, ને તેનો પાર પામવાનેયે કોઇ સમર્થ નથી.

આપણી દેશીપ્રજા કેવળ દૈવી માર્ગ પ્રતિ જોનારી છે. તેઓ ભગવત ભરૂસે પોતાનું જીવન નાવ ચલાવે છે. સારૂં કે નઠારૂં, ભલું કે ભૂડું સર્વે પ્રભુથીજ થાય છે, ને તેનેજ સવ ચિન્તા છે વિદેશી પ્રજા તેથી ઉલટુજ માને છે તેઓ પુનર્જન્મને માનતાં નથી. એટલે આ લોક કે પરલોકનાં કર્તવ્યોને ઉચ્ચ કે નીચ ગણતા નથી માત્ર આ દેહે જે સુખ ભોગવાય, તે ભોગવી લેહેવુ પણ અનીતિ, અન્યાય, કે ધર્મ–અધર્મવાળું લાગે તોય ભલે, પાપનો પસ્તાવો હૃદયમાં કરી લ્હેવો, એજ ધર્મ ને એજ મોક્ષ માને છે આપણા ધર્મ પંથમાં તો અવતારસિદ્ધી સ્થપાયલી છે, એટલે જન્મ વિજન્મમાં આગલા પાછલાં કર્મ ભોગવવા જ પડે છે, ને તેથી અવતાર લઇને એક બીજાના સત્કારી થવુ પડે છે. શ્રી કૃષ્ણ પ્રભુએ અર્જુનને કહેલુ છે કે —

"કર્યા કર્મ ભોગવવાજ પડે છે કર્મ એજ મુક્તિ છે, કર્મ કરવાથીજ સિદ્ધી મેળવી શકાય છે."

માણસનુ ક્ષુલ્લક બુદ્ધિબળ કંઇ પરમાત્માની અનત શક્તિઓને પહોચી તો શુ શકે, પણ જાણવાનેયે સમર્થ નથી. જેણે અસંખ્ય જીવો ઉત્પન્ન કર્યા છે, એવા મહાશક્તિ ધરાવનારની ગતિએ

પહોંચવુ, એ કંઈ રહેલું નથી. માત્ર પોતાના ગુણ દોષ જાણવા આપણને અશક્ય થઇ પડે છે, તો પછી અનંતકાળ ને વિશાળ જગતને શી રીતે પહોચાય? સુખ-દુઃખ એ તો જનમ મરણ સાથે જડેલુજ છે. પ્રયત્નવાદીયો કહે છે, કે દુઃખ કદી પણ માણસને વળગવુજ ન જોઇએ, દુઃખ લાવનાર ને માનનાર માણસ ખુદ પોતેજ છે, પોતે એવા પ્રકારની રીતિ-નીતિ ને રહેણી કરણી રાખે, કે તેમને નિરાશ થવુ ન પડે, અસંતોષ બનવુ ન પડે! જે કર્મ કરે, તેમાં આશાજ ન રાખે, તો દુઃખ શુ? સંસાર અસારને મિથ્યા છે. આપણને જેટલો લાભ મળે છે તે લક્ષ્ય છે. આ સુત્ર પર પોતાના જીવનનો પ્રવાહ ચલાવે, તો દુઃખ શુ? ધન ગયું, તે દુઃખ? પુત્ર મુવો તે દુઃખ? કે સ્ત્રી તજી ગઇ તે દુઃખ? ત્હારૂ શુ હતુ ને ગયુ કે દુઃખ? માત્ર મૃગજળનો મહિમા છે.

મધુરી પોતાના દુઃખમાં રસબસ થયલી અંતે નિદ્રાવશ થઇ! આહા! તેમા તેણે શુ શુ જોયું? રામચંદ્રજી, સીતા માટે વનમા ભટકતા રડતા જોયા! સીતાને અશોક વનમાં પતિ-વિયોગે રડતી નિહાળી! તરતજ એ પડદો બદનાઇ ગયો, અને રામ-રાવણનું યુદ્ધ જોયુ! વ્હાલા સ્વામીનો મેળાપ જોયો! સીતા ભેટવા જતા રામે હાથ લાંબો કરીને અટકાવી, અગ્નિમા દેહ સહિત પ્રવેશ કરી શુદ્ધ થઇને ભેટવા આજ્ઞા કરી. સતી સીતાને અગ્નિમાતાયે વિશુદ્ધ કરી, અને તે ભેટી. અયોધ્યાગમન થયુ રાજ્યારોહણ થયુ, ને અભાગી સીતાનાપર નિષ્કલંકજ અપવાદ આવ્યો. રામે તેને વિના વાંકે-વનમા પાછી મોકલી! આહા! તે વળાનુ સીતાનું રૂદન કેવુ ત્રાસજનક થયુ હશે? વિના વાંકે વ્હાલા પતિએ આ પવિત્ર પ્રમદાને તજી દેતા કેવુ આક્રંદ થયુ હશે! પ્રભુને ત્યાં આ ન્યાય? સીતા જાણે જળમા ડુબી ગઇ, અને મધુરી તેને પકડવા

દોડી. સ્વપ્ન ઉડી ગયુ, આખ ઉઘડી ગઈ, અને ચોમેર જોયું તો જગત મિથ્યા ! આહા ! આ શું થયું હશે ? ડુબતી સ્ત્રીને બચાવવાનું પુન્ય સ્વપ્નામા મળ્યુ ? રાત્રી હજી બાકી હતી, એટલે પાછી સુતી– હજી તે ભ્રમણામાજ હતી

બીજા સ્વપ્નામાં તે જળભૂમિકામાં ઉંડી ઉતરી. નાગપ્રદેશમાં ચાલી ગઇ. ત્યા એક અઘોર જંગલમા, પહાડી પ્રદેશમાં, જીર્ણ પર્ણ-કૂટીમા એક સૌંદર્યવતિ રમાને, એક વૃદ્ધ પુરૂષની સેવા કરતી જોઈ ! પુરૂષ વ્યસની હતો. તેને સોમરસ પીવાની ટેવ હતી. તે ઉપર મચ્છ ભક્ષણ કરતો હતો. અને તે પછી ગાંજાનો દમ મારતો હતો. અંધ સુરદાસ હતો. સિદ્ધી પામ્યો હતો સંસારથી વિરક્ત હતો. તે છતા આ કોઇ કુલાંગના તેનુ સેવન કરતી હતી; પતિ વૃદ્ધ કામ વાસનાથી વિરક્ત, સંસાર વૈભવથી વિહીન, દુરાચારી અને વગડામા નિવાસ હતો: તે છતા આ સુંદર યૌવન પ્રભાવાળી પ્રમદા તેને પુજતી હતી, પોષતી હતી, પાળતી હતી.

તેના દ્વારમા અતિથી આવ્યો, અલેખ જગાવ્યો, પણ પતિ–સેવામા નિમગ્ન રહેલી સુદરી આતિથ્ય કરવાનુ ચુકી–અતિથિએ શ્રાપ આપ્યો, કે " દ્વારની બહાર ડગલુ દેતાજ અગ્નિ પ્રકોપ પ્રાપ્ત થજો.' આ વચનો ત્યા મુકીને અતિથી ચાલ્યો ગયો મધુરીને દયા આવી, કે રખે બિચારી પેલી બાઇ બળી જાય ! તે વ્હેલી વ્હેલી અંદર પર્ણકુટીમા કહેવા ચાલી–પણ દરવાજા નજીક જતાજ અગ્નિ પ્રકટી ને મધુરી અટકી પડી ! તે દુર ખસી ગઈ. એવામાં સામેથી પેલી સ્ત્રી બહાર આવવા લાગી–મધુરીને બહુજ દુ:ખ થયુ કે, હમણાજ આ ભલી સ્ત્રી બળી મરશે ! અરેરે, પેલા વૃદ્ધ સુદાસની શી ગતિ થશે ?

મધુરીની વાત મનમાજ રહી. જેવી પેલી સ્ત્રી, દ્વાર નજીક આવી, તેવી અગ્નિ પ્રકટી. સતીએ કમંડળમાથી જળ છાંટવા માંડયુ.

ને અગ્નિ ન્હાસવા માંડી. થોડે દુર અગ્નિમાથી શકિત પ્રકટી, ને સતીની ક્ષમા ચાહી !

મધુરી વિસ્મય થઇ ગઈ ! અને સતીને પગે પડીને આશ્રય માગ્યો. આ વાતનો ભેદ જાણવા માગ્યો; સતીએ કહ્યુ, કે—

"આ સર્વ પતિ–સેવાના પ્રતાપ છે, માટે દરેક સ્ત્રીઓએ પતિ–પ્રેમ સંપાદન કરવો. તું પવિત્ર છતાં ડગમગતી વાદળી જેવી બની છું. તેં પતિપ્રેમનો તિરસ્કાર કર્યો છે, માટે હવેથી પુનઃ પતિનો પ્રેમ સંપાદન કરીશ, તો જન્મ મરણના ફેરામાથી મુકત થઇશ સાંભળ, હુ તને સ્ત્રીધર્મ સમજાવું ! મ્હારા સ્વામીનાથ પ્હોડી ગયા છે, એટલે મને આ માનવ ધર્મ બજાવવાનો વખત મળ્યો છે. હું વૃદ્ધ પુરૂષની પત્નિ છતાં મને તેના પર અભાવ થયો નથી. હુ પીંડને પુજતી નથી, પણ પ્રભુરૂપ સ્વરૂપને પુજુ છુ. હુ કાયા–માયાનાં સુખ ઇચ્છતી નથી. મને કામ–વાસનાની ઇચ્છા નથી હું ઐહીક સુખ ઇચ્છુ છુ વૈકુંઠના પવિત્ર સુખ મેળવવાની મને ઇચ્છા છે. જો સાભળ. હુ તને એક વૃતાત સંભળાવુ. "હે સુવ્રતા ! જગતમા દુઃખી મનુષ્યો ઘણાં હોય છે. પણ તેમાં દુઃખીને દુ ખીનો સમાગમ થાય છે, ત્યારે તેઓ પરસ્પર પોતાના દુઃખના પુરેપુરા ઉભરા બહાર કાઢે છે ધૈર્ય ધર, આ તારા દુઃખની વાત સાંભળીને મારી કેટલીક કથા અને જમતી વેળાની ઉદાસીનું કારણ પણ હુ તને કહીશ. હે તરૂણી ! આ જગતમાં સૌથી મોટામા મોટુ બંધન પ્રીતિબંધન છે. પ્રીતિબધનમાંથી એકાએક છુટી શકવાને સમર્થ પુરૂષો પણ નિર્મળ થઇ જાય છે. તો પછી એવા બંધનને કારણ વગરજ સહજમાં તોડીને કોઇ જાુદું થઇ જાય, એ નહિ માનવા જેવુ છે. કઠણ વાંસને કોરી કાઢનારો ભ્રમર પણ પ્રેમબધનને લીધેજ કમળના સુકુમળ કોશમા બંધાઇ જાય છે. એ કેવું પ્રેમબંધન ? પરંતુ એવા સુદૃઢ પ્રીતિના

બંધનને પણ ચિત્તવિક્ષેપ ક્ષણભરમાં તોડી નાંખે છે. ચિત્તવિક્ષેપ પ્રીતિને વિષે અસંતોષ ઉપજાવે છે. અને એથી પ્રીતિનુ સુદ્દઢ બંધન આપોઆપ નીર્બળ થઇ જઇને તુટી જાય છે. તું કહે છે કે તારો ભર્તાર અર્ધ રાત્રે કશા કારણ વગરજ તારો ત્યાગ કરીને ચાલ્યો ગયો છે. આશ્ચર્ય, એમ બને નહિ. એમ થવાનું કારણ મારા ધારવા પ્રમાણે તુંજ છે. તારી તરફથી કંઇ અંતોષ થવાથીજ તારો પતિ તને તજીને ચાલ્યો ગયેલો હોવો જોઇએ."

"સ્ત્રી અને પુરૂષ એ બન્ને સંસાર રથના ચક્ર જેવાં છે. જેમ એક ચક્રથી (પૈડાથી) રથ આગળ ચાલતો નથી. પરંતુ તેને બન્ને ચક્રની જરૂર પડે છે. તેમજ સંસાર વ્યવહાર પણ સ્ત્રી અને પુરૂપ એ બન્નેના પરસ્પર સહાયકપણાથી સારી રીતે ચાલે છે. વ્યવહારનું બંધારણ, યોગ અને ક્ષેમ એ બે વિષયોને આધારે ટકી રહેલું છે. યોગ કહેતાં પરિશ્રમ કરીને વસ્તુને સંપાદન કરવી તે. એ કામ મુખ્યત્વે કરીને પુરૂષને માટેજ નિર્માણ થયેલું છે ક્ષેમ કહેતાં મેળવેલી વસ્તુનો યથોચિત્ત રીતે ઉપયોગ કરવો તે. આ કામ બહુધા સ્ત્રીજાતિને માટેજ નિર્માણ કરવામાં આવ્યુ છે આ ઉભય કાર્ય કે જેના ઉપર અર્થશાસ્ત્રનો તમામ આધાર રહેલો છે. તેવુ મહત્વ ભર્યું કામ સ્ત્રી પુરૂપ એમ ઉભયની સહાયતાથીજ પાર પાડી શકાય છે. તેમાં પણ યોગ કરવા કરતા ક્ષેમ કરવામા વધારે ડહાપણ ની જરૂર છે. અને તે કામ સ્ત્રીનો અધિકારનું છે. સચ્ચરિત્રશાળી સ્ત્રી આ કાર્ય પુર્ણ કુશળતાથી કરે છે. અને જે સ્ત્રી વ્યવહાર કુશળ હોય છે, તે પોતાના પતિના કુળને ઉન્નતિમા આણે છે સાસુ સસરાની સેવા કરવી પોતાને જે કઇ ઘરેણું ગાઠું તથા અન્નપાન મળતું હોય, તેટલા ઉપર સંતોષ રાખવો. પોતાને ત્યાં આવનાર સગાસંબંધીઓનો સારી રીતે સત્કાર કરવો. વાતચીત કરતી વ

ખતે પ્રસન્ન મુખથી વાતચિત કરવી. પારકા કજીઆમાં પડવુ નહિ. પરન્તુ પોતાથી બને તો સારી સમજણ આપીને તેનુ સમાધાન કરવુ; ઝીણાં વસ્ત્રો કે જેમાથી અંગો દેખાય, તેવાં વસ્ત્રો પહેરવા નહિ. પરન્તુ સઘળા અંગો ઢંકાય, તેવાં વસ્ત્રો પહેરવાં. ઊંચે સાદે બોલવુ નહિ, ખડખડાટ હસવુ નહિ. દરરોજ પ્રભાતમા પતિની પહેલાં ઉઠવુ. અને પછી પોતાના છોકરાંને ઉઠાડી આંખ મોઢું ધોઇને વડીલોની પાસે પ્રણામ કરવા મોકલવાં, કારણ કે તેમ કરવાથી છોકરાઓ વિવેકી બને છે. તથા વૃદ્ધોના આશીર્વાદથી તેઓના આયુષમાં વધારો થાય છે. અનાજ વિગેરે ખોરાકની જાતેજ તપાસ કર્યા કરવી. વસ્ત્રો ઝીણાં અથવા તો જાડાં પોતાની શક્તિ પ્રમાણે પહેરવાં. પરન્તુ મેલાં ગંધાતા અને વાસ મારતાં પહેરવાં નહિ. દરરોજ ધોયેલા સ્વચ્છ વસ્ત્ર પહેરવાં, વિગેરે સ્ત્રીઓનો વ્યવહાર ધર્મ બહુ ઉત્કૃષ્ટને ઉન્નતિમાં આણનાર છે. ગૃહરાજની શોભાને સ્વચ્છતાનો સર્વ આધાર પતિ કરતાં પણ સ્ત્રીના ઉપર વધારે છે. સ્ત્રીએ ઘરના કામકાજમાંથી પરવાર્યા પછી પતિ સેવામાં તત્પર થવુ. પતિ બહારના કાર્યથી પરવારી સાયંકાળે ઘેર આવે, ત્યારે તેને પીવાને પાણી અને બેસવાને આસન આપવું. ભોજન કરવા બેસે, ત્યારે નવનવી રસોઇ બનાવીને જાતે પીરસવો; પરન્તુ તે વખતે દુઃખની અથવા તો પોતાના ઘરેણાંગાંઠાંની વીગેરેની વાતો કરીને પતિને કંટાળો આપવો નહિ. પતિ સેવા એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. વ્રત ઉપવાસ તથા બીજાં સર્વ ધર્મ કૃત્યો પતિની સેવાથીજ સફળ થાય છે. સીતા, દમયંતી, દ્રૌપદી, સાવિત્રી, વિગેરે સતિ સ્ત્રીઓ પોતાના ઘરમા હજારો દાસીઓ છતાં પણ જાતેજ પતિ સેવામાં રાતદહાડો તત્પર રહેતી હતી; એટલુંજ નહિ, પરંતુ પતિના દુઃખમાં ભાગ લેવા માટે સતિ સીતાએ રાજ્ય સુખનો એકદમ ત્યાગ કરીને રામ સાથે

વનવાસ વેઠવાનું પણ અંગીકાર કર્યું હતુ. દ્રૌપદીએ પણ પાડવોની પાછળ છાયાની પેટે વનમાં રખડી રઝળીને તેઓના દુ:ખમા ભાગ લીધો હતો. અને સ્રીઓના પતિવ્રત્ય ધર્મનું પવિત્ર ચરિત્ર આ જ-ગતમાં લાંબા વખત માટે મુકી ગઇ છે, સ્રીઓના પાતિવ્રત્ય ધર્મને લીધેજ મોટમોટા મુનીશ્વરો પણ સ્રીઓના ચરણની પવિત્ર રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે, સ્રીઓને સર્વ ધર્મમાં પતિ સેવા એજ મુખ્ય ધર્મ છે. અને તેમાં તેનું પરમકલ્યાણ સમાએલુ છે. હે સાધ્વીઓ! આવો પતિવૃતાનો ધર્મ સાભળીને તમારા મનમાં કદાચ શંકા થશે કે, નિસ્વાર્થપણે પોતાની ક્ષુધાદિક તજી દઇને સેવા કેમ કરી શકે? અર્થ વગરની શેવાનુ પ્રયોજન શુ, તે સાંભળ? પોતે પોતાના મનથી પોતાના સેવ્યની સેવાની અર્થે સ્વસુખાદિકનો ત્યાગ કરવાથી તે સુખાદિક નાશ પામતા નથી. પણ ઉલટાં વૃદ્ધિ પામે છે. વધારે તો શું, પણ એ સેવા પોતેજ સર્વાંગે સુખરૂપ છે. એ-ટલુંજ નહિ પણ તેનું પરિણામ પરમ અવિનાશી સુખરૂપ છે. સેવા જો કે દેખીતી સેવ્યનેજ સુખ કરનારી છે, પણ તેમા સેવકના સર્વ સુખોનો સમાવેશ થાય છે. તાત્પર્ય એટલુજ સમજવાનુ કે જેમ ભક્તજન પોતાના સેવ્ય શ્રીહરીને સારૂ ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ સામગ્રી સીદ્ધ કરીને તેમને નિવેદન કરે છે. પણ પછી તેનો પુણ્યરૂપ પ્રસાદ પોતાના સ્નેહિ સજ્જનો સાથે જમીને પોતે પરમ સુખનો અનુભવ કરે છે. એમાં સામગ્રી સીદ્ધ કરીને સેવ્ય ભાવથી શ્રીહરિને સમ-ર્પણ કરવાનું ગર્ભિત ફળ તેનેજ મળે છે અને તેથી જે આનંદ થાય છે તેની બલિહારી શુ ગાઉ? મેં માત્ર સેવાના ઐહિક સુખનુંજ એટલેજ કે સેવા સ્વત: સુખરૂપ છે. તેનુંજ દિગ્દદર્શન કરાવ્યું છે. તેવી જન્મપર્યંત કરેલી સમસ્ત સેવાનું ફળ તો એટલું બધુ અમુલ્ય છે, કે જેનું વર્ણન મારી જીભે થઇ શકે તેમ નથી મન વાણી અને

કાયા એ ત્રણે સાધનોથી પોતાના સ્વામીની સેવા કરે, તેજ ખરો સેવક, અને તેજ ખરી સતી. જે સ્ત્રીનું આ વૃતાત મેં તને કહેવાનો આરંભ કર્યો છે. તે સર્વાંશે તો નહિ, પરંતુ બહુધા પતિવ્રતા હતી. તેણે પોતાના દેવરૂપ સ્વામીને સેવાથી સંતુષ્ટ કર્યા હતો. અંતઃકરણમાં તેનેજ પોતાનું સર્વસ્વ, પોતાનુ દૈવત અને પોતાનો પ્રભુ માનતી હતી. આત્મા કરતાં પણ તેને અધિક પ્રિય ગણતી હતી. મનસા વાચા કર્મણાથી સદા તેનેજ સંતુષ્ટ રાખતી. પતિના સુખે સુખી અને આનંદે આનંદી હતી. પતિને કંઇ ઓછુ લાગે, તેવુ પોતાના મુખથી બોલતી નહિ. તે સદાજ અતિ હિતકારી ને સાચું છતા બહુ પ્રીય લાગે એવી મંજુલવાણી વદતી. શરીર પણ રાત્રી દિવસ સ્વામી સેવામાંજ તેણે નિયત કરી દીધેલું હતું. સ્વામીની આજ્ઞાનું અસ્ખલિત પાલન કરવુ અને તે પોતાનું પ્રથમ કર્તવ્ય સમજતી હતી. પોતાના પિતાને ત્યા સધનતા હેવાથી ત્યાં તેણે અનેક રાજસી વૈભવો ભોગવેલા એટલે તેની મનોવૃત્તિઓ બહુ રજોગુણી થયેલી હતી, તથાપિ પરમ સત્વશીળ અને ઋષિ ધર્મ પાળતા એવા પોતાના વિદ્વાન સ્વામીનો નિત્ય સહવાસ થતાં તે સર્વાંગે બદલાઇ ગઇ હતી સત્વગુણી થઇ હતી પોતાના સ્વામીની પેઠે **यदृच्छा लाभ सतुष्टः** જે મળે કે જે હોય તેમાં સતોષ માનીને કામ ચલાવતી હતી. હે સાધ્વીઓ ! તમે જાણો છો કે ઘરસંસારમાં કોઇ વસ્તુ વગર તે ચાલે તેમાં જોઇતી કઇ વસ્તુ દ્રવ્ય વિના મળે છે. સંસારમાં ડગને ડગને દ્રવ્યની સત્યાવશ્યકતા પડે છે. દ્રવ્ય વગર ગૃહસ્થાશ્રમ ચલાવવો, એ ભાંગેલાં પૈડાંથી ગાડુ ચલાવ્યા સરખું છે. તેવે પ્રસગે જે હોય તેમાંજ સતોષ માનીને રહેવ, એ સામાન્ય પુરૂષ કિંવા પ્રાકૃત વિલાસે રહ્યુ સ્ત્રીથી બને એમ નથી. એ રિતીથી તો સદસદ વિચારવાન વિવેકીને વૈરાગ્યશીળ દંપતીજ વર્તિ શકે

છે. તે સ્ત્રીનો પતિ સૌ સૌ વાતે યોગ્યજ હતો. પરન્તુ તેની સ્ત્રીનું મન તૃષ્ણાતુર હતુ. કોઇ કોઇ વાર પોતાના દ્રવ્યહિન લુખા અહસસાર્થી તે સ્ત્રી બહુજ કટાળતી, અને સ્ત્રી સ્વભાવને વશ થઇ પોતાનો ઉભરો સ્વામીની આગળ ખાલી પણ કરતી. સ્વામી બહુ બહુ દ્રષ્ટાંતો અને સિદ્ધાંતોથી તેને સમજાવી શાંત કરતો, ને કહેતો, કે સાધ્વી આપણે સામાન્ય મનુષ્યની પેઠે માત્ર ઘરસસાર ભોગવવામાજ આપણા આ ઉત્તમ જન્મનું સાર્થક સમજવાનું નથી, પરંતુ ભગવત્પ્રાપ્તિ કરીને આ જન્મ મરણ રૂપ ભવસાગરમાંથી તરી જવા માટે મહાન પુરૂષાર્થ કરવાનો છે. શાસ્ત્રમાં કહ્યુ છે કેઃ—

બ્રાહ્મણનું ખોળીયુ શુદ્ર વિષય ભોગવવા માટે નિર્માણ થયુ નથી; પરન્તુ તે તો જ્ઞાન અને તપ માટે તથા મરણ પછી મોક્ષ માટે નિર્માણ થયુ છે.

વ્યર્થ ચિંતા શાને કરે છે ? તુ લક્ષ્મીની લાલસા શા સારૂ કરે છે ? તે મોહમા નાંખીને ખશી જનારી છે. માટે લક્ષ્મીને તજી લક્ષ્મી પતિનુ સ્મરણ કર, જેથી આપણુ શીઘ્ર કલ્યાણ થાય. અને આ સસાર રૂપ રઝવાયા અવગ્રહનો અત આવી જાય. સ્વામીના માન માટે તુરત તો તે સ્ત્રી સર્વ મનોવૃત્તિઓને ઉપરથી દબાવી દેતી, પણ અદરથી તેનું મન વાળ્યુ વળતું નાહ. આવુ ઘણીકવાર થતા તેના સ્વામીને બહુ ખેદ થતો, ને સંસારની માયામા લચીપચી રહેલી સ્ત્રીના સહવાસથી પોતાના ઉભય લોકને બગાડશે અને પોતાના પરમાર્થ લાભમાં અતે પથ્થર પડશે, માટે હવે શીઘ્ર, નિસગ થઇ જવુ, એવો તેને નિશ્ચય થયો હોવો જોઇએ, અને તેથી એક દિવસે પ્રાતઃકાળે તે પતિવ્રતાએ તેનો સ્વામી સ્નાન સંધ્યાથી પરવારી શીવપુજન કરવા સારૂ નગરથી થોડેક દુર આવેલા શિવાલય પ્રતિ જવાને ઘરમાથી નીકળ્યો તે વેળા કહ્યુ.

વહેલા પધારજો. ત્યારે તેણે કિંચિત હસવા સાથે ઉત્તર દીધો. તારે દ્રવ્યની બહુ અપેક્ષા છે, તો તે પુર્ણ કરવા માટે મારો વિચાર છે કે હું ભગવાન શંકરને પ્રાર્થના કરીશ. એ કારણથી મને આવતાં વિલંબ થાય તો તારે ગભરાવું નહિ, એટલુ કહીને તે પવિત્ર પુરૂષ યથેચ્છપણે ચાલ્યો ગયો, તે ફરીને આજદીન સુધી પાછો આવ્યોજ નથી. જુવો આ સ્ત્રી સ્વભાવનો મહીમા! તે સ્ત્રી તો અદ્યાપિપર્યંત એમજ કહે છે કે મેં મારા સ્વામીનાથને યત્કિંચિત પણ દુભ્યા નથી. પણ કોણ જાણે એમના મનમા શુએ આવ્યુ હશે કે જેથી તે ચાલ્યા ગયા છે. પરંતુ તે સ્ત્રીને મનમા તો એવો અનિવાર્ય પશ્ચાતાપ થાય છે, કે મેં અભાગિણીએ હાથે કરીનેજ મારા પતિનો સદાનો વિયોગ વ્હોરી લીધો છે; એમાં એ મહા પુરૂષનો કશો પણ વાક નથી. અસ્તુ. સ્વામીના ગયા પછી નિત્ય નિયમ પ્રમાણે હમણા ઘેર આવશે. એમ સમજીને તે સ્ત્રી રૂડી રીતે રસોઇ તૈયાર કરીને પતીની વાટ જોતી બેઠી. મધ્યાન્હ વીતી ગયા. અપરાહ વેળા થઈ. સંધ્યાકાળ પણ મટી ને રાત્રિ પડી, તોય તેના સ્વામી આવ્યા નહિ. તે સ્ત્રી બહુ ચિન્તાતુર થઇ ગઈ. તેના મનમાં મોટો ધ્રાસ્કો પડ્યો. હૃદય બહુ વ્યાકુળ થઇ ગયુ. પોતાના સ્વામીના સ્નેહિઓ જેઓ તેનો નિત્ય સત્સમાગમ કરવા આવતા, તેઓદ્વારા તેણે શિવાલય અને બીજા અનેક સ્થાનોમા તે મહાત્માની શોધ કરાવી, પણ તેનો પત્તોજ મળ્યો નહિ. પછી મહા શોકાકુળ થઇને તે ગાઢુ રૂદન કરવા લાગી. તેનુ કલ્પાંત સાંભળી એકઠાં થયલાં કેટલાંક સગાં સ્નેહીઓએ ને આડોસીપાડોસીએ બહુ બહુ રીતે સમજાવીને તેને ધીરજ આપી. પણ તેનું મન કેમ વળે? અતરનો ઘા કેમ સહન થઇ શકે? રાંધ્યા રજક રહ્યાં. સઘળું અન્ન ગાયને ખવરાવી દઇ તે રાત્રી તે સ્ત્રીએ નિરાહારમાં ગાળી કાઢી. બીજે દિવસે પણ ભોજન કર્યું નહિ. ત્રીજે

દિવસે પણ સ્વામી વીયોગના શોકથી ભોજન વિના રૂદનમાંજ વ્યતિત કર્યો. લોકોએ તેને ઘણીક રીતે સમજાવી, પણ તે એકની બે થઇ નહિ; તેણે પોતાનો નિશ્ચય કહી બતાવ્યો, કે પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીને જમાડયા વિના કદી જમતી નથી. પોતાના સ્વામી વિના એકલી રહી શકતી નથી જ્યારે મને મારા સ્વામીનાં દર્શન થશે, ત્યારેજ હું ભોજન કરીશ. લોકોએ કહ્યું, તું કહે છે તેવોજ સતિ ધર્મ છે.

પરંતુ અન્ન સમાન પ્રાણ છે. તેવા અન્નનો ત્યાગ કરવાથી થોડાજ દીવસમાં મરણ શરણ થવું પડે છે પોતાની ઇચ્છાથી ચાલ્યો ગએલો તારો સ્વામી ક્યારે આવશે, એનો કેમ નિશ્ચય થઇ શકશે, ને ક્યાં સુધી ભુખી રહેશે ! આહાર વિના આ કલિયુગમાં મનુષ્યથી જીવત ધારણ કરી શકાય નહિ. પૂર્વે થઇ ગએલી સતીઓ ત્રેતાયુગની મહાસતીઓનું અનુકરણ કરવાનો આગ્રહ મુકી દઇ કાલાંતરે પણ તારા સ્વામીને મળવાની આશા હોય, તો હઠ મુકીને તેને મળવાનોજ પ્રયત્ન કર. સ્વામી વિના ભોજન કરતા તારો નિયમ ભંગ થતો હોય, તો ફળાહાર કર; અને તે પણ મધ્ય સમય વિત્યા પછી એટલે ત્રીજા અથવા ચોથા પ્રહોરમા ભોજન કરી પુરણ કરીશ, તો સ્વામીના ભોજન કર્યા પુર્વે ભોજન કરવાના દોષથી તું મુક્ત થઇશ વિદેશ ગએલા સ્વામીની સ્રીએ મધ્યાનકાળ વિત્યા પછી ભોજન કરવું, એમ શિષ્ટ જનોએ કહેલુ છે. સગા સંબંધીઓએ એ પ્રમાણે કહ્યું, અને પોતાના સ્વામીના મુખથી પણ એવાંજ વચન પૂર્વે તેણે ઘણીકવાર સાભળેલા હોવાથી તેણે સૌનું કહેવુ સત્ય માન્યુ. ચોથે દિવસે તેણે ફળાહાર કર્યો. તે દીવસથી નિત્ય મધ્યાન વિત્યા પછી તે સ્રી માત્ર એકવાર ફળાહારજ કરે છે. તેણે શરીરપરથી સૌભાગ્ય શણગાર શિવાય બીજા બધા શણગાર કાઢી નાખ્યા,

શયન પણ માત્ર એકજ વસ્ત્ર ભૂમિપર પાથરીને કરવા માંડયુ. નિત્ય પ્રતિ સ્વામીનીજ ઝંખનામાં અને સ્મરણમાં તેણે જેમ તેમ કરી ૭ માસ ગાળ્યા, પરંતુ સ્વામીનું દર્શન થયું નહિ. તેનાં મનની વિહ્વળતાનો પાર રહ્યો નહિ, દિનપ્રતિદીન સ્વામી વિના અન્યનું તેણે સ્મરણ કે મનન નહોતું તેજ સર્વસ્વ હતુ. તેના સ્વામીનો અતી પ્રીય મિત્ર આવો પ્રકાર જોઇ બહુ ચીંતામગ્ન થઇ ગયો. તેણે પોતાના એ વિદેશી મીત્રની ગાઢ સંગતથી ને સેવાથી ઘણી નિપુણતા મેળવી હતી. તેથી તેણે એ વેળાએ ધીરજ ધરી, તેના આત્માને બહુ સતોષ આપી કહ્યુ–હે બહેન! હવે તું ધૈર્ય રાખ! તારા સ્વામી મને મારા આત્મા કરતા પણ અધીક પ્રીય છે, તેથી તેનો શોધ કરવા માટે હુ પોતેજ જઇશ; અને પ્રભુ કૃપાએ ગમે તેમ કરી, ગમે ત્યાથી પણ એને શોધી કાઢીને તારો સમાગમ કરાવીશ. એ માટે હુ અત્યારથીજ સર્વ ઐહિક સુખોનો ત્યાગ કરૂં છુ, ને તીવ્ર તપીઓ ધારણ કરૂં છુ. જે યોગ મારા પ્રીય મીત્રનો સમાગમ થશે ત્યારેજ ઉતારીશ, નહિ તો તપશ્ચર્યા વડે આ દેહને તજી દઇને પરલોકમા તેની વાટ જોઇશ. એવી દઢ પ્રતિજ્ઞા કરી બીજેજ દીવસે તે દઢ મનનો પ્રેમાળ મિત્ર તૈયાર થયો, ને તે સ્ત્રીના સ્વામીની શોધ માટે ત્યાથી ચાલી નીકળ્યો. પ્રથમ તેણે દક્ષિણ દિશામાં તાપી, ગોદાવરી, ચંદ્રભાગા, કૃષ્ણા, કાવેરી ઇત્યાદિ સર્વ પવિત્ર સરિતાઓપરના તીર્થો ને ત્ર્યંબક, ઋષ્યશૃંગ, કાશીપુરી, રામેશ્વર ઇત્યાદિ ક્ષેત્રો જોયા. તે પ્રત્યેક ક્ષેત્રના વાટઘાટમા ફરીફરીને પોતાના મિત્રને શોધ્યો. પશ્ચિમમાં ગીરનાર, પ્રભાસ, દ્વારિકા, નારાયણસર આદિ ક્ષેત્રો જોઇ વળીને ત્યાંથી સિદ્ધક્ષેત્ર, મધપુરી, હરિદ્વાર, કેદાર, બદરિકાશ્રમ અને ગંગોત્રીસુધીના સ્થાનો સારી પેઠે શોધ્યાં. પછી ત્રીવેણી (પ્રયાગ) અયોધ્યા અને બીજાં અનેક તીર્થો શોધ્યાં, પણ તે મિત્રની કયાંયે

ભાળ મળી નહિ, ત્યાર થાકીને તેણે અરણ્યો તથા પર્વતોમાં આવેલી તપસ્વીઓની ગુફાઓ અને ઋષિઓનાં આશ્રમો શોધવાનો વિચાર કર્યો. પ્રથમમાં સૌથી મોટું ક્ષેત્ર વારાણસી કે જે મુક્તી પુરી ગણાય છે. અને આત્મ કલ્યાણ ઈચ્છાવાળા મુમુક્ષુઓ, તેમજ જીવનમુક્ત મહાત્માઓ પણ તેને મોક્ષ સાધન કરવા યોગ સ્થાન સમજીને ત્યા નિવાસ કરે છે, તેથી બહુ સાવધપણે તેને શોધતો શોધતો તે વિયોગી યોગી અહીં આવ્યો છે. આ પુણ્ય જળ વહન કરતી સ્વર્ગની સીઢી સરખી શ્રીમતિ ભાગીરથીના સઘળા ઘાટ તથા ક્ષેત્રમા વસતા મહાત્મા પુરૂષોનાં પ્રત્યેક સ્થાન તે જોઇ વળ્યો છે. પણ પોતાના મીત્રનો પત્તો લાગ્યો. નહિ. ત્યારે અ તે થાકી નિરાશ થઇને ઘણા મોટા વમળમા પડે તો તે પ્રસિદ્ધ એવા મણિકર્ણીકાના ઘાટ ઉપર પોતાના સરખી દુખિઆરી બે દ્વિજપુત્રીઓ સાથે સુખ દુ ખની વાતો કરતો અહુણા તે બેઠો છે. આ છેલ્લા વાકયો બોલતાં બોલતાં એ બાળ યોગીની સ્થીતિ પુનઃ ઘણી દુ ખમય થઇ ગઇ. એ વેળા પેલી બે સ્ત્રીઓની પણ એજ દશા હતી, તે તો વળી એટલા મોટા અચંબામા પડી ગઇ કે અહા ! જે વિયોગણી સ્ત્રીની આપણે વાત સાંભળી તેના પતિને શોધવા માટેજ જેણે યોગ ધારણ કરેલો છે, એવો તેનો મિત્ર તે શુ આ પોતેજ, અહો ! શી તેની ધીરતા, કેવી તેની સાચી મૈત્રી, ને કેવો તેનો ઉત્કટ પ્રેમ ! ધન્ય છે એવા મિત્રને કે જેણે પોતાના એક મિત્રને શોધી કાઢવા સારૂ આખા આયુષનો ભોગ આપવાનો સંકલ્પ કીધો છે, અને પોતાના સુકોમળ દેહને તીવ્ર તપશ્ચર્યા વડે તેમજ તીર્થતીર્થે, ગામેગામ ને ઠામોઠામ ભટકીને શોધવામાં મોટા પરિશ્રમ વડે કષ્ટ દઇ રહ્યો છે ! એટલામાં પોતાના મનને મોટા બળથી વારીને ધીરજથી તે તપસ્વી પાછો બોલી ઉઠયો. જુઓ આ તમારા સ્ત્રીઓના સ્વભાવનુ પરિણામ ! તમારી પણ તે

મારા મિત્રની સ્ત્રીની પેઠે કોઇ જાતની ભૂલ હશેજ કે જેને પરિણામે તમે ભર્તૃવિયોગીણી થયેલ છો. અસ્તુ. હવે તેને સારૂ મનમાં બહુ પશ્ચાતાપ ના કરતા પ્રભુની ક્ષમા માગો, સ્વસ્થપણે વ્રત આચરો, કલ્યાણ ઇચ્છો, મન કામના સફળ થશે. પતિ વિયોગીણી સુશીલ સ્ત્રીઓ ઇન્દ્રિય દમનવ્રત આચરે છે. પતિ એજ સ્ત્રીનું દૈવત, પતિ એજ ગુરૂ, પતિ એજ સ્ત્રીનું સર્વસ્વ છે. શંકરથી અને વિષ્ણુથી પણ સ્ત્રીને તો પોતાનો પતીજ અધીક છે. જે સ્ત્રી લક્ષ્મી જેમ શ્રીહરીની સેવા કરે છે, તે લક્ષ્મીની પેઠે પોતાના પ્રભુરૂપ પતીની સાથે શ્રીહરીના લોક (વૈકુંઠ) માં વસીને આનંદ પામે છે. **या पतिं हरिभावेन भजेच्छ्रीरिव तत्परा । हर्यात्मना हरेर्लोके पत्या श्रीरिव मोदते ॥** લક્ષ્મીજી જેમ હમેશાં વિષ્ણુને ભજે છે. તેમ જે સ્ત્રી સાવધાન થઇ પોતાના પતિને ઇશ્વરરૂપ માનીને તેની જો સેવા કરે છે, તો લક્ષ્મીજી અને વિષ્ણુરૂપ થએલા પોતના પતીની સાથે પરલોકમાં આનંદ ભોગવે છે. એવા પતીનો વિયોગ પામેલી કયી સ્ત્રી એકલી છતાં સુખ વૈભવ ભોગવવાની કામના કરે ? સ્ત્રીએ તો સર્વ વસ્તુ પતિની પ્રસાદીરૂપેજ વાપરવાની છે. અર્થાત પતીને નીવેદન કર્યા વગરની વસ્તુ તે અપ્રસાદી છે, ને તેનો ઉપયોગ પતિવ્રતાઓ કરતી નથી. આવા નિયમવાળી પતીવ્રતાઓને પ્રભુકૃપાથી પતીનો વિયોગ થતો નથી, અને કર્મ સંયોગે કદાચ થયો, તો તે વડે આપોઆપ ઇન્દ્રિય દમન વ્રત સીધાવાથી શ્રીહરી પ્રસન્ન થઈ તેઓનો વિયોગ સદાને માટે દુર કરે છે. મારા મિત્રની સ્ત્રીએ એજ પ્રકારનુ વ્રત આચર્યુ છે. અને તેના બળથી મને સંપુર્ણ શ્રદ્ધા છે કે શ્રી હરી પરિણામે અવશ્ય મને મારા મિત્રની ભેટ કરાવશે ભગવત્કૃપાએ અને તેના સૌભાગ્યના બળથી તે મુમુક્ષ મિત્ર અદ્યાપી કુશળ પણ હશેજ, એવુ મને અનુમાન થાય છે. પણ તે સાથે આશ્ચર્ય સહિત સંદેહ પણ એટલો મોટો

થાય છે, કે જે માટે મારા મનને ઉત્તર મળી શકતો નથી. મારા મિત્રની અપરાધીની સ્ત્રી પોતાના પતિના વિયોગથી પ્રાણાર્પણ માટે નિશ્ચય કર્યો છે. ને કોઇ પણ સ્થળે મને ચેન પડતુ નથી. ત્યારે આટઆટલો લાંબો કાળ એકલવાઇ સ્થીતિમાં ગાળ્યા છતા તેને પોતાને એ વિયોગ દુ:ખ કંઇ નહિ લાગતુ હોય?

એ મહાવિરહાગ્નિ તેનાથી કેમ સહન થઇ શકતો હશે? તેની દાસીરૂપ નિરઅપરાધીની અબળાને એક પ્રેમપાત્ર શિષ્ય અથવા દાસ-રૂપ મિત્રને તે તદન વિસરી ગયો કૌતક તેના પ્રત્યેક કાર્ય સમયે તેની પ્રત્યેક મનોવૃત્તિને આધીન થઇ તેની સેવામાં ક્ષણેક્ષણ તત્પર રહેનાર એવા તેના સ્વજનનું પણ તેને સ્મરણ નહિ થતું હોય? તેને ક્ષણેક્ષણને એકએક કાર્યમાં શેવા કરનારની અપેક્ષા રહેતી. ત્યારે શુ હવે તેવે પ્રસંગે પણ તેને પોતાનુ કોઇ પ્રેમીજન નહિ સાંભરતુ હોય? અથવા શ પ્રવાસે નીકળ્યા પછી તેનુ અતિ દયાળુ ને પ્રેમાળ અંત:કરણ અણછાજતી કઠોરતાને પામ્યુ હશે? હે વિશ્વનાથ! હે જગદીશ્વર! આપને શુ ગમતું હશે?"*

મધુરી આ વૃત્તાંત સાંભળીને બહુજ ખિન્ન થઈ ગઇ, અને આ મહાદેવીના પતી પ્રત્યેની પુર્ણ શ્રદ્ધા, તેમજ પરોપકાર વૃત્તિ ને સહનશીળતા જોઇને તેને બહુજ પ્રેમ ઉત્પન્ન થયો. પણ ઉઠીને તેને જ્યાં ભેટવા જાય, ત્યાં તો આંખ ઉઘડી ગઇ! મધુરી ગાંડી જેવી ચોમેર જોવા લાગી. "દેવી? દેવી?" નો પુકાર કરવા લાગી સુમન જાગી ઉઠયો, અને મધુરીને આમ તેમ ભટકતી અકળાયલી જોઇને બોલ્યો.

---

* આ દૃષ્ટાંત ચંદ્રકાન્ત ભાગ ૪ થા માહેથી લીધુ છે. તે માહેની ભાષા શુદ્ધ ગુજરાતી નથી, પણ કાઠિયાવાડી ગ્રામ્ય લાગે છે. એમ વાંચનાર સહજ સમજી શકશે.

"મધુરી ! હજી પણ ત્હારો સંભ્રમ ભાગ્યો નથી ? પ્રભાત થયું ? જા, પિતા-માતા જો જાણશે, તો ઉત્પાત થશે.'

"મધુરીને જરા વારે ભાન આવ્યું. પોતાને તો સ્વપ્નભ્રમ થયો હતો, એમ લાગ્યું: પરંતુ તેમાં તેણે જે જોયું ને જાણ્યું, તે યાદ રહ્યું; અને પૂર્વના કોઇ સારા સંસ્કારે તેને સ્વપ્નમાર્ગે પણ યોગ્ય ઉપદેશ મળ્યો.

મધુરી શુદ્ધિમાં આવી, અને વસ્ત્ર લપેટીને પિતાભૂવનમાં ચાલી. સુમન પોતાનું પ્રભાત કર્મ કરવા લાગ્યો.

ભાગ્યનો પ્રબંધ આ રીતે રચાયો. મધુરીનો ભ્રમ ભાગી ગયો. તેને સુમાર્ગ મળ્યો. કષ્ટથી કંટાળેલી ને પતિપ્રેમથી નિષ્ઠુર બનેલી મધુરી હવે શાન્તિ પામી. સ્મશાન જ્ઞાનના સ્વપ્ન પ્રેમ તત્કાળ તો તે પતિના સ્વરૂપનેજ જોવા લાગી. અને સાસરવાસમાંજ રહીને, સુખ કે દુ:ખ ભોગવવુ, અને પતિ સાથેજ રહીને જીવન ગાળવુ, એ સિદ્ધાન્ત હાથ પકડયો. પિતા ભૂવનમાં ગઇ, અને સ્નાન ધ્યાન કરીને સતી મંડળ પુસ્તક વાંચવા લાગી. એવામાં અગ્નિમાથી વરાળ ઉઠી- ભાવીનો પ્રબંધ ઉખડયો. કંઇ નવીન વર્તમાન ધ્વની થવા લાગ્યો. મધુરીના મનને ખેદ થાય, તેવુ કર્મ પ્રારંભ થયુ; ઇશ્વરની ગતિ ગહન છે.

પ્રકરણ ૨૦ મું,

એકાગ્રહતાનું અનિષ્ટ પરિણામ !

ભૂતકાળની પ્રજા વ્યવહાર કુશળ વધારે હતી, એમ પ્રાચીન પુસ્તકોના લેખ પરથી સિદ્ધ થઇ શકે છે. હાલના કાળમાં તર્કશાસ્ત્ર, કલ્પના શક્તિ, અને મથાંજલીનો ઉદ્યોગ વધારે જણાય છે ! વિદ્વતાનો બોજો પૃથ્વીપર વધી પડયો લાગે છે, પણ વ્યવહાર કુશળતા

ઘટતી ગઇ જણાય છે ! ધર્મનાં રહસ્ય સમજનારાએ પોતાને મહાન તત્ત્વેત્તા માને છે, પણ માત્ર થોડ કંઇ પોથામાં, ને થોડું કંઇ ભેજાના ભુસામા લાગે છે ! એ જ્ઞાનથી આ સસારને કે ખુદ પોતાની જાતને તારણ કરી શકે, એવુ બહુ ઓછુ દીસે છે ! ભપકો અને ખોટો પ્રકાશ અતીશય છે, માંહે પોલમપોલ છે. કેળવણી હદ બાહેર વધી પડી છે પણ તે માત્ર દેખાવનીજ છે ! વ્યવહારોપયોગી મગજ શક્તિ નથી, ને તેથી ભાવીનો જે ઉદય થવો જોઇએ, તે થયલો જણાતો નથી આયુષ્યની દોરીઓ નબળી થતી જાય છે. શોખને અંગે વ્યવહારનો વ્યય વધતો જાય છે, આપણી જીવનકળાનું સૌંદર્ય માત્ર યુનિવર્સિટીની A. B. C. વાળી ડીગ્રીપર ચાલે છે; તે ઉપર અશાન્તિ ને અસુખની ડીકી થતી જાય છે, તેનુ ભાન નથી. વકીલ કે ડોકટર, ઇજનેર કે માસ્તર પણ માત્ર પછવાડે બદર કે પુછ રૂપેજ પ્રકટી નીકળ્યા છે: જે કંઇ તેમની કનેથી વ્યવહાર માર્ગ મળવા જોઇએ તે નથા મળતા ! M A, થઇને કદાચ સંસ્કૃતના અભ્યાસી થયા; તો પણ જ્યા સુધી તેની વૃદ્ધિએ ધર્મ રહસ્યનો માર્ગ પકડીને, વ્યવહારીયોને ઉપયોગી થઇ પડયો, તે કામનો શુ ? સંસારમાં ઉચ્ચ પ્રકારના ને ઠરેલ બુદ્ધિના વ્યવહારીયોનુંજ કામ છે, નહિ કે પુછડીયા તારાથી સસારમા શાન્તિ પથરાય છે ! વટોળીયાથી તો જે તોફાની કામ થાય, તે જ થાય છે ! !

વિનોદરાય સોલીસીટર ભલે ધારાશાસ્ત્રી હોય, ભલે તે અપરાધીને થતા શાસનનો બચાવ કરવામા કુશળ હોય, પણ તેનો વ્યવહાર એટલોજ, કે તે અસીલને કયે માર્ગે બચાવવો ? વ્યવહારની વાત તેની કનેથી મળવાની નથી !

નિર્ગુણરાય ન્યાયાધિશના પદપર ભલે અપરાધીઓને સાશન કરવાની કલ્પના કરે, પણ તેને વ્યવહારના ઉંડાં તત્વોનું જ્ઞાન નથી !

આજનુા ભણેલા વિદ્વાનો નકલ કરવા જાય છે; પાશ્ચિમાત્ય પ્રજાનુ અનુકરણ કરવા જાય છે, સ્વતંત્ર થવા જાય છે, ન્યાયદક્ષ બનવા જાય છે; પણ આપણી પ્રજાની સ્થિતિ કોઇ જુદાજ પ્રકારની છે. તેને એ નકલથી શાન્તિ મળતી નથી–મળવાની નથી; આપણાં રહેણી-કરણી ને વ્યવહાર કુશળતાના ચીલા જુદા છે, તે તો થોડાજ ભાગ્યવંતા ભણેલા છે, શીખેલા છે, ને તેવાઓથીજ આપણું શ્રેય છે.

"માર્શલ લૉ,' જેને કહેવામા આવે છે, એવા તરકડા બુદ્ધિના માત્ર નામનાજ વિદ્વાનોથી આપણા સંસારને શાન્તિ નથી; તેઓ એક વિઘ્નકર્ત્તા આપખુદ સ્વચ્છંદી હોકા જેવા ગણી શકાશે, ન્યાયી બદલે અન્યાયીના પુછડાં માની શકાશે–હમણાજ આપણે જોઇશુ, કે તેઓની બુદ્ધિ કેટલી આકળી ને ઉતાવળી છે! પુરી તપાસ કર્યા વિના, કેમ જાણે પોતે મર્મજ્ઞ હોય, સર્વજ્ઞ હોય, તેમ બધી વાતનો આગાહી કરી લઇને ન્યાય આપતા હોય, તેવુ ડોળ દેખાશે!

પ્રભાતમા વિનોદરાય વહેલા ઉઠયા હતા. પોતાના હાથમા જે કેસ હતો, તે હરિફાઈ ભરેલો હતો. કોર્ટ પોતાના પ્રતિપક્ષની તરફ઼ણમા ચુકાદો આપે, એવા વલણથી તેણે કાર્યપર વધારે લક્ષ આપવા માડયુ હતુ.

હજી આ કેસ હાથમા લે, ત્યા તેને ત્રણ પત્રો મળ્યા. જે કેસનો ખાસ વિચાર કરવાનો હતો, જે કેસ માટે હાઇકોર્ટના જડજ કનેથી ઇન્સાફ મેળવવાનો હતો, તે બાજુપર રહી ગયો, ને પોતેજ વકીલ ને પોતેજ જડજ થઈ ગયા!

પંહેલો પત્ર આપણી ગુણીયલ ઉપનાયિકા મધુરીના પરમ પ્રિય ભરથાર કનકરાયનો હતો. માતાનો માનીતો પણ માવડીયો ને બાયલો બનેલો, માતાના કહેવાથી પ્રિયાને રંજાડતો હતો, તેનો પત્ર હતો. મૂર્ખાએ આ પત્ર લખીને વૃથા પોતાના ભાવી–પગ પર કુહાડો માર્યો હતો. એ પત્રમાં શું હતુ?

રા. રા. વિનોદરાય !

મ્હારા જેવા બાળક વયના છોકરાના લખાણ પર ગુસ્સો કરશો નહિ ! જો કે હું કંઇ તમારાથી બ્હીતો નથી. ભલે તમે મ્હારા બાપની મીલ્કતના ટ્રસ્ટી છો, ને હમારી થોડી રોકડ રકમ તમારા હાથમાં છે, તોપણ હકદાર વારસ તરીકે હવે તમારે હમને સોંપવાનીજ છે એટલે તેથી પણ તમે હમને સતાવી શકશો નહિ ! વળી તમે સોલીસીટર છો, કાયદો તમારા હાથમાં છે, ને તમે મ્હારા સસરા છો, વડીલ છો, તેથી પણ હમે ડરતા નથી; કેમકે તમારી સામે બીજા વકીલો ઉતરી શકે છે !

સાહેબ !–તમારી છોકરીની રીતભાત સારી નથી, ને તેથી હમે હમારા ઘરમા તેને પેસવા દેવાનાંજ નથી ! આજ સુધી અમે શકની નજરેજ જોતાં હતાં, પણ બાપના કાયદાની, ને પૈસા તથા લાગવગના જોરે નીડર બનીને પોતાની સાથે કોઇ તમારાજ ઘરનો જુવાનીઓ લઇ રાતના ફરે છે. અમે તેને તેજ વખતે રાત્રે કહાડી મુકી છે. ને તે સદા માટે જાણજો. હમારી મુડી હવે અમને તાકીદે સ્વાધીન કરજો.

લી. સે. કનકરાયના પ્રણામ વાંચજો

વિનોદરાય આ કાગળ વાચીને સ્તબ્ધજ થઇ ગયો. મગજપર એકદમ પરિતાપનો અગાર ઉઠી નીકળ્યો, આંખ લાલ થઇ ગઇ. મગજ ઉશ્કેરાઇ ગયુ. મધુરી અનાચારી ! મિત્રના પુત્રને પોતાના પુત્ર તરીકે પાળ્યો, તે વ્યાભચારી !

પુરી તપાસ કર્યા વિના માત્ર કાગળનાજ અદાજ પર ઇન્સાફની દેવડી ઉઘડી ગઇ.

બીજો પત્ર હાથમાં લીધો. કોઇ શીખાઉ સ્ત્રીના હાથના દસ્કત દેખાતા હતા. શીરનામા પર રા. રા. વિનોદરાય હતુ, એ પત્ર કોનો ને કોને આપવાનો છે, તે નીચે લખેલુ હતુ. એ ન વાંચ્યુ, ને પત્ર પોતાનો ગણીને ફોડયો ! આહા ! આ પત્રમા શું હતું ?

" સદાના સાથી !

તમારી વિદાયગિરી પછી અહીં બહુ તોફાન ઉઠયું છે મ્હારી ભૂલને લીધે એ તોફાન જાગ્યુ છે. તમારી ટ્રન્ક જોવાની લાલચે, મ્હારા હાથમાં તમારી માનીતી મધુરીની છબી આવી ગઇ. અને તે કંકાસીયણ કજીયા બહેનની નજરે ચ્હડી, એટલે મ્હારા હાથમાથી ખુચી લીધી. મેં બહુ તકરારે પાછી મેળવી, પણ તેણે મ્હારી કનેથી જાણી લીધુ, કે એ છબી તમારી પાસે છે, ને તે મધુરીની છે. કજીયા બહેને મૂર્ખાઇ કરીને બાપાજીના કાન ભંભેર્યા. મને તેમણે પાસે બોલાવીને દમથીજ પુછ્યુ. છબી વિષે ખુલાસો માગ્યો. ભયથી મેં એટલુ કહી દીધુ છે, કે પત્ર અને છબી મ્હારા હાથમાં આવ્યાં હતાં. મે પાછા તેમની ટ્રન્કમા મુક્યાં હતાં ! પત્રમાં પ્રેમ–દર્શન હતુ. સાત્વિક કે કુરાગી તે હું કહી શકતી નથી !

સ્વામીનાથ ! મ્હારાથી આ દોષ જાણ્યે કે અજાણ્યે, ગમે તેમ માનો, પણ થયો છે ! જો તેમાં સત્ય હશે, તો તમને પ્રભુ બગાવીજ લેશે ? તમારો પહોચનો પત્ર નથી. મને પણ તમે શકામા ગુથી છે ! પ્રભુ આપણાં નિર્મળ સુખ નીભાવે ! આપના પત્ર પછી હું વિશેષ લખીશ.

લી આપની ચરણાનુરજ નીરૂ."

વકીલ સાહેબને સહજ પુરાવા હાથમાં આવ્યો, કે જોઇ લેવા વાઘરાજ ! કોર્ટમાં ધાખલ કરીને સામા પક્ષનો જાણે કેવોયે ઘાણ વાળવાનો હોય, તેવું ડોળ કરે !

વિનોદરાયને આ પત્રથી વળી વધારે માઠી અસર થઇ. સુમનની અઘટિત રીતભાત, અને પોતાની વિદોષ તથા રંક મધુરીની છુપી હીલચાલ પર આ પત્રે અજવાળુ પાડયુ; પણ તેના ગર્ભમા કેટલી નિર્દોષતા ને નિર્મળતા રહેલી છે. તેનો કંઇ ખ્યાલ ન કર્યો !

આ બન્ને પત્ર વાચી રહ્યા પછી ત્રીજો પત્ર ઉઘાડ્યો. તે પત્ર મી. નિર્ગુણરાયનો હતો

વ્હાલા મિત્ર મી વિનોદરાય!

હાલમા ત્હામારો પત્ર નથી મને લાગે છે, કે ત્હારા હાથમા રમવા માંડેલા એક વારસા-હિસ્સાના કેસમાં તુ રોકાયલો હઇશ.

સુમનની સ્થિતિ સુધારવી હવે ત્હારા હાથમા છે, મે તને પુત્રવત્ સોપ્યો છે.

વિપત્તિ વગર સુખ નથી, ને કસોટી વિના મૂલ નથી. મ્હારો વિચાર એવો છે, કે જો તેને આપણાથી છુટો કરીને તેના બાહુબળ ઉપર ઝુલાવીયે તો? છાયડીમા રહેલુ બાળક પોતાની ઉન્નતિ કરવાને આળસુ બને છે જયા જોઇએ છીયે, ત્યાં રંક વિધવાના પુત્રો બહુ ઉચ્ચે સ્થળે ચડેલા માલમ પડે છે. કષ્ટ પડયા વિના કદર થનાર નથી, જાતી અનુભવ વિના ભાવી સુધરનાર નથી.

મેં તેમની વહુને મુંબઇ મોકલવા ઠરાવ કરેલો પણ પાછળથી કેટલાક અનિવાર્ય કારણને લીધે તેને અટકાવેલી છે. મને યોગ્ય કારણ એમ લાગે છે, કે તમા । વૈભવથી તેને અળગો રાખવો, એક ભાડાની સાદી પણ સ્વચ્છ હવાવાળી જગ્યામા સ્થાન આપવુ, ને નોકરી તરીકે દરમાયો મળે તેમ કરવુ! તેને વિલાયત જવાની હોશ હોય તો, જાતી બળથી ભલે જાય! ગમે તો જાત પર નાણા કહડાવીને ભલે મેશર્સ ટાટાની ફેર્મ તરફથી તેના સ્કીમને તાબે થઇને તે જાય! જો કે મને તો ભય છે, કે જુવાન્યાને વીલાયત ન મોકલવા, હાલમા ઇન્ડીયા કૌસીલે, હીંદના અભ્યાસીઓ માટે જે સ્કીમ ઉભો કર્યો છે, એ વધારે સારો છે, તેથી જવા દેવાને હરકત નથી.

મધુરીનો સંસાર સુખી નથી, પણ હવે ધીમે ધીમે સુખી થયો હશે, થતો હશે!

તમારાં ધર્મ પત્નિને અમ દમ્પતીના યથાયોગ્ય!

સુમન માટે તને જે વ્યાજબી લાગે તે કરજે, મ્હેં તો મારો અનુમત આપ્યો છે. મોટા દીકરાએ તો વ્યહવાર માત્ર સભાળ્યો છે. કેવળણી પાછળ કરેલા ખર્ચનું સાર્થક તો સુમન છે. જો ઇશ્વર તેને સદ્‌બુદ્ધિ આપે, ને સુખી થાય તો જીવનમાં એ સંતોષ છે! આજના કાળમાં પુત્રો સારા નીવડે, એ મહદ્ ભાગ્ય માનવું! ખાસ કરી ને આપણા અમદાવાદી નવી ટોળકીના કોઇ કોઇ છોકરાએ જેના મગજમા અહંપદનો જુસો ભરેલો છે, ને વગર આવડતે, કોઇની પરવા વિના, મહાપદ પામવાની અહંતા—મમતા રાખે છે, તેના બાપ બહુ સુખી થાય, તેમ મ્હારૂં માનવું નથી. સુખાકારીના સમાચાર નિવૃત્તિએ લખશો

લી. ત્હારો બન્ધુ

નિર્ગુણ.

વિનોદરાયની વૃત્તિ ફરી ગઇ. સુમન સારી ચાલનો નથી, એ તો તેના પિતાના પત્રથી સિદ્ધ થયું અને તે કદાચ આડી ચાલનો નહિ હોય, પણ ઉદ્ધત તો હશે, ને કુસંગમાં ચડ્યો હશે, એ ખ્યાલ નક્કી થયો

તેણે ઘોડાવાળાને બોલાવ્યો, અને રાત્રીએ મધુરી બહેનને ગાડીમા બેસાડીને મુકવા ગયો હતો, તે પછી પાછાં આવતાં સુધી જે જે બનાવ બન્યા, તે પુછી લીધા. મધુરીનું પ્રથમ સાસરે જવું, ત્યાં થોડીવાર ખોટી થવું, ને પછી માર ખાઇને મધુરીએ પાછું ફરવું. સુમન તથા મધુરીએ અકસ્માત મળવું, અને બન્નેનું એકાન્ત રાત રહેવું. આ વાત વિનોદરાયે જાણી ઘોડાવાળાએ તે વિષે બચાવ કરવા માંડ્યો, પણ તેની વધુ વાત સાભળવાને વિનોદરાયે ના પાડી. ઘોડાવાળો ચાલતો થયો.

વિનોદરાય વિચારમાં પડ્યો. કપાળપર હાથ મુકી ઘડીભર સ્વપ્નાવશ થયો!

તેણે પોતાની કુશળતાથી કહો, અગર કર્મપ્રભાથી કહો, પણ એક ઉપાય શોધી કહાડયો, આ ઉપાય ગમે તો ઉદ્ધત ગણાય, કે ગમે તો આપદ્દર્થા ભરેલો મનાય, પણ તેણે તેનો તત્કાળ અમલ કર્યો.

બીજે દહાડે પ્રભાતે યુવાન સુમન કંઈ ગુમ થયલો લાગ્યો. કેટલાક દીવશે મધુરી પણ ગુમ થઈ ગઈ. કયાં, ને કેવી રીતે ગઈ, તે હવે પછી જાણીશું.

આહા ! તે કયાં ગયાં હશે ? શું તેઓ પોતાની સ્વેચ્છાથી, મા-બાપના અંકુશને વશ ન થતાં, ઉદ્ધતાઇ કરીને ન્હાસી ગયાં હશે ?

ના, સમય તથા સંજોગનો ભોગ થયાં છે. વ્હાલા વાંચક ! જરા બીજા ભાગપર દૃષ્ટિ દોડાવ, કે તને આ નિર્દોષ પંખીડાનું સુખ-વિમાન જોવા મળે ! મનુષ્યની કસોટીથી મળતા નિર્મળ સરોવરનાં જળ જેવાં સુખ ને શાન્તિ અનુભવવા મળે !

સુગંધીદાર ગુલાબ તે ગુલાબજ છે, તે કાંટાસળીયો નથી કસ્તુરી તે કસ્તુરીજ છે, તે ભુદ્દાનો રેસો નથી ! કંચન તે કંચનજ છે, પિતળ નથી ! ચન્દન તે ચન્દન છે, તે કાચું કાષ્ટ નથી !

ગગનના તારા ગણાતા નથી ! ઝાડનાં પત્રો ગણાતાં નથી ! માથાના વાળ ગણાતા નથી. તેમ ભાવીનો ભેદ ભણાતો નથી—જણાતો નથી-ગણાતો નથી ! કુદરતની ગતિ ન્યારી છે.

ભલા વાંચક હવે લગાર ધિરજ રાખીને હિમાલય પહાડની ઉંચી ટેકરીપર પગ ટકાવીને આગળ ચાલ, કે તને કૈલાસનું દર્શન થાય !

વિપત્તિથી કદીએ ડરીશ નહિ
ભાગ્ય ખિલવવા માટે પાછું પગલું ભરીશ નહિ.
જો નાહિમ્મત થઇશ તો કદી સુખથી ઠરીશ નહિ.
ધિરજ તજીશ તો કઠણ કાળમાં શાન્તિ ભરીશ નહિ.

પ્રથમ ભાગ સમાપ્ત.

મધુરી અને કનક.



સાગર–સરિતાનો સમાગમ-

ભા ૨. પૃ ૧

હેલવાડાકર-વાર્તામાળા. નં. ૨૩.

નિરંજની.

ભાગ-બીજો.

સચિત્ર-હીંદુ સંસારી વાર્તા.

उन्मत्तप्रेमसंरम्भादारभन्ते यदङ्गनाः ।
तत्र प्रत्यूहमाधातुं ब्रह्माऽपि खलु कातरः ॥

" સ્ત્રીઓ અત્યંત પ્રેમના વેગથી જે કાર્ય આરંભે છે, તેમાં વિઘ્ન નાખવાને બ્રહ્મા પણ ડરે છે, એ નિશ્ચય છે."

પ્રકરણ ૧ લું.

સાગર-સરિતાનો સમાગમ!

કુદરતે મૂળથી જે સંબંધો સાધી દીધેલા હોય છે, તે કદી કાળભેદે વા સંયોગભેદે છુટા થાય છે, તોપણુ તે સંબંધ પાછો જોડાય પછીજ શાન્તિ પામે છે. સરિતા મહાન ગિરિવરમાંથી પેદા થઇને, અનેક દેશ-પ્રદેશના આડાઅવળા ને ખાડા-ખબચાવાળા ભાગોમાં વિસ્તરે છે, પરંતુ જ્યાં સાગર હોય છે, ત્યાંજ તે સ્થિતી પામે છે.

સંસારમાં સ્ત્રી-પુરૂષોનો એકત્ર સંબંધ એવોજ સુખકર છે. પ્રકૃત્તિ દોષના અસરખાપણાને લીધે મન-સૃષ્ટિમાં વિહ્વળતા પ્રાપ્ત થવાથી તેઓ વિયોગ દશાને પામે છે, તોપણ અંતે તેઓની સ્થિતી એકજ અક્ષર-ધામમા સમાપ્તિ પામે છે. આર્ય ધર્મન. સિદ્ધાન્ત પ્રમાણે, અને કૃષ્ણ યજુર્વેદ સંહિતાના એક મત્ર પ્રમાણે જો સ્ત્રી અને પુરૂષ બન્ને હોય, તોજ ઇશ્વરનાં કાર્યો સિદ્ધ થાય છે, તો પછી બન્નેના આત્મા વડેજ મુક્તિ મેળવી શકાવી જોઇએ. આ દૈવી શક્તિના સ્નેહમા જે ઇશ્વરી અંશ રહેલો છે, તેનુ સુખ ને શાન્તિ, તેના ભોક્તાજનો અને તે વડે મુક્તિ પામેલા પવિત્ર દમ્પતીયોજ અનુભવી શકયાં હશે !

પ્રિયા એ સ્વર્ગનો બગીચો છે. કુટિન સંસારમાં કલહના સ્થાનમા. અકાળ આફતમા, તે નિર્ભય સુખમય પાત્ર છે; કુસુમ છે. આધારભૂત અંત છે તેના પ્રેમનુ લક્ષણ મક્તિ છે તેનુ સુખ નિર્ભય છે.

સન્ધ્યા સમય થઈ ગયો છે સાગરના પશ્ચિમ ભાગમા સૂર્યદેવ, રજનીની ઝાખી કરાવતો વિદાય થાય છે. બીજી પુર્વ દિશાએ ચન્દ્રમાના રૂપેરી કિરણો પ્રકાશ પામે છે. કવિ કાલિદાસના અલંકાર પ્રમાણે—

એક મેર ઉડુરાજ-ગિરિ પાછળ જાયે છે;

એક મેર શુભ ઉદય, અહરમણીનો થાયે છે.

સમુદ્રની શિતળતા ને ગભીરતા, જેવી ને તેવી અચલિત કહો, કે ચલિત કહો, પણ સ્થિતીમય રહીને પોતાની પ્રકૃતિના ગુણો, જનલોકમાં દેખાડે છે; પોતાનો પરમ પ્રેમી મિત્ર ચદ્ર તેને આનદની રેલોમાં કીરણ રસ્મિ દ્વારા હુલાવતો દેખાય છે. સ્ત્રી અને પુરૂષની મૈત્રી જેવી સ્નેહ-ભાવનાવાળી મૈત્રી ચોમેર ફેલાવી રહેલો છે ભરતી-ઓટ થઇ રહી છે. ન્હાનાં-મોટા જીવડા ઉછાળા મારે છે મોતી અને રત્નો પોતાના પેટમા છતાં, છલકાવીને જળ દ્વારા બહાર કહાડતો નથી. માત્ર પોતાના મિત્રને તેનો આનદ બતાવે છે. સાગર ઉછળે છે. ચદ્ર

ખીલે છે. એક મૈત્રી જળ-સરોઝ જેવી, ને બીજી મૈત્રી જળ-દુધ જેવી જાણવી-જગતના ભયંકર કાળમાં વસતા કૂટીલ જનોના પ્રસંગમાં જીવન ગાળતી વખતે જળ-સરોઝ* જેવી મૈત્રી રાખવી; અને પ્રિયાનાં સ્વર્ગીય પ્રેમ-કુસુમોની સુવાસના લઇને વૈકુંઠ પ્રાપ્ય કરવા અર્થે, ગૃહસ્થાશ્રમ ધર્મમા અનુકુળ રહી, મુક્તિ-સ્થાનમા જવાને જળ-દુધ* જેવી પ્રીતિ પ્રાપ્ત કરવી.

ભારત દેશના પશ્ચિમ ભાગમાં દ્વારિકાપુરીનું મહાન ધામ છે. શ્રી રણછોડરાયજીનુ મંદિર છે. ગૌમતી તટ અને સાગરનો સંગમ છે. શ્રી કૃષ્ણચન્દ્ર પ્રભુની ઝાંખી કરનારા ભક્તજનોનું આશ્રમ છે. બેટ માંહે તાપસી લોકોનો નિવાસ છે આ સ્થાનની દક્ષિણ બાજુ, સાગરના કિનારા પર, શ્રી સુદામાજીએ બે ઘડી બેસીને કરેલા પશ્ચાતાપનો પડછાયો પડી રહેલો છે.

પથ્થરનો ઉંડાણ ખાડો પડી રહેલો નજરે પડે છે સામે જ્યોતિર્મઠનું વિશાળ ધામ છે જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યનુ આશ્રમ છે. સમુદ્રની લ્હેરો પેલા પથ્થરની કઢણને અથડે છે; અને જાણે કૈલાસવાસી પ્રભુજીની મૂર્તિના ચરણાર્વિંદનું ચુંબન કરવા ઉછળતી હોય, તેવી લ્હેરો ઉડે છે.

* કમળ, જો કે સરોવરના જળ ઉપર તરે છે તે જળમાંજ જન્મ પામ્યું છે જળમાંજ વિરમે છે. પ્રફુલ્લે છે, અને તેમા સુકાય છે, તે છતાં જો જળનો છાંટો પત્ર પર પડે છે, તોપણ તે છાંટાની પત્રને કશી અસર થતી નથી-તેમ કૂટીન મૈત્રી કરવી પડ્યા છતા તેની અસર ન થાય, તેવું વર્તન કરવું।

* દુધ ગરમ થાય છે, પણ જળ પડતા તે તરત ઉભરાવુ બંધ પડી જાય છે. જો કે તેના સંયોગથી જળને અગ્નિના તાપમા દાઝવુ-દહન થવું પડે છે, તોપણ મિત્રના અંગને બચાવવાને તે ડરતું નથી, તેવીજ રીતે પોતાની સ્રીને પતિએ કે પતિને સ્રી, સમયકાળે સહાયભૂત થવામા, મૈત્ર ધર્મ ભૂલી જવો નહિ; જળ-દુધ પેઠે સર્વ કાળે સુખ સંભાળવું.

આ એકાન્ત ને રાત્રીના સમયમા ભયંકર થઇ પડેલા સ્થળમા એક યુવાન પુરૂષ પોતાના માનવ અવતારનો અંત લાવવાને અહિં આવી ચડ્યો છે. સંસાર સુખથી વિહીન થયેલો, પોતાને હાથેજ કનકપાત્ર ફોડીને પછી રડવા બેઠેલો, શકુન્તલાને ગુમાવીને પછી રોવા લાગેલા દુષ્યન્તની દશા પામેલો, સીતાને વનમા ફરીને મોકલ્યા પછી રઘુવરની વિમાસણુ પામેલો, યુવાન આ સાગરદેવને પોતાનો દેહ અર્પણુ કરવા આવેલો હતો.

સન્ધ્યા સમય થઈ ગયો જ્યોતિર્મઠમાં શંકર પ્રભુની આરતી થઈ ગઈ. દર્શનાતુર ભક્તજનો ઉતારે પહોંચી ગયા. શિવાલયનો દરવાજો બંધ થઇ ગયો પશ પંખી પણુ વિરામ પામ્યાં—અને રાત્રીના મુખમા થતી શાન્તિ મેળવવા સૌ સ્થળ સ્થળમાં પેઠાં—

સંસારથી કંટાળેલો આ પુરૂષ હવે દેહત્યાગ કરવા માટે સમુદ્રના કિનારાપરના એક પથ્થરપર બેઠો બે હાથ ગુંઠણપર ટેકાવી, બે ગાલપર હાથ રાખીને મગજ બ્રહ્માડમાં વિચાર–વેગને દોડાવતો હતો ક્લેશ સુચવતો હતો, કે હવે દેહત્યાગ કરવો અવશ્યનો છે, હૃદય એમ કહેતું હતુ, ભય પામતું હતું, કે—

"ન વિસારાગે દયા હૃદયમાંથી રામ ન વિસારીગે—
રંકમાથી રાય થઇયે, કરીએ લક્ષ્મી–રાજ;
અસલ દશા ભૂલીગે નહિ, ભલે મળે શીરતાજ—
માનવનો અવતાર ફરી ફરી, નહિ આવે મન માન;
આવ્યા તેવાં ચાલતા થઇશુ, મૂકી માન–ગુમાન—

ચંદ્રકળા–નાટક અ. ૧. પ્ર. ૭.

સમુદ્રના તરગ પંદમ તેના તરગ પણુ ધીમા–ઉતાવળા ઉડતા હતા ઘડી–પળમા ભ્રમ–વિભ્રમ થતો હતો. જીવવાથી અતી ક્લેષ પ્રાપ્ત થતો હતો ભૂમિ તથા સબધીને તજી જવાથી નિદ્રાપાત્ર થતો હતો. અને દેહ ત્યાગ કરવાને દીલ અચકાતુ હતુ. આખરે ચોમેરનો

વિચાર વાયુ એક થયો વ ટોળીયાનું રૂપ પકડયુ. તોફાન શરૂ થયું. તરંગો ઉડવા લાગ્યા, અને આ યુવાન પણ ઉઠયો; સાગરના છીછરા જળમા ઉભો અને બકયો—

"જે ખાણુમાથી જે રત્ન નીકળ્યું, અને જે ખાણુના ત્રાસથી, તેમાજ લય થવા જાય છે. જેને માતા તરીકે કહીએ, પુત્રી વા ભગિની અથવા ભાર્યા તરી કે માનીએ, તેનાજ મળ-મુત્રના પાપરૂપ ખાડામાં જન્મ ધારણ કરવાને આ અવતારી પુરૂષ જાય છે. જે માનવો, એક સુઘડ ને સુસીલ સ્ત્રીના ઉદરમાં જન્મીને, રામ કે કૃષ્ણ પ્રભુ, કપિલદેવ કે પ્રલ્હાદ સમાન માતાનો ઉદ્ધાર કરનારા, સીતા અને કુબજા જેવી સ્ત્રીના પ્રેમમા તલીન રહી, અંતે સુખ ધામ પામનારા, એવીજ પવિત્ર પ્રિયાથી ભાગ લ્હેનારા અવતારી પુરૂષો જેનો સુખ આધાર સ્ત્રી હતી, પેદા કરનાર ને તારનાર સ્ત્રી હતી, તેવીજ એક મૂર્તિના ત્રાસથી આ યુવાન જળદાહ કરવાને આવ્યો છે. આહા મુર્ખજને અમૃતપાત્ર હાથ માહે આવેલું ઢોળી નાખ્યુ! મળ—કુંભના ભોગથી હવે તે દેહત્યાગ કરવા નીકળ્યો કુંભાડી માતા—કુસંગી, કુમાર્ગી અને કુજાત માતાના અનાચારથી આપદામાં આવી પડેલો યુવાન, અંતે, પોતાની પૂર્વ પ્રિયાને યાદ કરતો—છેવટે નવે જન્મે એવીજ એ પ્રિયાને મેળવવાની પ્રભુ કને વિનતી કરતો, પોતે તે મૃતપ્રિયા સમજીને તેના કને ક્ષમા ચાહતો આ યુવાન છેવટે સમુદ્રમા મળવા ચાહતો હતો. છેલ્લી છોળોમા જવુ, આ નિમિત્ત ઉઠયો; પણ કુદરતનું ધારવુ જુદુંજ હતુ. તે તો પ્રાણઘાત કરી, જગત ને જીવનનો અંત જોવા ચાહતો હતો, પણ કુદરત તેને એજ આશામા ઉન્નત બનાવવા ચાહતી હતી- જેવો તેણે સમુદ્ર જળમા પગ બોળ્યો, કે દુર કોઇ લાકડું તણાતુ આવતુ લાગ્યુ. તે શખ્સ ખુશી થયો લાકડાને બાઝીને દરિયામા ઝીંપલાવવુ, અને તે વડે તે ઉંડા પાણીમાં તે ખેંચી જાય ત્યાં જવુ!

આહા ! શી ઉંડી ધારણા કરી ! પેલા ખેંચાતા તણાતા આવતા લાકડાની વાટ જોતો ઉભો—અને ધીરે ધીરે ઉંડા પાણીમા ઉતરતો—અધીરા થતો—ચાલ્યો, છાતી ભર પાણીમા ગયો, ત્યા પેલુ લાકડું હાથ અડયું ! આહા ! શુ કોમળ ! તેણે મખમલની ગાદી-બાથમા લીધું ત્યા છાતી શાન્ત થઇ. તરત તેને લાગ્યુ કે કોઈ માણસ છે ! આહા ! માણસ કોણ ? હિમ્મતના બળે, તે પાછો ફર્યો. કુદરતે તેને પાછુ ફરવાની સુચના કરી, તે કાંઠા તરફ ચાલતો આવ્યો. ઓટને લીધે તેને તક મળી. જ્યાં કાઠાપર આવ્યો. ને હાથ માંહેના લાકડા તરફ જોયુ, તો એક સુંદર મનોહર સ્ત્રી ! અને તે વળી કોણ ! પોતાની પ્રિય સ્ત્રી મધુરી ! " **મારી મધુરી ?** "

આ શબ્દનો ભયંકર પણ મનોવેધક ઉચ્ચાર કરતો યુવાન, તેણીને બાથમાં ઝાલીને ખડકપર ચડયો ! (ચિત્ર–A)

શુ તેના મનનો ઉભરો અને હર્ષ હશે ! જે સ્ત્રીને પૂનર્જન્મે મળવા માટે, મરવાની અણી વખતે પ્રભુ કને યાચના કરેલી, એ સ્ત્રી તેને હાથ ચડી ગઈ !—

વાંચનાર ? મધુરી અહી કયાંથી ?-આ શખ્સ કોણ ? એ તેનો વર કનકરાય ! દ્વારિકાં નગરીમાં આવી વસેલો—સંસારી ખટલાના કંટાળાથી આપઘાત કરવા નીકળેલો—પ્રભુ કૃપાએ ને આયુષ્ય બળે—અથવા મધુરીના ભાગ્યે તે બચ્યો ! વાર્ત્તાનો પ્રસંગ ભે અને કથા લંબાણ છે ! હાલ તેમને અહીંજ રાખીયે—અને વાર્ત્તાના વિખરાયલા પાત્રોનો ધીરે ધીરે ખબર લઇને સઘળાનો પત્તો કહાડીયે !

જગતમા જનમ ને મરણ કઇ સાકાં તો નથી. પણ થોડા જીવનમાયે શુ શુ બનાવો બને છે ! એક અવતારમા કેટલા અવતારો જોવાય છે ? ચડતો-પડતી, અને જનમ-વિજન્મ ભોગવાય છે. ચાલો, ત્યારે હવે બીજાં પાત્રો જોઇયે

પ્રકરણ ૨ જું,

ભાગ્ય-યોગની ઝાંખી.

સત્યવાદી અને નિર્દોષ રાજા હરિશ્ચન્દ્રના ભાગ્યનો દાણો, વસિષ્ટ ને વિશ્વામિત્રની રકઝકડી ચક્કીનાં બે મતભેદી પડ વચ્ચે પીસાઇને આ રાજકુળની અવનતી થઇ ગઇ !

કેવળ સત્ય જીતવા માટે આ મહારાજા હરિશ્ચન્દ્ર સ્મશાનમા ચોકી કરવા બેઠા પોતાના મૃત પુત્રને દહન કરવા માટે, પોતાના માલિકનો કર માગવાની હઠ લઇ બેઠા. રૂદનાવશ રાણી તારાનું હૃદય-ફાટ આક્રંદ, અને મૃત પુત્રની માયાનો, અથવા પોતાની આ દુર્ઘટ સ્થિતીનો કશો શોચ કર્યા વિના, માત્ર પોતાનાં વચન ઉપરજ મુસ્તાક રહી, સત્યનુ સંશોધન કરાવતો અયોધ્યાપતિ રાજા હરિશ્ચન્દ્ર, રડતા હૃદયે પણ પ્રિયાને કર લેવા મોકલી. આહા ! તારમતીયે પતિને તજ્યા, તે વેળા છુટા પડતા થયલુ આક્રંદ, પત્થર જેવી છાતીને પિગળાવનાર છતા સત્યની હિમ્મતપર છુટા પડયાં. એટલી હદ સુધી તેની સહન શીળતાયે ધિરજ રાખી, પરન્તુ અગ્નિસેન બ્રાહ્મણની આજ્ઞાથી રાજ-કુમાર રોહિતને જ્યારે વનમા બિલીદર્ભ લેવા જતાં સર્પડંશ થયો, ને તે ખબર તેના વિદ્યાર્થી ગોઠીયાઓએ તારામતીને પહોચાડી, તો વખતનું પુત્ર-વિયોગનુ રૂદન, ખરે, રામના વનવાસ વખતે કદાચ માતા કૌશલ્યાને પણ થયુ ન હશે !--

આ દશાએ પહોચેલી, એક રૂપવતી, ને શિયળવતી સાધ્વીની આપણે અહી ચિત્રમાં ઝાખી કરીએ છીએ—(ચિત્ર-B).

ગર્ભશ્રીમંત ઘરની આ મનોહર સુન્દરી, પતિથી વિહીન થયલી અને પુત્ર ગુમ થવાથી વ્યાકુળ બનેલી હરણી સમાન જોઇ શકાય છે.

સાંજના સમયે, વાલકેશ્વરના એક શિવાળ મહાલયમાં, બગીચા માહેનાં કમળા છોડોથી ઉડતી પરાગ રજકણો લ્હોતી, આ સાધ્વી આવી પહોંચી.

માણેકના મંદિરમા ભટકતી ભિખારી હાલતે આવેલી નીલમ, જાણે દમયતી પેઠેમ દયામણે મુખડે દરવાજા પાસે આવી ઉભી હોય, તેમ ઉભી રહી. બગલાના ચોકમા ઝુલાપર ઝુલતી મહાદેવી સરખી ભગીરથીની દ્રષ્ટે આ યુવાન સ્ત્રી પડી. પ્રભુ જાણે ભગીરથીના હૃદયમાં દયા પ્રબળ થઇ, અને પેલી તરુણ સ્ત્રીને પાસે બોલાવી પુછયુ–

"બાઈ! તને શું જોઇએ છે?"

"મ્હારૂ બાળક! મને મ્હારો પુત્ર જોઇએ છે! આ હુ અજાણી છુ. મુબઇમાં પહેલ-વહેલી આવી છુ. મ્હારો પુત્ર આંગળીયેથી છુટો પડી ગયો છે, બા? શું તે મને મળશે? મ્હારો એ એકનો એક આધાર છે. મ્હારૂં એ જીવન છે. સધવા છતાં કલ્પિત યોગે વિધવા જેવી દશા ભોગવતી અનાથ અબળાના ભાગ્યનો એ બાળક સુખ-ચન્દ્ર છે. મને કશુ નથી જોઇતુ! હુ પવિત્ર ધર્મ વડે પેટ ભરીશ. મહેનત મજુરી કરીશ, પણ મને મ્હારો પુત્ર મેળવી શકાય, તેવો માર્ગ કોઇ બતાવશો, બા?"

આંખમાંથી દડદડ આસુડા ઢાળતી, ગોરા ગુલાબી ગાલપર, ઉન્હા-ળાના તાપની છાંટ લાગેલી છતાં, માળીના જળ-સીંચનથી લગાર સતેજ જણાય, તેમ દુ:ખથી પીડાયલી છતાં, ને પુત્ર વિયે ગથી દડતા આંસુડાંને લીધે, અમળાયલા ગાલ ધોવાયાથી સ્વચ્છતા પથરાયલી છતા, પોતાની થોડી પણ કર્મકથા સાંભળવા ભગીરથીયે બોલાવી, તેટલી હિમ્મત આ વેળા બહુ કિમતી થયલી માનીને તે કંઇક ટટાર થયલી લાગી–

"બહેન, જરા આ ઓટલા ઉપર બેસી જા! તુ દુ:ખની મારી છુ. દીકરો ગુમાવી બેઠી છુ, પણ પ્રભુ સૌ સારૂં કરશે!" એટલુ

બોલતાં ભગીરથી અટકી પડી. તેની જીભ આગળ ન ચાલી, તેનાથી રડી જવાયું!

" બા ! ના રડશો ! મ્હારો દીકરો મ્હારો હશે, તો મને મળશે તમે શું કરવા રડો છો, બા ? તમે ના રડો, મ્હારા સમ ! "

" બ્હેન ! મ્હારી દીકરા તુલ્યની એક દીકરી પણ દરિયામાં પડીને ગુમ થઇ છે અરેરે, એ બિચારીને શું કોઇ ખાઈ ગયું હશે ? જીવતા હોય, એ તો પાછાં કોઇ કાળે પણ મળે, પરંતુ મુએલા—

" તેનું આયુષ્ય હોય, તો તે પણ મળે ! જેને રામની રક્ષા, તેને કોણે ભક્ષ્યા ? "

પોતાનાજ દુઃખને મળતી આ ભલી અને રંક સ્ત્રી મળવાથી ભગીરથીને તેનાપર દયા આવી. પોતે હવે બંગલામાં એકલીજ હતી. સ્ત્રી સહવાસ ન્હોતો. કોઇ લાયક ગુણી સ્ત્રી મેળવવાનીજ શોધમાં હતી. ત્યાં આ દુઃખી, ને અનાથ સ્ત્રી મળી ગઇ વળી બોલવા—ચાલવામાં નમ્ર ને ઠરેલી- લાગી—દુઃખની મારેલી લાગી—તેણી આશરો શોધતી લાગી.

" ત્હારી જાત શી છે બ્હેન ? "

" હું ઉચ્ચ જાતિની છું. નાગર કોમની છું વખ્ખાની મારેલી છું મ્હારી કર્મ કથા લાંબી છે, બાઇ ! રાત પડી જશે. મ્હારો ગુમાયેલો દીકરો રડી રડીને વાજ થયો હશે કહોની, તેનો પત્તો શી રીતે મળે ? "

' તું નચિંત રહે, ત્હારો દીકરો કયાંયે જવાનો નથી. હમણા મ્હારા સ્વામીનાથ ઓફીસમાંથી આવશે, ને તને ત્હારો પુત્ર મેળવી આપશે પોલીસને ટેલીફોનથી ખબર આપી, કે જયાં હશે, ત્યાંથી તેઓ શોધી લાવીને ત્હારા ખોળામાં મુકશે. "

" પ્રભુ તમારૂં કલ્યાણ કરશે ! પણ બા ! આપના ભલા ભરથાર કયારે આવશે ? "

"બાળક વિના અધીરી થયલી માવડી, ટળવળની સ્થિતિએ તું ના ગભરા ? બહુ ભૂખ છતાં કંઇ બે હાથે નહિ ખવાય! જો–શેઠજી આવ્યા!—

વિનોદરાય સોલીસીટરની ગાડી એકદમ બંગલામાં આવી પહોચી. કોચબાક્ષ પરથી સિપાઇ એકદમ ઉતરી પડયો. ને ગાડીનો દરવાજો ઉઘાડ્યો શંકર જેવો શોભતો સ્વામી ઉતરી પામે આવતાજ ભગીરથી તેને મળી–અને બન્ને અંદર ગયા. સિપાઇએ ગાડીમાથી બેગ તથા પેપરબોક્ષ લીધા, ને અંદર ગયો–ગાડી તબેલા ભણી ચાલી—

પેલી બિચારી સ્ત્રી ઓટલાપર બેસીને આ નાટારમ્ય જોવા લાગી–"રખે મ્હારી વાત મ્હોટીબાઇ વિસરી જાય! રખે મ્હારા દીકરાની શોધ કરવામાં હું ખોટી થતી હોઉ ?" આ વિમાસણ કરતી, આકુળ—આકુળ થતી સુંદરી, બંગલામાં આમતેમ ડોકીઉં કરવા લાગી. સુખીને દુખીની શી ચિંતા હોય! એમ પણ કલ્પવા લાગી!

વાંચનાર! આ સ્ત્રીને તુ ઘણીજ સારી રીતે ઓળખે છે. આ ભલી બાઇ તે આપણી વાર્તાની નાયિકા નિરંજની છે.

તુ વિસ્મક થશે, કે નિરંજની તો હજી પિયરથી પ્રથમ પતિદર્શન કરવા સાસરે ગઇ છે, ત્યા તેને દશ વર્ષનુ બાળક કેવુ, અને તે રખડતી હાલતે અહી કેવી ?—

સમય કાળની ખુબી અજબ છે! વ્હાલા વાચક ! ભયંકર જગતને તુ ક્યારે ઓળખી શકીશ, કે જ્યારે ત્હારાપર લીલી–સુકી વીતશે, તાપ-છાયડી લાગશે!

નિરંજનીનો દશ વર્ષનો બાળક સુરથ તો તેના પિતા સુમનરાયના બંગલામા તેના પુત્ર ભગીરથ જોડે જઇને બેઠો છે અને નિરંતો બિચારી ભીખારી હાલતે વિનોદરાયના ઓટલાપર પોતાના પુત્રની શોધ કરાવવાની મદદ માટે રાહ જુએ છે.

અજબ ખેલ કુદરતનો દીઠો, કહો કહું આ વારમાં
જો હું જાઉં રેલમા, તો ભાગ્ય જાય છે તારમાં.

નિરજની અહીં આ હાલતે કેવી! તેનો પુત્ર સુરથ કયાંથી? સુમનરાયનો બંગલો કેવો? તેનો પુત્ર ભગીરથ કેવો? આ સઘળો કુદરતનો શો ખેલ હશે, વારૂ?

ચાલ, ત્યારે આપણે તેઓની પૂંઠ પકડીને પૂર્વ સ્થિતી શોધી કહાડીએ!–તેના ભાગ્ય–ચક્રના આટા કયા કયા પ્રદેશમાં ફરી આવ્યા છે, અને કેવા કેવા પવનના વેગમા ડોલી આવ્યા છે, તે તપાસીને પાછા અહીં આવી જઇએ. સ્વપ્નાની માયા જોઇને જાગૃત થઇ જઇએ.

પ્રકરણ ૩ જું.

સુખમય–સંસાર! અથવા પીંડનો પડછાયો!

"નવીન મધુ ચાખનાર દુર કયા થયો?
ભૂક્ત વસ્તુ મધુપ કેમ વિસરી ગયો?—
આમ્રકની રસ ભરેલી લુબ્ધ થઇ તેં ચુસેલી;
છતા નિરખી કમલાવલી, ગયો ત્યા લોભાઇ અલી—
વિરહે ઝુરે નારીથી ન જાય ધા સહ્યો—"

"શકુન્તલા નાટક"

આ દશા પામેલો રાજા દુષ્યન્ત, શકુન્તલાને વિસારીને નવીન સંસારમાં આનંદ માની બેઠેલો હતો, ત્યારે તેને પૂર્વ સ્મરણ થતા વિરહથી ઝુરતો હતો!

"નીલમ–માણેક"ની વાર્તાના ત્રીજા ભાગમા પ્રદર્શિત થયેલો જયન્તીલાલ પોતાની મૃતપ્રિયા સુમતીનું અહોનીશ સ્મરણ કરતો કરતો,

કાશીપુરીમાં મૃતપ્રિયાનાં અસ્તી ગંગાજળમાં પધરાવવા આવ્યો, ત્યાં સુકુમાર મુગ્ધા ગુણવતીનો પ્રસંગ પડયો—ને તેના સ્નેહાર્દ્રવમાં લુબ્ધ થઇને પૂર્વભાવ ભુલી ગયો-એજ રીતે આપણી વાર્તાના નાયક સુમનરાયને નવીન સ્ત્રીના સુખમાં ઉછળતો જોઇએ છીએ—

રાત્રીના સ્વપ્નામા નિરંજનીને શકુન્તલારૂપે યોગિની વેશે જોઇ, હાથની આંગળી પકડી ચાલતો સર્વદમન જેવો બાળક જોયો—એજ ધૂની મનમા લાગી રહી હતી-તે બંગલાના ચોકમાં ખુરશીપર લાંબા પગ કરીને પડ્યો હતો-સાંજનું 'એડવોકેટ ઓફ ઇન્ડીયા"-વાંચતો હતો. પડામા તે પડતુ મુકીને વિચાર કરતો હતો આજના અંકમાં એક પોતાના મન-સમાધાનની હકીકત પ્રકટ થઇ હતી. મેલબોર્નમાં બનેલા એક બનાવની નોંધ હતી કેટલેક વર્ષે ગુમાયલી સ્ત્રી મળી આવી હતી, પણ તેની સાથે બાળક હતુ, એ બાળક પોતાનુ હોવાની ધણીએ આનાકાની કરી હતી-અને આખરે તેના પહેલા મેળાપની વાત યાદ આવી હતી-દુષ્યન્ત જેમ પ્રેમ ભેટ વિસરી ગયો હતો, ને સગર્ભા શકુન્તલાની દોષિત દશા થઇ હતી, એજ રીતે તેને થયુ હતુ.

સુમનને પણ આજે એવાજ કલ્પના ઉદ્ભવી હતી.

"નિરૂ કાં મ્હારા ગર્ભથીજ ભરાયલી ન હોય ? કાં તે ગર્ભ બીજાનો ગણીને મ્હારી ગેરહાજરીમા તેનો અંત લાવવાનો આડકતરો યત્ન થયો નોય ?"

આ કલ્પના ચાલુ છે, એટલામાં ભગીરથ પોતાની સાથે પેલા રંક હાલતે દેખાતા સુરથને લઇને પિતાના પાસે આવ્યો, અને બોલ્યો.

"પિતાજી ! આ કોઇ ગરીબ પણ ભલો અને પરોપકારી છોકરો છે સરતચૂકથી હું એક સાઇકલની અડફટમા આવી જતો હતો, તે વેળાએ આ ભલા છોકરાએ ચેતવીને મને બચાવ્યો છે. એ માબાપ વિનાનો છે, તેમને કંઇક આપો ?"

સુમન કને સુરથ ને ભગીરથ.



ભગીરથ, પોતાના પિતા કને સુરથને લાવ્યો

ભા ૨ પૃ ૧૨

"આપનુ ભલું થશે. મ્હારી માતાથી હું છૂટો પડી ગયો છું. મને કંઈ ખાવાનું આપો? હું સવારનો ભૂખ્યો છુ. પણ હું અપવિત્ર કે એઠું અન્ન ખાતો નથી. કા તો મ્હારી બા કોઇ વેળા કાચુ અન્ન મળે તો રાધીને ખવડાવે છે; નહિતો ફળાહાર કરીએ છીએ–ને કોઇ વેળા પાણી પીને રહીયે છીએ, પણ અમે ધર્મભ્રષ્ટ થતા નથી–થયાં નથી!"

સુરથે ઝડપથી પોતાની હકીકત કહી દીધી.—

બિચારાં ગરજાઉ લોકો પોતાની હકીકત જણાવવાને બહુ આતુર હોય છે. તેને એમજ લાગે છે, કે રખે સામો માણસ પોતાની વાત સાભળવા ના પાડે, અને તેને અપમાન કરી કહાડી મુકે! તેથી તેઓ દયા ઉપજાવવા, તથા કામ સાધવા સ્વાભાવિક રીતે ઝડપથી વાતો કરે છે.

સુમન આ બાળકના મોં તરફ ટગર ટગર જોઇ રહ્યો, તેની વાક્ચાતુરી, નમ્રતા, રંકપણું, ધર્માભિમાન અને ચંચળતા તરફ તાકી રહ્યો.

સુમનની નવલ સ્ત્રી વીરમતી દરવાજા પાસે આવીને ઉભી રહી જોતી હતી–સુમનની તેનાપર દ્રષ્ટિ પડી—

"વીરૂ! તને આ ચ્હેરો સ્મરણમાં આવે છે?" સુમને દ્રવતા હૃદયે દયામણા શબ્દથી પૂછ્યુ.

'હા, વ્હાલા! બ્હેનીના જેવો અને કંઇક આપ ખુદની છાયા છે.'

"મ્હારી માનુ નામ ન્હાની બા છે!'

"હ? તે જીવતા છે કે? કયાં છે વારૂ?'

"હાજ તો! મ્હારાથી તે છૂટા પડી ગયા છો ત્યારેજ હું અહીં એકલો આવ્યો તો? નીકર મ્હારી બાને મૂકીન હુ શા માટે આવુ? મ્હારી બા બિચારી અનાથ છે. તેનુ મ્હો મને બહુ વહાલુ લાગે છે. હું મ્હોટો થઇશ કની, ત્યારે મ્હારી બાના સારી રીતે સેવા કરીશ. મ્હારા એ. બાપા હતા કની, તે મ્હારી બાને મુકીને ચાલ્યા ગયા છે.

તેને પણ હું શોધી કહાડીશ ? દમયતી પેઠે મ્હારી બાની દશા થઇ છે, એમ તેઓ કહેતા હતા ! મ્હારી બા બિચારી ક્યાં હશે ? તે એકલી હશે, ખરૂં ? મ્હારા વિના તે રડતી ને રવડતી હશે ? મને કંઇ આપવું હોય તે આપો, હું જાઉં: મ્હારી બાને શોધી કહાડું !" સુરથ વાત કરતા રડી પડયો.

" ત્હારૂં નામ શું ? બોલ, રડ ના !" વીરમતીએ કહ્યું.

" મ્હારૂં નામ સુરથ !" સુરથે આંસુ લુછતાં કહ્યું.

" કેવું મઝેનું નામ !" ભગીરથે કહ્યું.

" ત્હારૂં નામ ભગીરથ ને તેનું નામ સુરથ ! જોડી બહુ મજાની પણ ભાવીમાં અંતર !–

" પિતાજી ! તેને આપણે ત્યાં રાખો ! જો, મ્હારી સાથે તે રમશે, ભણશે, ને સુખી થશે, તો આપણને આશિષ મળશે ? મ્હારા સમ !" ભગીરથે પોતાના પિતાને ગળે વળગી પડીને આગ્રહ કર્યો.

" આજે હું નહિ રહું ! મ્હારી બા મને મળશે, પછી જો તે કહેશે તો આવીશ ! રાત પડવા આવી છે, માટે મને જવા દો !"

" રાત્રે કયાં ભટકીશ ? અહીંજ રહી જા ને ! તને ખાવાનું આપીશું, સુવાને બિછાનું દઇશું !" ભગીરથે કહ્યું.

" ત્યારે મ્હારી બાનું શું થશે ?"

" તે પણ તને મળશે !" ભગીરથ બોલ્યો.

" સુરથ ? આજે અહીંજ રહેજે !" વીરૂએ કહ્યું–

" પિતાજી ? એમને રાખીયે કે ?" ભગીરથે પિતાની રજા માગી–

" વારૂ, તમારી મા-બેટાની મરજી હોય, તો ભલે !"

" ત્યારે ચાલ સુરથ !" ભગીરથ તેનો હાથ પકડીને અંદર લઇ ગયો. વીરમતી ચેષ્ટા જોવા લાગી, સુમન ખુરશીપર પડી ગયો. આંખમાં ઝળઝળીયા આવ્યાં !

"નાથ! ભગીરથ કંઈ ભિખારી છોકરા પર બહુજ પ્રસન્ન થઇ ગયો લાગે છે! જાણે બીજો ભાઈ!"

સુમનનુ હૃદય ભરાઇ આવ્યું, તેનાથી પ્રત્યુત્તર આપી શકાયો નહિ તેના મનને કંઈક ગ્લાની પેદા થયેલી જોઇને, વીર પાસે પડેલી ખુરશીપર બેસીને સુમન તરફ જોઈ બોલી.

"વ્હાલા? કેમ ઉદાસ થઇ ગયા? આમ કેમ કરો છો? તમારી આંખમા તો પાણી ભરાઇ આવ્યા છે? તમે બહુજ કોમળ હૃદયના. છો, હો પ્રાણ?"

"હા, પ્રિયા! આ બાળકને જોઇને મ્હારી છાતીનો પવન ઉભરાઇ આવે છે. તેનો ચ્હેરો કેવો જાણે નીર જેવોજ છે! ફોટો રાખીને જોઇએ, તો જાણે નાકની દાંડી ને આખની કીકી તો તેજ!"

"સરખે સરખી દુનિયા છે! કદાચ પ્રભુ કૃપા હોય, તો જીવતાયે નીર બ્હેન મળી આવે-ને આપની કૃપાનુ ફળ લીધુ હોય, તો બાળક પણ મળે."

"દશ વર્ષ થઇ ગયાં! ક્યાંયે પત્તા નથી, પણ શુ કદાચ તે મળી આવે તો?

"તો આ ઘર તેનુજ છે. આપ તેના સ્વામી છો. મને તે બ્હેન જેવી છે આ વૈભવપર તેનો પહેલો હક્ક છે સ્વામી? તે પણ તમને જ પરણી છે, ને હું પણ તેવીજ છુ પ્રથમ તે ને પછી હુ!"

"અરે વાહરે દેવી! ત્હારા વિશાળ વિચાર અને ઉમદા ગુણનો હું એ શીગણુ છુ. ક્યાં નીર હોય, ને ક્યાં મળે? પણ ત્હમારા મનની કેટલી મોટાઇ છે! ધન્ય છે મ્હારા ભાગ્યને!"

"નાથ! આજે તમે જુદાજ વિચારપર ચડયા છો. ચાલો, ભોજન તૈયાર થયુ છે, પધરો!" સુમનને તેના ચાલુ વિચારમાથી છૂટો કરવાનો વીરમતીએ યત્ન કર્યો, અને બન્ને ઉઠીને અંદર ચાલ્યા.

સગુણ સ્ત્રીના સુખ-સંતોષામૃતથી તૃપ્ત થયલો, ને સંસાર્ણવના ભરતી-ઓટથી પછડાયલા સુમન આજે સુખી દેખાય છે, પણ તેના હૃદયમાં જે વિયાગ દુખ પડ્યા છે. તે એજ જાણે છે. જગતમા ઉપરનુ ડોળ ને અંદરની ઢોલ કંઇક જુદાંજ હોય છે'

વાંચનાર ! સુમનનો નવો સંસાર કેવો સુખમય છે? ભગીરથ જેવા મહા મનનો બાળક, અને વીરમતી જેવી દયાળુ દીલની સ્ત્રી, તેમજ લક્ષ્મી, ને વિદ્યાના પુર્ણ કૃપાથી તે ખરે સુખીજ છે. માત્ર નિરૂ યાદ આવે છે, ત્યારે કોઇવાર તે ખીજે છે, ને કેઇવાર દુખે છે; કેમકે નિરૂ સગર્ભા અવસ્થામા હતી. તે વેળા સદોષે સ્નેહી સબંધ તજી ગઇ છે! કેમ ગઇ, ક્યા ગઇ, તે હવે તપાસીશું! મુંબઇથી ગુજરાત તરફ નજર કરીએ.

પ્રકરણ ૪ થું.

અવસ્થા ચડતી કે અનુભવ?

પૂર્વના કોઇ મહાબળ પુન્યને લીધે બાળવયમા પ્રભુકૃપા સંપાદન કરનારા માનવીયો, ન્હાની અવસ્થામાંજ મહાપદ પ્રાપ્ત કરે છે. ધ્રુવ અને પ્રલ્હાદ, શ્રવણ અને ભગીરથ ઉછરતી વયમાજ જગત્ માયના મોહનો ત્યાગ કરી, પૂર્વાશ્રમના તપયોગે પિતૃકુળ તારક નિવડ્યા હતા. અને વિશ્વામિત્ર જેવા તાપસી અનુભવને અંતે પણ વિવાદમાં હાર્યા હતા! દુર્વાસાદિ મુનીયેએ પ્રચંડ તપ કર્યા છતા સંસારી કર્મથી વિભિન્ન હતા શુકમુનિ એકાએક પ્રેમજાળ, મોહજાળમા ફસી પડ્યા હતા. પ્રાચીન શાસ્ત્રમાંથી ઐતિહાસિક દૃષ્ટાન્તો અનેકધા મળી આવે છે, કે અવસ્થા માત્ર પ્રભુ કૃપાએ ફળદ્રૂપ નીવડે છે, ને કોઇવાર અનુભવ છતા માયાનું બળ ભાન ભુલાવે છે, તો પણ સંસારીઓ માટે

સુખ-દુ:ખનો અનુભવ બહુ ઢાલરૂપ થઇ પડે છે. અવસ્થાના ચડતા કાળમા જેને જોવા, જાણવા ને મેળવવાનું મળે છે, તેથી માણસનું મગજ ઘડાય છે, તેનો જુવાનીના જુસ્સા નરમ પડી જાય છે કામ ક્રોધાદિ ષડરિપુનો ધીમે ધીમે નાશ થાય છે, ને રિપુનુ મરણ થયા પછી મનુષ્ય ન્હાનાં વયનો છતા વિચારમા વૃદ્ધાવસ્થાએ પહોચેલા જણાય છે કે તૃપ્તિ સમાન શાન્તિ નથી, અનુભવ સમાન સુખ નથી એકજ અવસ્થામા જીવન ગાળનારા મૂર્ખ રહે છે! સંસારની ચડતી-પડતી જેણે જોઇ નથી, તેનો ગર્વ ગળતો નથી, જ્યા સુધી જે માણસ મદાંધ છે, ત્યા સુધી તે પ્રભુની ખરી પિછાણ કરી શકનોજ નથી.

આપણી વાર્તાના વૃદ્ધ જન, સદ્ગુણી નાયકા નીરૂના પિતા સગુણરાય હવે વૃદ્ધાવસ્થાના સીમાડાપર ચડી ગયા છે સુઘડસ્ત્રી ગુજરી ગયા પછી, અને નીરૂ સાસરે ગયા પછી, તેમણે નવા જમાનાનો નવો અનુભવ જોયો છે.

વાંચનાર! તમને વિસ્મય લાગશે, કે આ જગતની અણધારી ઉલટ-પાલટ શી? જો તો ખરો! મોહ માયાનો પડદો ઉચકી લ્હે તો ખરો!

"સગુણરાય કાકા! આ તમારો શકરીયો તો હવે દીન પર દીન બહુ લાડકો થતો જાય છે! ચાલ્યુ તો ગણેશચોથને દહાડે બેસવાનુ છે, ત્યા તો મને શીખામણ આપે છે એને ખબર નથી, કે આ અમથો મહેતો ન હોત તો સગુણરાય જેવા બાપા ન મળત, ને ધોળી કાકીને શકરીયો દીકરો ન મળત!"

"મહેતા, એ બાળક છે. વળી નવીનો દીકરો ખરો કને! વળી સગુણકાકા ઘરડા થયા, એટલે કિમ્મત પણ ઘટી! હવે મને પસ્તાવો થાય છે, કે આ ઘરડે ઘડપણ અનુભવ ને અવસ્થા બન્નેને ડાઘ બેસાડ્યો! ખરૂ કહું તો અહ્યા અમથા, તેજ મારી લાજ ઓછી કરી! મારી નિર્દોષ દીકરી મરી ગઇ, અને મ્હારો હીરા જેવો દીકરો, કુસંપને લીધે ઘર છોડી ચાલ્યો ગયો!"

"જ્યારે એટલુ બ'ધ લાગેછે, ત્યારે નાળીયેર કોણે મોકલ્યું હતું, કે પરણ્યાં'ત ? ચસકો તો ઘણો હતો ! હવે દીકરો ને દીકરી યાદ આવે છે ! ત્યારે તે વેળા કયા બુદ્ધ ગામ ગઈ હતી ? ખબરદાર જો હવે તેમના નામ લીધા તો ? શુ મ્હારા દીકરો શકરીયો મરી ગયો છે ? વાહ !"

સગુણરાયની સ્ત્રી, જે દરવાજા કને ઉભી ઉભી સાભળતી હતી, તેણે આ જવાબ આપ્યો.

"ત્હારા જેવી કર્કશા પલ્લે પડી, ત્યારેજ ન્હારા ભવાડા શરૂ થયા તો ?"

"હજી શુ બગડી ગયુ છે ? કોઇ કપાળમા ડહામ દેતુ હોય તો બામરો મુકાવો: જાઓ ! આ રડયો અમથો મહેતો તો હાજરજ છે ને ! જાઓ ! નીકળો—મ્હારા હાથનુ ખાઓ, તો તમને હટકેશ્વરનાજ સમ ! હુ હવે રાધી ખવરાવુ, તો મ્હારા બાપનાજ સમ ! ખબરદાર ઘરમા આવ્યા તો !" કાળી વહુએ દરવાજા બધ કર્યા; અને ગુસ્સામા જ અદર ચાલી ગઇ. સગણરાય તો જોઇજ રહ્યા

"કાકા ! મુઝાઓ છો, શુ ? ચાલો, મ્હારે ત્યા !" અમથો મહેતો બોલ્યો.

"પછી લોક પુછે, ત્યારે શો જવાબ દેવો ?"

"એ તો ઘર સંસાર એમજ ચાલે ! રામચદ્રજી જેવાને પણ સીતાનો ત્યાગ કરવો પડયો હતો કને ?"

સગુણરાયની આંખમા ઝળઝળીયા આવી ગયાં. સાઠ વર્ષે આ ભવાડો ! આબરૂ ને અંતરની ધુળધાણી થઈ ગઇ

"અમથા ! તુ જા ? નાહક વેવલી છંછાડાશે ?"

"વારૂ, પણ જો જો હો ! એ હઠીલી નાગણ કાકી તમને તપાવશે ! જમવા વેળા થાય, તો ઉઠી આવજો !"

"વારૂ, બાપા!" સગુણરાયે ધીમે સાદે જવાબ દીધો. અમથો હસતો હસતો ગયો.

સગુણરાય રસ્તાપરના ઓટલાપર બેઠા હતા. ઘરનો દરવાજો બંધ હતો. માર્ગે જતા આવતા લોકોને શંકા થતી, કે કાકા આજે દરવાજા બંધ કરીને નિમાણા થઈ ઓટલે કેમ બેઠા હશે?

સગુણરાય પછી સંકોચાયા, બે ચાર વાર બારણું ઠોકયું, આખરે ઉઘાડયુ. કાકા જેવા અંદર પેસવા ગયા, તેવીજ કર્કશા ધુણી.

"ખબરદાર! જાઓ, તમારા વ્હાલેશરીને ત્યાં!"

"એમ! લ્હાવ, મ્હારા કપડાં?" ડોસાએ રીસમાં કહ્યું. કર્કશાએ તરત દરવાજો બંધ કર્યો, ને પળવારમા પાઘડી, અંગરખું ને દુપટ્ટો આપી દીધો. ડોસાએ ઓટલા ઉપરજ પહેરી લીધાં. લોક જોતું જાય, ને કાકાને હસતું જાય! ડોસો શરમાઈ ગયો. વૃદ્ધાવસ્થાએ આ ભવાડો ભારે પડયો. હાથે કરીને શોકયનુ સાલ ઘરમા ઘાલ્યુ પ્રભુએ સાવિત્રી સમાન પુત્રી આપી હતી, સત્યવાન જેવા પુત્ર હતો, પછી આ જંજાળ લ્હેવારનુ શું કારણ હતુ?

વાચનાર, પ્રથમ ભાગના પહેલા જ પ્રકરણમા તે સગુણરાયની સાહ્યબી જોઈ છે, હવે તે આ દશા કેમ પામ્યો, તેનો અંતરભેદ જાણવા હવ આગળ વધીશું!

પ્રકરણ ૫ મું.

મધુરીની મન-વ્યાધી.

મનોહર બાળા-રંક મધુરીના જીવનપર આઘાત પડયો છે. અરે રે! બિચારી તિક્ષણ ક્રોધનુ બળિદાન થઇ છે. નિર્દોષ છતાં, સમયકાળે તેનાપર અવજો આક્ષેપ ઘડી કહાડયો છે. માબાપની માતિની, ને

સાસરીયાની લાડકવાઇ થવા યોગ્ય પતિની પ્યારી અને જન-સમુહમાં વખણાયલી નારી થવા યોગ્ય, ભાકયયોગના પ્રબળથી તે કલકિત બની છે!

માબાપના અનુમત પ્રમાણે, દીકરીયે સાસરે રહેવુ જોઇએ-જવુ જ જોઇએ! વર કદાચ વઠેલ હોય અથવા સાસુ કલાઠ હોય, તોયે દીકરીયે વેઠવુજ જોઇએ; એવા માબાપના મતનો ભોગ થયલી મધુરી કેવી કઠણ સ્થિતિયે અટવાયલી છે, એ તો આપણે સારી રીતે જોઈ શકયા છીયે! ખરૂ કહીયે, તો એકાગ્રહ હઠથી આ નિર્દોષબાળા દુખના ડુગર તળે દબાઈ ગઈ છે

વિનોદરાયે, ગત રાત્રીનો ભેદ જાણી લીધે; પણ તે ભેદ ભાંગવાનો યત્ન ન કર્યો! ઘોડાવાળાનુ બોલવુ અધુરૂ હતુ, તેની પૂર્ણતા થવા ન દીધી. પોતાની રંક પુત્રીપર ભરૂસો ન આવ્યો. પતિથી કટાળેલી, રાત્રીના સમયમા એકાન્ત સાધીને. જુવાન બધુને સાથી ગણીને ગુપ્ત પડી રહી; એજ સજોગ, માત્ર મધુરીના શીરપર અપવાદરૂપ થઇ પડયો! સુમનપર આ અપવાદ ચડતા પહેલા નિર્ગુણરાય ને નિરજનીના પત્રે, વિનોદરાયને બહુજ ભડકાવ્યો નિર્ગુણરાયે પોતાના પુત્રનો ઉચ્છૃખલતાનો ઇશારો કર્યો હતો, અને નિરજનીયે, નાહાનપણામાં શંકાને સ્વાધીન થઇને મધુરી સાથના પ્રેમ-બધનની વાતનો ઠપકો લખ્યો હતો. સુમનનું ચિત્ત મધુરીમા છે, અને મધુરી પોતાના પતિથી વિમૃખ થઇ છે, આ પુરાવો સાધનભુત થઇ પડયો; અને વિનોદરાયનુ મગજ ચક્રમ બની ગયુ! તેમની ડીગ્રીનો પારો છેક ઉપર ચડી ગયો.

મધુરી પ્રભાતમા સુમનના ઉતારામાથી બગલામા માતા કને આવી, તે સમયથીજ તેના અંગમા કપ અને હૃદયમાં લ્હાય બળતી હતી, આંસુ છુપા હતાં, મન વિહ્વળ હતુ, જીભ ચળવળતી હતી, કે કયારે ખુલાસો થાય? મધુરીના મોંપર ઉદાસી છવાઇ રહેલી હતી,

એટલે ભગીરથી માતાએ તેને ન બોલાવી: કેમ કે જો તેને પુછે, તો તરત શ્રાવણ–ભાદ્રપદના વર્ષાજળ, અશ્રુજળ તરત નીતરી પડે, તેમ લાગતુ હતુ. મધુરીને જેમ ચોરનુ હૃદય ચોર, તેમ ઠણકતુ હતુ.

વિનોદરાયનુ દીલ કટાઈ ગયુ–ઝેરી બની ગયુ! તેન સુમન પર એટલી હદ સુધી અભાવ પેદા થયો, કે સુમનનુ મો જોવાની તેની ઇચ્છા નષ્ટ થઇ ગઈ. જો પેતે ભોજન લે, તો હમેશના નિયમ પ્રમાણે ભગીરથી પેલા સુમનને જમવા બોલાવે, પણ વિનોદરાયને તો તેનુ મોયે જોવુ નહતુ, તો પછી સાથે બેસીને શુ? તેણે અદર કહેવરાવી દીધુ, કે આજે અગત્યનો કેસ છે, માટે ઓફીસમા નાસ્તો કરી લેવાશે. એટલુ કહેવરાવી, ગાડીમા બેસીને રવાના થયા. ઓફીસમા જતા જતા, સુમનના કાગળો તેને મોકલતો ગયો અને મધુરીના ધણીનો કાગળ, ભગીરથીને મોકલાવ્યો.

સુમનના હૃદયમા શક પડયો હતોજ. પેલા ઘોડાવાળાને બોલાવીને વિનોદરાયે પુછ્યુ, ને તે ઘોડાવાળાએ સુમનને તે હકિકત કહી. આ હકિકતમા પુરાવો અધુરો લેવાયો છે, જેથી જમતી વખતે ખુલાસો કરીશુ, એવી ધારણા રાખીને સુમન વખતની વાટ જોવા લાગ્યો; તેટલમા તો થોડી વારે તેના હાથમા પિતાનો ને પતિનો, એમ બે પત્ર મળ્યા; આહા! તે ફાડેલા, વચાયલા હતા. સુમને પ્રથમ નિરૂના અક્ષર ઓળખીને તે પત્ર વાચ્યો. આહા! તેમાં મધુરીની શંકાશીલ વાત હતી, અને તે વાતનો ભેદ વિનોદરાયના વ્હેમને રોગાન લગાડનાર હતો, તે તેને લાગીને આવ્યો. બીજો પત્ર પિતાનો, વિનોદરાય પર હતો; તે વાચ્યો. ગ્યાસલેટમા દીવાસળીથી બત્તી સળગેલી લાગી; અને ભડકો પેદા થયો હશેજ, પણ હવે કરવુ શુ? તરત તે ઉઠયો, અને બગલાના નાકા કને આવ્યો, ત્યા તો ગાડી અંતરમા દકાયલી જોઇ! બગલા પાસે આવીને ભૈયાને પુછ્યુ તો માલમ પડયુ, કે શેઠ આજે

જમ્યા વિના ગયા ! તે અંદર ભગીરથી કને આવ્યો. ભગીરથી હજી તદ્દન અજાણી હતી તેણે કશો ખુલાસો ન કર્યો મંત્ર કેસની ગડબડને લીધે ઉતાવળા ઓફીસમાં ગયા છે, એટલીજ હકીકત જાણી. હજી પા કલાક થયો તેટલામાં ટેલીફોન આવ્યો; ને ત્યાં ભગીરથીને વાત કરવા બોલાવી. વિનોદરાયે જણાવ્યું, કે–મધુરીને પેલા સુમન સાથે મળવા કે દૃષ્ટિ પડવા ન દેવી !" ભગીરથીએ કારણ પુછ્યું; પણ તે નિરાંતે કહેવા જણાવ્યું. સુમનને ભટદ્વારા, તેમના ઉતારામાં ખાવાનું મોકલવા કહ્યું; અને તે હુકમ, ભટને ટેલીફોન કને બોલાવીને આપી દીધો. સુમન હજી ત્યાંજ બેઠો હતો. ભગીરથી નીચે ઉતરી ગઇ; અને શેઠનો હુકમ ભટજીએ સંભળાવી દીધો સુમન તો જાણતો જ હતો. ભટજીએ ખુલાસો પુછ્યો, ત્યારે ગરજના માર્યા સુમને તુટતા અવાજે થોડીક વાત કરી; પણ તરતજ તે ઉઠી ગયો. ભગીરથીને ખોટું લાગ્યું પણ મો બતાવી ન શકી; તેમ સુમનને દુર થવાનું કહેતાં જીભ ન ઉપડી. અંતે પોતાના ઓરડામાં ચાલી ગઇ. મધુરી પોતાના પલંગપર એકલી પડી પડી આળોટતી હતી, અનેક વિચાર કરતી હતી; ત્યાં ભગીરથી ગઇ, અને તેને રાત્રીએ શું બન્યું હતું તે પુછ્યું મધુરીયે રડતે હૃદયે સઘળી વાત કરી. તરત ઘોડાવાળાને પાછો બોલાવીને ભગીરથીએ પુછ્યું. મધુરી અને સુમન નિર્દોષ લાગ્યા, પણ વિનોદરાય વહેમથી ઘેરાયલો છે, અને સુમન માટે તિક્ષણ હુકમ આપ્યો છે, એ વાત મધુરીને કહી, તત્કાળ તે બાળા મુર્ચ્છિત થઇ ગઇ, ને મનની વ્યાધી મનમાંજ ઘુંટાવા લાગી. સુમન પોતાના ઉતારાની બંગલીમાં આવ્યો. અને તરતજ ત્યાંથી પ્રયાણ કરીને ગયો ભટ જમવાની થાળી પીરસી લાવ્યો, પણ કોણ હોય, કે મુકી આવે ! અંતે તે પાછું લાવ્યો ! અને સુમન ક્યાંક રવાના થઇ ગયો, જો કે હાલ તો તે સ્થિતિ સ્થિર કરવા ગયો હતો !

પ્રકરણ ૬ ઠું.

આત્મઘાત કરવો કે દેશ ત્યાગ?

વિનોદરાય સોલીસીટરની નિર્દોષ કન્યા મધુરીના સંગનું પરિણામ સુમનના હકમા ખોટુ આવ્યુ ! કોયલાની ખાણમા જતા કાળો ડાઘ લાગ્યો ! મદિરાની દુકાનમાં જતા મહા અપવાદ લાગ્યો. ગગાજળ પીવા જતા દુર્ગંધ જળનુ પાન થઇ ગયલુ લાગ્યુ. કુલીનના ઘરનો છાયો, કુપાત્ર જણાયો. વડનો છાયો તાડ કરતા ખોટો નીકળ્યો દુધ બદલે વિષ મળ્યુ. સુનીતિ બદલે અનીતિનો ઉપમેય બન્યો. સસારમા એકાન્ત મહા દુ:ખકર છે ભાઇ-બ્હેનનો એકાન્ત સમાગમ નિર્દોષ છતાયે અપવાદ રૂપ છે ! કેવળ સાચી નીતિથી રહેવા છતા સ્ત્રીનો સગ અને સ્નેહ, ભારતની પાપી દ્રષ્ટિમા કલક રૂપ છે. વહેમનું ઓસડ નથી. કેટલાક પ્રસગો એવી રીતે નજર પર ચડી જાય છે, કે જે શંકાશીલ હોય; કેટલાક બનાવો એવા જણાય છે, કે જે નિર્દોષ છતાયે અપવાદ રૂપ લાગે છે ! સુમન કઇ મધુરીનો મુખ આશક નહોતો—પણ હૃદયના પવિત્ર પ્રેમનો બન્ધુ હતો મધુરીની નમણાઇ પર તે દિવાનો નહોતો, પણ તેની રક લાવણ્યતા પર બલિહાર હતો. તેના કોમલ શરીર પર તેની મોહવશતા નહોતી, પણ તેના કોમળ અંતકરણનો તે ગુલામ હતો બાપની સાહ્યબી પર મોજ કરતી જુવાન છોકરીને તે પોતાની માનીતી કરવા મથન કરતો નહોતો, પણ તેના દુખી ભાવી પર અથડાતી બાળાને દિલાસો દેવાને તે એક ચિત્તે તૈયાર હતો. મધુરીને બાળપણથી વરાવી દેવા છતાં, ઇજ્જતને ખાતર, યુવાન વયે નિમેલા વર સાથેજ મધુરીને પરણાવી દીધી હતી અને તેનું પરિણામ એ આવ્યુ હતું, કે કજોડાંની કહાણી થઈ પડી હતી. એક સુંદર ગુલાબ,

કાંટાની વાડમા, મધ્યાનના તાપમા ચીમળાતું હતુ—એક વિશુદ્ધ રતન, ગધેડાની ગરદન પર અકિમતે લટકતુ હતુ. મધુરીની મન-વ્યાધી ફકત સુમન વધુ જાણુતો હતો ભગીરથી દેવી બિચારી પોતાની દીકરીના આન્તરિક દુ:ખથી અજાણી તો નજ હતી; તોપણ જુવાન દીકરી તો સાસરેજ સારી, એ વિચારે મધુરી કચડાતી હતી એના દુ:ખથી વિનોદરાય અજાણુ હતા, એમ નહોતુ. તે છતા હઠીલા મનનો સોલીસીટર સાહેબ કદી દીકરીના દુ:ખને આડકતરી રીતે ટાળવા, પોતાની સત્તા કે કૃપાનો ખોટો ઉપયોગ કરાવી, દીકરીને લાડમાં છકાવી, તેની જીંદગીને, દમ્પતી સુખમાથી વિરક્ત બનાવી, હરાયા ઢોર પેઠે, છતે ધણીયે, પિયરમા સાંઢ બનાવાની નહોતી-તે બહુ ચુસ્ત હતા. ગમે તે પ્રકારે પણ સહનશીલતા રાખી, ધિરજથી સાસરીયાના દુ:ખો ટાળતા શીખે, એમ કોમળ દીકરીયોને કઠણ બનાવવી, આ તેમનો દુરાગ્રહ હતો જો કે તે કોઈ વેળા પ્રાણઘાતક નીવડે છે, તે છતા આગ્રહીને અક્કલ હોતી નથી

સુમનને, વિનોદરાય બહુજ સારી રીતે ચાહતે હતો જેના વિના ભોજન ન લે, એટલી હદ સુધી પ્યાર હતો, પણ એક પળમા તે પ્યાર વિખરાઇ ગયો હતો. કુદરત આડી થવાથી, પ્રેમનો અમૃત પ્યાલો ઝેરમા ભળી ગયો હતો. નિર્મળ ચન્દ્ર ઉપર કાળુ ધાબુ, ભલે પૃથ્વીની છાયાનુ હોય, તોપણ અજ્ઞાન જગત તેને કલંક માને છે! સમુદ્રનુ જળ ભલે રસાયણતાથી નિર્મળ થઇને, આકાશ માર્ગે, વરસાદ રૂપે, જન-પ્રાણી ને તરૂના જીવનમા ટાઢક આપતુ હોય. તોપણ સમુદ્રને ખારો ગણીને તેને તરછોડવામા આવે છે. જગતની આ અદ્‌ભૂત ને વિચિત્ર લક્ષણથી શાણાજનો કંટાળે છે, તોપણ માયાવી જગતમા સુખ-દુ:ખ વેઠીને સૌ પોતાનુ જીવન પુરૂ કરે છે. અપવાદ વિનાનો ઈશ્વર પણુ નથી, એમ કહેવા પછી કરજ વિનાનો કાગડો, અંકુશ વિનાનુ જીવડુ

અને ધણી વિનાનુ દ્વાર, તે નકામુ છે. ભલે સર્વ હોય, પણ નીતિનો તત્તકાળ વિજય થઈ જતો હોય તો તો બસ છે!

સુમનનુ મન અતિ ચિંતાતુર થઈ પડયુ. કયે માર્ગે જવુ, ને શુ કરવુ, એ તેને સુઝયુ નહિ. પિતાના પત્રમા લખેલી બીનાથી વિનોદરાય પર જે અસર થઈ હશે, તે કરતા નિરુના અજ્ઞાત પત્રથી બહુજ માઠી અસર થવી જોઇએ એ અસર કહાડવા માટે કેટલાક ખુલાસાની જરૂર હતી, પણ તે તક મેળવવાને સુમન કશી રીતે ફાવી શકયો નહિ.

મઝાયલા મનડાએ હવે ન્હાસી જવાનો દાવ શોધ્યો. વનનમાં જવ નુ વાજબી ન લાગ્યુ. વિદેશ જવુ, દેશ ત્યાગ કરવો કે આપઘાત કરવો? આ સવાલો ગુંચવાડા ભરેલા થઈ પડયા. તેનો જવાબ આપવા કોઇ રીતે હૃદયને સુઝયુ નહિ. તે છતી આખે ઝાઝવાથી ઘેરાયલો અંધ-પગુ સુમન ચોપાટી તરફ ચાલ્યો. અને એક બાક ઉપર એકલો બેઠો. એટલામા તેની પાસે એક જુવાન વાચનનો શોખીન, ટાઇમ્સ લઇ વાચવા બેઠો.

સુમનની નજરે ટાઇમ્સની એડવરટાઇઝ પેજ ઉપર પડી. તેમા "ફોર્બસ એન્ડ ફોર્બસ કું.'ની જાહેર ખબર હતી એક હિંદુ ગ્રેજ્યુએટ કોરસ્પોન્ડન્ટ માટે જોઇતો હતો તેની જાપાનની શાખામા મોકલવાની તાકીદે જરૂર હતી. આ ખબર સુમને વાચી અને કલ્પના કરી, કે ગમે તે પગારે, ગમે તે સરતે પણ જાપાન જવુ-ત્યાથી તરત ઉઠયો. આપઘાત કરવા કરતા દેશ ત્યાગ કરવો-આ સકલ્પ સિદ્ધ કર્યો. હજી દશ વાગ્યા ન્હોતા, ચાલતા ચાલતો ચર્ચગેટ ગયો. ત્યાં પા કલાક વધુ બેઠો. એટલામા લગભગ દશનો વખત થઇ ગયો. જાણીતી ફૉર્બસ કંપનીમા પહોચ્યો. અને તરત સાહેબને જાતે મળ્યો. યુવાન સુમનની રીતભાત, બોલી-ચાલી, અક્ષરો, કુશળતા, ભવ્યતા, અને ગૌરવપર સાહેબ ખુશી થયો. તેણે પોતાના પિતા અને વિનોદરાયનુ ઓળખાણ

આપ્યુ. સાહેબે વધારે ખાત્રી ન માગી કલાર્કના કામમાં બીજી જોખમદારી વચ્ચે ન આવ્યાથી સુમન ફતેહમંદ ઉતર્યો. અનાથનો બેલી ઇશ્વર થયો. સાચને આંચ ન આવી. મુઝાયલાને માર્ગ મળ્યો, અનાથને આશરો મળ્યો. એજ દિવસે પોતે જાપાનની સ્ટીમરમાં ઉપડી શકશે, એવો સાહેબને ભરસો આપ્યો. સાહેબે તેને પત્ર અપવા કહ્યુ, ને સુમન રવાના થયા

આપઘાત કરવા કરતાં હાલ દેશત્યાગ કરવો ઉત્તમ લાગ્યો. 'જીવતો નર ભદ્ર પામશે.' એ સૂત્ર વધારે બળવાન લાગ્યું. પોતે આનંદ માનતો, ઉત્સાહમા આવી ગયો. પોતાની ઉપર આવેલી આફત છતા હિમ્મતમા આવ્યો. પોતાની પરનો અપવાદ તત્કાળ દુર નહિ થાય, તોપણ ભાવી સુધરેલુ લાગ્યુ. તે તરતજ વિનોદરાયના બગલા તરફ આવ્યો. અને પાછલે દરવાજેથી રૂમમાં ગયો. તેને કોચમેન જોયો, ત્યા જઇને તેણે શું કર્યુ ?

પ્રકરણ ૭ મું.

બચાવના બે બોલ!

" એક મેર ઉડુરાજ, ગિરિ પાછળ જાયે છે;
એક મેર શુભ ઉદય અહરમણીનો થાયે છે."

શકુન્તલા—કાલિદાસ.

એક તરફ ચદ્રનો અસ્ત થાય છે, ત્યારે બીજી તરફથી સૂર્યનો ઉદય થાય છે. એક તરફથી આફતના આફતાબને આથમતો જોઇયે છે, ત્યારે બીજી તરફથી હીમતના ચેરાગને પ્રકાશતો જોઇએ છીયે, ખુદાને ઘેર કાયદો લાગે છે કે આફત વેળા હિમ્મત દેવી. દુઃખ આપવું, પણ સહન કરવાની હાલતે મુકવાં

સુમન પર માનસિક આફતનું વાદળું ચડી આવ્યું, અને કોઇ રીતે સ્થિતી સ્થીર થવાનો માર્ગ ન લાગ્યો, ત્યારે કુદરતે બીજો રસ્તો લીધો. સુમનને નીતિનો જય આપવા માટે મદદ તરીકે ફૉર્મસ કંપની હાથમા આપી-ને હવે આ જુવાન સખ્સ-છેલ્લી સલામ કરીને જાપાન જવા તૈયાર થયો.

પોતે નિર્દોષ છે, એવા બચાવના બે બોલ લખીને પોતાનાં વ્હાલાંઓને જણાવવા માટે, રૂમનો દરવાજો બંધ કર્યો. અને ટેબલ પર માથું મુકી-ખુરસીને પોતાની આરામ-સ્થાન માની-વિચાર કરતો બેઠો. વખત વધુ નહોતો, કોઇને ખબર નહોતી, સુમન બગલામા છે એ કોઈ જાણતુ ન હતું. બીજાને તો તે જાણવાની ગરજ નહોતી-પણ મધુરીને હતી. આમં પોતાના નિર્દોષ મિત્ર બન્ધુનાપર પોતાને ખાતર આફત વેઠવી પડશે. એ માટે તેની છેલ્લી માફી માગવા ઇચ્છતી હતી. તે હવે કયા રહેવા ધારે છે, શું કરવા ધારે છે, એ જાણવા માગતી હતી પણ બે વાર રૂમ તરફ દ્રષ્ટિ કેંકયા છતા, બારી બંધ હતી; એટલે તે પોતાના પલંગપર દુખના નિસાસા નાખતી ઢળી ગઇ હતી. મધુરીના રૂમની બારી અને સુમનના રૂમની બારી-એક નજરે રહેલી હતી. જો કે માર્ગ આડો હતો, પણ આડી નજરે બન્ને જોઇ શક તાં હતા ખરા.

સુમને જરાવાર વિચાર કર્યો. મધુરીને મળવાને દીલ તો થયુ, પણ તક નહતી. એટલે તે વિચાર લક્ષપર ન લીધો. તેણે બચાવના બે બોલ લખવા માડયા-પેહેલો પત્ર પ્રિયાપર લખ્યો.

મ્હારી પવિત્ર પ્રિયાગને !

તું નિર્દોષ નિરૂના નામથી મ્હારા કાનમા રણઝણાટ કરી રહી છું. તારી નમણી મુદ્રા, રંકહ્રદય અને ગૌરવ માત્ર માટે મને ઘણું માન છે; પરંતુ સ્ત્રી જાત મુર્ખ, સાહસીક ને નાદાન હોય છે, તેનો તેં

મને પાકો અનુભવ દેખાડયો છે. મધુરી-ભલી ને નિર્દોષ બહેન મધુરાનાં છબી-તથા પત્ર તે મ્હારી ટ્રંકમા ચોરી લીધા. તે બાપાજીને બતાવી, મ્હારી ફજેતી કરી ને એ રીતે તેં મને કબજે કરવા-ત્હારો તાબેદાર કરવા યત્ન કર્યો ખરી વાત, સુખ મેળવવા-સ્વાધીન કરવા. હુ તારોજ છુ, ને મ્હારાથી બેવફા ન થવાય, તે ખાતર તેં ધાર્યું ભલે કર્યું, પણ તેમ ન કરતા મને સાધી રીતે પત્ર લખ્યા-આ પુરાવા રજુ કરીને મ્હારી કનેથી ખુલાસો માગ્યો હોત, તો તારે દમયંતી જેવી દશા પ્રાપ્ત ન થાત; ખેર-ત્હારી ભાવી ! માત્ર નિર્દોષ ભૂલ માટે હું દેશવટે જાઉ છુ. અને ભાવી હશે તો મળીશુ. પણ મને ખેદ એટલોજ થાય છે, કે એટલી ભૂલ માટે તને મારે એકલી કરવી પડે છે. દોષિત ગણવી પડે છે ! હું મ્હારા ભાવીનો વાક કહાડ છુ, પણ નિમિત્ત તને આપુ છું. તેં ભૂલ કરીને પિતાની કને જત મ્હારો દોષ બતાવ્યો ન હોત-તો મહા ભૂલ થતી અટકી પડત ! અગ્નિમાં દારૂ પડતો બંધ થાત. ભાવી ભૂલાવે ત્યા લાચાર ! શીખામણ દેવાની જરૂર નથી તુ તારૂ સતીત્વ સમજે, તો પ્રભુ તને સહાય હશે ! હું તો હવે જાઉ છુ, ભાવી રોગ પ્રબળ છે ! અફસોસ ! કયા નીરૂ ને કયાં સુમન ! નદી-નાવ સંજોગે મળે છે, ને વેરાય છે.

લી ત્હારો અભાગી નાથ—

સુમન.

પોતાની પ્રિયાપરનો પત્ર રડતે હૃદયે પુરો કર્યો, અને પિતાપર બે બોલ લખવા બેઠા.

પુજ્ય માતા-પિતા !

તમારો પત્ર વડીલ શ્રી વિનોદરાય કાકા દ્વારા મને મળ્યો છે. આપે જે શબ્દો ઘરમા સભળાવેલા, ને બીજું પુરાણ વંચાવેલુ તે મને યાદ છે. હુ બેવફા કે મુર્ખ નથી. હું કામી કે ક્રુર નથી. મને

મ્હારા પિતાની આબરૂનો ભય છે. આજના કેટલાક છકેલા છોકરા, બાપને પૈસે તાગડધિન્ના કરે છે, ને કેટલાક છટેલા થઇ, નફટ નાકે ઘરમા બળદીયા પેઠે કુદતા ને બહાર ડોળ કરતા, ચનીયા મનીયા ને ચમનીયા જેવા હડહડતા ગેધા જેવા બેઆબરૂ બની ફરનારા માહેનો હુ નથી! મ્હારી ફરજ ને મ્હારૂં ભાવી હું જોઇ શકું છુ. આપે ઉતાવળ કરી–ને તે મ્હારા ભાવીએ સુચવ્યુ, તો તમને દોષ નથી મ્હારે હવે મારાં ભાવીને તાબે થવાનુ છે. કમાવાનું પહેલ છે. અને ધંધા કરવો, એ પણ ફરજ્યાત છે. હુ ધારતો હતો, કે પિતાની દયાથી હું કઇ અજવાળે આનંદ કરીશ–પણ ભાવીએ અંધારૂં કરી દીધુ, ને હું હવે અથડાયો છુ. જેણે અથડાવ્યો હશે, તેનેજ ઠેકાણે લાવવો પડશે.

હુ દુનિયાના એક ઉત્તમ ભાગમાં જાઉં છુ. સલામત રહીશ, તો મ્હારી બનતી ફરજ બજાવીશ. મ્હારી ફિકર ન કરશો. હુ ક્રોધી થઇને જતો નથી. કોઇના પર દોષ મુકતો નથી. મને સુઝ્યુ, ત્યાં જાઉ છુ. મ્હારા પર અઘટિત અપવાદ છે, ને જો કે તે દોષ કેવળ અલ્પવાદી છે, તે જ્યારે પ્રકટ થશે, ત્યારે તમને સૌને ખેદ થશે, પણ એ નિમિત્તે મ્હારૂ ભાગ્ય ખુલવાનુ હશે, અને કુદરતના છુપા ભેદમાં રહીને–મ્હારે મારો ભાગ્યયોગ બળવાન કરવો પડવાનો હશે, તેથી જાઉં છું. મારી સ્ત્રી આપની શરણાગત છે. હુ તો હવે નામનો પતિ છુ. ક્ષમા કરજો, મારા સાહસ પર તિરસ્કાર ન દેશો.

લી. આપનો તનુ—

સુમન.

આ બે પત્ર લખીને બીડયા, શીરનામુ કર્યુ, અને ટીકીટ લગાડી. ત્રીજો પત્ર શરૂ કર્યો.

મુરબ્બી વડીલ કાકાજી શ્રી—વિનોદરાય.

આપે મને પુત્રવત્ પાળ્યો છે. એ ઉપકાર બદલ આપને આજે

મ્હારા વિષે જે ભ્રમણા થઇ છે, એ એટલી દુઃખકર છે, કે તમને જરૂર મ્હારા પર તિરસ્કાર આવે: પણ તેમા હું અને નિર્દોષ મધુરી બહેન શુદ્ધ છીયે-નિર્દોષ છીયે. મ્હારી સ્ત્રીની મુર્ખાઇ ને અધીરાઇનું પરિણામ નડયુ છે, ને તેથી હવે મને ખુલાસાની જગ્યા નથી, એટલુ વહેમનું બળ વધી પડયુ છે, ને તેથી હું કોઈ બીજા પ્રદેશમાં જઉં છું. મ્હારૂં ભાવી સુધરી ગયું છે, એ માત્ર તમારાજ પ્રતાપે તો હવે ખેદ ન કરશો. તપાસને અંતે મ્હારો વિજય છે; ને તે વેળા મને નિર્દોષ ગણજો. તમારા તથા કાકીજીના ઉપકારનો બદલો વાળવાને પ્રભુ સમય દેશે, પણ હું તે ગુણ વિસરવાનો નથીજ, ભાવી યોગ હશે, તો મળીશુ.

લી. તમારો ચરણરજ સેવક,

સુમન.

સુમને આ પત્ર પણ બીડયો. ત્રણે પત્ર ટેબલ પર મુકયા, અને ઘડીભર આમ તેમ જોઇ રહ્યો. સાંજે પાચ વાગે, તો હાર્બીસમાથી ભત્રામણ પત્ર લઇને સ્ટીમર પર જવાનું હતુ. લગભગ ત્રણ વાગી ગયા હતા. મધુરીને લખવા દીલ થતું હતુ; પણ ના-હૃદયે ના પાડી-એટલે પોતાની બેગ તૈયાર કરવા લાગ્યો. સૌ સાચવી લીધુ, અને તરત ગેલેરીમા આવ્યો. નોકરને જોયો, ને તેને ગાડી બોલાવા કહ્યુ. નોકર ગાડી લાવે, તેટલામાં તે કપડાં પહેરવા લાગ્યો. ગાડી આવી, સામાન મુકવા નોકરને બોલાવ્યો, અને તેને ટપાલમાં નાખવા બે પત્રો આપ્યા એક પત્ર શેઠને દેવા આપ્યો. પોતે તૈયાર થયો, નીચે ઉતર્યો ને ગાડીમાં બેસવા જતાં, મધુરીની બારી તરફ નજર જઈ ચડી. મધુરી તેજ વખતે ઉઠીને જોવા લાગી, તો સુમનને જતો જોયો. તે એકદમ નીચે ઉતરી આવી, ત્યાં તો તે રવાના થઇ ગયો. કયાં ગયો, તે કોઇયે ન કહ્યુ. માત્ર નોકરે ખબર આપી, કે બિછાનું ને બેગ લઇને ગયા, ગયા તે ગયા, ગયા !

પ્રકરણ ૮ મું.

વિધવા નણંદની રંક ભાભી !

" તારાજ પાપે ભાઈ ગુમાવ્યો ! અભાગી પગલાની વહુ આવી, ત્યારે ભાઇ જેવા ભાઈ ગયો તો ?" કજીયાબાઇએ, રંક નીરૂને દમ માર્યો, હોળીનું નાળીયેર કજીયા હતી. કોઇ સાથે લડાઇ જગાડવી હોય, તો તે કામ એમનું હતુ. વચમા કોઇ સમાધાની પર આવે, તે તેની જોડે લડીને, કજીયામાથી અળગાં કરી, પોતાને માત્ર સર્વ ભાર, અને સર્વ હક સ્વાધીન લઇ લેતી હતી. જાણે ઘરમાં સાઢ કોઇ હોય, તો તે હતી. હિંદુ ઘરમા વિધવા દીકરી, તેના ભાભીઓના ભોગ ! ભાગીરથી જેવી તો થોડીજ નણુદો હશે, કે જે ધણીના ઘરની મનગમતી દોલત છતા, પિતાના ઘરના ટુકડા, અને મેણાં ખાય; અને જેમ બાપ–મા કે ભાઇ–ભાભીઓ દબાવે, તેમ દબાઇ રહે ! હીંદુ સંસારની વિધવા નણદના જુલમગાર કહેવત રંક દીલની ભાનુમતી માટે ખોટી ઠરે છે ! દીકરી વિધવા હોય, તો એવીજ હજો, કે પિતા ને પતિ ઉભયવંશનું કલ્યાણ કરવા અર્થે, જગતની ને ઘરની ભલી ભૂંડી ગાળ સહન કરી, હૃદયને સતેજ તથા શાન્ત રાખી, વિધવા જીવનને કાળો ડાઘ ન લાગવા દઇ, સ્નેહી–સગાને સાચવી રાખીને જગતને દાખલો આપે ! ધન્ય છે, એવી પુત્રીને ! ધન્ય છે એવા માતાને ! ને ધન્ય છે એવી વહુને !

"બા સાહેબ ! હુ તેમા શુ કરૂં ? મ્હારા નાથ મને જો તજી ગયા તો મ્હારાં ભાવી !" નીરૂ રડતે સાદે બોલી.

"હા જ તો ! તારે શુ ? તને તો હવે સ્વતંત્રતા મળી ! તું જાણતી હઇશ, કે હવે મને કોઇ કહેનાર નથી, તો ખાંડ ખાજે ? મ્હારા

ભાઈને કહાડી મુકવા માટે હજી તો તને પુછવાનુ છે. પુછનાર બાર હાથ ને બત્રીસ દાતવાળા બેઠા છે !"

"મારો વાક હોય તો મને શિક્ષા કરો, બા !"

"શિક્ષા તો પહેલી થઇ, જીવતે ધણીએ રડાપો.'

'બસ કર, છોકરી ! એ તુ શુ બકે છે ?" શીવગંગા કજીયાનો કલહ સાંભળી બહાર આવતાં બોલ્યા.

"તો શુ મ્હારા ભાઈનુ મને ન લાગે કે ?'

"લાગે, પણ તેમાં બિચારી વહુનો શો વાક ? તુ તેને જ્યારે ને ત્યારે વગર વાકે વઢીને વહુને પજવે છે શા માટે ? હશે, તને જવુ હશે તો ગયો, એથી શુ પાછો નથી આવવાનો ? એ તો સૌ જેના લક્ષણે સુધરે ! ઠોકર ખાય, ત્યારે ઠેકાણે આવે ! નાહક ઘરનો ભવાડો શો કરવો ?"

"અરે વાહરે વાહ ! વહુનાં વકીલાતણુ તો જબરા આવાં નીકળ્યાં ! વહુનો વાક નહિ, ને ભાઇ તો અમથો ન્હાસી ગયો—જાણે દીકરા વિનાની વહુ આવી હોય ! જાણે દીકરા વિના વહુ—વશ."

"બસ, બસ ! બહુ ના બોલ ! જરા વિચાર તો કર—દીકરા વિના વહુને વશ રહેલાની વાત કરતા લગાર લજાતી નથી ! અને કદી દમ્પતી સહવાસ પછી ગર્ભ, પ્રસુતા પહેલાં ધણી પ્રદેશ નીકળી જાય, કે મરી જાય, તો શું સ્ત્રીઓ બાળક જણતી નથી ? આપણા પાડોશીનુ તો જો ? પેલી વહુનો દીકરો તેનો વર ગુજરી ગયા પછી આઠમે મહિને આવ્યો હતો. મરતી વખતે વેલીને બે મહિનાનો ગર્ભ હતો.

"સમજી ! સમજી ! કંઇક કાળુ ધોળુ છે, એટલે ભાઇ ન્હાસી ગયા, અને સાસુ ઢાંકપિછોડી કરવા બેઠી ! બળ્યુ, મારે શુ ?" કજીઆએ અત્રાટિત લાગતા વેણ કહી–મન ઠરીને, બે હાથે-ફુલ છાટી ચાલવા માડી. પાપ ગયું, ને જોવા ટળ્યુ, તેમ શીવગંગા શાન્ત પડી.

" માજી ! મને ગમે તો પિયર મોકલી દો, હું અભાગી હવે નહિ જીવીશ ! મ્હારા પર પતિને દૂર કરવાનો દોષ પ્રભુએ દીધો, પછી ભલે ગમે તે કારણે નાથ વહી ગયા હોય ! હવે મારૂં રક્ષણ કરનાર કોણ બીજુ છે ? મ્હારી માતા તો નથી. આપ જો મ્હારી માતાની ગરજ " —એટલું કહેતા રંક નીરૂની આખમાથી દડદડ આસુ પડવા લાગ્યા છાતી ભરાઇ આવી, જીભથી વધુ બોલી ન શકી.

" દીકરી ! દુઃખી ન થા; ભાવીમા સુખ-દુઃખ હોય, તે વેઠવુ પડે ! તુ ગભરાઇશ નહિ અકળાઇશ નહિ. કજીયા લગાર અલ્હેડી છે, તેમ નામ પ્રમાણે ગુણ છે, એટલે લડે, પણ તુ તેનુ ગણકારીશ નહિ. સુમન કંઇ તારે લાધે થોડો ગયો છે ! એ તો જુવાન છોડી સાસરે સારી, તેમ જુવાન દીકરો નોકરીયે રૂડો ! મફતના પાડા પેઠે બાપની કમાઇના રાટલા ખાનાર કઇ આપણા ખડીયામા દાદાઓ થોડા છે ? મફતનુ ખાવુ, ચમકદાર કપડાં પહેરવા, ને સંજ સવાર દાદાગીરી કરવી; નફટાંને કઇ શરમ છે ? એવા તો ઘરથી દૂરજ ભલા ! બાયલા માબાપો હોય, તે એવા દીકરાની પરવા કરે ! છો ગયો તારા સસરા તો બહુજ ખુશી થયા એ દૂર કઇ ગયો, તો હવે સુધરીનેજ ઠેકાણે આવશે. ફિકર નહિ, લોકની પરવા નહિ, જગતને મ્હોડે કઇ ઢાકણુ દેવાશે ? તુ તારે નચિંત થા, ચાલ–" શીવગંગાએ બિચારી નીરૂને શાન્તિ આપી.

નીરૂ મુઝાતી–મનમા સંકોચાતી ચાલી. એકાદ મહિના પછી રજસ્વલા થઇ નહતી, દહાડા રહેલા માલમ પડતા હતા, ને તેથીજ શીવગંગાએ વગર પુછે ખુલાસો કરી દીધો હતો કે નીરૂનો, નાદાનીમાં પ્રભુ પ્રસાદીથી મળેલો ગર્ભ–ગળી ન જાય ! કજીયા સમજી ગઇ, કે બા સાહેબે પ્રસ્થાનુ મુકયુ, માટે હવે ન બોલાય, પણ ભાભીને કંઇ છે ખરૂં ! નીરૂને લાગ્યુ, કે સાસુજી સમજી ગયા જણાય છે, અને

મન-તનને ધક્કો ન લાગે, તેથી નિર્મળ ખુલાસો કરી દીધો છે ! હવે સૌનાં ભાવી !

કજીયાનો કંકાસ કંઇ નવો નથી. સર્વ હક્ક સ્વાધીન છે ! કજીય નું મૂળ છે ! તેનો એ ધંધો છે. વિધવા, ને બાપ-માની માનીતી, વળી સારા ઘરની દીકરી, એટલે માબાપની શરમમાં લાડકીના વેણ સૌ સાંખે-ને આ નાદાન પોતાની સફાઇમાં તણાય. તે નથી જાણતી, કે શરમ કાજીની-કુતરોના નહિ ! !

પ્રકરણ ૯ મું.

વર-ઘેલી વનિતા !

નૈષધરાયનો પરિત્યાગ પામેલી દમયતી, જ્યાં જ્યાં ગઇ, ત્યાં ત્યાં કલંકીણી ઠરી ! છતે પતિયે, જ્યારે તેને તજી દીધી હશે, ત્યારે તે કેવી અનાચારો ગણાયલી હશે ?

સીતાને રામે તજી દીધી. નિર્દોષ ને રંક જનકતનયા અવદશાના કલંક-શિખરપર ચડી, ત્યારે જગતમાં તેને નિરાતનું ઠામ ક્યાં હશે ?

દ્રૌપદી પોતાના પતિની છાયામાંથી છુટી, એટલે તેનાપર હજારો શત્રુઓ હાથ નાખે, તેમાં નવાઇ શી હતી ? રખવાળ વિનાની વાડી, ગોવાળ વિનાનું ધણ, માલેક વિનાનું મંદિર, અને ધણી વિનાની સ્ત્રી તો રઝળતું ધન જ કહેવાય ! તેના ગ્રાહક સ્ને ચાહનારા થાય, અથવા તેનો ઉપભોગ કરવા કોઇ પણ હામ ચલાવે, તેનો માલેક જવાબદાર કોણ ? કેઇ નહિ !

" દીકરો ગયો તો ગયો, પણ તે સાથે વહુ જશે. " આ પ્રશ્ન શીવગંગાને વારવાર થતો હતો. વહુ ઘરમાં હશે, તો દીકરાને કોઇ વાર પણ ઘેર આવવાની લાલચ થશે, આમ તેણીના મનમા ઘોળાતુંજ

હતું; ને તેથી જેમ બને તેમ, આંખ ફૂટયા પછી ભ્રમર સામું જોવાનું ધારેલું હતું. વળી નીરૂ આશાવંતી છે, એ પણ તેની દષ્ટે પડયું હતું. પ્રભુ કૃપા સારી કે પુત્ર જતામાં તેને ગર્ભ રહેનો હતો! પોતાની પુત્રી કંકાસીયણ છે, ને તેથી કદી કાચા કાનના નિર્ગુણરાયને ગમે તેવું ઠસાવીને નિર્દોષ નીરૂના મગજપર દુ:ખનો વધુ બોજો નાખે, માટે પ્રથમથીજ તેને શાન્ત કરવાની વાટ જોતી હતી. નીરૂ, તેના શયન· ગૃહમાં સુવા ગઇ; કજીયા જો કે પિતાજીના કાન ભંભેરવાની વાટ જોતી હતી ખરી, પણ વખત વીતિ જવાથી સવારપર વાત મુકીને સુઇ ગઇ હતી. પરંતુ નીરુ તો સજાગૃતજ હતી! ઉંઘમાં લવતી હતી

" મને અટુલી કરીને જશો, તો પ્રભુ દુભાશે ! મુજ રંક અબળાનો આધાર તોડવાથી તમારી પ્રતિજ્ઞા ભંગ થશે. મને કલંક લાગશે, તો જગ તમને નિંદશે ! હું અપરાધિણી નથી. હા, સ્ત્રી જાત ઉતાવળી ને વહેમી છે. વહેમનું કારણ તમે આપ્યું છે ખુલાસો કર્યો નથી, ને એ વહેમ મને એકલીનેજ નહિ, પણ બીજાં લાગતા વળગતાં સ્નેહી તથા મુરબ્બીયોના કાનમાં પેઠો છે. તેમના દબાણથી આપ મને તજો છો. રીંગણાં ઉપર હિમ નાખો છો. માખણના ગાડવામા હાથ નાખો છો. રંકને રંજાડો છો! ના તેમ નહિ જવાય ! મને સાથે લ્હો, અથવા ક્યાં જાઓ છો, ક્યારે આવશો ને જ્યાં રહો, ત્યા ખબર રાખશો, એવી પ્રતિજ્ઞા કરો, તો જ હું જવા દઇશ; ને તે છતાં જો મને ત્યાગી જશો, તો પાછળથી મ્હારા મગજપર દુ:ખ પડશે; ને તે બોજો સહન નહિ થશે, તો હુ મરીશ-એ દુ ખ તમને નડશે! પાપ નહિ પણ શ્રાપ તો પડશે, કહો, શું કહો છો ? "

' સાંભળ, ઘેલી સ્ત્રી ! હું તારા રક્ષણનો અધિકારી છું ખરો, પણ તેં તારે હાથે રક્ષણ ટળ્યુ છે, તે મને ઉઘાડો પાડયો છે. મેં વહેમનું કારણ દીધું નથી. મારી છુપી વાત જાણવાનો તને—

"બસ કરો ! મ્હારા તમે ધણી છો, હું તમને પરણી છું. તમે સોગન લીધા છે, કે મ્હારા સિવાય તમે બીજી સ્ત્રીને પ્રેમ કે હાસ્ય આપી ન શકો ! મારો તમારા ઉપર પૂર્ણ કાબુ રહેવો જોઇએ. હું તમારે શરણે-તાબે છું, તેમ તમારે પણ પ્રેમ-ધર્મ ખાતર મ્હારા વિશ્વાસથી વિમૂખ થવું ન જોઇએ; તમે મ્હારાથી કંઇ પણ એવી વાત છુપી રાખી ન શકો. તે છતા તમે યત્ન કર્યો. ઇશ્વરે મને તે પ્રસંગ બતાવી આપ્યો. કુદરતે મને સહાય કરી, ને તે મે તમને લખ્યું. હા, મે તે છબી તથા પત્ર, પિતાજીને આપ્યાં—એટલા માટે આપ્યા, કે ભવિષ્યમાં મ્હારૂ જીવન તથા તમારૂ જીવન ન બગડે ને કલંક વ્હોરીને સુખનું સત્યાનાશ ન વળે મ્હારાથી તમે અંકુશમાં આવો, એમ ન લાગ્યું, ને તેમ જલદીથી ઝેરનો નાશ ન કરૂં, ને પછીથી જ્વાળા થાય, તો હોલાય જ નહિ, એ માટે મેં યોગ્ય કર્યું. તમને તે ન ગમ્યું, કેમકે તમે પતિ ધર્મનો ભંગ કરવા ઇચ્છતા હતા. તેથી હું કંઇ દોષિત નથી. મારા સુખના માર્ગ નિર્મળ રાખવા, અને મારા હિતના ભાગ ચોખ્ખા કરવાનો મને અધિકાર છે મારૂં ભાવી બીજાને શરણે જાય, ને બીજાને ભોગે, હું છતે પતિયે અભાગી નીવડું એ શા માટે જાણી જોઇને દેખતા આંખે થવા દઉં ? માટે મેં સાહસ કર્યું છે. હવે જો તેમાં મેં ખોટું કર્યું હોય, તો ક્ષમા કરો. ને તમારી પ્રિયાનો હાથ, જે હજારો માણસો સમક્ષ પકડ્યો છે. તથા અગ્નિ દેવ સમક્ષ મને પાળવાની, પોષવાની, રક્ષવાની, ને બાળવાની, છેવટે મુક્તિ આપવાની પ્રતિજ્ઞા લીધી છે, તે પાળો. જો હું તેમ થી ભ્રષ્ટ થાઉં, તો મને ગરદન મારજો. તેમાં પ્રભુદેવ નહિ નાગે પણ હાલ તો તમારો અધિકાર અમલમાં લાવો નાથ !'

'બસ—દુર થા ! તારી ભ્રષ્ટ કે સારી ગમે તેવી રીતભાત હોય, દોષિત હોય કે નિર્દોષ હોય, પણ મારી શાન્તી તે હરી—માટે તને હું

છૂટું છું—ત્યાગ કરૂ છું; પ્રભુ ઇચ્છા હશે, તો મળીશ, નીકર જે જે!"
એટલું ફક્ત વચન સાંભળતા નીરૂ ઉઠી-બાઝવા ઉઠી!"

વાંચનાર! આ વર—ઘેલી વનીતા તો શયનગૃહમાં સુતેલી છે?

હા, તે સુતેલી છે; પણ સ્વપ્નામાં પોતાના પતિ જોડે લડે છે; પોતાનો દાવો રજુ કરે છે, હક્ક માગે છે, પતિયે તેનો હક્ક સ્વિકાર્યો નથી, અને તરછોડીને ચાલ્યો ગયો છે.

નીરૂ ઝબકીને ઉઠી. ચોમેર જોયુ, તો ભયંકર રાત્રીને સામે દીવો! દરવાજા બંધ. ભલી નીરૂ એક ટશે ગાભરી બની, વિહ્વાવરી બનીને વિચાર કરતી ઉભી રહી

પ્રકરણ ૧૦ મું.

દિવાની નીરૂનો દેશ ત્યાગ કે દેહ ત્યાગ?

" મ્હારે હવે શા માટે જીવવુ? શા કાજે જીવવુ? શા આધારે જીવવુ?—લોકની નિંદા ખમવાને? સાસરીયાંના મેણા ખમવાને! વૃદ્ધ બાપને દુઃખનો માર દેવાને? જગતની આંખે ચડવાને? પતિ સુધી જીવન, તો પછી તેના ત્યાગ પછી સ્ત્રીએ જીવવુ શા માટે? પતિ ગયા, ત્યાં સતીએ જવુ! મ્હારા પતિ ન્હાશી ગયા, તો તેની પાછળ હુ જાઉ! શા માટે ન જાઉ? જો ચિત્તામા સાથે સળગી જાઉં, તો પછી જીવતા દેહે તેની કને ન જાઉં? જયા હશે ત્યાં જઇશ! દુનિયાના બધા ભાગો ખોળીશ-જીવ ઝબોળીશ-જીવતા હશે, તો જગ્યા ઢંઢોળીશ, ને છેવટે મરતા સુધી તેમને મળવા યત્ન કરીશ, નીકર છેવટે બીજે કોઇ ભવ. પણ હવે આ જગ્યા કામની નહિ! મને હાય! ઘર ખાવા ધાય છે? ભયંકર લાગે છે! હું કયા? મારો દેહ કયા? મ્હારો નાથ કયા?"

નીરૂ, રાત્રીના મધ્ય ભાગ વિત્યા પછી બ્હાવરી બની ગઇ. માથાના

વાળ છુટા, રાભા જેવી બની ગઇ. બન્ધનથી હાથ જકડાયલા હોય, એવી દેખાવા લાગી. જુવાન વયનો સુકુમાર સુંદરી, પતિના વિયોગે વિરહ ઘેલછામાં દિવાની બની ગઇ! હવે તે ઘડી પણ ઘરમાં રહેવા હડીલી થઇ! પ્રભુ કને એક ટશે જોતી કહેવા લાગી—

મ્હારી વહાર કરો જગનાથ,
અબલી નાર તુજ શરણે;
હું દીન બની દીનાનાથ,
આવું છુ તારે ચરણે.
એક વખત દે નાથનું દર્શન,
પછી તું દેજે હાથ;
આવું છું તારા ઘર સુધી,
છે મુજ, તુજ સંગાથ—૧

આ છેવટની અરજ કરતી, આખમાં આંસુડાં ઢાળતી, દિવાની—હ્રદયમાં સમજણ છતાં, બેભાન બનેલી, ઘેલછામાં આવેલી, મુઝાયલી, કોઇ દીન દુઃખ ન જોવાથી, મા વિનાની દીકરી, દેશ ત્યાગ કરવા ચાલી. જો તે આ ઘેલછામાં દેહ ત્યાગ કરે, તો નવાઇ જેવુ ન હતું. પણ હાલ તો તે ઘર–બાર, ને વતન તજી ચાલવા માંડી!

મા વિનાની જુવાન દીકરી, સાસરાયામા દુઃખ થાય, ત્યારે આ જ દશા પામે! તેને મા વિના બીજો આધાર કોનો? સુખ—દુખમાં મા સાભરે! સારી ભાભી ખરે સારી હતી, પણ કઇ મા થાય? બાપ તો નામનો! દીકરીનું અંતર દુઃખ કંઇ બાપની કને ગવાય? આખરે ચાલી. માનીતુ પિયર પણ કોહી જવા આવેલું હતું. ત્યાં પણ સડો પેઠો હતો. મા હયાત છતાં મધુરી અટવાણી, તો નીરૂની શી દશા? મધ્યરાત્રે, ધીરે ધીરે પગલાં ભરતી, ઘર બહાર નીકળી, ને પ્રભાતનો પ્રકાશ પડતા સીમાડા બહાર દોડી ગઇ, ત્યાંથી કયાં ગઇ, તે હવે પછી જોઇએ, પણ મધુરીનું શુ થાય છે, તે તપાસીયે!

પ્રકરણ ૧૧ મું.

દીન-મધુરી.

ગમાર કે નિર્દોષ પણ દીલવાળાં જીવડાંને કંઇક મન આધારની જરૂર છે. વિશ્રાન્તિની જરૂર છે. અવ્યવસ્થ છતાં હૃદયની શાન્તિની જરૂર છે પંખીડા બિચારા સુકા વનમાયે રહી શકે છે, તો પણ તેને સગની જરૂર છે એકલાનું જીવતર, તે આસાન કેદ કરતાંયે બુરૂ છે,

મધુરીનું સગી કોઇ નહોતું તેના મનનું દુઃખ સાંભળનાર ખરૂ સાથી કોઇ નહોતુ. તેના ઉપર માબાપનો સખ્ત જાપતો હતો, તે એટલા માટે કે કદી કુસંગમા રહેવા ન પામે! અને તે ભયથી દીન મધુરી કોઈ સખી-સહિયર સગાથ ફરતી નહતી. તેને સુમન જોડે સ્નેહભાવ ઉત્પન્ન થયો હતો. અને તે પવિત્ર, ભાઈ બ્હેનના એક સ્વર્ગીય પ્યાર જેવો હતો. તેમાયે કુદરતે વિઘ્ન નાખેલું હતુ, ને તેથી મધુરી દીન બની હતી.

સ્ત્રીઓના જીવનમા બીજા મિત્રો કરતાં જો પરણેલો પતિ, એ રાધક સ્નેહી હોય, તો પછી તેને બીજાની જરૂર નથી મધુરીને તો તેનીજ મોટી વ્યાધી હતી. કાકુ તો માવડાના વેણમા રમતો હતો મા કહે દીવસ તો દીવસ અને રાત્રી તો રાત્રી હતી મધુરી નઠારી તે એને મન સારી થવનો હાલ સંભવ નહોતો. વૈરભાવ પ્રકટેલુ હતું. ધુવડને સુરજ ગમતો ન્હોતો. ચોરને ચંદ્રની ભાવતી નહતી! અપલક્ષણી સાસુને મધુરી ગમે, એ વાત અમાન્ય હતી, ને [illegible] વહુ દીકરા વચ્ચે અંતર પડાવાનું સાસુએ કામ કરેલું હતુ.

મધુરી માર ખાઇને રાત્રીયે પિયર પાછી ફર્યા પછી જે બનાવો એક પછી એક તેની નજર ઉપર રજુ થતા ગયા, ને છેલ્લું દર્શન,

સુમનનો દેશ ત્યાગ હતો. સુમન ગયો. મધુરીએ નજરે નજર જોયું; વાયુ વેગે ઉડતો ગયો. મધુરી નીચે ઉતરી આવે, તેટલામા તો અદશ્ય થયો.

પેલો ઘોડાવાળો હાથમા એક કાગળ લઇને જ્યા મધુરી ઉભી હતી, તે નજીક આવ્યો બગલાના ચોકમા પગથી પાસે આવતા મધુરીએ લાબો હાથ કરીને કાગળ માગ્યો—જાણે કે તે પત્ર પોતાના

"આ કાગળ તો બાપાજીનો છે!" ઘોડાવાળાએ ખુલાસો કર્યો. મધુરીએ તે લીધો, સુમનના અક્ષર ઓળખ્યા.

"બાપાને આલશો બા?" ઘોડાવાળો એટલુ કહીને ચાલતો થયો.

"અલ્યા, સુમનભાઇ કયા ગયા?"

"ભગવાન જાણે; ગાંઠડા પોટલા લઇને તો હધાવ્યા, હોવે." ઘોડાવાળો બોલતો બડબડતો ચાલ્યો ગયો. મધુરીએ વધુ દરકાર ન કરી. કાગળ તરફ ચિત્ત ચોટયુ. માબાપનો પત્ર ઉખેડવો કે નહિ! અધીરી મધુરી અંદર ગઇ. તેણે ધીરજ ખોઇ દીધી પોતાના રૂમમા જઇને પત્ર ઉખેડયો ઓહ! ભલા ને નિર્દોષ ભાઇનો, પોતાના સદોષે ભાગ થયો! તેમને વગર કારણે દેશ ત્યાગ કરવો પડયો! તેમને ખુલાસો કરવાનો સમય ન મળ્યો! અફસોસ! મધુરી મુર્છિત થઇ. દીન મધુરી આખરે હારી. રગમા ફરતુ લોહી શાન્ત પડી ગયુ. કાયાનો મદ નરમ પડી ગયો. જુવાનીનું જોર શાન્ત થઇ ગયુ. મગજની શકિતઓ નબળી પડી ગઇ. આશાનો ઉમળકો અટકી પડયો જીવનની દોરી લટકી પડી. ચોમેર જોતા આભ ને ધરતી વિના બીજો આધાર ન મળ્યો. માતાની માયા ને પિતાનો પ્યાર છતા, વહેવારની ખામીને લીધે, તે બિચારી અટુલી થઇ પડી. સુખ-દુ:ખનાં બે આંસુ હાસ્ય કરવાનું સ્થળ ભાગી પડયુ. દારુણુ મન વગડામા હવે દીન મધુરી અટુલી થઇ પડી.

પ્રકરણ ૧૨ મું.

સુમનનું ભાવીબળ!

ફકીરી તે અમીરી છે.

(ગઝલ કવ્વાલી.)

" ફકીરી ને અમીરી એ, ખલકના ખેલ ખોટા છે;
વિચારી વીચરે તો તો, ફકીરી એ અમીરી છે.–૧
હજારો દાસ હાજર છે, હુકમ જેનો ઉઠાવાને;
પરંતુ દીલ દુખી તો, અમીરી એ ફકીરી છે.–૨
ન પરવા કોઇની રાખે, ડરે નહી રાય રાણાથી;
મનસ્વી મોજ માણે તો, ફકીરી એ અમીરી છે.–૩

વિદ્વાન પુરૂષો કહે છે કે, નિરાશનો ગમ, એ કે મોટા જખમ કરતાં વધારે તિક્ષણ છે; અને તે ઉપરનો બળાપો, એ જખમ ઉપર નીમકનાં જળ રેડવા જેવો આકરો ચટકો છે; સ્ત્રીનો પરમ ધાર્મિક, અને મનોહર પ્રેમ, જ્યારે મનોવેધક શસ્ત્રનું રૂપ પકડે છે, ત્યારે તેનો ઉછાળો ને પરિતાપ, જવાળામુખીના ફડફડતા અંગારા માફક અંગને દગ્ધ કરી નાખે છે. મહા બળવાન યોદ્ધાનું બળ તેથી હરાયું છે. મહા સમર્થ તાપસીઓ તેથી તપહીણ થયા છે. અને મહા ગંભીર પુરૂષો પણ એજ નિરાશાના ધાથી મગજહીણ થઇ ગયા છે! સ્ત્રીનો પ્રેમ, સાકર કરતાં ગળપણમાં ચડે છે; પણ તેનો દ્વેષ, ઝેર કરતાં પણ બુરો ત્રાસ આપે છે.

જગતમા જીવલેણ જીવડો સ્ત્રીનો પ્રેમ છે. એ પ્રેમ એક જાતની ખાખ છે। જેને પાચક થાય, તેને ભલી છે; બીજાની પ્રાણઘાતક

છે. સ્ત્રી બિલોર કાચ જેવી નાજુક મનની છે; તેને ટૂકડ થતાં વાર લાગતી નથી. એ શંકાનો સાગર છે, તેને ઉછળતાં વાર લાગતી નથી. તે હલકા મનની છે. તેને હલકું મન કરતા વાર લાગતી નથી. તે રીઝે તો રામ બતાવે છે, પણ ખીજે તો ખાસડાનો માર ખવરાવે છે.

દેશ છોડીને એકલા વિદેશ રહેનારા, સ્ત્રીના સંગના છુપા નિરાશાધિકારીહશે! જગત છોડીને ડુંગરમાં ભૂખ તરસ વેઠનારા વનિતાના ઘા ખાધેલા ભમરાઓ હશે! કુટમ્બમા કલેશ કરીને સ્ત્રીના ભરૂસાપર સંસાર તરવા નીકળી, પાછળથી પસ્તાવાના કાંટારખા પેરનારા મુર્ખાઓ પણ સ્ત્રીથી ઘાયલ થયલા હશે! મીઠા વચન અને ઝેરી કાતીલ મોહથી મરાયલા પુરૂષો, અંધારી રાત્રે, ભયંકર જનાવરોનો ભય તજી, પ્રિયાને મળવા માટે ઉડતા જતા; તે ફક્ત રંડાની મોહિનીપરથી હશે! અફ્સોસ! ત્હારા ઇશ્કના અવેજમા જાનની ખ્વારી થાય છે, તે જોવાને એ પાપી મોહિનીના મોહક મધુકરો તૈયાર નથી; પણ તે ક્યારે તૈયાર થશે, કે જ્યારે ઘાના મારથી ઝુરતા હશે! જગતની રચના એના ઉપરજ છે, જગત કર્ત્તાની ફતેહજ ત્યાં છે!

દુનિયામાં એવાં અનેક માણસો ન્યાયના અભાવે, પારકાના પાપનો ભાર માથે લઇને મરણ પામ્યા છે; તેઓ ઇશ્વરને ત્યા ઇન્સાફ ભલે પામે, પણ આ લોકમા, આ જન્મે, એવા ઘણા જનો નાસ્તિક થઈ ગયા છે! તે કહે છે કે ઇશ્વર છે ક્યા? જો હોય તો ન્યાય કેમ નથી દેતો? પણ તેઓ ક્યાં સમજે છે, કે ન્યાય કોર્ટનો ટાઇમ ક્યાં છે? કોર્ટમાં કેસ નીકળ્યા પહેલા કેદી મરી જાય, તો ઇન્સાફને દોષ કેમ દેવાય? જગતની અટપટી રચના છે; બે નાળી બંદુક છે. એ મ્હોંડાની ચાકડોળ છે-સમજીને રહેવાનું છે. મુગાનું સ્વપ્નુ છે. ફાવેલાની ફતેહ છે, બાકી સાચાની દુનિયા નથી-ખરાબીનો ખરાબો છે. દેખતી આખે ખાડામા પડવાનું છે. ભુંડાને ભુંડો કહેવાનો જમાનો નથી. દીકરાને વિવેક શીખવવા જતાં ડેફેમેશનમા જવાનો સોદો છે.

સુમન તદ્દન ગુન્હેગાર તો છેજ નહિ: તેણે પોતાની સુનીતિને ડાઘ લગાડયો નથી. અકળાયલી અને દુઃખના ભારથી મુંઝાયલી મધુરીને એક ખરી બ્હેન તરીકે તેણે ચાહી છે; અને એ રીતે તેની ટ્રીટમેંટ કરી છે! વિનોદરાયના આકળા સ્વભાવનું પરિણામ બુરૂં આવ્યુ છે. પોતાની પુત્રી ઉપર હદબાહેર દબાણ કરવામા તે વાજબી ન હતો. ગમે તે દુઃખ વેઠીને પણ દીકરીયે સાસરે રહેવુ, અને ખરે-ખરૂં કઠણ દુઃખ હોય, તેની દાદ માબાપે ન લેવી, ને દબાણ કરી, તેને તે દુઃખમા રિબાતી કરવી, એ બાપનું વલણ ધિક્કારવા જોગ તો કહેવાશે! ભલે, દીકરી સાસરૂ વેઠે; પણ ધણી મુર્ખ કે કાચા કા-નનો હોય, કોઇ પણ બદમાશ તે મુર્ખને ભંભેરીને, નિર્મળ કન્યાને સતાવે, તો તે દુઃખ દીકરીને ખમવા દેવાને બાપે દબાણ કરવાનું છે? તેની વ્હાર કરવાની નથી? જો તેમ ન હોય, તો તે પિતા નથી, શત્રુ છે!!

સુમનપર કેવળ નકામો આક્ષેપ આવેલો છે. તે બિચારી નિર્ભાગી યુવાન કેવળ વિના દોષે રવડી ગયો છે! નિરંજની જેવી માયાળુ, મનોહર અને નિર્દોષ બાળકી, કોણ જાણે કઇ ગતી પામશે; પણ તેના આકળા સ્વભાવે, અને ઉદ્ધત નિર્ગુણરાયના આગ્રહી દબાણે, પુત્ર અને પુત્રવધુ ત્યાગ કરી ગયા છે! નિર્ગુણ ને વિનોદ બન્ને ભલે સુધરેલા ને કેળવાયલા હોય, ન્યાયાસનપર નીતિ દેખાડનારા, ને ધારા-ધોરણના પાળક હોય, પણ વ્યવહાર દૃષ્ટિએ તે અજાણ ગમાર, ઉદ્ધત અવિચારી, મદાંધ અને મૂર્ખ ગણાવા જોઇએ! પોતાના ફરજંદો ઉપર એટલી હદ સુધી સખતાઇ કરીને તેના જીવનપર ઘા મારવાની જરૂર નથી. અંકુશ પણ હદમા રહેવો જોઇએ; ને તેપર અમલ થવો જોઇએ, કેવળ મગરૂરીમા મસ્તાન બનવુ ન જોઇએ. સુમન હવે મનની ફિકરી લઇ ચાલ્યો. મધુરીને મળવાથી નવુ રૂદન શરૂ થશે, અને જખમપર

વધારે ઘા પડશે, તેથી તેને મો ન બતાવીને ચાલી નીકળ્યો. મધુરી સાથે બે ખુલાસાની વાત થઈ હોત, તો મનમાં ઉછળતો ધુમાડો-ફરકતો વાયુ લગાર શાન્ત પડી જાત. ધિરજથી કેટલોક કાળ માર્ગ શોધવાને, અથવા આજુબાજુના સંજોગ શાન્ત કરવાને યત્ન કરી શકત; પણ શંકા અને ભયથી તેમનાં બળ નરમ પડી ગયાં; ને છેવટે અંધારામાં ગોથાં ખાવાનું રહ્યું !

સુમન એક રીતે હવે છુટો થઇને પોતાના જીવનને શાન્તિના મેદાનમાં ચલાવા ગયો ખરો, પણ મ નવ પ્રકૃત્તિ પ્રમાણે, વારંવાર એજ વિચાર ઘોળાયા કર્યા. છેક મુબઇનો કિનારો મુકયા પછી જાપાન દેશની પરસીમા જોઇ, ત્યાં સુધી કેટલાક દિવસો સુધી એજ ખ્યાલ કર્યો, ને અંતે અગ્નિનો ધુમો અગ્નિમાંજ સમાઇ ગયો.

સારે નસીબે કુદરતે તેને યારી આપી, નીકર મુઝાયલા યુવાનને આપઘાત કર્યા વિના બીજો ઉપાય ન હતો. મુઝવણના કોથળામા પુરાયલો માણસ, હવાની જગ્યા વિના દમ શી રીતે લ્હે, ને કેટલી વાર સહી શકે? આખરે તેમાંજ મરવુ પડે !

સુમન, જાપાન દેશની રીતભાતથી કેટલીક રીતે જાણીતો થયો, તેમ તેમ તેનામાં દેશાભિમાનના અંકુરો બહુજ પ્રકટવા લાગ્યા. દેશી બન્ધુ જોડે ઐકયતા અને તેનાં શું ફળ મેળવવાં, એ માટે તેને લાગણી થવા લાગી–જાપાનીસ સંસારમા ચાલતી ઉદ્યોગીક રહેણી–કરણીથી તેના મન ઉપર બહુ ઉંડી અસર ઉતરવા લાગી. એક બાળક કે એક પુત્રી, યા માતા કે સાસુ કોઇ પણ મર્યાદા ઉલ્લંઘન કરતાં ન હતાં. ઐકયતા કેમ જળવાય, ઘડી પણ સુખમા કેમ જાય, એક પળ પણ નકામી કેમ ગળાય, એટલુજ નહિ પણ આરોગ્યતા ને દેશકાળ કેમ સુધરે, જગત સુખી કેમ થાય આજ વિચરો ને કામ થતું હતુ !

સુમન જાણે સંસાર તજીને હવે કેવળ નિર્ભાગી સુખ મેળવવા કેમ અવતરેલો હોય, તેમ માની બેઠો હતો તેને દેશી લોકોમાં વસવાનો સગ મળ્યો ન હતો. જે વેપારી તરફથી આવેલો, તેની ફર્મ-છેક એકાન્ત ભાગમાં હતી; ને ત્યાં એક બગલા નજીકના કોટેજમાં સુમન રહેતો હતો. હાથે પકાવી ખાતો હતો. એક લાભ એ થયો કે તે સ્વધર્મનિષ્ઠ બન્યો! નિરાશાની ફકીરીમાં કિરતારના નામની યાદ ચાલુ રહી!

એકાદ બે માસ વિત્યા પછી એક દહાડો તે ફરવા નીકળ્યો. એવામાં રાજનગરનોજ રહીશ, મી. બળવંતરવ નામે પોતાનીજ જ્ઞાતિનો ગૃહસ્થ મળી ગયો. બલવંતરાવ લગભગ દશ વર્ષથી જાપાનમા આવેલો હતો. પ્રથમ તો સુમન પેઠે રેશમી કાપડના વેપારીને ત્યાં અગ્રેજી ક્લાર્ક તરીકે આવેલો, પણ પાછળથી જાપાનીસ વેપારી તરીકે પંકાઇ ગયો, અને આજે તે ઇન્ડીયા સીલ્ક કું. લીમીટેડનો ધુંધી ડીરેકટર અને માલેક જેવો થઇ પડ્યો. ઇન્ડીયામાં જવાને હવે તે લલચાયો હતો કેમકે પોતાને ત્યાં એકજ સંતાન હતું, ને તે પુત્રી હતી. એ પુત્રીનુ નામ વીરમતી હતું. આશરે ચૌદ-પંદર વર્ષનો તેની ઉમર થઇ ગઇ હતી. અને હવે તે લગ્ન યોગ્ય ગણાતી હતી, એટલા માટેજ સારો વર શોધી આપવાને સ્વદેશમાં જવા સારૂ તેની સ્ત્રી ઉતાવળ કરતી હતી

સુમનને જોઇને બળવંતરાવને હેત ઉત્પન્ન થઈ ગયું! કુદરતીજ જાતભાઈ-સ્વદેશી, જા નમાં જોતાંજ મન લલચાયું, ને તે બોલ્યો,

"કેમ ભાઇ! આપ ક્યાથી, ક્યારે, ને કેમ પધાર્યા છો?"

"સાહેબ! મને બે ત્રણ માસ થયા છે. હું અહીંની ફ્રાન્સ કુપનીને નામે ચાલતી યુરપીયન ફર્મમાં નોકર છું!"

"હા; શહેર બહાર છે તે-પણ,

"આપનું વતન?"

"રાજનગર!"

"આપ કઇ જ્ઞાતિના છો?"

"હું નાગર જ્ઞાતિનો–મ્હારા પિતા નિર્ગુણરાય મહેતા."

"રાજનગરના જડજ સાહેબ!"

"હા, સાહેબ!"

"તેમના એક પુત્ર સુમનરાયની યુવાન સ્ત્રી, જે હમણાં એકાદ માસ પહેલાં મેડ થઇને ઘર તજી ચાલી ગઇ, તે આપના–ભાઇ.

"હા–ના–હું—"

"તમે અચકાઓ છો કેમ?"

"મને તે ખરી ખબર મળી નથી!"

"હું પણ વર્તમાનપત્ર ઉપરથી કહૂં છું!"

"હશે, ગમે તે હો!"

"આપ તેમના પુત્ર છો?"

"હા; મ્હારૂં નામજ સુમન!"

"બાઇ આપનાંજ ધર્મ પત્નિ—"

"પ્રભુ ઇચ્છા! તે પત્ર બતાવશો?"

"હા, આપ મ્હારે ત્યાં પધારશો? હું પણ રાજનગરનો રહીશ અને તમારીજ જ્ઞાતિનો છું. હું સારંગપોળમા રહું છું. મારૂ નામ બળવંતરાવ છે. મ્હારી અહીં મોટી ફર્મ છે. કું. લીમીટેડ છે. રેશમનો મોટો વેપાર છે. કારખાનું ચાલે છે. અને હું દશ વર્ષનો રહીશ થઇ ગયો છુ. હુ કુટમ્બ સહિત અહીં વસું છુ! તમને જોઇને હું ખુશી થયો. માત્ર તમને અજાણપણામાં મનોવેધક ખબર આપવાની મેં ઉતાવળ કરી છે!"

"ચિન્તા નહિ ! જે તે દહાડે પણ બનેલું જણાતે ! પ્રભુ ઇચ્છા બળવાન છે !—માત્ર મને પેપર મોકલશો, તો ઉપકાર થશે હું બહુજ રોકાયલો રહું છું, એટલે આવી નહિ શકીશ !"

"તોપણ રવીવારે ફુરસદ હશે. કહો, તો રવીવારે ગાડી મોકલું; આપ મ્હારે ત્યાંજ તે દિવસ ગુજારજો ! મ્હારી પત્નિ ને કન્યા બન્ને તમને જોઇને ખુશી થશે. અહીં સ્વદેશી થોડા છે, તેમાં જ્ઞાતિભાઇ તો નથીજ !"

"વારૂ. ત્યારે રવિવારે સવારે નવ વાગે ગાડી મોકલજો, હું આવીશ ! ઠેકાણું તો તમે જાણ્યુ છે ! !"

બળવંતરાવ ખુશી થયો. બન્ને છુટા પડયા, સુમનના મનમાં નવો પરિતાપ પેઠો; પણ એક રીતે નિવૃત થયો. નિરૂ પોતાના ભાગ્યને આધિન થઈ, પણ રાંડ થવા કરતાં મરી ગઇ હોત, તો વધારે સારૂં થતે ! ખેર—ગઇ ગુજરી જવા દે ! દુ:ખ થાય ખરૂ, પણ ભાવનું નહિ !

સુમન છુટો પડયો. પેપર વાંચવાને અધીરો થયો. બે કલાકમાંજ પેપર તેના હાથમા પડયુ ! આખરે અભાગી તે અભાગી નીવડયો ! બાજી ગઈ તે ગઇ ! નીરૂ જેવી પ્રિયા ભલે દોષરૂપ હતી—મુર્ખ હતી, પણ ખરી પ્રેમાળ, રંક ને વ્હાલી હતી. પ્રેમી પતિને બળાપો કેમ ન થાય ! એ રાત્રી તો વિમાસણમા જ કહાડી ! મનની વાત મનમાંજ સમી ગઇ ભાવી—બળ હવે આગળ ચાલ્યુ !

પ્રકરણ ૧૩ મું.

પહેલો પ્રસંગ ! રાજયોગ !

ગરીબના નસીબમા રાજયોગ હોય ? રાજયોગ એટલે ન ધારેલી રીતે મોટી ઉમેદ પાર પડે, ભાગ્યની કળી ખિલી નીકળે, ને જે વાત ખ્યાલમાંએ ન હોય, તે અનાયાસ આવી મળે, તે રાજયોગ !

સુમનનું મન નિરાશ હતું. તેની પ્રિય પત્નિ ગુમ થઇ ગઇ હતી, ગુજરી ગઇ, કે ચાલી ગઇ, મૅડ થઇ ગઈ, કે દેશ તજી ગઇ, પણ ગઇ; હવે તેના જવાથી સુમન એક રીતે છુટો થયો હોય, તોયે મનમાં ખેદ તો થાય ! ખેદ છતાં હવે તે દેશમાં કે કુટુમ્બમાં જવા ચાહતોજ ન હતો, તે તો છેવટની સલામ કરી આવ્યો હતો. ક્રોધથી કહો, જુવાનીથી કહો, આફતથી કહો, કે મુર્ખાઇથી કહો, પણ જુવાન સ્ત્રીને તજી આવ્યો હતો. જીવતે રંડાપો આપીને નીકળી આવ્યો હતો. તેને મન સ્ત્રી જીવતી નથી, એમ માનતો હશે; તેને મન સ્ત્રી ઝેરી ને અકારી છે, તેથી હવે જીવનના કામની નથી, એમ જાણતો હશે. તેનો હવે તેને ખપ નથી, એમ ગણતો હશે; ભલે ગમે તેમ માને, પણ પ્યાર વગરનું જીવન, ને લુણ વગરનું અન્ન, કુદરતી રસથી વિભિન્ન છે, એટલે મિઠાશ નથી, ને તે વિના શાન્તિ નથી. આ સર્વ તત્વનો અર્થ એજ કે સુમને હવે સુખના બીજા રસ્તા શોધવા ! નવા પ્રદેશમાં રહેવું, નવો અવતાર ગણવો, ને ઇચ્છા હોય, તો નવો સંસાર શરૂ કરવો !

સુમન, મનથી કે કમનથી પણ બળવતરાવને ત્યાં આજના સ્વદેશી માનીતા પરોણા તરીકે પધાર્યો ! બળવંતરાવે પોતાની પ્રિયાને આ નવજુવાન પુરૂષ માટે કંઇક વાત કરી હતી ! સુમનને તેડીને ગાડી આવી. તેવીજ અધીરી કન્યા, બંગલાની બાજુની બારી કને આવી ઉભી રહી. જેવો સુમન ગાડીમાથી બહાર નીકળ્યો, કે વીરમતીએ મોં મલકાવ્યું ! સુમનની એકાએક ત્યાંજ દૃષ્ટિ ગઇ ! પુર્ણિમાનું પહેલું દર્શન થયું ! ખરે ચકિત થયો. હાસ્યવદન–ગૌરવદન, યુવાનીથી ભરાતુ વદન જોયું ! પોતાને હર્ષ વધે, એવી ચેષ્ટા જોઇ ! હૃદયમાં ઉલ્લાસ આવે, એવુ ચિન્હ જોયુ ! ભાવી–સુખ કંઇક ખિલતુ લાગ્યું ! લોચન ને મનનો ઝઘડો શરૂ થયો.

આ શબ્દો સુમનના મુખમાથી બહાર પડતાંજ વીરમતીએ આ ખંડમાં પ્રવેશ કર્યો. વીરમતીની માતા, સુમન સાથે વાતે વળગી હતી. બળવંતરાવ તો સાંભળતાજ હતા. જેની માતાના વિચાર આટલા છુટા ને કેળવાયલા, તેની કન્યા કેવી હશે ?

" માતાજી ! ભટજીએ ભાણુા પુર્યા છે ? "

" વારૂ, દીકરી ! તું ત્યાં તૈયારી કરાવ–મેમાન આવે છે ! "

વીરમતી પાછી ફરી ગઇ ! જરા તીરછી નયને, આશાનો ઉમળકો બતાવ્યો.

" પધારો !–જમવા વેળા થઇ ગઇ ! "–બળવંતરાવે સુમનને આગ્રહ કર્યો. બન્ને જમવા ઉઠયા, ત્યાં તરેહવાર વાતો થઇ; મતલબ એટલીજ કે સુમનને વિવાહિતો કરવો. વીરૂને વિવાહિતી કરવી. સુમનનો પહેલો પ્રસંગ તો વિજયી નીવડયો.

પ્રકરણ ૧૪ મું.

બીજો પ્રસંગ ! ભાગ્ય–યોગ !

નસીબ ફરવાનું થાય, ત્યારે સાંજ કે સવાર, રાત કે દહાડો જોતું નથી ! કથીર કે કુન્દન, બાવળ કે ચંદન, પોલાકુ કે કસ્તુરી, કઇ જોવાતું નથી. સુમન અને બળવંતરાવ જમવા બેઠા. વીરૂ પોતાના હોલમા ચાલી ગઇ. તેની માતા, સામે પાટલો નાંખીને બેઠી. ભટ્ટ પિરસવા લાગ્યો. વાતનો બીજો પ્રસંગ નીકળ્યો, પણ શો ? વીરૂનાં વખાણ ! લગ્નની વાત !

" અહીંનાં હવા પાણી તો સારાં ! " સ્ત્રી બોલી.

" હજી મને તો થોડોજ વખત થયો છે. " સુમને કહ્યું.

" મ્હારી વીરમતી તો પાણીથીજ ધરાયલી રહે છે. કેવું આરોગ્ય ! કેવુ તીવ્ર અને ચંચલ મગજ ! દરેક વાતમાં કાળી જાણે સહાય થઇ હોય ! ભરવા-ગુંથવામાં તો જાપાનીસ સ્ત્રીને લજાવે તેવી !"

" અને ગરીબ ગાય જેવી ! " બળવતરાવે ટહુકો કર્યો.

"એ બિચારી જો કોઇ સુપાત્રના ભાગ્યમાં જાય તો તો સારૂં !"

" આપણી ન્યાતમાં તેવા વર ક્યાં છે ? જ્યાં છે, ત્યાં ફાંટાબાજ ! સુયંત્ર કળા શીખવા જતા સત્તર વખત ફેલ થાય, પણ આકરો ન નમે ? બાપ કમાય ને દીકરા ખાય ! જમાઇરાજ વહુપર શૂરા ! ન લાજ કે ન મર્યાદ ! આખલા પેઠે ફરે, પણ ભાવી ન જુએ! આજે તો દીકરી દઇને કસાઇ ખરીદવાનું છે ! "

" ને એટલા ખાતર દીકરી મોટી થઇ છે ! " બળવંતરાવજી બોલ્યા. બિચારા ભલા—ભોળા તો ખરા ! !

" ખરી વાત છે ! દીકરીયોને દેવાનાં ઠેકાણાં થોડાં ? "

"મને લાગે છે, કે તમે હવે ફરીને-" હસતે વદને બાઈ બોલ્યાં.

" મ્હારૂં ભાવી હાલ અથડાયલુ છે. સ્થળે પડયા પછી ગુમાયલી સ્ત્રીનું શુ પરિણામ આવે છે, તે જોવાનુ ને હાલત પણ જોવાની ! પિતાના ધનતો ઉપર અભાવ છે, ને દેશમા જવાની ઇચ્છા થોડી છે ! "

" ત્યારે તો અમારા ધધામાં તમને મનગમતું મળે તો ? "

" મને પરજાતની નોકરી વધારે પસંદ છે. "

" તમને એક અમાગ—"

" પુત્ર કે જમાઈ-એકજ તો ? " ડોસા બોલ્યા !

" પ્રસગે વાત ! " સુમને એકજ શબ્દમા વાત બધ કરી, ને જમી રહેતા હાથ ધોઇ ઉઠયા. પાન-સોપારી ખાધું, બીજો પ્રસંગ પુરો થયો. પણ બિચારી રંક મધુરીનુ શુ થયું, તે જોઇએ.

પ્રકરણ ૧૫ મું.

ભાગ્યહીણ-મધુરી !

રંક મધુરી ! બિચારી એ પણ અભાગિણી ! નીરૂનો પતિ સુમન તો પોતાની પરની અઘટિત અવદશાના બળે નીરૂને ત્યાગી ગયો; પણ મધુરીનો શો દોષ ? શુ તે કેળવાયલી હતી, તેથી કંઇ પતિ ને અજ્ઞાન-સ્વચ્છંદી સાસુએ ત્યાગ કર્યો ? રૂપવંત ને ડાહી હતી, તેથી પતિ-પ્રેમથી તજાયલી રહી ? ધનવંત પિતાની પુત્રી હતી, તેથી તે આ દશા પામી ?-કંઇજ નહિ; ભાવી !

જો વિનોદરાય એટલા હદ બહાર બચ્ચાંપર વિકાળ થયા ન હત, તો મધુરીનું આ પરિણામ ન આવત ! સુમનની આ દશા ન થાત ! સખત રીતે, નાજુક બાળાપર દબાણ કર્યું ! ખરી વાત છે કે દીકરી સાસરે સારી, પણ જો તેને નાદાન અને માવડીયો વર મળ્યો હોય, સાસુ કઠ્ઠાઠ ને કુચ્છદી હોય, ને આ સગુણી છોડીપર જુલ્મ થતો હોય, તો શુ અટકાવવો નહિ ? તેની વ્હાર કરવી નહિ ? અલબત્ત દીકરીએ સાસરીયા વેઠવાં જોઇએ, તે ખરૂં; પણ તેનો વાંક હોય, તો તેનાપર દબાણ યોગ્ય છે. બિચારી રીગણી ઉપર હીમ પડે તોયે ન જોવુ ?

કેટલાક હઠીલાં, આગ્રહી, ને સ્વચ્છંદી માબાપો આ રીતેજ બચ્ચાંને-હદ બાહેર સત્તામા દાબી તેના જીવતરનું ને પોતાના વંશનું સત્યાનાશ ક્હાડે છે! ખરૂં કહીયે, તો માબાપના કડવા મિજાજથી કંટાળીનેજ કેટલા બાળકો કુમાર્ગે જાય છે. દરેક બાબતમાં હદ જોઇએ. વિનોદરાય તે વાત સમજ્યા નહિ; જેમ તે ન સમજ્યા, તેમ તેના મિત્ર નિર્ગુણરાય પણ મીલીટરી મીજાજમાં હાલ તરત તો પુત્ર સુખ ગુમાવ્યું

બિચારી મધુરી, પિતાના મનમાં એક દોષિત થઇ પડી. વિનોદરાય સોલીસીટરના હાથમાં જે કેસ હતો, તે કેટલીક રીતે ફતેહમંદ

ઉતરવાનો લાગ્યો. કેસ ચલાવવાની ચતુરાઇ, કાયદાની બારિકીનો રદીયો, ને કોર્ટને સગવડ કરી દેનારા પુરાવા વગેરેમાં એમણે બુદ્ધિબળ ઠીક ચલાવ્યું, ને તેથી જડજ સાહેબ પણ ખુશ થતા ગયા. આ આનંદથી તે આજે ખુશીમાં આવ્યા હતા. અને તોપણ સુમનની દાઝ દીલમાં હતીજ.

આજે મધુરી ઘણી દુઃખી દેખાતી હતી. તે જગત હારી ગઇ હોય, અને હજી તેનાપર કેટલુ દુઃખ પડવાનું બાકી હોય, તેમ નિ-રાશાથી નબળી પડી ગઇ હતી.

સુમન ગયો, રાત પડી, અને વિનોદરાય પણ આવ્યા. સુમનનો પત્ર મળ્યો. તે ઉપર લક્ષ ન દીધુ, પરંતુ રાત્રીએ આ વાતનોનિકાલથયો !

રાત્રે વિનોદરાય બહાર ફરીને ખુશ મિજાજમાં બંગલામાં આવ્યા. ત્યાં, રંકબાળા–દીન મધુરી રડમસ ચ્હેરે બેઠી હતી. માતા ભગીરથી તેનું શાન્તવન કરતી હતી વિનોદરાય તે પ્રકરણ જોતા સ્થંભી ગયો. કંઇક તેનું હૃદય પિગળ્યું, પણ હજી પેલા સુમનનો ક્રોધ દીલમાં હતો, તેથી મધુરીપર દયાએ ખરૂં રૂપ ન લીધુ.


"માતા ! તમે મને ઘણું કહો છો, પણ મારૂં હૃદય કંઇ મ્હારા હાથમાં છે ? મને રડવું આવી જાય છે, તેમાં હું શું કરૂં ?" મધુરીએ દીનમુખે પોતાની માતાને કહ્યુ.

"દીકરી ! તારા બાપનો સ્વભાવ કડક છે, અને બનાવ શંક-મંદ બન્યો, તેમ પુરી તપાસ ન થઇ, તેમા આ દુઃખ થાય છે. પણ તું ન ગભરા, સત્યનો બેલી શ્રી રામ છે; તારા પિતાને હું હમણાંજ વાત કરીશ."

"કહો–હુ સાભળવા તૈયાર છું !" વિનોદરાય જે દુર ઉભો રહી સાંભળતો હતો, તે નજીક આવીને બોલ્યો. મધુરીથી રડી જવાયુ !

'બેટા મધુરી! તું મને વ્હાલી નથી, તેમ નથી, મ્હારે બેપાંચબાળકો નથી. વંશમાં તુંજ એક સપુત પુત્રી છુ; પણ તેં જે મુર્ખાઈ કરી છે–

ભગીરથી ને મધુરી.



મા કન મધુરીનું રૂદન—પિતાની દયા—

ભા ૨ પૃ ૫૪.

"પિતાજી ! મને જરા કહેવા દો, મ્હારી છાતીપરનો ભાર ઉતારવા દો. હું મુર્ખ તો છું, પણ અટિધત ચાલતી નથી; હું ઉતાવળી હઇશ. પણ ઉછાછળી નથી. બાપુજી ! હું કઠણ સંજોગે, તમારા ત્રાસથી એકાન્તમાં રાત રહી છું ખરી, પણ ભાઇ સાથે બ્હેન રહી છે. નીરૂનો પત્ર, એક પરણેલી સ્ત્રી તરીકે વહેમ ભરેલો છે, અને હું નિર્દોષ છુ. સુમન મને બહેન જેવી ચાહે છે, ને તેને હું ભાઇ ગણું છું. ઉભા રહો !"

એટલુ બોલીને, આ સત્યવદની વાઘેણે, પોતાની ડેસ્કમાથી સુમનનો રાજનગરથી આવેલો પત્ર કહાડી વંચાવ્યો. તેમાં મધુરીને એક ભાઇ તરીકે તેણે શાન્તવન કરેલુ હતું. ટપાલનો કવરપર જે દહાડાની છાપ હતી, તે વકીલ સાહેબે તપાસીને પુરાવાથી ખાત્રી કરી લીધી, કે મધુરી નિર્દોષ છે.

"ત્યાર તું ત્યા શા માટે સુઇ રહી? કાં સુઇ રહી?"

"હવે મને કહેવા દો ! તમે મ્હારી દીકરીના શત્રુ બન્યા છો." ભગીરથીથી રડી જવાયુ.

મા ! કયા છે મા ! દીકરીની મા ક્યાં છે? નીરૂની મા હોય તો તે આમ થાય ! લોકો ધારે છે, તેન તે મરી ગયલી મનાય !— માવડીનો જીવ, અને તે દીકરી પાછળ? તે પછડાઇ અરે વ્હાલાં ફરજંદ પાછળ પટકાઇ મરે ! દીકરીનું દુઃખ માતાથી જોવાય? ના. તેના આંશુ ને માતાનું લોહી ! સાસરામાં દુઃખી દીકરી હોય, ને પિયર આવતી અટકાવેલી હોય, તો માવડી પાદરે જઇને મોં જોઇ આવે. ભૂખી–દુઃખી હોય, તો છુપા લાડુ કરીને ખવરાવી આવે ! વાહરે મા, વાહ ! ક્યાં છે દીકરીની મા !

"હા, પણ મેં તેનું ખોટું નથી કીધું ! દીકરીને લાડમાં લડાવીને, તેના સુખનું સત્યાનાશ નથી વાળ્યું ! જગતમા એમ નથી કહે-

પરાણ્યુ, કે સારા ને સુધરેલા ઘરની કૂળવાન દીકરીએ, બાપની કુમકે, ગરીબ સાસરાનુ ઘર ઉઠાડયુ !

"પણ રાંડ કુભારજા સાસુનો સંતાપ–ને માવડાયા દીકરાનો માર, આ કુમળી કળી કેમ સહે ? ચાર દીનથી તેનાપર માર પડતો હતો !" ભગીરથીએ ભેદ ખોલ્યો.

"એમ ! ત્યારે મને કેમ ન કહ્યુ ?"

"ત્રણ દીનથી તેને કહાડી મુકેલી. એક દીન ઘરના ખુણામાં ગુજાર્યો. બીજે દીન ઓટલાપર સુઇને કહાડયો. ને ત્રીજે દહાડે મારીને રસ્તે ફેકી–ત્યા સુમન આવતો હતો, તેને જોઇને તે રડી પડી–રાત વેળા તમારી તો સખ્ત મનાઇ, કે સાસરે જવુ, પિયર ઘેર રાત્રે નહિ ! ત્યારે તે ક્યાં જાય ! સુમને માથે જોખમ લીધુ, કે ગમે તે થાય, તુ મ્હારા રૂમમા સુજે ! તે બિચારી બ્હીતી બ્હીતી આવી. ઘોડાવાળો તથા માળી તેની હાજરીમા હતા, સુમન ગેલેરીમાઅને મધુરીઅંદર હતી.

"શુ આ વાત ખરી, મધુરી !'

"હા–પિ–તા જી !" મધુરી એટલુ બોલીને મુછિત થઈ ગઈ ! વિનોદરાયનું હૃદય ભરાઇ આવ્યુ. તેણે તેને છાતીમાં દાબી, ભગીરથીએ જળ છાંટયુ, ને જરાવારે મધુરી શુદ્ધિમાં આવી. તેને અંદર શયનગૃહમા લઇ ગયા. કોલનવોટર સુંઘાડયુ. તે શાન્ત થઈ ! છાતીપરનો ભાર ઉતરી ગયો. મધુરી હવે નિર્મળ થઇ ! પણ સુમનની વાતનુ શુ થયુ? વિનોદરાયે હવે નવી તપાસ ચલાવી.

દરેક માણસની ટેવ હોય છે, કે જ્યારે તે એક વસ્તુને દોષથી જુએ, વહેમ રાખીને તપાસે, તો જરૂર તે દોષિત લાગે; પણ જ્યારે તે નિર્મળ નજરે જુએ છે, ત્યારે તે માહેના અવગુણ કરતા સદ્ગુણ વધારે નજરે ચડે છે !

પ્રકરણ ૧૬ મું.

બે-દીલ !

કેટલાક માણસોનો સ્વભાવજ તેમની આબરૂને હાનિ કરે છે. ઉતાવળા, દુરાગ્રહી, ને મદાંધી સ્વભાવવાળા તત્કાળ પોતાનું ને પારકાનુ નુકશાન કરે છે: ને જ્યારે ધિરજથી તે સાભળે છે, ત્યારે તેને પસ્તાવો થાય છે, ને પોતાની ઉપરજ તેને તિરસ્કાર પેદા થાય છે.

વિનોદરાયની આ બુરી ટેવ માટે તેને ઘણીવાર વેઠવુ પડયું છે; તેમા સૌથી વધારે મધુરીની બાબતમાં ઘણો પશ્ચાતાપ થવાનો છે !

મધુરીપર દયા છુટી. એ રંક છોકરોનાપર અઘટિત દમાણુ થયુ, એ વાત માન્ય કરી. હવે તેનું વેર કયા લેવુ ? પોતાની મુર્ખાઇ થઇ, એતો આ દંભી સોલીસીટરે માન્યુજ નહિ હો !

સુમનને યાદ કર્યો. ઘરના માણુસને હાક મારી. ને સુમનને બોલાવી લાવવા હુકમ કર્યો.

“ સુમનરાય તો સાંજે બહારગામ ચાલી ગયા છે, ને એક પત્ર આપી ગયા છે ” તરત તે માણુસે ટેબલપરથી પત્ર આપ્યો. જે પત્ર વિનોદરાયે ફેંકી દીધેલો, તેજ પત્ર હવે ધીરજથી લીધો, ને તે ઉખેડ્યો વાચતા તેનું હૃદય ગ્લાની પામ્યુ, ને નિસાસો નાખ્યો.

“ અફસોસ ! સાહસ કરતા બહુ ગુમાવ્યુ. આ તો અક્કલની પરિક્ષા થશે જાત વગોવાશે હવે કરવુ શુ ? તેણે સુમનની શોધ માટે પોતાના મુનીમને હુકમ કર્યો ચોમેર માણુસો ફેરવવાં, ને પત્તો મેળવવો. રાજનગર પણ તાર કરવો. સ્ટેશને માણુસો મોકલવાં, ને છેવટે એક માણુસને મેલમા રવાના કરવો, કે ગમે તે સ્ટેશનેથી બેગ, તોપણુ પત્તો મળે ! કેમકે કદાચ તે વતનમા નહિ જાય ! એક માણુ ?

બી. બી. મા, ને બીજો જી. આઇ. પી. મા મોકલ્યો. એક રાજનગર ને બીજો પુના સુધી ગયો.

રાત્રીના દશ વાગ્યા હતા. વિનોદરાય હજી એનાએજ વિચારમાં ઘૂમતો હતો, ત્યાં શાહુકારનો દીકરો આવ્યો. એશ્કી ટટ્ટુ-હાથમા વોકીંગ સ્ટીક જાણે નવલશા નવલખીનો બેટા ! એ કોણ હતો ?—જમાઇ.

* ગદ્ધે પાયા ઘી ! જમાઇને ગમે તેટલો ગુણ કરો, પણ આખરે સસરાને બારણે તો ગધેડા ભિખારીજ !—લાવ લાવ ને લાવ ! પછી લખપતિ હોય ! થોડાજ એવા જમાઇ છે, કે જે સાસુ સસરાને પિતા-માતા તુલ્ય માને છે; અને પોતાના સંસાર-સુખને શાન્તિમાં મુકવાને, થોડાજ સમજુઓ, પોતાની પ્રિયા પ્રત્યે દયા-માયા ને હ્રદયથી વર્તે છે. સમાનભાવમા સુખ છે, સપમાં જીત છે, ને મર્યાદામા મોટાઈ છે. આ સમજનાર જગત જીતે છે !

૨૬ મધુરીના પતિ—કનકરાય પધાર્યા ! ખોટો હીરો ચળકે ઘણો, તેમ આ અજ્ઞાની ભૂત, કેવળ આજકાલના મુઆર્ના ધનવંતના બેટા પેઠે અક્કડફક્કડ બનીને, બાપ લાખ ચાલીસનો બનીને આવ્યો, જાણે સસરાપર સરદાર બન્યો હોય ! દીકરી આપીને બિચારો બાપ લાચાર થયો હોય !

“ શેઠજી ! કનકરાય પધાર્યા છે ! ” નોકરે ખબર દીધી.

“ આ વેળા ? ઠીક આવવા દે ! ” વિનોદરાયને લાગ્યું, કે કદાચ પોતાની ભૂલની માફી માગવા આવ્યો હશે ! સસરાજીએ સત્કાર કર્યો. પેલા નફ્ફટે લાકડી ઉચી કરી. વિનોદરાયને અપમાન લાગ્યુ, છતાં વાત વિસારી દીધી

“ છેક મોડી રાતે આવવુ પડયુ ? તમારી માતાં સારાં છે ? ”

“ હા—જી ! હું કઇ તમારી દીકરી માટે નથી આવ્યો, માત્ર અમારી મીલ્કત લેવા આવ્યો છુ ! આપો છે કે કેમ ? ” કનકરાયે કડકાઇમાં વાત કરી !

" કંઇ બહુ તાપમાં છો ? "

" તમને જેમ લાગે તેમ ! "

" તમારી માએ મોકલ્યા છે, કે તમે પોતાની મેળે—"

" તમારે જુબાની લેવી હોય, તો હુ ગુન્હેગાર થઇને આવું, ત્યારે પિંજરામાંથી લેજો. હાલ મ્હારી મીલ્કતનું કરો—" વિવાહનું બારમું કરનારા , આ જાતના બેવકૂફો, ભણ્યા–પણ ગણ્યા નહિ, તેવાએ કંઇ થોડા નથી; ખારવા, કોળી કે કાછીયા માછીયા તો બોલે, પણ હવે તો ઉંચી વરણના અકરમીએ લાજ તજીને મોટાની મર્યાદા, પગનાં તળીયામાં ઘાલી, નફટ બની બોલવા લાગ્યા છે !

" તમારી કને જો મીલ્કત મેળવવાનો પરવાનો યા લાયકીનું સર્ટીફીકેટ હોય તો લાવો ! "

" તમે તમારી દીકરી લાયક જોઇને વરાવી છે, કે નાલાયકને ? "

" જો ઘરમાં પાળો–રાખો, ને સંભાળો તો લાયક ! લાયક મ્હોંએ જોયાં, માબાપ જોયા, કંઇ તમારૂં હૃદય ફાડીને જોયુ નથી, કે ભલા છો યા ભૂંડા ! "

" અમારે તમારી દીકરીનો ખપ નથી. અમે કંઇ પરણવા માટે તમારા બારમા—"

" ચૂપ ગદ્ધા ! ' વિનોદરાયથી હવે મિજાજ રોકી, રાખી શકાયો નહિ, આ ગડબડમાં મધુરી જે દુર ઉભી રહીને સાભળતી હતી, તે એકદમ દોડી આવી. અને પિતાને પકડી લીધા, ખુરસીપર શાન્ત કરી બેસાડયા. *

" બાપુ, એમને કંઇ ન કહો ? " મધુરીએ વિનતી કરી.

" એ કસાઇને કંઇ ન કહુ ? એની જીભજ કાપી નાખું ! એ બેવકૂફ—"

" શેઠ ! સંભાળીને બોલજો, તમારે ત્યાં ઘર જમાઈ રહેવા નથી આવ્યો ! ભીખ માગવા નથી આવ્યો ! મારા બાપની મૂકેલી થાપણ લેવા આવ્યો છું ! "

" થાપણ લેવાને તું લાયક નથી. જે દરમાયો મળે છે, તે મળશે. રસ્તો પકડ. બીજી વખત તું આ પગથી પર ન ચડતો, જા, જાય છે કે? "

" હા–હા–આ ચાલ્યો. તારી દીકરીનુ અથાણું કરજે ને મારી મીલકતનો સભાર ભરજે ! " એટલુ બકતો બકતો–બ્હીતો બ્હીતો દોડી ગયો. પગથીયાં ઉતરીને દરવાજા બહાર નીકળી ગયો. વિનોદરાય મારવા દોડયો–પણ મધુરીએ અટકાવી દીધો

" મારા સુખ ખાતર–પરણાવેલો પતિ છે, તે ખાતર—'

" બસ ! હવે તેના ઘરમાં તારૂ પગલું નહિ, જાણજે કે તે જીવતે મુવા–જેવો.

" ના, પિતાજી ! હવે તેમ ન બોલો ! મારો શ્રી રામ—"

મધુરીનુ હૃદય પાછુ ભરાઈ આવ્યુ. ભગીરથી આવી ચડી. અને પિતા–પુત્રીને અંદર લઇ ગઇ. હાલ તો આ રાત્રીયે મામલો શાન્ત થયો.

વાચનાર ! આકળા વિચારના, પછી ભલે તે ભણેલા, ગુણવંત યા જગતમાં ડાહ્યા કહેવાતા હોય, પણ વહેવારમા અકુશળ માણસ પોતાનું સુખ ને ઇજ્જત હાથે કરીને ગુમાવે છે: શાથી? હઠીલાઇ ને મદાંધપણાથી. તે સમજે છે કે મારા જેવો ચતુર કોઇ નથી, તેમાં પોતાનુજ નખોદ વળે છે. હવે મધુરી તો હાલ પિયરવાસ પામી—પતિ ત્યાગી બની ગઇ, પણ સુમનની શી દશા થઇ, તે તરફ જોઇએ ! એ પોતાના પ્રયત્નમા કેટલા આગળ વધ્યો છે ! વિનોદરાયે તો તેની શોધ માટે ઘટતો યત્ન કર્યો છે, પણ પત્તો કયાથી મળશે ? સુમન ગયો સમુદ્રમાર્ગે, ને શોધ ચાલે છે ધરતી રસ્તે:—

વિનોદમય-મધુરી ને કનક



મધુરીએ પિતાના કોપમાંથી પતિને બચાવી લીધો

ભા ૨ પૃ ૫૯

પ્રકરણ ૧૭ મું.

નિરાશાનો નિસાસો.

પેલી વીરમતી ! જાપાન દેશની વનલીલા જોતી મધુર હીંદી પંખિણી વીરમતી–નિરાશાનો નિસાસો નાખતી બેઠી છે !

" મારી કોયલ બેની આવ, સંદેશો શ્યામનો કરૂં રે—
તારા કોમળ કંઠે પહોચાડ, બોલ બે હું દકિરે,
સુડા તણા વનમાં તું પેઠો,
કોયલ વનમા કયાંય ન દીઠો,
વિરહ વિયોગે ઝુરે પ્રેમદા,
સંદેશો પહોચાડી તું વળજે,
વ્હેલો વ્હેલો નાથને–મ્હારી.

આ રસિક વાણીનું સંગીત ગાતી હોય, કોયલને સંભળાવતી હોય, નાથને સંદેશો કહેવરાવતી હોય, એમ જણાતી હતી. તે વિચાર ભ્રમમા ગરકાવ બની હતી, તેની મુખમુદ્રાપર ઉંડા વિચારની છાયા હતી, તેનું ગૌર ગાત્રમા કંઇક નિરાછાએ પડછાયો પાડયો હતો. તેના હૃદયમા ગ્લાની હતી. તે ભરયુવાન વયમા, ભરચક મદથી, પંખિણી પેઠે બેઠી હતી ખરી. પરતુ તેનુ જીગર મદ પડી ગયલુ જણાતું હતું. તે આપણી વાર્તાના નાયક સુમનના પ્રેમમદમાં લપટાયલી હતી. તેની આંખ, પ્રેમનાં પડથી છવાયલી હતી અને વિરહમાં તે મસ્ત બની ગઇ હતી, માતપીતા જાગૃત હતા. તોપણ સુમન લગાર ટેડો થઈ ગયલો લાગ્યો હતો, એટલે વાત ધીમી પાડી દીધી હતી. સુમન પ્રસગોપાત આવતો જતો હતો, પણ તેના મનમા શાન્તિ હતી, કે જરૂર આ કન્યા મળશે; ને તેથી માન લેવાને બેદરકાર રહેતો હતો. બળવંતરાવને તે ગમ્યું નહોતું, ને તેથી એ પણ બેદરકાર બન્યો હતો. આ

બન્ને ભેખરાડ વચ્ચે વીરમતી અને તેની માતા અથડાતાં હતાં. વીરૂની માતાની ઇચ્છા સુમન સાથે વીરૂને વરાવવાની હતી. એવો સુઘડ, શાણો, ગંભીર ને કુળવાન વર, ઘર આગણે આવેલો બહાર મળવો કઠણ છે, તેથી તે ઉતાવળમાં પડી હતી.

બગીચાના એક નાના બાંક ઉપર વીરમતી એકલી બેસીને વિચાર કરતી હતી. પોતાના ભાવીનાથને કેમ ભેટવુ, એનો ખ્યાલ કરતી હતી. ભણેલી હતી, ખરી કેળવાયલી હતી, નકલી ઠાઠને તિરસ્કારતી હતી. ખોટી ધીમીયારીને ધિક્કારતી હતી. તેનામાં શુદ્ધ સદ્ગુણ હતા. તેનામા વિશુદ્ધ સૌંદર્ય હતુ, એ ખરી ધણીયાણીને લાયક હતી. ભાગ્યવંત પુરૂષનાજ પ્રારબ્ધનું આ કિમતી રત્ન હતું *

વીરૂના મનમાં વહેમ પેઠો, કે પિતાજીને અતી ઉતાવળ કરીને સુમન જોડે વરાવા યત્ન કરતા હતા, તે ઠંડા કેમ થઇ ગયા? પિતાના મનની વાતનો ભેદ જાણવાને તે આતુર હતી, પણ વાતચીત કરવાની પુરી તક મળતી નહતી. આજે તેણે તક લીધી હતી. બગીચામાં પોતે શણગાર સજીને આવી હતી. એક તરફથી પિતાને મળવુ, ને બીજી તરફથી સુમનને મળવુ, એવુ મન ધારીને બેઠી! થોડી વારે તેમના પિતા બળવંતરાય ફરતા ફરતા બગીચામાં આવી ચડયા તેણે પોતાની પુત્રીને ઘણાજ ઉંડા વિચારમા બેઠલી જોઇ, અને તે છતા તે એમની કને ન જતાં, આડે રસ્તે, ઝાડ–પાન જોતા જોતા ચાલવા માંડયા! વીરૂએ જોયું કે જ્યાં સુધી પિતા પોતાની નજીક ન આવે, ત્યાં સુધી તેની સામુએ ન જોવુ! બળવંત સારી પેઠે સમજતો હતો, કે વીરૂની અંતર્ગત લગ્ન પ્રયાણુની છે; પણ ધિરજથી કરવામાં મજાહ છે. આ ઠરાવથી વાત મુલતવી રાખી હતી. આ વાતની વીરૂને ખબર નહતી. તે એમ સમજતી હતી, કે સુમન સાથે લગ્ન ન કરી દેવામાંજ પિતાજી શાન્ત હશે.

" જાણે ચકોરી પીયુની વાટ જોઇ—"

" હા, તેમજ બેઠેલાં લાગો છો ! "

" પણ તમને અહીં કોણે મોકલ્યા ? "

" તમારા પિતાજીયે–પણ તેઓ એમ નથી જાણતા, કે તમારાં પગલાં અહીં બિરાજ્યાં છે ! "

" ભલે–તો પધારો–હું આપની સેવામાં—"

" બસ–બહુ થયું ! બીજું કંઇ ?—"

" પાન તો લ્હો ! પેલા ટેબલ ઉપર—" એમ કહીને તે હસતી હસતી ઉઠવા જતી હતી. ત્યાં સુમને અટકાવી, ને પોતે પાનની રકાબી લીધી.

" શાન્ત બેસો. હું જાતેજ લઇ લઉં છું ! થેંક્યુ !" એમ કહીને સુમને હસતે મ્હોડે પાનની રકાબી હાથમાં લીધી. વીરૂ સહજ હસતી હસતી બોલી.

" આપને આ પાનમાં કંઇ લ્હેજત લાગશે કે ? "

" સહૃદય ભાવનાયે આપે દૃષ્ટિ ફેંકી, તેની લ્હેજત કંઇ ઓછી નથી ! પણ મને લગાર તમારા આજના હાસ્યમાં ચમત્કાર લાગે છે, એટલું તમે શું જુઓ છો, કે હૃદયમાંથી હસવું છુટયું છે ? "

" હું જોઉં છું, કે તમે કોઈ જોડીના તારમાં બંધાવા જાઓ છો ?"

" અને તે તાર કાચા સુતરનો છે શું !"

" હા, વરમાળ જાણે ડોકમાં ધાલી–વરમાળ તે કાચા સુતરના તાંતણાનો જથ્થો ! સંસાર, તે કાચા સુતર જેવો–પણ તેનો જથ્થો ગળામાં પડયો–તેનો અર્થ એટલોજ કે હવે તમે ઝકડાયા–બંધાયા—

" અને તે કોની સાથે ?"

" પેલી પાનપટ્ટી સાથે—"

" આ ભવ-સુખ પાન-પટ્ટી સાથે પ્રેમ લગ્ન થશે ?"* સુમને ર-કાબી માંહેની પટ્ટી તરફ, વીરની નજર ખેંચાવી-જાણે મેસમેરીઝમ કર્યું.

" તમારી ઇચ્છા તો છે કે ?"

' હા, પણ તૈયાર પાન પટ્ટી કરતા-તમારી પાસે પડેલી પાન-દાનીમાથી પાન આપો-ને હું મ્હારે હાથે પટ્ટી બનાવી લઉં તો ?'

" એટલા બધી તસ્દી લેવા કરતા, હુંજ બનાવી દઉં તો ?"

" તમને બનાવતાંયે આવડે છે કે ?" સુમને હાસ્ય કર્યું.

" બને તેને કોણ ન બનાવે ?"

" ત્યારે તો હમે બન્યા-પણ ફળ ?"

" ફળ-સુફળ ! હીન્દ છોડીને જાપાન આવ્યા, ત્યાં ફળ નહિ !"

" તો તે ફળ તમે મને આપી શકો તેમ છો ?"

" હા ? હુ બગીચાની માલણ ખરી-પણ માલિકની પરવાનગી—"

" એટલી ભીત બધાયલી દેખાય છે ખરી—"

હજી બન્ને જોડલા તરંગ ચલાવે છે, ત્યાં એકદમ ખબર આવી કે ફાર્બસ કંપનીના મકાનમાં આગ થઇ-અને મીલ્કત તથા કારખાનું તારાજ થવા લાગ્યું !

પ્રકરણ ૧૮ મું.

સુમનના ભાવીમાં ફેરફાર.

" ખોટું થાય છે, તે સારાં માટે " તેમ સુમન ઉપર નવું બીજું આફતનું વાદળું ફર્યું, પણ છેવટ સારૂં તેનું સર્વ સારૂં " તે રીતે, એ પુર ફતેહ પામ્યો, એટલે આનંદ થયો !—

વીરમતી વિચાર-બાગમાં.



વીરમતી–પતિ પસ દગીના વિચારમા

ભા ૨. પૃ ૬૨

સુમન ફતેહ શી રીતે અને શેની પામ્યો? આ તેના 'ભાવીનો ફેરફાર જોવા જેવો છે. " તક જોઇને તીર તાકે " તેનું નામ તે મરદ, તેમ ' સમે વરતે સાવધાન " પ્રમાણે સુમને વખત જોઇ લીધો હતો.

રેશમના કારખાનામા ઓચિંતી આગ લાગી. ફાર્બસએન્ડ ફાર્બસ કંપનીનો હજારોનો અસબાબ પલક વારમા કુદરતના કોપથી બળી ગયો. જાપાનમાં અંગ્રેજી કારખાનુ, તે કેમ ચાલતું હશે? હાલના સ્વદેશીઝમ મામલામાં સ્વતંત્ર પ્રજાસત્તાક રાજધાનીમા–પરદેશી વપારીયોની સ્થિતી કેવી કફોડી હશે? ઈત્યાદિ વર્ણન કરી શકાય તેમ નથી; પરંતુ એકંદર રીતે આ કંપની કારસ્તાનનો ભોગ થઇ પડી. કંપનીનો મેનેજર તદ્દન કપડાંભર બંગલાંની બહાર નીકળી પડયો, એટલુંજ બચી ગયું. માલમત્તા ને ધન–દોલત સર્વ અગ્નિમાતાને શરણ થઇ ગયુ! જાપાનીશો ભલા છતાં આ અંગ્રેજનું કોઇએ ખરૂં રક્ષણ કીધુ નહિ! તેમને મી. બળવંતરાવે મદદ કરી. જો કે આ કંપનીના કારખાનાનો વીમો હતો, પણ તેમાંથી ફૂટી બદામ હાલ વાપરવા મળે તેમ નહતી. મી. બળવંતરાવની મદદથી એ ભલો અંગ્રેજ મુંબઈ રવાના થયો. કારખાનના નોકરો રઝળી પડયા. તેમને રેલ્વે ભાડું અપાવી રવાના કર્યા. અને સુમન આખરે પોતાની ઈચ્છાથી કે કુદરતની મદદથી પણ બળવંતરાવનાજ આશરામાં રહ્યો! તેમને માટે હાલ તુરત બીજુ કોઈ સ્થળ ખાત્રી નહોતુ! તેમની સ્થિતિ કફોડી હતી. વળી બળવંતનું ઘર આજ તેની ફેવરમાં હતું. ને કુદરતે તેને માટે માર્ગ કરી આપ્યો હતો.

આફતકાળમા પણ પ્રભુ શાન્તિનુ કંઈક ઠામ આપે છે! માણસનાં કર્મ, જોકે કુદરતની વિરૂદ્ધ થવાથી, સંજોગ પ્રતિકૂળ આવે છે. પણ કુદરત તો તેની તરફેણમાજ હોય છે, ને વિજય પણ તેથીજ થાય છે. " ભાવતુ હતુ, ને વૈદે ફરમાવ્યુ" તેમ તેમને, સુમન તેમજ

વીરમતી અને તેની માતા વગેરેને ગમ્યું ! હવે સુમન અહીં ઘર-જમાઈ તરીકેજ રહેવા પામ્યો.

બળવંતરાવે એકાદ માસમાં સુમનનાં લગ્ન પોતાની પુત્રી જોડે ધીધીસર કરી નાંખ્યાં. અને કન્યાદાનમાં પોતાની દોલતનો મોટો ભાગ આપી દીધો ! સુમન ને વીરનું ભાવી ફરી ગયુ. અને બળવંતરાવ તથા તેમનાં પત્નિ શાન્તિ પામ્યાં !

આહા ! ભાગવિધીની ગતિ તો જુઓ ! કયાં સુમન-કયાં વીરૂ? કયાં જાપાન ને કયાં ફાર્બસ કુંપની ! કુદરતનો ખેલ અજબ છે.

પારકે પૈસે તાગડધિન્ના કરવાનું. મનોહર યુવાન રૂપસુંદરી સાથે ભવ કહાડવાનું, ને અનાથ હાલતમા મહેલમાં વસવાનું કયા ભાગ્યવંતને મળે ? જેનાપર કુદરત રાજી હોય તેનેજ મળે, હો ?

પોતાની માનીતી મહોરદારનો હાથ પોતાના હાથમાં લઇને સુમનરાય, જાપાન દેશના સ્વતંત્ર ભાગ્યના બગીચામાં ફરવા જાય છે* અને તેની મનોહર ગુણી સાસુ, દુરથી આનંદી ચહેરે વેગ જુએ છે. પોતાની પુત્રી ઠેકાણે પડી, અને તેનું જીવન સુખમય થયું, એટલોજ આ ભલી માતાને સંતોષ લેવાનો હતો, તે મળી ગયો. તેમની દૃષ્ટિમાં નહોતો, પણ "પુત્રી આપીને પુત્ર લીધો, પારકો હતો, તે હવે પોતાનો કીધો." આ કહેવત પ્રમાણે, સુમનને સ્થાન મળ્યું; ને બળવંતને પુત્ર મળ્યો. આ રીતે હાલ તો સુમનના ભાવીમા ઉચ્ચ ફેરફાર થઇ ગયો; આ હકીકત, જાપાનના એક અંગ્રેજી પત્રમાં જણાવી, અને એક "હીંદુ લગ્ન" એ મથાળા નીચે, જાપાનમા "હીંદુ ક્રિયા" થયેલી, તેનાં બહુ વખાણ કર્યા. જાપાનીસો બૌદ્ધના અનુયાયી અને આર્યધર્મના પોષક છે. એટલે આ પ્રસંગ તેમને મન મોટો લાગ્યો. આ વર્તમાનપત્ર મુંબઇ પહોંચ્યું હશે, અને તે પત્રમાથી દેશી પત્રે

સુમન અને વીરમતી.



ભવિષ્યના પતિ-પત્નિનો પહેલો પ્રેમ-પ્રસંગ

ભા ૨ પૃ ૬૪

ઉતારો કર્યો. તે વાત દરેક દેશી મિત્રોના જાણુવામાં આવી, ને તે વાત ઉડતે ઉડતે સઘળે પ્રસરી-પરંતુ એ લગ્નમાં સુમનરાયનું નામ પ્રકટ ન થયું. માત્ર બળવંતરાય જે એક સારા હિંદી વેપારી તરીકે પંકાયલા, ને તેમની કન્યાનું લગ્ન, એક અગ્રેજ કંપનીના ક્લાર્ક સાથે થયું, આટલું લખાયલું હતું. મુખ્ય મુદ્દો, લગ્નની વિધી-ક્રિયાનો હતો. ક્રીયા કરાવનાર એક બ્રહ્મજન મળી ગયો હતો. ઉત્તર હિન્દનો કાશીવાસ ગૌડ સારસ્વત બ્રાહ્મણ હતો. ને તેણે આર્ય વિધીસાર લગ્ન કરાવ્યું હતું. આ લગ્નની ખબર પરથી સુમનનો પત્તો જાહેર થયો હોય, કે વિનોદરાય અથવા નિર્ગુણરાયના મનનું સમાધાન થયુ હોય, એવુ લાગ્યું નહિ.

વાંચનાર ! સુમનનું ભાગ્ય તો સ્થિર થઇ ગયુ. તેમના પરની આફત દૂર થઈ ગઇ. સંસારના નવા સુખમાં તેને નીરૂ પણ વિસરાઈ ગઇ; અને મધુરીની વાત મનપર પણ ન લીધી; પરંતુ એ નિર્દોષ નીરૂ શી દશા પામી, તે તરફ લક્ષ દઇયે ! ગરીબ બિચારી નિર્ભાગી નીરૂ !

પ્રકરણ ૧૯ મું.

જળ—પ્રવાહમાં !

અવદશાના બળે, આ ભવમાંહિનું નહિ, પણ પૂર્વભવનું કાંઇ મહાપાપ આડું આવ્યાથી, તન-મનની સ્થિતીપર મોટો આઘાત પડે છે, ને તેનો ફેરફાર કરવાને કોઈ સમર્થ નથી—જો તેમ હોત, તો રામ-સીતાનો વિયોગ, પાડવ કૌરવનુ વૈર, અને હરિશ્ચંદ્ર, નળરાજાની અવદશા ન થાત !-નીતિનો પાયો જેણે ચુકયો નથી, તેને અવદશા કેવી ? માત્ર આ પૂર્વદત્તનો સારો ભાગ સારા ફળ માટે, ને બુરો ભાગ

અવદશા માટે ! જીવતી જીંદગીયે મગજની અસ્થિતિ, અથવા તો આંખનો અંધાપો એના જેવી દુ:સહ શિક્ષા આ જગતમાં બીજી કોઇ નથી; પછી આ ભવનાં કર્મે યા પૂર્વ ભવના પાપે. ગમે તેમ !

નીરૂનું મગજ ખસી ગયું છે ! માતપિતા તરફથી કે ભાઇ ભોજાઇ તરફથી દુ:ખ તો થવાનું નહોતું; જો તે પિયરમાં ગઇ હોત, તો પોસાત; પરંતુ પરણેલી પ્રમદા પીયુની હૈયાતીમા પિયર વસે, તેનાપર પ્રભુનો કોપ ! સાસરીયામા સદ્‌ગુણી વહુ સો વાર પુજાય, પણ પતિ હૈયાત હોય તો ! તેમાં પણ હીણકમાઉ વરની બૈરી તો ગુલામડી ! બરાબર તેનામાં કમ આવડત, ઓછી બુદ્ધિ, વિસરાળ, ફુવડ અને અભાગી પગલાની તો ખરીજ ! પછી ભલે તેના ભાગ્ય-ભૂવન બળે, સાસરીયાને રોટલી ખાવા પ્રભુ દેતો હોય !

અભાગી નીરૂ, પતિના વિયોગે, વિરહ–ઘેલી બનીને, અંતે સાસરવાસ છોડી, દિવાની હાલતમાં શહેર બહાર નીકળી ગઇ ! પ્રભાત થતા પહેલા તો આ મનોહર કોમળાંગી કેટલાક ગાઉ ચાલી ગઇ! એક ડગલુ પણ ઘર બહાર નીકળેલી નહિ ! એક શેરી પણ એકલી ગયલી નહિ, ને એકવાર પણ અટુલી રહેલી નહિ; વળી જેણે તાપ, તડકો કે ટાઢ–વાયરો તો જોયલો નહિ; ભૂખ, તરસ ને વનવગડો જોયલા નહિ. રાત્રીએ નજર પણ બહાર બારીમાથી કહાડેલી નહિ, એ ભલી યુવાન સ્ત્રી આજે વગડામાં–અંધારી રાત્રીયે ચાલી.

પણ ખરી વાત તેને કશુ ભાન નહોતુ. તે ધુનમાં ને ધુનમા ચાલી, ઘર કયારે છોડયુ, ને પોતે કયાં આવી, તેનો કઇ વિચાર તેને આવતો નહોતો. તેને મન દિવસ ને રાત્રી, શહેર કે વગડો, ભૂખ કે ખોરાક સરખો હતો.

એક રાત્રીમા તે લગભગ બહુ નીકળી ગઇ. લગભગ દશ બાર ગાઉ ધુનમાં ચાલી ગઇ, તેટલામાં વિંધ્યાચલ તરફ આવી પહોચી.

ચેલી નીડ



નં ૩, જળમા પડતા જતા સાધુએ બચાવી

ભા ૨ પૃ ૭૧

પહાડી ટેકરા, પણ ઝરણાં ઝરતાં હતાં. મોટા જંગી જુનાં ઝાડ કોઇ સ્થળે ઉભાં હતાં. ઘેરાવ મોટો, ગંભીર વડ, જેમા મોટી ગુફા જેવાં પોલાણ હતાં. મોટા વાઘ કે જંગી લુટારા વસે, તેવાં સ્થાન બન્યાં હતાં. તેને જોતા લાગતું હતું, કે કદાચ કેટલાક દાયકા પહેલાનાં આ ઝાડ હશે.

નીરૂ, આંધળી બની હતી. આંખ ને મગજ ભ્રમણામાં બ્રહ્માંડ જોતું હતું. તે ઉઘાડે પગે અથડાતી, પશુઓની ભયંકરતાનો ભય અથવા નીચ લુટારાના ત્રાસનો ડર તેને મન નહતો. તે પહાડોની કઢણો ઉતરતી ઉતરતી હવે છેક ઝરાના પાણીના વહેળાપર આવી ચડી. અને પાણીમાં ઉતરવા જતાં—દુરથી મોટો સાદ સંભળાયો. નીરૂ ચમકી!

દુરથી કોઇ વૃદ્ધ સાધુએ નીરૂને જોઇ દેવાગના જેવી રાજતરૂણીના વેશમાં, મહા પહાડી જગલમાં આવેલી, અને તે પણ વહેળાના ઉડા પાણીમા ઉતરતી જોવાથી—સાધુને લાગ્યુ, કે કા તો તે ગાંડી હશે, અથવા તો તે આપઘાત કરવાને પાણીમાં પડતી હશે. એમ ધારીને બુમ મારી જો કે નીરૂને તેના સાદની ભયંકર અસર તો ન થઇ, પણ હૃદયમાં એમ લાગ્યુ, કે કોઈ તેને અટકાવે છે, ને તેથી તે ઘેલછામાં—થભી—એટલામા પેલો સાધુ દોડતો આવી પહોંચ્યો.

નીરૂએ હજી વહેળામાં જમણો પગ મુકયો. ને તળીઉં જોવા તત્પર થઇ; જો તે પગ ઠરે, તો બીજો પગ મુકવો આ યત્ન કર્યો. પણ ત્યા તો કુદરતે તેની વ્હાર કરી. ને સાધુની સહાયતાથી તે બચી ગઇ!

વાચનાર! ભલી નીરૂ અહીંથી સ્થિતી પામી. ભલા જેવા સાધુએ તેને પોતાની સાથે ખેંચી લીધી. તેના મનની સ્થિતી જાણ્યા પછી તેણે પોતાની યોગ વિદ્યાના બળે, મનને નરમ કરી નાખ્યુ!

તેની ઉગ્રતા ધીમી પાડી દીધી; અને ત પસી બળે, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવા માંડી; જેને મેસમેરીઝમ યા હીપનોટીઝમ કહેવામાં આવે છે એ ક્ષુલ્લક નામોમા સમાયલો ઉંડો ભેદ, ભારત યોગીયોના પાસમંજ છે. એ સિદ્ધ પુરૂષોએ સિદ્ધીથી સિદ્ધ કરી આપ્યુ છે. ને તે સિદ્ધતા પ્રમાણે આ મહાત્મા સાધુએ નીરૂને બચાવી લીધી છે નીરૂને બચાવવામાં બે ફળ પ્રાપ્ત કર્યા છે. એક તો સ્ત્રી જાત, જેના પર પ્રભુએ પોતાનો ખેલ રચ્યો છે! એક સ્ત્રી આપઘાતથી મરે, તો પ્રભુનાં પાચ દ્વાર બધ પડે, એ માટે સ્ત્રીને સાત અવતાર એવા ને એવા લેવાનો શાસ્ત્રે નિર્ણય કર્યો છે; તેમાથી નીરૂને બચાવતાં પ્રભુની પુર્ણ કૃપા મેળવી-એક આત્મા અધોગતી પામતો બચી ગયો; બીજું નીરૂના પેટમા જે ગર્ભ વૃદ્ધિ પામતો હતો, એ જીવડો સંસ્કારી તે પિતાના વંશજનું શુદ્ધ શુભ ફળ હતુ, તેનો ઉદ્ધાર કરવાની જરૂર હતી, તે પણ બચી ગયો. આ રીતે કુદરતની કૃપાથી તેમના પુન્યે વધુ વધારો કર્યો. સાધુ, આ નિર્દોષ નાજનીનને પોતાના મઠમાં લઇ ગયો, અને પોતાની પુત્રી પ્રમાણે તેનું સેવન કરવા લાગ્યો! પ્રભુને તે ગમ્યુ!

વાંચનાર! શુ નીરૂપર પ્રભુની કૃપા હતી, ને તેનાપર પડતી આફતમાથી સાધુએ બચાવી, તે પછી તેને ગમ્યુ? ત્યારે પહેલું કા ન ગમ્યુ! કાં તેના પર દુઃખ નાખ્યુ? તેને કલંકિણી બનાવી? હવે જો માયાવી પ્રદેશમા પાછી ફરે, તો તેને જનડી ગણીને માર મારી કહાડી મૂકે, એવી દુષિત કા બનાવી! આટલી બધી વાત શુ દયાથી થઇ? ના, પ્રભુ સદા દયાળુજ છે, પણ કર્મ આડાં પાદડાં, જીવના કર્મદોષેજ આવે છે. ન્યાયાધીશ સદા દયાળુ હોય છે; ઘણીવાર સજા કરતાંયે તેનુ હૃદય કંપે છે. પણ ગુન્હો, ને શિક્ષા એ તેનાં ત્રાજવા છે. ને તે ઉપર ઇન્સાફ કરવાનો તેનો ધર્મ છે. એ ધર્મ ચુકાવી શકાતો

નથી. તેજ રીતે કર્મનું ફળ મેળવવાને કુદરત આડી નથી આવતી, પણ મદદ કરતી જરૂર રહે છે.

વાંચનાર ! કહો કે હાલ તો નીરૂ એક રીતે બહુ શાન્ત ને નિર્ભય સ્થળમાં પહોંચી ! યોગ વિદ્યાના અદ્ભૂત તાપસી મહાત્માના હાથમાં આ ભલી સ્ત્રી જવાથી હવે નિશ્ચિત જીવન ચલાવશે. પરિણામ શુ આવશે, તે આ કાળે શુ કહીયે ! પણ પેલી મધુરીનું શું થયુ ? વાત કરતાં તો વરસો વીતતાં ચાલ્યાં.

પ્રકરણ ૨૦ મું.

કનકરાયની કર્મકથા ?

પૂર્વના દત્ત વિના ધન કે સ્ત્રી મળતી નથી; મધુરી જેવી મનોહર સ્ત્રી મળાવી, એ કનકના કોઇક પૂર્વ પુન્યબળ હશે, પણ અભાગી મધુરીને ભાગ્યે આ વર સાંપડવો જોઇતો નહતો ! છેવટે જે થયું, તે સસ્કારે માની લેવાયુ !

વિનોદરાય સોલીસીટર જેવો બાહોશ માણસ પોતાની પુત્રીને આ અકરમી વર સાથે વરાવે, એ નવાઇની વાત હતી; પણ પેલા મરનાર મિત્રના સ્નેહભાવે, ને એક વેળા આપેલા વચન પ્રમાણે પુત્રીને પરણાવી–તેણે એમ તો ધારેલુ ન હશે, કે મધુરીની સાસુ, તેના પતિ ગુજરી ગયા પછી આડી ચાલની નીકળશે; આખરે સૌ સૌ પોતપોતાના ગુણ–દોષ બતાવવા લાગ્યાં ને કર્મ ભાવી ભોગવતાં ચાલ્યા. કનકરાય પોતાના સસરાની કનેથી છુટ્યો, ને ઘેર જઈ તેની માને કહ્યુ. તેની મા કલાઠ હતી, તેણે આ કેસ હાથમા પકડ્યો–પ્રભાતે તે વહેલી વહેલી દરશન કરવા મદિરમાં દોડી, અને ત્યાંથી ભૂત ભરાવી લાવીને વિનોદરાયને બંગલે ગઇ

વિનોદરાયે તેમની જોડે વાત કરવાને સાફ ના પાડી. તેમના કારભારી મારફતે તેમને ખબર આપી, કે તેમણે તેમની દીકરીને ઘણીજ અણઘટીત રીતે મારી છે; અને દીકરાને પણ કુચ્છંદમાં મુક્યો છે; એટલુજ નહિ પણ તે પોતે વ્યવહારથી અનિયમિત રીતે વર્તે છે, માટે તેના ધણીની દોલત તેમને આપવામા આવનાર નથી; ફકત દર માસે સો રૂપિયાનો મુસારો આપવામા આવે છે, એજ મળશે પેલી કલાઠ ન્હાગીપાસ થઇ. સોલીસીટર કને કઇ દમ ન ચાલ્યો, અને દમભર ચાલી ગઇ.

આ પ્રસગને કેટલોક વખત વીતિ ગયો કનકરાયના મનનાં ભુત ભરાયુ કે, પોતાની માતાનીજ ઇચ્છાને આધીન થવુ, પણ સ્ત્રી કે સસરાની પરવા ન કરવી ! તેની મા કુચ્છંદી હતી, એટલે પોતાની ધારણા પાર પાડવાને તેણે કનકને હદબાહેર છુટ આપી હતી. સો રૂપિયા મળતા હતા. તેમાથી પચાસનુ ખર્ચ થતુ, ને પચાસમા કનકનો પ્રથમ ત્યાં આવવાને વાંધો લીધો, પણ છેવટે લેણદારો તરફથી તાકીદ થતા ન્હાસી ગયો. એક પથ ને દોકાજ ! મુબઇનો રમ લકોત્રીઝ કોટ ની ડીકરી, ખાનગી ખર્ચ ચાલતો હતો, કેકેન અને ગાડીભા' તે માહેનુ થતુ, પણ રેસનો જુગાર, અને બીજી બતીયો માટે મારવાડીનુ કરજ થતુ, મારવાડીયોને વ્યાજ મળતુ, એટલે મુદ્દલ નાણાંની પરવા કરતા નહોતા.

આ રીતે લગભગ બે વર્ષ વીતિ ગયા, ને ધીમે ધીમે કરજ તથા કુચ્છંદ વધી ગયા, ત્યારે ડોસીએ જાણ્યુ કે, હવે મુબઇમાં રહેવુ સલામતી ભરેલુ નથી; તેથી દ્વારિકાં ઉપડી ગયા ! ત્યા તેમના પિતાનો ગરાસ હતો. યાત્રાળુઓ પાસથી કંઇ ચોક્કસ કર લેવાતો, તે કરપર તેનો હક હતો. હાલ એ કર, તેમના પિતાના કોઇ પિત્રાઇ ભાગીદાર લેતા હતા. ડોગી પોતાના પુત્રને લઇને, દ્વારિકા ગઇ. ને ત્યાં ઘર ભાડે રાખીને રહી. સો રૂપિયા કંઇ દ્વારિકાં માટે થોડા નહોતા ! જો કે ડીકરી

ગાયકવાડી રાજ્યમાં ચાલતી ન્હોતી, એ ધોરણે કનકરાય લેણદારોના પંજામાથી છટકી શકયા હતા. વળી તેમના પિતાએ કરેલા ટ્રસ્ટના નાણાં ઉપર લેણદારો ફાવી શકતા નહતા, એથી મા ને દીકરો નિર્ભય રીતે દ્વારિકામાં વસતાં હતા. દ્વારિકામા ગાયકવાડી રાજ્ય છે. દ્વારિકા જવાનુ બીજું કારણ, પેલી ડોકરીનો એક રક્ષક તે એ નગરનો હતો, તેથી તેમના આધારે આ કુટુમ્બ મુબઇ તજી ગયું હતુ.

દ્વારિકામાં બે ત્રણ ઘર આ લોકોની ન્યાતના હતા. ન્યાતમાં મરનાર કનકના પિતાની સારી આબરૂ હતી; માત્ર ધનવા : 'રીકે ઠીક ગણાતો હતો. ને તે આધારે કેટલાકો તેને ચાહતા હતા. વિનોદરાય સોલીસીટરના કેટલાક વિરોધી ન્યાતીલાએ, તેને ખોટું લગાડવાનો યત્ન કર્યો મધુરીના છુટાછેડા કર્યા, ને કનકને કહાડી મુકયો આ આરોપ લગાડીને, એક નીચ ન્યાતીલાએ કોઇ ગરીબની દીકરીને, કનક જોડે લગ્ન કરાવા આવ્યા ! પેલી ડોકરીએ ચીડ રાખીને કનકને ભંભેરી, સોલીસીટરની આબરૂ પર આવીને લગ્ન કરાવ્યા ! અને નિંદાખોર તથા અદેખા ન્યાતીલા સતોષ પામ્યા !

અલબત આ બનાવથી વિનોદરાયે દર માસે અપાતો મુસારો બંધ કર્યો; અને કનક તથા તેની માતાને મોટી મુશ્કેલીમા મુકી દીધા. જોકે શરૂઆતના એકાદ બે મહિના તો જેમ તેમ ચલાવ્યુ, પણ પછી વાંધા પડયા.

કનકની હાથ ખરચીના પાચ પણ ન મળે ! ઘરનો ઓહોળો ખરચ ચાલે ! વહુ વળી લાડ કરે ! ને ડોસીમાને મહેરોમાં પ્રસાદ ધરવો જોઇએ ! આ સવ ધનના ઢોંગ, હવે તે કયાથી ચાલે ? કઇ આવક ઉપર આધાર રાખે ! જ્યારે ધનલક્ષ્મીના પગલાં દુર થવા લાગ્યાં, ત્યારે ઘરમાં કંકાસ પેઠો ! ડોસીની હલકા પ્રકારની રીતભાત પેલી નવી વહુને પસંદ ન પડી, પ્રથમ તો વહુજીએ લગાર

સાંખી લીધુ, પણ પાછળથી તેણે ભવાડો કરવા માંડ્યો. કનકને આ વાતથી જાણીતો કર્યો. અને ઘરમાં જે પેલો મંદિરનો માટીડો આવતો હતો, તેને બંધ કર્યો. રોસી એથી ચીડાણી, અને આખરે પરિણામ એ આવ્યું. કે પેલી નવી વહુને ધીમુ ઝેર મળ્યું; એથી તે ધીમેધીમે ઝુરવા લાગી-ઘસાવા લાગી ! કનકને શક ગયો, ને અંતે પોતાની માના બુરા છંદથી કંટાળી ગયો.

એક રાત્રે તેણે નજરે નજર પોતાની માના કુચ્છંદ જોયા. જો કે તે વખતે તેને ઘણો ગુસ્સો ચડ્યો, પણ તે ક્રોધનું ઝેર પી ગયો. અને છેવટે માતાને ન વગોવતા પોતેજ આપઘાત કરવા ચાલી નીકળ્યો ! કુચ્છંદી કુટમ્બનું આ પરિણામ આવ્યુ ! કનક પોતે દરિયામાં પડી દેહ ત્યાગ કરવા નીકળ્યો ! આ દાહક જીવન કરતાં છેવટનું શાન્તિનું જીવન પસંદ કરવા ગયો ! પોતાની પરણેતર તો ખાટમા પડેલી હતી, તેને ખબર ન કરી. સૌનાં ભાવીપર સૌને રહેવા દઈને પોતે ચાલ્યો, ને અંતે સમુદ્ર કાંઠે જતાં–આહા ! ભાગ્યયોગની ઝાંખી કરવાનું પ્રભુ નિર્માણ્ય સામે આવી ચડયુ ! તેને હાથે પોતાની પ્રિયા મધુરી આવી ચડી !

વાંચનાર ! મધુરી શી રીતે દરિયામા પડી, તે હકીકત જાણવી અધુરી છે, માટે તે તરફ લગાર નજર કરીએ.

પ્રકરણ ૨૧ મું.

મધુરીની મનેચ્છા !

કોમળ કળીપર તાપનો ભાર આકરો થઈ પડ્યો. ભલી ને ગુણી મધુરી જો કે પિતાના ભવ્ય મંદિરમા હવે માન સહિત રહેવા પામી; નિર્દોષ ને નિષ્કલંક રહી, પણ તેના મનની અતિ અસ્થિરતાએ તેનુ

શરીર કેવળ સુકાવા લાગ્યુ ! પોતાને ખાતર સુમનનો દેશ ત્યાગ, ને તેને લીધે પેલી નિરંજનીનુ અણુડ મરણ, આ બે બનાવે તેના મન પર અજબ અસર કરી દીધી. દિવસે દિવસે આ બળાપામાં ઝુરવા લાગી ! જોકે તેને પતિ સુખ તો સાપડયુજ નહતુ, અને વિલાસ—સુખ પર તો દવ લાગ્યો હતો, એટલે એ ભવ—સુખના વિચાર તો આવતાજ નહતા, પણ પોતાને માટે બીજા જે જીવન—સુખ ગુમાવી બેઠાં, એ બળાપો બહુ થતો હતો, તેમા તે ઝુરતી હતી. આ ઝુરાપો જોઇને માતા ભગીરથીને પણ બહુ બળાપો થતો હતો.

કેટલોક સમય એમને એમ વીતિ ગયો. તે ધારતી હતી, કે કંઇક પ્રસગ પછી પોતાનો પતિ સુધરશે; સાસુ જીર્ણ જીવીને કેટલુ જીવશે ? પણ કંઇ મરવાના દહાડા ગણાય છે. પરિણામ તો ઉલટું આવ્યું ! સાસુને ને સ્વામી પ્રદેશ ચાલી ગયાં, ને "દારૂમા દેવતા મુકે" તેમ વળી બીજી કોઇ કન્યા, કનકને પરણાવી. મધુરીપર અણધારી શોકય આવી, ને હવે તે વિચારમાં એનું શરીર ઘણુંજ નખાઈ ગયું. આખરે ધીરે ધીરે તે પણ મનથી મુઝાવા લાગી. તેને ગુપ્ત રોગ લાગુ પડયો, ને તેથી પ્રકૃતિ શાન્ત કરવા માટે ડાકટરે એ બાનુને કોઇ શિતળ પ્રદેશમા લઇ જવા, સોલીસીટરને સમજાવ્યા. મધુરીને એ વિષેની ઇચ્છા પુછતા તેમણે દ્વારિકાં યાત્રા કરવા જવાની માગણી કરી ! મધુરીના મનમા એટલુજ આવ્યુ કે, આ શરીર તો હવે પડી જશે; પણ તે દરમ્યાન પોતાના સ્વામીની—ગમે તેવો પણ પતિ—તેની ઝાખ કરવી; ને પોતાથી કઇ અપરાધ થયો હોય, તો તેની ક્ષમા ચાહવી; ને એ નિમિત્તે દ્વારિકાધીશ શ્રી રણછોડરાયના દર્શન કરવાં. ગૌમતી સ્નાન કરવુ, ને જો પતિની ઇચ્છા હોય, તો ગરીબ સંસારે પણ સ્વામી અને સાસુની સેવા કરવાનો માર્ગ મેળવવો. આ ભલી ઇચ્છા લક્ષમાં રાખીને તક મળવાથી કહી દીધુ. ભગીરથીને તે વાત ગમી; ને વિનોદ-

રાયે તે વાત સ્વિકારી; પણ તેને મોકલવી શી રીતે ? રેલ્વે માર્ગ તો નથી. સ્ટીમરમાર્જ જવાનું ધાર્યું. કરાચી મેલ જે દ્વારિકા બંદર કરે છે, તે મેલમાં પોતાના કારભારી તથા એક નોકરડી સાથે મધુરીને દ્વારિકા યાત્રા કરવા મોકલવાનુ ઠરાવ્યુ. જોકે ભગીરથીયે પોતે જવાને વિચાર કર્યો, પણ વિનોદરાય એકના ન રહે, ને વળી લગ્નના દિવસોમા ફરી તે મોટુ પ્રયાણુ કરવાનુ હતુ, તેથી હાલ મધુરી એકલીજ દ્વારિકાં તરફ ચાલી.

કુદરતની ગતિ ન્યારી છે ! લગભગ દ્વારિકા દસ–વીસ કોસ દુર હતુ; પ્રભાત તો થઇ ગયુ હતુ. પરંતુ બનવાકાળ તે મધુરી, તૂટક ઉપર મો ધોવા ગઇ, ત્યા મગજનો આચંકો લાગવાથી તમ્મર ખાઇને પાણીમા પડી ગઈ ! એકદમ સ્ટીમરમા હો-હાકાર થઇ ગયો. સ્ટીમરે લંગર કયુ ને તત્કાળ સઘળા ભાગમાં તપાસ કરી, પણ મધુરીનો કશો પત્તો ન લાગ્યો ! અફ્સોસ ! કારભારી તથા નોકરડીએ ઘણુજ કલ્પાત કર્યું પણ ભાવી બનાવ આગળ લાચાર થઇ ગયા. તેઓ બહુ દિલગીર થયા, તેમ સ્ટીમરના પેસેન્જરો તથા કપ્તાન વગેરે સર્વ નારાજ થયા. સૌથી બનતુ કર્યુ, પણ ઉપાય ન રહેવાથી સ્ટીમર હંકારી—કારભારી વગેરે દ્વારિકાં ઉતરી પડયા. અને ત્યાંથી તારદ્વારા વિનોદરાયને આ બનાવની ખબર આપી. આ તે મધુરી તો સાગરમાં પડી. પણ ભાગ્ય યોગ પ્રબળ હશે, એટલે તે ખાડીમાજ તણાતી-ભરતીના જોરે, કિનારા તરફ ઘસડાણી, અને એક ખડક તરફ અથડાતી આવી ચડી; કે જ્યા તેનો સ્વામી કનકરાય પણ એજ દશા મેળવવા આવ્યો હતો.

આહા ! કુદરતની કેવી કળા ! જે પ્રાણીના હ્રદયમાં શુદ્ધ ભાવના તેજ ભાવના સામા માણસને થાય છે ! જે લાગણી મધુરીની, એજ કનકની ! કેવા નદી–નાવ સંજોગ પર તેઓ મળી ગયાં ! કુદરતે કેવો યોગ કરી આપ્યો !

વાચનાર ! તુ વાર્તાના પાત્રોમાં હવે ઘણોજ ગુચવાયો લાગે છે ! એક પછી એક એમ નવા નવા બનાવોથી, પુર–સાગરના ભરતી ઓટ પેઠે, વાર્તાના વમળમા ગુચવાયો છુ, પણ ચિન્તા નહિ; હજી તને થોડી મુસાફરી તો કરવી પડશેજ. આ બીજુ બંદર યાને બીજો ભાગ વાર્તાનો પુર્ણ થાય છે: હવે આપણે ત્રીજા ભાગ પર આવીએ. અને કિનારે આવેલા પાત્રોના સુખ સ્થિતી તરફ નજર કરીએ. કુદરત કોઇને મારતી નથી, પણ કેવી રીતે તારે છે, તે જોઇએ, સંસારમા સુખ–દુઃખના પછાડા છતાં, જો નીતિ, ધિરજ ને હિમત રાખે, તો જરૂર તેનુ છેવટ મનગમતજ આવે છે.

ભાગ ૨ જો
સમાપ્ત.

નિરંજની.

અથવા

વર-ઘેલી વનિતા.

ભાગ-ત્રીજો.

સચિત્ર-હિંદુ સંસારી વાર્ત્તા.

Alls wel that Ends wel.

પ્રકરણ ૧ લું.

ભાગ્યવંત-ભગીરથી. *

સુઘડ નાર સંસારમાં, સાચા સુખની ખાણ;
જે ઘર નાર કુભારજા, તે ઘર મરણ-મસાણ;
પૂર્વદત્ત વિણ ના મળે, નાર કાર વહેવાર,
કર્મ વિના પામે નહિ, કરુણા શુભ કિરતાર.

વિનોદરાય સોલીસીટરનાં પવિત્ર ભાર્યા ભગીરથી જે એક મહાદેવી જેવી શુદ્ધાત્મા અને સુશીલ પતિવ્રતા છે. એમનો સામુદ્રીદેવી જેવો ભવ્ય ચ્હેરો, એમની ઉદાર મનવૃત્તિ, એમની શાન્ત પ્રકૃતિ, અને એમના

સદાચરણ અનુકરણ કરવા લાયક છે. એમનામાં ધૈર્યનો ને ક્ષમાનો મોટો સદ્‌ગુણ છે. એમનામા દયાનું પ્રભુત્વ છે. એ પોતાના પતિને ભાવથી ભજે છે. એ પોતાનાં બાળકને વ્હાલથી રિઝાવે છે. એ પોતાના નોકરને પોતાના ગણે છે. એ કુટુમ્બીને અમૃત નજરે જોઇને સત્કાર કરે છે. તેમને મન જનલોક પરાયા નથી. એ પશુનો પણ તિરસ્કાર કરતી નથી. તેને મન ઝાડ—પાન એક પ્રભુ પ્રસાદી ગણીને તેનો હર્ષથી સ્વિકાર કરે છે. જળ—વાયુ ને અગ્નિ તેનાં વહાલાં દેવ છે. અને ચદ્ર સૂર્યને ઘણા હેતથી પુજે છે.

ભગીરથીને પ્રભુએ આરોગ્ય અખંડ આપ્યુ છે, તે નિયમિત આહાર—વિહાર અને વહેવારમા રહે છે. તેમણે હજી સુધી કશી દવા લીધી નથી. તેમણે એક દિવસ આજારી દાખલ પથારી સહેવી નથી. પ્રભુની તેના ઉપર મહેર છે: તે પ્રભુ ઉપર સપૂર્ણ શ્રદ્ધા, ભક્તિભાવ અને ભરૂસો રાખે છે.

આજે તે સુખી છે! આહા! સુખની શી સીમા! તેમનું વય લગભગ ચાળીસ ઉપરનું છે, છતા તેમની તંદુરસ્તી જુઓ, તેમની કાન્તિ જુઓ, તેમના ચ્હેરાપર પ્રભુત્વની ભવ્યતા જુઓ, સુખની સુઘડ નિશાની મુખપર છાઇ રહી છે; કાન્તિનો કોર, ચન્દ્રમા કીરણસમ લપાઇ રહી છે. તે સુખી શાથી? પ્રભુએ તેને પુત્રદાન દીધુ છે! ચાલીસ વર્ષની મોટી વય પછી, પરણ્યાને પચીસ વર્ષ થયા પછી, મધુરી જેવી કન્યા વીસ વર્ષની થયા પછી, એકની એક દીકરી મધુરી, છતે પતિયે દમયંતીની દશા પામ્યા પછી, અને તે અરસામા ગમગીન મધુરી ગુમ થઇ ગયા પછી, ભગીરથી મહા કલ્પાત કરતી, ટળવળતી, તરફ-ડતી રહેતી હતી. એ મહાદેવી આજે આનંદથી કલોલ કરતી નજરે ચડે છે! મધુરી, કંટાળીને જ્યારે સમુદ્રપાત કરી વિદેહ પામી, એ ખબર જાહેર થયા. એ પછી પોતાને અભાગી માનનારી ભગીરથીનું

શરીર સુકાવા લાગ્યું ! સદ્દભાગ્યે એક ભલા પગલાંની પ્રમદાનો તેને ત્યાં નિવાસ થયો, ને ત્રીજેજ મહિને ભગીરથી સગર્ભા થઇ.

યોગ્યકાળે પ્રસુત થઇ, ને તેમને પ્રભુએ પુત્રદાન દીધુ. આ બાળકનું નામ કૃષ્ણગોપાળ પાડયુ. પણ વ્હાલો ગોપાળ એક માસનો થયો. માતા ભગીરથી ન્હાઇ ઉઠયાં. એટલામા ખબર આવી, કે મધુરી પોતાના પતિની છાયામા અખડ સંસાર-યાત્રા કરે છે, અને તે વ્હાલી પુત્રી બે બાળકની માતા બની છે ! આ બન્ને બાળકો સુકન્યકા છે ! અને તે આરોગ્યવંતાં છે. પ્રીય મધુરી બહેન કલકત્તામાં પોતાના એકવારના છાકટ પતિ કનકરાય જે હાલ લખપતિ અક્કલવંત શેઠીયો છે, તેની ઉમદા ધણીયાણી આ મનોહર બાળક સાથે વસે છે. આહા ! કુદરતનો કેવો ફેરફાર ! જળ ત્યાં થળ, ને થળ ત્યાં જળ ! આ ભલી ભગીરથીને ત્યાં કુમકુમ પગલાનું કયુ માણસ આવ્યુ છે ? જો ! પેલી, બાળકને વિનોદતી, હસતે હસતે હિંચોળતી નિર—*

પ્રકરણ ૨ જું.

કુમકુમ પગલાંની નીરૂ.

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે,
ગાયે રઘુવરનાં જસોદા રૂડાં ગીત;
બાધ્યાં તોરણ રૂપેરી રંગીલા બારણે. ૧

"જેના ઘરમા બાળકોના રૂદન નથી, જેના શહેરમાં પંખીનો કલ્લોલ નથી, જે નગરીના પાદર નદીમાં થતો કોલાહલ નથી, અને જે વગડામા પશુઓનો શોર નથી, તે જગ્યાએ કદી પણ વસવાટ કરવાનું નથી !"

નીરૂ બિચારી અભાગિણી, પોતાના પ્રિય સ્વામીથી વિખુટી પડેલી સગર્ભા અને દિવાની, અવળા પગલાની કેહવાણી, તે આજે કુમકુમ પગલાંની બાઇ બની છે! તે સદા ઉદાસીજ રહે છે, તેનુ કારણ કોઇ જાણતુ નથી, એમ નથી. તેનો પુત્ર સુરથ વિખુટો પડી ગયો છે, માત્ર પોતાનો મનનો આધાર તૂટી ગયો છે. પોતે નિષ્કલંક હતી, એ આશા લૂટાઇ ગઇ છે, એથી તે ચકરમ જેવી ભમે છે; એટલુ છતાં તે પોતાની ફરજ ચુકતી નથી. ધણીની સેવા કરવાનું ભૂલતી નથી. ધર્મ કાર્યો કરવા આળસુ બનતી નથી. નિરાશાના બળે, વ્યવહારના કામોમાં ભૂલ કરતી નથી. ભગીરથી પણ તેને ચાહે છે. એક તેની દીનમુખની લલિતાવાળી, ને બીજી તેના ભાગ્યની અભાગ્યતાથી તે દયાને પાત્ર બની છે.

ભગીરથીનું બાળક પારણામાં ઝુલે છે. નીરૂ તેની સારવારમાં છે. રમાડવુ, હસાવવું, બોલાવવુ અને ગાઇને રીઝાવવું, એજ તેનું કામ છે! કોઇવાર ભગીરથીની ગેરહાજરીમાં ધવરાવતીયે હતી; તેને આ બાળકપર અથાગ પ્રેમ લાગ્યો હતો. અને તેની કુદરતી ખુબી જાહેર રીતે જણાતી હતી. માલેકની ખુશામત ખાતર બાળકને રિઝાવાનો અકુદરતી ઢોગ કરતી નહતી, તેને મન સુખના વહાણુ ભરવા નહતાં. તે તો સુરથના વિયોગ પછી સુખડું હારી બેઠી હતી, પણ તેના માયાળુ અંત:કરણમા બાળ–પ્રીતિનો ઝરો ઝરતો હતો, એટલે કેવળ નિ સ્વાર્થવૃત્તિથી સ્વાભાવિક તેને બાળ–પ્રેમ ઉદ્‌ભવતો હતો. વિનોદરાય સોલીસીટરની કરણી જો કે ઉચી નહતી, કાળાં–ધોળાંમાંજ જીદગી વ્યતિત થતી હતી. પણ ભગીરથી જેવી ભલાં પગલાંની સ્ત્રીથી–લોખંડને પારસમણી અડકયાથી કંચન થાય, તેમ તેની દશા થઇ હતી. આ બાળકનુ પગલુ ને વંશનું રક્ષણુ થવામાં ભગીરથીનુંજ તપ હતુ. જે વિનોદરાયને પુત્રદાન દેવામાં ભગીરથીનીજ પ્રભુ કને યાચના હતી

એવી સતી સ્ત્રીને ખાતર, સાવિત્રીની યાચનાથી જેમ યમરાજે સત્ય-વાનનું જીવન આપેલું તેમજ વિનોદરાયને પ્રભુએ વંશ આપ્યો હતો.

નીરૂ તેને દરરોજ લાડ લડાવતી હતી. બાળક પણ ત્રણેક વર્ષનું થવા આવ્યુ હતું. પારણામા ઝુલતું હતું. ભગીરથી અને વિનોદ તેને જોઇને હરખાતો હતો. નીરૂનાં પગલાં પછી આ હોશ ઉત્પન્ન થઈ હતી. નીરૂ તેને બાગમાં લઇને રમાડતી હતી. માયાળુ નીરૂ એકવાર તેજ બાગમાં ખુરશી નાખી સુવરાવી દઇ જોતી હતી. વિનોદ તેની માયાનું દુરથી દર્શન કરતો હતો *

ગરીબ પણુ ગરવી નીરૂ ગમે તો અભાગી હોય પણુ વિનોદના ઘરમાં તો તે કંકુ પગલાંની ગણાવા લાગી હતી. થવુ તો પ્રભુ હાથ હતુ, પણ નીરૂ નિમિત્ત માત્ર હતી ! નીરૂના પગલાં અહીંજ શુભ હતાં, એમ નહોતું; તે જ્યાં જ્યા ગઇ હતી, ત્યાં ત્યાં તેમનો શુભ યોગ ને પ્રૌઢ પ્રતાપ જાહેર થયો હતો. જે કેતકી હતી, તે પરસુગંધ આપનારી નીવડી હતી. પોતાને સુખ નહોતું, પણુ પારકાંને સુખ કરી બતાવતી હતી. કુદરતની એટલી પણુ મહેર હતી.

વાચનાર ! ત્યારે આપણે નીરૂની મૂળ વચલી સ્થિતી તપાસી આવીએ ! એ દિવાની હાલત લઇને અહીં સારી કેમ થઇ આવી હશે !

પ્રકરણુ ૩ જું.

નીરૂને બાળકની ભેટ !

નિરંજની દિવાની હાલતે નગર બહાર નીકળી ગઇ. તેના હૃદયમાં શુન્યતા હતી. મગજપર આગનો ગોળો ફરતો હતો. તેને ચોમેર ચોદિશા ખાવા ધાતી હતી. પોતાનું સાસરૂં સ્મશાન કરતાં

વધુ ભયંકર લાગતું હતું. તેને એ ઠેકાણે પાણી પીવાને પણ ઉભી રહેવા ગમતુ નહતું. પતિની શોધ કરવા કે મરવા માટે નીકળી જવુ, એવું તેને કશુ ભાનજ નહોતુ ! મગજની ભ્રમણા વધી પડી હતી. તેને મન પોતે નિરાધાર હતી. અને હવે પછી કંઇ કંઇ વીતક થશે, એવો ભય રાખતી હતી. કજીયા તેને કલંકિણી ઠરાવશે, વગોવશે, એવો બહુ ભય હતો. કાચા મગજની નાદાન નીરૂ આ કારણે ભટકતી થઇ ગઇ હતી. ભયકર પહાડી જંગલમા પહોંચી ગયા પછી, જે પેલા સંતજને તેને સહાય કરી હતી, એ મહાત્મા તેણીને પોતાના આશ્રમમાં લઈ ગયા, નીરૂનું મગજ અસ્થીર હતું. યોગબળથી આ સ્રીને તેણે કબજે કરી; એટલી હદ સુધી તેવા મગજમા પોતની શક્તિનો જોશ ઉમેર્યો કે જેમ મેસમેરીઝમના યોગે, એક માણસ ચાવીનાં પૂતળાં પેટે કબજે થાય, જે હલાવ્યાજ–ચલાવ્યાજ કામ કરે, તે રીતે નીરૂની હાલત પરવશ બની ગઇ હતી સંત સમજી ગયો હતો, કે કાચા મગજની ઉગ્ર વાયુથી આકળી બનેલી તેની હાલત છે. વિયોગ ને વિરહ ઘેલછામા મગજની સ્થિતી ગુમાયલી છે; પણ તેના પેટમાં જે ગર્ભ છે, તે સલામત રહેલો જોવાને સંત યત્ન કરતો હતો. દીનપર દીન નીરૂના ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો જંગલમા ફક્ત નીરૂને ફળાહાર મળતો હતો. નિર્મળ જંગલના પાણી પીવાના હતાં; અને એક સાદડી પર સુવાનુ મળતુ. મહાત્મા ભલો ને વિશાળ બુદ્ધિનો ભલો જન હતો. પારમાર્થીક વૃત્તિનો હતો. લગભગ નવ માસ નીરૂના ગર્ભને થવા આવ્યા. એવામા એક વૃદ્ધ સાધુડી ફરતી ફરતી ત્યાં આવી. સંત જને એ ડોસીને પોતાનો ત્યાં આશ્રય આપ્યો. ને આશ્રમમાં રાખી; એટલાજ માટે કે નીરૂના પ્રસવકાળમા તે ઉપયોગી થઇ પડે !

એકાદ માસમા નીરૂ પ્રસુતા થઇ, ને તેણે બાળકનો જન્મ આપ્યો.

આહા ! આ બાળક જન્મ્યા પછી નીરૂની મગજ સ્થિતી સુધરી ગઇ. અને પેલી ડોસી તથા સંતની સારવારથી તે આરોગ્યતા પામી !

જેનો કોઇ ધણી નહિ, તેનો પ્રભુ ધણી છે. જેનું કોઇ રક્ષણ કરનાર નથી, તેનું દૈવ રક્ષણ કરનાર છે; મારનાર કરતાં ઉગારનાર હજાર હાથવાળો છે.

નીરૂ બિચારી જીવતી જીંદગીયે, સુખી આરા ઉપર આવી. તે આશાનાં નિર્મળ જળ પીવા લાગી. કલંકનાં કાળાં વાદળાંમાંથી તે છુટી થવા લાગી.

અભાગીનાં નસીબ કઠણ તો હોય, જ્યા જાય, ત્યાં પ્રથમ સુખ જણાય, પણ વચમા કાંટા પડેલા હોયજ ! નીરૂનું બાળક લગભગ ચારેક માસનું થયું, ત્યાં સત મહારાજ દેવલોક પામ્યા. નીરૂ અને પેલી ડોસી બન્ને ફક્ત આશ્રમમા રહ્યાં ! ભર જંગલમાં બે બાઇયોથી કેમ રહેવાય ? તેઓએ ઠરાવ કર્યો, કે કોઇ નગર તરફ જવું, અને એ વિચાર પર બન્ને જણ આશ્રમ છોડીને ચાલતાં થયાં.

કમનસીબે માર્ગે ચાલતાં પેલી ડોસીને દસ વાગી, અને તે તો રામશરણ પામી ગઇ. બિચારી નીરૂ વળી અટુલી પડી ગઇ. તે બહુ મુઝાણી. વનમાં એકલી રૂદન કરવા લાગી. પેલી ડોસીને મુકીને કયા જવુ, કેમ જવું, એ વિમાસણ કરવા લાગી. તે તો થાકી, અંતે સાંજ પડવાનો સમય થયો. મરનાર તો મરી ગયુ, પણ જીવતાનું શુ કરવું ? તે તો પેલી ડોસીને ત્યાંજ મુકીને ચાલી. અને એક નદી નજદીક વાડીમા આવી ચડી. રસ્તાપર રડતા બાળકને ખોળામાં લઇને ધવરાવતી બેઠી.* હાથમા કપડાંની ઝોળી અને થોડીક જણુસો હતી. કોઇપણ માણસની મદદ મળે, એ આશાએ બેઠી બેઠી રૂદન કરતી હતી. આખમા ચોધાર આંસુ હતા, મો નિમાણું થઈ ગયુ હતુ. પોતાના જીવન કરતાં બાળકની ચિન્તા વધારે હતી. પ્રભુએ ત્યાં પણ તેને સહાય કરી. વાડીવાળો ખેડૂત

એક ભૈયો હતો, તેની નજરે આ સૌંદર્યવતી બાઈ આવી ચડી. તરત તે વાડીના દરવાજા પાસે આવ્યો, ને ધિરજથી તેનું રૂદન સાભળ્યું.

જરાવારે તે ખેડૂતે નીરૂને બોલાવી અને તેનું વૃત્તાંત પુછ્યુ. નીરૂએ ગદ્દગદતે સાદે, મદદ માટે વિનતી કરી, ખેડૂત ભલો હતો, તેણે તેને ધિરજ આપી. મ્હોંડાપરથી લાગતું હતું, કે આ કોઇ કુળવાન બાઇ વખખાની મારેલી હતી, ને તે નાના બાળક સહિત બહુ દુઃખી હાલતમાં હતી. ખેડૂતને બાળક ન્હોતુ, ને તેથી પેલા સુંદર બાળકપર તેને અતી હેત આવ્યુ હતું. ખચીત એ બાળકપર તેનો મોહ થયો હતો. જેને જે વસ્તુની અછત, તેનાપર કુદરતીજ તેનો મોહ હોય છે, ને તે રીતે ખેડૂતે નીરૂને ભરૂંસાદાર મદદ આપવા ખાત્રી આપી. દયાળુ ખેડૂતની મીઠી જીભપર નીરૂ ચાલી. ખેડૂતે બાળકને પોતાના હાથમાં લીધુ. આહા! એ બાળકને તેડતાંજ જાણે કુદરતે તેને હસતો કર્યો! આ ભલો ખેડુત, ને પુત્રવતી માતા સહર્ષ ચાલ્યાં.

પ્રકરણ ૪ થું.

સભાગી પગલાંની નીરૂ—ખેડૂતને પુત્ર લાભ!

"બેન! મારૂં જરાક હરખું હાભળી લેજે! મનમાં ઓસુ કે ખોટું લાવે તો મારા હમસે!" ખેડૂતે રસ્તે ચાલતાં ચાલતાં નીરૂને નમ્ર સાદે કહ્યુ.

"ભલા ભાઇ! કહે, હું ધિરજથી સાભળીશ. જો મને આશરો આપતાં તમને કંઇ નુકસાન કે હરકત થાય, તો જરાયે શરમ રાખ્યા વિના મને કહી દેજો. દુખીને આશરા ઘણા! તાપ પડે, ત્યારે કોઇ ઠેકાણે છાંયડાએ મળે! પાસે નહિ તો બે ડગલાં આગળ મળે!" નીરૂએ ખેડૂતના બોલવાપરથી તોલ કર્યો.

"બેન તમે તો કોઇ ખરાં પરમેહરનાં હાચ્સા હગાં લાગોસ! મારા મનની વાત તમે ચ્યમ જાણી લીધી, કે હુ આવુ કંઈ કહેવાનો શું, હેં?"

"ભાઇ! મેં હજી ખરેખરૂ જાણ્યું નથી; પણ તમે વાત કરવામાં સંકોચ ને શરમથી બોલતા હોય, હું જાણે કંઇક ભારે પડવાની હોઉં, એમ મને લાગે છે. પછી ભૂલતીયે હોઉં."

"બા! તમે ભારે તો નથી પડતા, ને પડવાનાંયે નથી; પણ રાડ મારા ઘરની ધણીયાણી કજાત ને બડી કલાઠસે—હોવે!"

"ભાઇ! તમારી નીતિ ને રહેણી–કરણી સાચી છે, તો આ રંક બેનડી ભારે પડવાની નથી, ને તમારી વહુનો સ્વભાવ પણ સુધરી જશે!"

"પરભુ કરે, ને તારાં પગલાને જહ મળે બા! હુ તો પ્રભુનો બંદો સું! આજ હુધી મે તો નાની એટલી દીકરી, જુવાન એટલી બહેન અને ઘરડી એટલી મા જાણેલી સે! ને ઇ હસાબે મને ભગવાનીયે બટકું હખનો રોટલો આલીસે. બે ખેતરા સે, ને હર વરહે અન્ન આલેસે. દકાળ પડે પણ મારી વાડી તો લીલુડી ને તાજી, ચ્યમ કે વાવડીના પાણી પીવરાવીને ધરતી માતાને રાજી કરૂ સું, ને તે મને થોડું અનાજ દેસે બાઇ! હોવે!'

'ત્યારે તો મારા જેવા માટે પણ પ્રભુએ તમારા અનાજમાં ભાગ સાધ્યો હશે."

"હા, બા! કણે કણે હૌનાં નામ. કોનાં નહીબનું ને કોણ ખાય! કઈ મેં વાવેલુ ને લણેલું, તેથી મારા બાપનુ થીયેલુ કે! નારે બા–તેમા તો હજારો ને લાખોનાં નામ લખાયલાં હોહે! કીડી, મંકોડી હૌનો ભાગ! વળી તારા જેવી ભાગ્યવંત તો હોયજ કની?"

"ભાઇ! અભાગી છું–નિરાધાર છુ!"

"બેન તારો દીકરો તો હજી બાળકસે, તેને આવો ફુલફુલીયો સોકરો મૂકીને ઇનો બાપ નાહીં ગીયલો સ્યમ હાહે ? કેવો રૂપાળો !"

"ભાઇ ! મારો ઇતિહાસ લાંબો છે. હુ કોઇ વેળા નિરાતે તને કહીશ–"

"ભલે બેન ! હખે રહેજે, ને નિરાતે કહેજે; પસી સે કને તે હુ તને ગમહે, ત્યા લઇ જવા. ને તારે ઘેર મુકી આવાહ ! બેન ! હુ હવે તારો ભાઇ, ને તુ મારી બેન ! તુ તારે ઘેર જાહે કની, તીવારે હુ તને ખીહરનો ખાંસડો આપહ; તને કાગવા—કોદરા ગમહે કે ! મારે છેતરે ઇ બહુ થાય જો–હોવે !"

"ભાઇ ! તારી મીઠી માયાની આ ભલી ભેટ હુ માથે ચડાવીશ. જગતમા તારા જેવા ભાઇ બધી બહેનોને હોય તો કેવુ સારૂં ! ભાઇ જા, મારો આશિર્વાદ છે કે તારૂ ઘર દીકરાથી શોભો ને ભંડાર ભરાઓ."

"ભલે બેન ભલે ! તારો આ આહરવાદ ફળે, ને તારાં પગલાંને જહ મળે; હુ તો ગરીબ બંદો સું, પાપી સુ, બહેન ! જંજાળમાં પરભુને પણ યાદ કરી હકતો નથી ! પણ બેન, ફરી એકવાર કહી દઉં ! તારી ભાભી કને, તે તને યા મને કઇ બે બોલ ઘૂણીને કડવા હંભળાવી દેય તો મનમાં ખોટુ ન લાવતી હાં, એ તો ઇનો હભાવ દાધાબલીયો સે !"

"કેવો ભલો ભાઇ ! બાપુ ! બ્હી ના. હુ એવુ સાભળીનેજ ધરાયલી છુ. હવે મને તેનો રાગદ્વેષ નથી, તુ બેફિકર રહે. પણ પ્રભુજી એવો વખત નહિ આપે !"

"પરભુ કરે ને ઇને હારી મતી હુઝે તારા જેવી હતી બેનને જોઇને રખે ઇની મતી હુધરી જાય ! લ્હે, જો હવે ઘર ઢુંકડું આવ્યું હાં !"

ખેડૂતનુ ઘર પાદરમાંજ હતું. નીરૂને ત્યાં તેડી ગયો. મનમા તો બ્હીક હતી, કે રખે ખેડૂતાણી હડકાઇ કૂતરી પેઠે ભસતી બાઝી પડે !

કુદરતની કંઇ અકળકૃતી છે. જ્યારે ભલુ થવાનુ હોય છે, ત્યારે સ્વભાવ પણ ભલો થાય છે.

ખેડુતને નીરૂ હજી ચોકમાં આવ્યા, ત્યાં ખેડુતાણી ઘરમાંથી બહાર નીકળી, અને ઓશરીમા આવી ઉભી. પ્રભુ જાણે તેના મનમાં શું ઉગી આવ્યુ, કે નીરૂને જોતાજ જાણે અથાગ વ્હાલ પ્રકટયુ. ને કેમ ઘણા વરસથી વિખુટી પડેલી બહેન આવતી હોય, તે રીતે પ્રેમ છુટયો. નીરૂ ને ખેડુત પાસે આવ્યાં, તેવીજ તે સ્ત્રી બોલી.

આ ભલી બેન કોણ, ને આ છૈયો કેવો મજાનો સે ! લાવો તો ?" ખેડુતાણી સામે આવીને નીરૂના બચ્ચાને હાથમા લીધો. આહા ! શો ફેરફાર ! ખેડુત તો દંગજ થઇ ગયો. ખરે આશ્ચર્યભૂત થયો.

"બેન, એ મ્હારો અભાગી પુત્ર છે; હુ વખખાની મારેલી છુ. આ મારો ભાઇ, તમારો ધણી, મને આશરો આપવા લાવેલા છે, પ્રભુ તમારૂ ભલું કરે, ને તમને પણ પુત્ર પ્રભુ આપે !"

"તારી વાણી ફળે બેન, આ મારો અભાગીયો નથી, પણ ભાગીયો સે. આવ બેન આવ, તારાં પગલા મારે ઘેર કયાંથી ?" એમ કહેતી બાળકને હુલાવતી ખેડુતાણી ઘરમાં ચાલી. ખેડુત ને નીરૂ સામસામું જોઇને હસ્યા. પ્રભુનો ઉપકાર માન્યો. એ કાળીયા દેવનો ખેલ તો જુઓ !

વાચનાર ! કુદરતનો ફેરફાર જુઓ. જ્યા ભલાઇ છે ત્યાં ભલુજ છે. જરા આ પાસેના ચિત્ર તરફ નજર કરી જો. ખેડુતની સ્ત્રીને પુત્ર પ્રાપ્ત થયો છે ! નીરૂ તેની સારવાર કરે છે ખેડુત આ ભલી બહેનના પગલાંને જશ આપે છે નીરૂનુ બાળક જો પેલું રમે છે ! એ ક્યારે પ્રાપ્ત થયુ, એ વિશે હવે આપણે આગળ જાણીશુ હાલ તો સુમન તરફ નજર કરીએ.

પ્રકરણ ૫ મું.

સુમનની સ્વારી વતનમાં !

સુમનના ભાગ્યનો મોટો ફેરફાર થઇ ગયો. લક્ષ્મી પગલાંની વીરૂ પ્રાપ્ત થયા પછી, તેનો સીતારો ચમકી ઉઠયો. ખોટું થાય તે સારા માટે, તેમ અંગ્રેજ પેઢીમાથી છુટો થઇ ગયો ને બળવતરાવ મળી ગયો.

સુમન તો પારકે ઘેર ભાગ્યબળે સર્વ સંપત્તિનો અધિકારી થઇ ગયો, વીરમતી જેવી સુઘડ, સુશીલ, સુશિક્ષીત, અને માયાળુ પ્રિયા સાંપડી; એટલુંજ નહિ પણ પિતા તુલ્ય સસરો પ્રાપ્ત થયો અને ધન પણ ક્રમે ચોટયું.

વીરૂ અને સુમનના લગ્ન થયા પછી એક વર્ષમા મોટો ભાગ્ય યોગ ફળિભુત થઇ ગયો. લગ્ન પછી વીરૂને બીજે મહિને ગર્ભ રહયો અને દશમે માસે પુત્ર પ્રસવ થયો. તેનુ નામ ભગીરથ પાડયુ. હજી ભગીરથ બે માસનો થાય, ત્યાં, તેમના મોટી મા, યાને વીરૂના માતા, ને સુમનની સાસુ એકાએક ગુજરી ગયા સાસુજીને એકાદ મહિનો થયો, ત્યાં સસરાજી પથારીગે પડયા બળવતરાવ ભલો ને જ્ઞાની હતો તરત તેણે પોતાની મીલ્કતની વ્યવસ્થા કરવા માંડી, લીમીટેડ કંપનીનું સઘળુ કારખાનુ એક જાપાનીસ શાહુકારને વેચી નાખ્યુ. ને સવાલાખ રૂપિયા ઉપ્રેડ લઇ લીધા, વળી પોતાના કને આશરે લાખ રૂપિયાની પુંજી હતી. સવાબે લાખમા-દોઢ લાખ દીકરીને આપી દીધા, ને પોણો લાખ-જુદા જુદા ધર્મ ખાતામા આપવાનું વીલ કરી લીધું. એક માસમાં તો તે પણ કુચ કરી ગયા, અને ધણી-ધણીયાણી તથા પુત્રનું કુટુમ્બ થઇ ગયુ. સુમને વિચાર કર્યો, કે હવે વતનમાં જવું ઠીક છે, પણ કયાં જવુ ? કેમ જવું ? છેવટે એવો ઠરાવ

મધુરી ને બાળકો



બાળ બાગમાં મધુરી ને બાળકો

ભા ૩ પૃ ૧૩

કર્યો કે મુંબઇની જાણીતી ફાર્બસ એન્ડ ફાર્બસ સોલીસીટરની પેઢી મારફતે કામ લેવું. ને તેનીજ મારફતે બેંકમા નાણાં ભરાવવા–સુમને એ સબંધી કારસ્પોન્ડન્ટ કરવા માંડયુ. જાપાનની બેંકમાંથી નાણાં, મુંબઇની બેંકમા ટ્રાન્સફર કરી દીધાં. હાઉસ એજન્ટ કનેથી પોતાના સોલીસીટર મારફતે બંગલો–ચોપાટી સી. ફેસ ઉપર ખરીદી લીધો. અને આ ભાગ્યવંત નર, થોડાજ વરસના અંતરમાં લખપતિ શેઠિયો બનીને પાછો સ્ત્રી–પુત્ર સમેત મુંબઇમા આવી ચડયો. એ હાલ કેવળ શાન્ત–એકાન્ત જીંદગી ગુજારતો હતો. હજી તેના કુટુંબને કે વિનોદરાયને ખબર પડી નહોતી, કે સુમન આ સ્થિતિયે મુંબઇમાં મોજ કરે છે.

ભાગ્યકળી ખિલે છે, ત્યારે કશી વાર લાગતી નથી. પ્રભુની કૃપા હોય છે, તો તે રંકમાથી રાય બની શકે છે.

વાંચનાર! સુમન કરતાં અધિક ચડતી હાલતે આપણે મધુરીને જોઇ શકીશું; માટે હાલ તેની તરફ નજર કરીએ. એ બિચારી ભલી ને સદ્ગુણી બાનુ કયા સુખ માર્ગપર કલ્લોલ કરે છે, તે જોઇએ.

પ્રકરણ ૭ મું.

મધુરી બે બાળક સહીત બાગમાં.*

"મમ્મા! મને ફુલ આપોની તો?"

"હજી ધરાતો નથી કે?" મધુરીએ દમ માર્યો.

એક બાળકે એક, બીજા બાળકે બીજું માગ્યુ! બીજુ પોતાનું કામ કરતુ હતું. મધુરી હસતે ચહેરે તેમના લાડ પુરા કરવા લાગી. અહા! કુદરતનો શો ચમત્કાર! જે બિચારી ફૂલ-કળી જેવી મધુરી, કનકના હાથના કઠોર માર ખાતી હતી, તે આજે પતિભાવનાથી પુજાતી હતી!

"સમય સમય બળવાન છે, નથી મનુષ્ય બળવાન" એ વચન ખરા છે! મધુરી આ દશા કેમ પામી, એ વિસ્તાર ટુંકમાં પતાવીયે!

કનક પોતાના સસરા વિનોદરાય જોડે લડીને રાત્રીએ ગયો. તે પછી સર્વ હકીકત તેણે તેની માને કહી; ને પોતાની હાલત મુબઇમા બરાબર નહિ રહે, તેથી દ્વારિકાં, જ્યા તેમની માતાના વારસાનો ગરાસ હતો. ત્યા કનકને લઇને તેની મા ગઇ! કનકની મા કુછંદી હતી. તેને એક હવેલીના મુખીયા સાથે સ્નેહ હતો. એ મુખીયો દ્વારિકાનો હતો. હવેલીમા હરામખોરી કરવાથી ત્યાથી તે છુટો થઇ ગયો હતો. હવે તેને મુંબઇમાં સ્થાન નહોતુ, તેથી આ ડોકરીને ઉલટ—પાલટ સમજાવીને દ્વારિકાં ઉપાડી હતી

કનકને દ્વારિકામા મનગમતી મોજ ન મળી; તોપણ તેની માયે તેને ઝકડીને રાખ્યો. કનકે થોડા દહાડા તો સહન કર્યુ, પણ પછી મુંબઇ જવાને માથુ ફરવા લાગ્યુ. એટલે તેની માએ નવો માર્ગ લીધો. દ્વારિકામાથી એક ગરીબની કન્યા શોધી કહાડીને કનક જોડે પરણાવી દીધી. અને કનકની કોટે લગડ લગાડી દીધુ. હવે એ ભાઇથી કયાયે જવાય તેવુ રહ્યુ નહિ છોડીના દિદાર તો જુઓ? એક આંખે કાણી, મ્હોડે શીતળાના ડાઘ, ને કાળી તો જાણે અસાડી અમાસની રાત્રી! કનકે તો દર્શન કરતાજ પાણી મૂકયુ. પ્રતિજ્ઞા કરી કે આ રંડાથી તો વાઢા રહેવુ સારૂ! બીજેજ દહાડે મા દીકરાને લડાઇ થવા લાગી, પણ ડોકરીએ વહુને સમજાવીને વ્રત ભરાવી દીધુ, કે ગમે તેમ થાય, પણ કનકને ગામ બહાર જવા ન દેવો! આ રીતે વહુજીએ અમલ કરવા માડયો. એક તરફથી વહુનો સતાપ ને બીજી તરફથી માતાનો જુલ્મ તથા અનાચાર વધી પડયો. હવે મુર્ખ કનકને ભાન થયુ, કે આ મહા પિશાચણીઓ કરતા મધુરી લાખ દરજે સારી હતી, પણ મળે કયાં? બિચારો પસ્તાયલો મધુકર હવે શોચમાં

પડયો. પ્રભુએ તેની દાદ લીધી. એકાદ વર્ષ તો તે રિબાયો. પણ પછી મધુરી ને તેના માબાપના મનમાંજ શ્રી રણછોડરાયજીએ વાત ઉતારી, ને મધુરીને દ્વારિકા યાત્રાએ મોકલી.

આ સમયમા કનક તદન કટાળી ગયો હતો. છેવટે સમુદ્રમાં જળ—ઘાત કરવા માટે આવી ચડયો હતો, અને પ્રભુ કૃપાએ તેને મધુરી સાંપડી હતી.

મધુરીને લઇને પાસેના દેવાલયમા સારવાર કરવા લાગ્યો. દેવાલયના લોકોએ પણ મદદ આપી. હાલ તુરત તેણે મધુરીને ધર્મશાળામાજ રાખી. બીજે દિવસે આ લાબી જીદગીની મધુરી તયાર થઇ. હવે તેણીને અહી તો રાખવાનું ઠીક ન લાગ્યુ ! પ્રભુ કૃપા જુઓ! દ્વારિકાંના એક ભાટીયા વેપારી મુંબઇથી આ સ્થળે યાત્રા માટે આવેલા, તે આ જ ધર્મશાળામા ઉતર્યા હતા પ્રસગોપાત કનકને મધુરી સાથે પ્રસંગ પડયો. ભાટીયાની સ્ત્રી ઘણી માયાળુ હતી. તેને મધુરી સાથે પ્રીત બાઝી, અને પરિણામ એ આવ્યુ કે ભાટીયાની કાપડની દુકાનમાં કનકને નોકરી અપાવી, અને મધુરીને પરભારા કલકત્તે ઉપાડી ગયાં ! આ વાતની કનકે મા કે સ્ત્રીને કશીયે ખબર ન કહી. એકાદ માસમા તા નવુ જુનુ થઇ ગયુ. દ્વારિકામા કોલેરો થયો, ને તેમા મા તથા સ્ત્રી બન્ને રામશરણ પામી ગયા. કનક નિવૃત્ત થઇ ગયો.

હવે ભાગ્યયોગ જુઓ ! કનકના મનમાં એમ હતુ કે જ્યાસુધી સ્થિતી બંધાય નહિ, ત્યા સુધી મુંબઇમા મધુરીના પિતા માતાને ખબર ન કરવી. મધુરીને પણ પતિની વાત માન્ય કરવી પડી. જો કે તેનુ દીલ આછુ થયુ, ને મનમા ઓછુ તો આવ્યુ; પણ પતિપ્રેમી સ્ત્રીયે માન્ય કર્યુ. દૈવકૃપા વધી પડી. ભલા આદમીયે સેટ લેઝરની લોટરીની એક ટીકીટ ખરીદી. ભાગ્યયોગે ત્રણ લાખનું પહેલુજ ઇનામ કનકને લાગ્યુ ! "મધુરી"ના ઉપનામથી ઘોડો લાગ્યો. ને કનક તો આજે શેઠનો

શેઠ બની ગયો—અને કંઇ પણ લાંબા ધંધા વગર, કલકત્તામાં સુંદર બગલો લઇને ઠાઠમાઠથી રહેવા લાગ્યો.

પ્રભુકૃપાએ તેને સતતિ પણ પ્રાપ્ત થઇ. વર્ષ વર્ષને અંતરે બે પુત્રો પ્રાપ્ત થયા. ચન્દ્રકાન્ત ને સૂર્યકાન્ત તેનાં નામ પાડયાં. કનકરાય આજે ઉત્તમ ગૃહસ્થાશ્રમી ને ભાગ્યવત ગણાયો. આ વાતને લગભગ ત્રણ વર્ષ વીતિ ગયાં. તે અરસામા ભગીરથીને પણ પુત્ર પ્રાપ્ત થયો. હવે વચ્ચે આપણી ભાગ્યહીણ નીરૂનો પ્રસંગ રહી જાય છે, માટે તેની છેવટની ઝાખી કરવા જઇએ! એ બિચારી અભાગીની કર્મકથા જાણીયે!

પ્રકરણ ૮ મું.

ગુમાયલું બાળક!

ગરીબનાં નસીબ ગરીબ! સુખની રોટલી ખાવાને જેના નસીબમા સરજેલુ હોય, શાન્તિથી સુખ ભોગવવાને જે ભાગ્યવત હોય, તેનેજ સઘળી અનુકુળતા સરખી રહે છે; નીકર વાત વાતે, અને ડગલે પગલે અણધારી આફતો આવી નડે છે.

નીરૂ બિચારી ખેડૂતના ઘરમા આવીને નિરાંતે રહી. જગતની આધી—વ્યાધીથી વિમુખ થઇને ભાગ્યને તાબે રહી. તેમને હવે પિયરમાં કે સાસરીયામા જવાનુ શેનુ સુઝે? પોતાને પુત્ર પ્રાપ્ત થયો છે, એ પુત્ર પોતાના પતિના પ્રેમનું બિંદુ છે, એની ખાત્રી શી રીતે આપી શકે? વળી પતિ પોતે કયા છે, તેની તો ખબરજ નથી. આપઘાત કરવાનો સમય નથો. બાળપુત્રપરની વાત્સલ્યતા વધતી જાય છે.

કેટલાક માસ ખેડૂતના ઘરમાં વિત્યા પછી પેલી રંક ને ભલી ખેડૂતાણીને મહિના રહ્યા. દશ માસે ગર્ભ પ્રસુતા થઈ. અને એક પુત્રને

જન્મ આપ્યો. આહા ! ખેડૂત તથા ખેડૂતાણી કેવાં પ્રસન્ન થયાં હશે ! આ સર્વ માન નીરૂના પગલાને મળ્યું.

જ્યા દીલ મળે છે, ત્યા જાત-ભાત કે ઉચ્ચ-નીચનું પ્રમાણ રહેતું નથી. ખેડૂતાણીનો ભાવ શરૂઆતથીજ કંઇ નીરૂપર બહુ થયો હતો; અને બાળક થયા પછી તો બહુ ભાવ વધ્યો: એ રીતે નીરૂ પણ સંભવનાથીજ વર્તવા લાગી.

ખેડૂતના બાળકની સારવાર પોતે કરતી. અને એ રીતે બાળકની ઉંચા પ્રકારની સભાળ કરતી જોઇને ખેડૂત તથા ખેડૂતાણીને તેના ભલા ખવાસ, ઉમદા વિચાર, ને સદ્ભાવના માટે બહુ માન પેદા થયુ, અને એક બહેન તરીકે આખી જીંદગી ગુજારવાનું સાથે રાખ્યુ. નીરૂ કંઇ એમના એકજ આ કામમા નહોતી આવતી. અનાજ જેટલુ ખાતી, તે કરતા ડબલ કામ કરતી. રસોઇ કરવાનું કામ તેને માથે હતુ. રસોઈમાં સવારે રોટલી ને દાળ અથવા શાક તથા રાતે કઢી અને કોદરા થતા હતા. ઘઉં અથવા ચોખા તો કોઇવાર તહેવારેજ થતા હતા. આ રીતે નીરૂએ અહીં લગભગ ત્રણ ચાર વર્ષ ગુજાર્યા હશે !

પોતના બાળકનું નામ પેલા મહાત્માએ સુરથ પાડ્યું હતું ! સુરથ પાચેક વર્ષનો થયો, ત્યારે કોઇ ચાણ્ડાલ ઘાતકી વહેમી માણસે, માતાનો ભોગ આપવાને બહાને તે બાળકને ઉચકી ગયો; કેટલીક વારે નીરૂને આ વાતની ખબર પડી. ખેડૂત તથા તેની સ્ત્રી તો ખેતરમાં વાવણી જોવા ગયાં હતાં. વરસાદ સહજ આવતો હતો. નીરૂ વ્યાકુળ બની ગઈ. અને ઉઘાડે પગે એમની એમ માતાના મંદીર તરફ દોડી. ઝુપડીથી બે માઇલ ઉપર એ માતાનુ મદિર એક ઘોર ગુફામાં હતુ; અજાણી છતાં પુછતી ને શોધતી ગઈ ! ગરીબ બિચારી નીરૂ, જંગલમાં ક્યાં ભટકતી હશે ? પગમા કાંટા વાગતા હતા, વરસાદની ઝાપટ ખાતી હતી. વાવાઝોડું ને વીજળીથી ભય પામતી છતાં

બાળકની વાત્સલ્યતાને લીધે દોડતી જતી હતી. ઠેસ ને કાકરાનો માર ખમતી હતી—

પ્રભુ બચાવે–રામ રાખે તેને કોણુ ચાખે ? જે માણસ સુરથને પકડીને ન્હાસી જતો હતો, તે લગભગ ગુફા કને આવ્યો, કે તરત તેને એક પથ્થર નીચેના સાપે ડસ કર્યો, ને સુરથ બચી ગયો ! આહા ! કેવી અણી વખતે પ્રભુએ ઇન્સાફ આપ્યો. એક નિરાધાર માતાના નિર્દોષ બાળકનું ઇશ્વરે કેવી વખતે રક્ષણ કીધુ ? વાહરે પ્રભુ વાહ ! પણ હવે એ બાળકને બિચારાને જવુ ક્યાં ? સહજ સાંજ પ-ડવાનો સુમાર થયો હતો, અને આકાશ ઘેરાયેલુ હતું, એટલે દિવસ છતા અધારા જેવુજ લાગતુ હતુ. નિર્દોષ બાળક એકલુ રડતુ રડતું જગલમા ચાલ્યુ ! કોણ તેનો માલેક ! કોણના આધારે ! પ્રભુના–એ દેવ, જેણે જીવ આપ્યા છે, તેના રક્ષણ તળે ચાલ્યુ ! કેટલાક ડગલાં દુર જતાજ, નીરૂના જોવામાં કોઇ બાળક આવ્યુ ! એજ મારો સુરથ !

નીરૂએ, સુરથને લાંબો હાથ કરીને ચાલતો અટકાવ્યો ! *

"બેટા ! તુ અહીં કયાથી, કેમ આવ્યો ?" સુરથ તો ઘડીભર જવાબજ આપી શક્યો નહિ; થભી ગયો, પછી બોલ્યો.

"બા, મને કોઇ ચોર ચોરી જતો હતો. તે તો પેલે ઠેકાણે પડેલો છે. હુ ન્હાસી છૂટ્યો !"

નીરૂએ જાણ્યુ કે તે પાપનો ભોગ થયો હશે. નીરૂએ તરત બાળકને તેડી લીધો, ને બકી કરીને પાછે પગે ચાલવા લાગી રાત પડવા આવી હતી. અંધારૂં થતુ જતુ હતુ. જંગલમા વરસાદ પડતો હતો. ચોમેર ઘેરાયેલુ હતુ. દીસા સુજતી નહતી આ ભયંકર કાળ વખતે ગરીબ નીરૂ બિચારી બચ્ચાને લઇને ઝુંપડી શોધતી હતી. ક્યાં હોય રસ્તો કે તે પગલે ઘેર પહોંચે ! આહા ! રસ્તો ચુકી, ચીલો ચૂકી ! તે આડે રસ્તે ફરી; અને ઠોકરો ખાતાં ખાતા છેક મધ્ય રા-

ત્રીયે એક સ્ટેશન નજીક આવી. ત્યા તે અને બાળક બેઠા ! સ્ટેશન પણ વચગાળેનું અને ગામડાની સગવડ માટે તકલીદી નામનુજ હતુ. ત્યા તે જઇ પહોંચી. એક ભિખારી જેવો નોકર ને બુઢ્ઢો માસ્તર હતો. નીરૂને જોઇને તેઓ તો હસવા લાગ્યા અને અલપચારી પણ શરૂ કરી. નીરૂને વળી વધુ ભય લાગ્યો, પણ જવુ કયા ? ગાડીમા બેસવાને પાસે પસાયે ન્હોતા ! નીરૂથી રડી જવાયુ, અને પેલા બુઢ્ઢા માસ્તરની કને આજીજી કરવા લાગી. પ્રભુની કૃપા થઇ, ને બુઢ્ઢાને દયા આવી. તેણે આ મા–દીકરાને રહેમ દીલે, એક આવતી ગાડીમાં બેસાડી દીધા. જરા વારે ત્યા જે ગાડી આવી તેમાં તેને દાખલ કરી દીધાં. ગાર્ડને ભલામણ કરી, કે કોઇ સારા સ્ટેશને, સવાર થતાં ઉતારી દેવા. આખરે પ્રભુયે દાદ લીધી; ને નિર્દોષને બચાવી લીધા. તે તો મા દીકરો લગભગ કલ્યાણ સ્ટેશને આવી પહોચ્યા, ને ત્યાંથી ચાલતા ચાલતા મુબઇમા આવ્યાં, પણ ખરે, અહી પાછા રઝળ્યા ! તેઓ દાદરને રસ્તે ચાલતા ગ્રાન્ટરોડ સુધી આવ્યા, પણ ત્યા વરસાદ ને તોફાન શરૂ થયુ, મોટોર અને ગાડીયોના તોફાનમા મા–દીકરા પાછા છુટા પડી ગયા ! –અફસોસ !

નીરૂનુ બાળક પાછુ ગુમાઇ ગયુ - વાચનાર ! તે પ્રથમ વાચ્યુ. તેમ નીરૂ તો સોલીસીટરના બગલામા પહોંચી, અને ભગીરથીના માનનુ પાત્ર થઇ પડી. અને સુરથ તો પોતાના પિતા સુમનને ત્યા તેના પુત્ર ભગીરથના મિત્ર તરીકે રહ્યો. હવે તેનુ શું થાય છે, એ તપાસીયે ! હાલ તો મા–દીકરો તદન જુદા પડી ગયા છે ! મા જાણે દીકરો ગયો, ને દીકરો જાણે મા ગઇ ! કુદરતના અજબ ભેદને પહોચવા કોણ સમર્થ છે ? ભાવી લેખ ટાળવા કોણ સમર્થ છે ?

પ્રકરણ ૯ મું.

નીરૂનો નવો અવતાર !

નિર્દોષને નિર્મળ મનની નીરૂ મુંબઇમા આવી. કવેળાના સંજોગે તે પુત્રથી વિખુટી પડીને, અંતે વિનોદરાયના બંગલામા ચડી આવી. અહી તેના ભાગ્યયોગે આશ્વાસન મળ્યું! ભગીરથીના હૃદયમા દયામાયાએ વાસો કર્યો. અને પૂર્વની લેણા દેણીના સંસ્કારે માયા પ્રબંધથી નીરૂપર તેણીને પૂર્ણ ભાવના ઉત્પન્ન થઈ. કોઈ વખાની મારેલી પણ કુળવાન કુટુમ્બની બાઇને આશરો આપવામાં પ્રભુ કૃપા મેળવવા જેવુ છે, એમ ધારીને તેને પોતાને ત્યા ઉતારો આપ્યો. વિનોદરાયની ગાડી હાફીસમાંથી આવતાજ ભગીરથીએ પેલી ગરીબ બાઇ સબંધી દયાજનક વાત કહી. ભાગ્ય સંયોગે વિનોદરાયના મનમા પણ ઉતર્યું; ને નીરૂને આશરો આપવા ઇચ્છા બતાવી. એ બાઇ હીંદુ ઉંચા કુળની છે. તેમના કહેવા પ્રમાણે તે બ્રાહ્મણ જાતિની છે. મગજની અસ્થિરતાને લીધે ચોખ્ખુ કહી શકતી નથી, પણ તેનો દેખાવ કોઇ નાગર કે બ્રાહ્મણ કોમનો છે એમ લાગ્યુ. ને તેથી તેમણે નીરૂને રાખી; તેના ગુમાયલા પુત્રને શોધી કહાડવા માટે લક્ષ દેવાશે, એટલી ધિરજ આપી નીરૂ લાચારીથી સઘળું કબુલ કરવા લાગી બીજો કંઇ ઉપાય નહોતો. દશ લાખ માણસની કચડાકચડી, અને ગાડી–ઘોડા, મોટાર–સાયકલની ભચડાભચડીમાં તે બિચારી કયા જાય? ગરીબ અને વળી ભિખારી હાલત, તેનો અનેક પાપી ખોટો લાભ લ્હે, સિપાઇઓ નડતર કરે, અને ધર્મશાળા અથવા અન્નક્ષેત્રમા પણ આ કુળવાન બાનુને શાન્તિ રહેવા ન દે, આ સર્વ સંજોગે, ભલા માણસના આશરામાં નિર્ભય લાજ મર્યાદથી રહેવાશે, આ વિચાર કરી પોતાના પુત્રની

ઝખના કરતી હતી, એ મારૂ એકનું એક બાળક રખે ગાડીમા કચડાઇ જાય! આ બ્હીક છતાં પોતાના શિયળવ્રતને સંભાળવાને આ આશ્રયમા અટકી પડી.

રાત્રીયે તેણે ખાધુ તો નહિજ! મ્હારા બાળકનો પત્તો ક્યા મળશે? આ વારવારના પ્રશ્નમા ધિરજનોજ જવાબ મળતો: તોપણ ધિરજ ગુમાવતી બેઠી. વિનોદરાયે પોલીસને ખબર આપી દીધી, ને પોલીસ તપાસમા રહી, પણ સુરથ તો પોતાના પિતાના બગલામાં પેલા ભગીરથ જોડે સ્નેહી તરીકે મોજમા પડી ગયો. માતા યાદ ન આવી! નિરૂ અહીં કેટલાક દિવસો સુધી ચાલુ એવી ને એવી હાલતે દિન ગાળવા લાગી. પુત્રનો પત્તો ન લાગ્યો, ત્યારે મન મુકીને સ્થિર થઇ. પોતાના પિયેર કે સાસરાની કશી વાત ન કરી. ગરીબ હાલતે અજાણુ થઇ રહેવામા સલામતી માની. તોપણ ચપળ નીરૂએ વિનોદરાયના ઘરની વાતો જાણી લીધી

અફસોસ! પોતેજ અપરાધિણી છે, અને પોતાની મુર્ખતાથી વરને ગુમાવ્યો, અને મધુરી જેવી નિર્દોષને દોષ દેવા જતા, તેનું પાપ પોતાનેજ નડયુ, ને પોતે સદોષ આ સ્થિતિપર આવી, એમ તેને ખરેખરૂં લાગી આવ્યુ! તે અહોકળ પસ્તાવોજ કર્યા કરતી. કોઇવાર બકી જતી, કે "હાય હાય! હાથનાં કર્યાં હૈયેજ વાગે!" ભગીરથી કોઇવાર ગમ્મત માનતી, ને કોઇવાર દયા ખાતી હતી. સુમનનો પ્રેમ, મધુરીનું શયનગૃહ, તેમનો પ્રતિભાવ, અને નિર્દોષતાથી હવે તે પુરેપુરી શકલીણુ થઇ, અને પતિ હજી જીવતો છે, એટલીજ ધિરજ રાખીને રહી.

દુઃખના પ્રસંગ વીતવા માંડયા. પ્રભુ ઇચ્છાએ ભલી નીરૂની સ્વચ્છતા, ધર્મ પરાયણતા, વિશ્વાસ, નીતિ, અને સૈચ્ય ભક્તિથી વિનોદરાય અને ભગીરથી બહુ પ્રસન્ન થયાં. પ્રભાતમાં વ્હેલ ઉઠી ઘરકામ

તપાશીને ન્હાઇ—ધોઇ, સૂર્યનારાયણ ઉગતાજ તેની ઝાંખી કરી લેતી. અને મંદિરની પુજા—આરતિથી પરવારી, ચા બનાવી, દમ્પતિને આપતી કેવળ વિશુદ્ધ મન ને આરોગ્યવતાના પવિત્ર હાથની ચા પીના ઉત્તમ પ્રેમી કહેતા, કે બિચારી અભાગી, પણ જો પતિ ઘરમાં હોય તો નક્કી સાક્ષાત્કાર પ્રભુ દર્શન કરાવે, એવીપવિત્ર દેવડી છે

વિભૂતિ ધારણ કરીને સહજ ચંદન કપાળમા લગાડતી, ત્યારે જાણે નિરૂ પરમયોગિની ન્હોય, એવી લાગતી હતી.

કેટલાક સમયને અંતરે એવો યોગ બન્યો. કે સાવિત્રી વ્રતનો સમય આવ્યો. નીરૂ તો વ્રત અખંડ કરતી હતી. ભગીરથીને તેણે સુચના કરી. વિનોદરાયના પ્રસંગ પછી દેવ—દેવલા અને વ્રત અપવાસનુ ટીખલ તેણે છોડી દીધુ હતુ. નીરૂના પ્રસંગ પછી તે ફરીને જાગૃત થયુ. એકાદશી કરવા લાગ્યા. અને નીરૂ કંઇ કંઇ વ્રત કથા કહે: કઇ ધોળ—મંગળને ગીત સંભળાવે. સાથી મળ્યુ, એટલે સંગતથી કઇ મન લલચાયુ, અને આ સત્યસંગથી સુધરેલુ ઘર એક ભક્તમંદિર જેવુ બની ગયુ. ઉતરતી અવસ્થાએ ઘરની આ સ્થિતિ જોઇ વિનોદરાયને પણ લાગ્યુ કે આ કોઇ મહાદેવી નવો અવતાર આપવા આવી છે '

ખરે, એમજ થયુ. પચાસ વર્ષ પુરા વિનોદરાયને થઇ ગયાં હતાં. અને બેતાલીસમુ ભગીરથીને બેસવાનુ હતુ તે અરસામા—યાને મધુરીના જન્મ પછી લગભગ વીસ વર્ષે ભગીરથીને ગર્ભ રહ્યો !

આહા ! કુદરતની કૃપા જુઓ ! તેને દસ માસે પુત્ર અવતર્યો ! આજે તે દમ્પતી કેવા હર્ષિત થયા હશે ? ઉતરતી અવસ્થાએ વંશહીણુ દમ્પતીને આ વિભુ વરદાન મળ્યાથી તેના મનને કેટલો આનંદ પ્રાપ્ત થયો હશે ! ઇશ્વર સઘળા એવા આશાવતા જોડાને પુત્રદાન દે, ને સદા સુખી થાય !

દમ્પતી તો હરખાઇ જાય, તેમા નવાઇ નહિ, પણ પટેલને ઘેર

વિવાહ, ને પાંચાભાઇને હણુહણાટ વધારે! ભગીરથી ને વિનોદરાય કરતા નીરૂના હરખનો પાર ન રહ્યો! પોતાની બાઇને પુત્ર પ્રસવ, અને પોતાના શેઠનો વંશ-વૃદ્ધકાળે! વાહ વા! કેવુ પુન્ય! બસ! આ વાક્યોમાં નીરૂ તો ગાંડી—ઘેલી બનતી હતી! જ્યારે નીરૂને આ રીતે હર્ષ—ઘેલી જોવાને ભગીરથી ને વિનોદરાયને તક મળતી, ત્યારે આ ભલી બાઈ તરફનો તેનો કેટલો ભાવ વધતો હશે?

પારકાંનુ ભલુ જોઇને રળીયાત થનારા લાખે એક હશે; ને જે હશે, તે સદા સુખી હશે!!

ભગીરથી બહેન સુવાવડમાથી મુક્ત થયાં. પછી ભાઇને સાચવવા સંભાળવાનુ કામ નીરૂનુ—" મ્હોટા બહેન! હુ એક ખેડૂતને ત્યાં રહી, ત્યા પણ તેને દીકરો આવ્યો?' એટલુ કહીને નીરૂ પ્રથમ હસી, પણ પાછળથી રડી પડી. તેને પેલુ સુખ અને આશ્રમ યાદ આવ્યો. જ્યાં રહી હતી, તે સ્થાન યાદ આવ્યું, ભગીરથીએ જાણ્યુ, કે પોચા મનની નીરૂ પાસે એ વાત કહડાવતા રખે તેને વધારે લાગણી થઇ આવે! એટલે વાતને વધુ ઉત્તજન ન આપ્યુ

નીરૂ પર દમ્પતીનો હદ બાહેર ભરૂસો, એટલે બાળકની કશી દરકાર કરતા નહિ; પણ હવે નીરૂ જ્યારે આ કામમા ગુથાણી, ત્યારે દેવ—સેવાનું કાર્ય પડતુ રહેવા લાગ્યુ. ભગીરથીને તે ન ગમ્યુ. રાત્રીએ બાળકને પોતાની પાસે રહેવા દીધુ, ને પોતાની જોડે એક નોકરડી પાર્વતી ધાટણને રાખી. તે બાઇ રાત્રે બાળકની સારવાર કરે જ્યારે નીરૂ દેવ—સેવામાથી પરવારે. ત્યારેજ બાળક તેને સોપે, પણ તેટલા સુધી કંઇ નીરૂનો જીવ રહે કે? તે તો એટલા વખતમા ચાર પાચ વાર બાળકનું મ્હો જોઇ આવે. જો તે જાગતો હોય, તો કદી પણ નીરૂ વિના ન રહે. પણ નીરૂ જોતી જોતી પગલુ ભરે, કે રખે ભાઇ જાગી જાય!

બાળક છ માસનું થયું, તે દરમ્યાન એકવાર શીવગંગાનું આવાગમન થયુ. બાળકને જોવા માટે તે મુંબઇ આવી. નીરૂએ તેને પુરી રીતે પિછાણી, પણ નીરૂનો નવો અવતાર શીવગંગા પિછાણી શકી નહિ ! આહા, નીરૂ વારંવાર શીવગંગા સામુ જોયા કરતી, અને શીવગંગાને નીરૂના ચ્હેરા માટે ભાન થતું, પણ કશું બોલી શકતી નહિ ! અપવાદી નીરૂ પોતે પણ કંઇ પિછાણ દેવા રાજી ન્હોતી. બે દિવસ શીવગંગા રહી; તે અરસામાં નીરૂનાં હૃદયબાહેર તેણે ભગીરથીને મ્હોડેથી વખાણ સાંભળ્યા ! અને તે પછી શીવગંગા પોતાને વતન જતાં જતાં એટલુ કહી ગઇ, કે જાણે આ મ્હારી વહુ નીરૂ ન્હોય ! એવી લાગે છે. અહીં નીરૂનુ નામ નિર્મળા ગવાતુ હતું !

નીરૂ અહીં નવો અવતાર પામી હતી. હવે તે માત્ર યોગિની તરીકે, નિઃવસ્વાર્થ જીવન ગાળતી હતી. તેને મન સંસાર દઝાયલો, ભસ્મ થઇ ગયલો લાગતો હતો. હવે પેલા બિચારા સુરથ તરફ નજર કરીએ.

પ્રકરણ ૧૦ મું.

સુરથ અને ભગીરથ.

મનોહર બાળક ભગીરથ, કુદરતી પ્રેમ ભાવથી રંક સુરથને ચાહતો હતો. માર્ગમા રઝળતા સુરથે જ્યારે ભગીરથને ગાડીમાં દબાતો બચાવ્યો, ત્યારે ભગીરથને તેના ઉપર કુદરતી હેત ઉત્પન્ન થયુ ભગીરથ કયા જાણે છે, કે એકજ પિતાના બન્ને પુત્ર છીયે; માત્ર માતા જુદી છે ! પોતાના પિતાની કને સુરથના બચાવની તેણે ભીક લીધી. માતાને સારી રીતે સમજાવી. અને જો કે અલબત એક ભાઇ તરીકે તો નહિ, પણ સોબતી તરીકે તેણે પોતાની પાસે રાખ્યો. સુરથ જોડેજ ભગીરથ

જમવા બેસતો, પણ પરજાતનો ગણીને તેને રસોડા બહાર ચોકમાં બેસાડતા હતા. ભગીરથને તે ગમતુ નહતું, પણ ઘરના રિવાજ કને તે લાચાર હતો, તોપણ છેવટે જ્યારે તેના હૃદયને તે માન્ય ન થયુ, ત્યારે એ બહાનુ કહાડયુ, કે જમતા જમતા સુરથ સાથે વાતો કરવી પડે, તે વાત કરતા મ્હો ન દેખાય, તેથી પોતે પણ સામે પાટલો નાખીને ચોકમાંજ જમવાનો. એ માગે સુરથ સામે જમવા બેસતો, એટલી હદ સુધી મિત્રતા જામી હતી. ભણવામાં હવે શું કરવું? હજી ભગીરથની શરૂઆત હતી. કિન્ડરગાર્ટન પદ્ધતિ પ્રમાણે, સુમને પોતાના વ્હાલા પુત્રને કેળવણી આપવાનું પસદ કયુ હતુ; અને તે માટે દેલ-વાડાકરના કિન્ડરગાર્ટન સ્ટોલમાથી અનેક જાતના સાહિત્યો ખરીદી લાવ્યા હતા; એટલુજ નહિ પણ એક પારસી બાનુ કિન્ડરગાર્ટનીસ્ટને એ કામના શિક્ષણ માટે રાખી હતી. સુરથ પણ જોડે જોડે જ્ઞાન મેળવતો હતો. બગલા અને બીજી મીકેનીકલ રમતોમાં, ફીગરલેઇંગ અને મોઝેઇકની રમતમા, બૉલ અને કસરતની રમતમાં ભગીરથને સુરથ બહુ મદદગાર થઈ પડતો હતો. આ રીતે બન્ને મિત્રો બન્યા હતા; ભગીરથ સુતો, એજ રૂમમા સુરથ સુતો હતો. ભગીરથ પલંગ પર સુતો, અને સુરથ ભોયપર પથારી નખાવીને સુતો હતો. એક દહાડે મધ્ય રાત્રે બગલાની બારી ખડખડી. ઉનાળાનો દિવસ હતો બંગલાની પાછળ ખુલ્લુ મેદાન જેવુ હતુ. ગરમીને લીધે પવન માટે રૂમની બારી ખુલ્લી હતી, તે તેથી પવનના સપાટાને લીધે કોઇ કેઇ વાર વીનીઝર કે સળીઆ ખડખડતા હતા. આ ખડખડાટ જુદો હતો. ને તે સુરથના કાનમાં અવાજ ગયાથી ચમકી—જાગી ઉઠયો હતો. આહા! ત્યાં જોયું—આખ ઉઘાડીને બરાબર બારી તરફ નિહાળ્યું, તો કોઇ નીચબદમાશ અદર દાખલ થતો હતો. સુરથે તરત ચોર ચોર કરીને બુમ મારી હજી ભગીરથના ગળામાં હાથ નાખીને ઉતાવળો

ઉતાવળો ચોર કંઈ કહાડી નાસવા જાય, ત્યાતો સુરથે ગમખાણ કરી મુક્યુ–ભગીરથ જાગી ઉઠયો. સુરથે તેમના બારણાં ઉઘાડી ચોકમા બૂમરાણ કરી દીધુ સુમન, વીરમતી, અને નોકર–ચાકરો ઉઠી આવ્યા. પાસેનાં લોકો પણ જાગૃત થઇ ગયા. દરમ્યાન ચોર તો પાછલે રસ્તેથી પલાયન થઇ ગયો. અલબત ભગીરથ ગભરાયો. અને બૂમાબૂમ પાડવા લાગ્યો, પણ જાનમાલથી બચી ગયો. જો સુરથની દ્રષ્ટિ પડી ન હોત, જો તે ગાફેલ થઇને સુઇ રહ્યો હોત, તો જાનનુ તો કદી નહિ, પરંતુ માલનુ નુકશાન થાત; ચોરને આગળ વધવાની હિમ્મત આવત, અને પાપી પકડવાનો ધાસ્તીપર આવત. તો અલબત આડકતરૂ બીજુ નુકસાન કરત સુરથના પગલાથી સુમનને આ મોટો લાભ થયો, ને તે કરતા ભગીરથના બચાવ માટે તેણે રાખેલી સાવચેતી માટે વીરમતીનો અને ભગીરથનો તેણે અનહદ વિશ્વાસ તથા પ્યાર મેળવી લીધા. છતા ભાગ્યદેવી ઉલટી નીકળી.

પ્રકરણ ૧૧ મું

સુરથ પર સુમનનો રોષ !

"મારનાર કરતા બચાવનાર સમર્થ છે,' એ રીતે રંક સુરથપર આવેલા આક્ષેપમાંથી તેને બચાવવા માટે વીરમતી સમર્થ થઇ હતી.

એક વાર એવો પ્રસંગ આવ્યો, કે ભગીરથ અને સુરથ રમતા રમતા થાકી ગયા. પછી તેઓ વાર્તા કરવા બેઠા સુરથે એક ભૂતની વાત કહેવા માંડી અને ભૂતથી નિર્ભય રહેવા માટે તેણે કંઠ માહેનુ માદળીયુ બતાવ્યુ. પોતાની માતાજીએ આ માદળીયુ બાંધેલુ છે, તે એટલાજ માટે કે જો કોઇવાર રાતે જંગલ કે ભયંકર જગ્યામા ગયા હોઇએ, તો કોઇની બ્હીક ન લાગે ભગીરથે આ વાત માન્ય ન કરી.

ભૂત ને ડાકયણુ વગેરે હલકા લોકોનાં ધતિંગ છે, આ સુમનના ને વી-રમતીના ચાલુ વાતોના કર્ણસ્વરથી ભગીરથ પણ માની બેઠેલો, એ તેણે કહ્યુ, અને સુરથ ઘણો બ્હીકણ તથા વહેમી થઈ જશે, એ માટે તેણે માદળીયુ ખેંચીને દોરો તોડી નાખ્યો; એટલુજ નહિ પણ રમત ગમતમા મસ્કરી—ઠઠ્ઠા કરતો ભગીરથ તે માદળીયુ ઉખેડવા લાગ્યો. માદળીયુ કપડાનુ બનાવેલુ હતુ. સુરથે ઘણુ ના કહ્યુ, પણ તેણે માન્યુ નહિ, ને એ ભૂત માદળીયામા શુ છે, તે જોવા ઇચ્છા રાખી સુરથ તે લઇ લેવા બાઝવા લાગ્યો, અને ભગીરથ તે ન આપવા માટે દોડવા લાગ્યો. બગલાની ચોમેર દોડાદોડી થઇ રહી ... ભગીરથ બગલામા પેઠા, તેવોજ સુમને જોયો. હાંફતો હાંફતો સુમન હૅાલમાં આવ્યો. ત્યારે સુમને પુછ્યુ.

"બેટા ! એટલી બધી દોડાદોડ શી છે ?"

"બાપુજી ! સુરથના ગળામા ભૂતનુ માદળીયુ હતુ, તે મેં તફ-ડાવી લીધુ; જુઓ તો તેમાંથી આ કાગળ નીકળ્યો !" ભગરથે તે પત્ર સુમનને આપ્યો સુમને તે વાંચ્યો, અને ખરેખર ભવા ચડાવતો ચમકવા લાગ્યો ! ભગીરથને ધમકાવી કહાડયો, અને જાણે કાગળ ફાડી નાખતો હોય, તેની દરકાર ન હોય, તેમ ચેષ્ટા કરતો તેને દૂર કર્યો. ભગીરથે જાણ્યું કે બાપા નાહક ચીડાયા ! સુરથ કને તે ધીમે ધીમે ગયો. ને બોલ્યો, કે યાર મે તો નાહક તને દૂભાવ્યો માફ કરજે દોસ્ત ! પપ્પા તો ઘણા ચીડાયા ! ! સુરથને મન ઘણુ લાગી આવ્યુ, તે રડયો. ભગીરથે માફી માગી. અને બીજી રમતપર ચડી ગયા. પણ કોણ જાણે સુરથના હૃદયમા તે વિષેનો બળાેા ચાલુ રહ્યો.

માદળીયાના કાગળે સુમન ઉપર જબરી ખરાબ અસર કરી. સુરથ નીરૂના પેટનોજ પુત્ર છે, પરતુ તે હરામી પુત્ર છે, એમ તેને લાગ્યો ! ! પોતાની નબળા મનની સ્ત્રી હજી જીવતી છે, અને કો જાણે-

તપાસીને આ પુત્રને પોતાને ત્યાં મુકયો નહિ હોય ! કાં ઘરની બાતમી જાણવા અજાણ બનીને છોકરા જોડે છોકરાને ભેટાડી દીધો નહિ હોય ! શંકાનાં ઓશડ છે ! તે તો સુરથપર ચીડાવાજ લાગ્યો. અને બીજે દહાડે કાંઇ વાક કહાડીને સુરથને ઘરબહાર જવા, તથા ફરીને ન આવવાનો હુકમ કર્યો. સુરથ રડી પડયો ભગીરથને તે વાતની ખબર કરી. ભગીરથે તેની માને કહ્યું; અને વીરમતી પોતાના હોલમાં ઉભાં ઉભાં બડબડયાં. એ સુમને સાભળ્યું ! સુમન સાભળે, એવીજ રીતે વીરૂએ સુરથની ભેર તાણી. સુમને જાણ્યુ, કે હવે તકરારમાં ન ઉતરવું. એ પ્રસંગ તો જવા દીધો. જાણે પોતાનો ક્રોધ ઉતરી ગયો છે, એમ બતાવીને વચમાં થોડા દીનનો ગાળો ઘાલી દીધો.

એકાદ અઠવાડીયા પછી એકવાર બપોરના સુમન સુતો હતો, ત્યાં ખરાબ સ્વપ્ન આવ્યુ, અને જાણે નીરૂ એક પિચાશણીરૂપે તેની સાથે આવી હોય, ને પુત્રની વ્હાર કરતી હોય, એવો દેખાવ થયો. સુમને તેણીને જાણે લાકડીનો માર મારીને કહાડી મુકી હોય એમ લાગ્યુ જરા વારે ખડખડાટ થયો. તેથી તે ચમકી જાગી ઉઠયો. આંખ ઉઘાડીને જોયું તો સુરથ ! એકદમ પાટ ઉપરથી ઉઠીને સુરથને પકડયો. સુરથ તો દડે રમતો હતો. દડો અંદર બારીવાટે પડી જવાથી ધીમે ધીમે લેવા આવ્યો હતો, પણ સુમનને તે કાળરૂપ લાગ્યો હતો. તરત સુમને તેને ગરદનમાંથી પકડયો. મો બધ કરી દીધુ, ને ક્રોધના બળે તેનું ખૂન કરવા તત્પર થયો. જરા એક શબ્દ સુરથના મોમાંથી નીકળી ગયો, ને તે દબાયલો અવાજ વીરમતીએ સાભળ્યો. તરત તે રૂમમા દોડી આવી, તો પોતાનો પતિ, પેલા સુરથની ગરદન દબતો હતો. તે ચમકીને બોલી—

"અરે નાથ ! આ શું કરો છો ? મુકો—મુકો એ ગરીબ છોકરાનું ખુન ?"

"ચૂપ! એ પાપી હવે આ જગતમાં ન જોઇએ!" સુમને રી-સમાં વીરને અટકાવીને કહ્યું. એટલામાં સુરથ જોરથી છટકી ગયો. વીરૂએ સુમનને પકડી લીધો. સુરથ એકદમ ન્હાસી ગયો, અને સુમન ખરે મુર્છિત થઇ ગયો. વીરૂએ તેને પકડી લીધો

વાંચનાર! આ મહા ક્રોધનું ખરૂ કારણુ તુ જાણે છે; સુમન બે કલાકે શાન્ત થયો, ત્યારે વીરૂને મૂળ વાત જણાવી, પણ ડાહી અને ભલી વીરૂએ તેને સમજાવીને ધારો પાડયો. સુરથ વિના ભગીરથ અકળાવા લાગ્યો, પણ સુરથ તો ગયો તે ગયો. કયા ગયો હશે?

પ્રકરણ ૧૨ મું.

વ્હાલી માતાનો માનીતો દીકરો.

કવિવર તુલસીદાસ કહે છે કે-"જયસો સુખ સુગરી કો, અયસો સુખ મઘવા કો!" જે સુખમા ઇંદ્ર મસ્ત છે, તેવીજ રીતે પોતાના સુખમાં ભૂંડણ પણ મસ્ત છે! અર્થ કે ઇંદ્ર વૈભવ સુખમાં અતી આનંદી છે; તેમ જો કે ભુંડણ પાદરપરની ગંદી જગ્યામાં રહે છે, તોપણ જ્યારે તે પોતાના બચ્ચા સહિત આનંદમા લટે છે, ત્યારે તે પોતાના સુખને ઇંદ્ર લોકના જેવુ માની લે છે! જો તેમ સૌ જગત માનતુ ન હોત, તો પૃથ્વી ભાર ઝીલી શકતજ નહિ.

મોતના પંજામાથી છુટેલો સુરથ હવે અટુલો થઇ પડયો. તેનું હૃદય ધડકતુ હતુ. તેનો શ્વાસ માતો ન્હોતો. તે ભયંકર ધાસ્તીમાં લાગતો હતો. ચોપાટીથી વાલકેશ્વર અને ત્યાથી હેન્ગીંગ ગાર્ડનને રસ્તે થઇ મહાલક્ષ્મી તરફ તે વળી ગયો હતો. તેના મનમાં એમજ લાગ્યુ, કે જો કોઇ સ્થળે છુપાવાનુ નહિ મળે, તો નકી તેને પાછો પકડીને

મારશે ! શા માટે તેના ઉપર આ જુલ્મ થયો, એ બિચારો કશું કળી શકયો નહિ. કદાચ તોફાન મસ્તી કરતા, અથવા તો ભગીરથ જોડે માદળીયા માટે લડતાં કાકાજીને ગુસ્સો ચડયો હશે ! ગમે તેમ પણ હવે તેને સુમનના ચ્હેરાની ધાસ્તીજ લાગી ગઇ, અને મહાલક્ષ્મીના મંદીરમાં છેક પાછલે ભાગે, દરિયાના પશ્ચિમ ભાગમા લપાઇને એક ખુણે પાળપર બેઠો. તેને ભૂખની ચિન્તા ન રહી. માત્ર પેલો ભયંકર દેખાવજ વારંવાર તેની નજરે પડયા કર્યો. છેક બપોરથી તે સાંજના છ વાગ્યા, હવે તે અકળાયો, અને ભૂખથી પિડાવા લાગ્યો. કોઇ પણ આશ્રમમા ખાવાનું મેળવવા ઈતેજાર થઇ ગયો. જો કુરમરા મળી જાય, તો તેટલેથીજ પેટ ભરીને મંદિરમા વિશ્રાન્તિ લેવા તૈયાર થયો. પોતાની જગ્યાએથી ઉઠયો. પ્રયત્ન કરવા વિચાર કર્યો. મંદિરમા દર્શન કરવા આવનારની કને ભિક્ષા માગીને આજની રાત અહીંજ પસાર કરવા ઠરાવ કર્યો. મંદિરના મુખ્ય દર્શન આગળના પગથીયા પાસે ઉભો રહ્યો, તેવામાં પોતાનીજ માયાળુ માતાને જોઇ !

"બા ! તમેજ મ્હારાં બા નીરૂબેન કે ?"

"કોણ મ્હારો સુરથ ?"

"હા, બા. હું તમારો સુરથ !" એટલું કહેતાંજ તે રડી પડયો. દડ દડ આંસુ અને ડુસકાનો પાર નહિ.

"કોણે મ્હારા બાળકને દુભાવ્યો, મ્હારો દીકરો."

માયે દીકરાને છાતી સરસો ચાંપીને બકી કરી મા ક્યાં છે ? માનું હેત કયા છે ? ત્રણે દહાડે ગુમાયલો બાળક મળ્યો !

"બા ! મને કયાંયે લઇ જાઓ !"

"તું કાં બ્હીયે છે ?"

"હા, મને કંઇ બહીક લાગે છે. મને કંઇ લઈ જાઓ, તો હું બધી વાત કહું !"

"ચાલ બેટા!' નીરૂ તેને પોતાની સોડમાં દાબીને લઇ ચાલી. સુરથ માતાને જોઇ નિર્ભય થઇ ગયો.

"આપણે ક્યા જઇયે છીયે?"

"વિનોદરાય સોલીસીટરને બંગલે, હું તેમને ત્યા નોકર છું. તેમનાં વહુ બહુ સારા છે.

"ત્યારે તો ઘણું સારૂ. તેઓ ક્યાં રહે છે?"

"અહીંજ, પાસે છે, બેટા? ને વળી તેની ગાડી પણ જો સામેજ ઉભી રહી છે, તેમાં બેસીને જઇશુ!" નીરૂ આજે દર્શન કરવા આવી હતી. ગાડીમાં બેસીને આવી હતી. ભગીરથી બહેને આગ્રહ કરીને નીરૂને માટે ગાડી જોડાવી આપી હતી.

મા દીકરો ભેટયાં. સુરથ અને માતાને મળ્યો ખરો! ગાડી બંગલા પાસે આવી. નીરૂ ઉતરી, પણ સાથે છોકરો કોણ? નીરૂ દોડતી દોડતી ભગીરથી કને આવીને બોલી—'બહેન! મ્હારો કીકો આવ્યો હોં! મહાલક્ષ્મી માતાજીએ મને હાથો હાથ સોંપ્યો."

"ભલે બહેન, જીવતો રહે!" ભગીરથી બહુજ ખુશી થઇ. નીરૂને રાજી થયેલી જોઇને તેમને પણ ખુશાલી થઇ. કેમ ન થાય? નીરૂ જ્યારે ભગીરથીના ભાગ્ય-ભૂવનો જોઇને રળિયાત થાય, ત્યારે તે ન થાય? સુરથને બોલાવ્યો પાસે લીધો. બકી કરી. આશિર્વાદ આપ્યો. નીરૂ, બાળકને લઇને અંદર પોતાના રૂમમાં ગઇ અને ખુરસીપર બેસીને પોતાના બાળકના ખભાપર હાથ રાખી પુછવા લાગી.

"બેટા તુ આજ સુધી ક્યા હતો?"

"બા! સુમનરાય કરીને કોઇ નાગર છે, તેને ત્યાં હતો. તેનો દીકરો ભગીરથ મારો મિત્ર થાય છે; પણ આજે સુમનરાય મને મારી નાખતા હતા. ભગીરથે મારૂ માદળીયુ ખેંચીને તેમને આપી દીધુ; ને તે માંહેનો કાગળ વાંચીને તેઓ ગુસ્સે થઇ ગયા!"

"ફિકર નહિ; તેનું ઘર મને કાલે બતાવજે હું !

"પણ તે પાછા મને મારશે તો ?"

"હું સાથે હઈશ કની ? ફિકર ન કરતો હું ! ' એમ કહી, તે સુરથને રસોડા તરફ લઇ ગઇ, અને જમાડીને નિરાતે સુવરાવ્યો. નીરૂને લાગ્યું કે નક્કી એ સુમનરાય પોતાનો ભરથારજ હશે, ને માદળીયા માહેનો લેખ વાંચ્યા પછી તેને આ પુત્ર કાળરૂપ લાગ્યો હશે. તોપણ તપાસ કર્યા પછીજ કંઇક પ્રયત્ન કરવો, એમ ધારીને તે પણ નિદ્રાવશ થઇ. રાત્રે એ ભગીરથે એ પોતાના પતિને નીરૂનો પુત્ર સાંપડયાની વાત કરી ! માતાને પુત્ર મળ્યો. પણ સુમનના મનમા તો ખટક રહી ગઈ. વીરૂએ તેને બહુ સમજાવ્યો, ત્યારે અંતે પસ્તાવામા પડયો, ને હવે પાછો સુરથ કયાં મળે, કે નીરૂનો પત્તો કહાડી શકાય, આ ભ્રમણામાં પડયા. કયા નારૂ ને કયા સુમન ! એ પણ વળી નદી નાવ સંજોગે મળશે. પણ પેલા સગુણરાય કાકા તરફ તો જોઇએ ? બિચારા કલાઠ કજીયાથી કયાયે રખડતા હશે ?

પ્રકરણ ૧૩ મું.

નવા સંસારનો નવો વહેવાર.

" કોના બાપ ને કોના દીકરા,
ચામડાનાં નાણાં, ને વાસણમાં ઠીંકરા;
મરજાદમાં માટી, ને શોભામાં ઝીંથરા,
વૈભવમાં વેલા, ને મીલ્કતમાં ચીંથરા."

" સસરાજી ? આપ નિશ્ચિંત થાઓ. આ ઘર તમારૂં છે, આ દર તમારૂં છે, અમે તમારાં બાળક છીયે. તમારી વૃદ્ધાવસ્થા પાળવી, એ અમારી પહેલી ફરજ છે." પુત્ર વધુએ સગુણરાયજીને શાંતિ આપી ભલી બાઇએ સસરાની દાઝ ખાધી.

" વહુજી ? તમે કૂળવાન છો. નીરૂની મા ગુજરી ગયા પછી, એ મ્હારી નાજુક મનની ને કોમળ તનની બાળકીને નણંદ કહો, કે દીકરી કહો, પણ એ ભાવનાયે તમે સભાળી છે. જ્યાં સુધી તમારૂં પવિત્ર પગલું મ્હારા ઘરમા હતુ, ત્યાં સુધી હું સુખી હતો, મ્હારો પ્રભુ રાજી હતો-મ્હારા દરવાજે ચાણ્ડાળ પગલાની સ્ત્રી આવી, મને કબુધિ સુઝી, અને ઘરડે ઘડપણ ફરીને પરણ્યો-પુત્ર પુત્રી છતાં પરણ્યો, તો મ્હારે આજે આ વખત આવ્યો સ્ત્રી-પુત્રને છોડીને, મ્હારે મ્હારા ખરા પ્રેમી-વડા પુત્રના શરણમા આવવુ પડયું; તમને તસ્દી આપવી પડી !" સગુણરાયે નમ્ર સાદે કહેવા માંડયુ.

" સસરાજી ? કોઇ વાર સંગતિ દોષે, ને ઘડપણની નબળાઇને લીધે વિચાર બદલાઇ જાય, ને તે વેળા કંઇ કઈ પસ્તાવાનાં સાહસ થઇ જાય છે. પણ હવે બની તે બની, એમ ગણીને વાત બંધ કરો-થોડો સમય અહીં ગાળ્યો છે, તેમ હવે વધુ—"

" લગભગ ઘર-કંકાસને ત્રણ વર્ષ વીતિ ગયાં-મ્હારી નીરૂ, અરેરે—" એટલુંજ કહેતાંજ ડોસાની આંખમાં ઝળઝળીયાં આવ્યાં,-ને જીભ અટકી પડી.

" એ અભાગી બહેનને કોણ જાણે શુયે સુઝયુ. કે કયાયે ગયાં ? હજી ખબર કે ખત કંઇ ન મળે ! કયાં પત્તો ક્હાડીએ ? સૌનાં ભાવી-થઇ વાતનો ઓરતો શો કરીએ ! ઘણાં રડીયે, પણ તેથી કંઇ મળી શકે છે ? દુ:ખ તો થાય, પણ શમાવવું જોઇએ. "

" મારો વિચાર હવે એક વાર છેલ્લે છેલ્લો ઘેર જઇ આવવાનો છે. બીજું તો દુ:ખ નથી, આ ઘર કંઇ પારકું નથી-મારૂ પોતાનું છે, પણ પેલો છોકરો રઝળી જશે ! એ રંડાની સોબતમા એ કુચ્છંદી થઇ જશે, તો બાપનું નામ બોળશે ! "

" જો તમારો દીકરો હમણા પા કલાકમાં હવે મીલમાંથી આવશે, તેની રજા લ્હો-ને એક મત કરીને જાઓ ! " હજી પુત્રવધુ એટલુ કહે છે ત્યાં વૈકુંઠરાય આવી ચડયો. બાપાજીના મોંપર ઉદાસી જોઇ-આંખ રડેલી લાગી-અને ઉંડો નિશ્વાસ નાંખતા માલમ પડયા. વૈકુંઠે આવતાજ પુછ્યું—

" બાપાજી ? કેમ ઉદાસ લાગો છો ! "

" કંઇ નહિ દીકરા ! એતો સ્હેજ ! ચાલો, જમવાનુ તૈયાર છે, આજે કઈ બહુ વાર લાગી ? " ડોસાએ વાત ફેરવી. છેક બાર વાગ્યા-ભુખ્યો-તરસ્યો કામથી થાકેલો વૈકુંઠ જ્યાં ઘેર વિશ્રાન્તિ લેવા આવ્યો, ને ઘરમા પગ મુકતાજ ભવાડો જાણે, તો તેને કેવું થાય ? એ માટે ડોસાએ વાત ઉડાવી દીધી. વૈકુંઠે જાણ્યુ. તેણે પણ વધુ વાત ન છેડી, ને જમવા માટે ન્હાવા ગયો. ત્યાં ડોસો પણ પાટલા નાંખીને આસને બેસી ગયો.

બાપ દીકરો નીરાંતે જમ્યા-પાનસોપારી ખાઇને ઝુલાપર બેઠા.

તે વખતે ડોસાએ વાત ઉચ્ચારી, અને પોતે પાટનગર–ઘર તરફ જવા ઇરાદો બતાવ્યો. વૈકુંઠ પ્રથમ તો વિવેક ને આનાકાની કરી, પણ ડોસાનો અત્યાગ્રહ થયો, એટલે જવાની હા પાડી, અને એમ પણ કહ્યું કે, નવી કાકીને પસંદ હોય, તો હવે અમે સાથ રહી શકવા ઇચ્છાવંત છીયે; ડોસાના મનમાં એથી વધુ આનંદ થયો, ને રાતનીજ ગાડીમાં રાજનગરથી પાટનગર યાને અમદાવાદથી પેટલાદ તરફ જવાનો ઠરાવ કર્યો.

વાચનાર, કાકા સગુણરાયે, વૃદ્ધકાળે, નવી સ્ત્રી કરી છે, એ પ્રકરણ તું વાચી ગયો છું. સ્ત્રીના કલહમાં કેટલોક વખત ગુમાવી દીધો; ને છેવટે તેનો મોટો પુત્ર, ઘર છોડી–વતન પેટલાદ છોડીને, અમદાવાદમાં એક મીલ–કલાર્ક તરીકે નોકરી રહેલો છે.

અહીં તે સારી હાલતમાં રહે છે. અને તેને એક પુત્ર છે, તે સિવાય કંઇ સંતાન તે પછી થયુ નથી. ડોસા અકળાયાથી તે પોતાના વડા પુત્રને ત્યા આવીને રહેલા છે, તેને બે વર્ષ લગભગ વીતિ ગયાં છે. હવે તે પાછા પોતાની પ્રિયા કને જાય છે. પ્રિયાને મન હવે પતિ જીવતો કે મરેલો, એવુ છેજ નહિ; કેમકે પોતાને ને પુત્રને ખાવા જેટલું ધન–અન્ન હાથમાં, પછી પરવા શી ? વળી ઘરડો વર અને મનમેળાપ ઓછો, એટલે પરવા શી ? ગમે તેમ હોય. પણ ધણી તે ધણી !–બે વર્ષે પણ જેમ ડોસાને તેની પ્રતિ દીલ દોડયું, તેમ કાણીકાકીને પણ મન ચોટયુ; તેણે પણ મનમાં વિચાર્યું, કે મ્હારે નાથને મનાવા જવુ; જે દિવસે કાકાને સૂચન થયુ, તેજ દિવસે કાકીને થયુ, કાકા રાતની ટ્રેનમાં પેટલાદ આવવા નીકળ્યા, ત્યારે કાકી વળતે દહાડે સવારે અમદાવાદ જવા નીકળ્યાં ! કાકા હજી દસ વાગે ઘેર પહોચે. ત્યાં કાકી નવ વાગે અમદાવાદ પોતાના સાવકા પુત્ર વૈકુઠને ત્યાં, પોતાના વરજીને તેડું કરવા, પેલા લાડકા પુત્રધન સાથે પહોચી ગયાં ! હવે શુ ગમ્મત થાય છે, તે જોવાની છે ! રખે, કાકાસાહેબ એમ ન

સમજે કે વઢકણી વહુ, પોતાના પુત્ર સમેત, કાકાને નામે કાશી કરવત મુકાવા ગઈ હોય !—કુદરતનો ભેદ ન્યારો છે, ચાલો તેમનુ તો થવાનુ હશે તે થશે; પણ નીરૂના ભાવીનો વધુ લેખ વાચીયે; તેનું આકર્ષણ પતિ પ્રતિ થયુ છે તેનો શો નિસ્તાર આવે છે, તે જાણીયે !—

પ્રકરણ ૧૪ મું.

કુદરતી સંજોગ,

વિનોદરાય સોલીસીટરને ત્યા પુત્ર જન્મ થયા પછી તેમની નકલી સુધારક વૃત્તિ જુદા રૂપમા બદલાઇ ગઇ હતી. કુદરતની અકળ લીલા આગળ માણસ અજબ રંગમાં ફેરવાઇ ગયલુ જણાય છે. વિનોદરાય મોટે ભાગે હાલ રીટાયર્ડ લાઇફ ભોગવે છે ઓફીસમાં જાય છે પણ કામકાજમાં પુરતું લક્ષ નથી દેતા; માત્ર એકાદ બે કલાક ગપ્પાં મારવા ખાતર દેખાવ દે છે, બીજુ બધુ કામ ભાગીયા સોલીસીટરો સંભાળે છે !

વિનોદરાયતો હવે મીટીંગો, દેશસેવાનાં કામો, લેવીમા, અને તેવી બીજી બીજી રમત–ગમતની જગ્યાઓમાં જાય છે ! ક્રમબખતી તે ફ્રીમેશન થયા અને વળી થીઓસોફીકલ સોસાઇટીના અનુયાયી બન્યા ! મીયા મહાદેવનો જોગ પણ ચાલુજ રહેવા દીધો ! હોટેલની ચા પીવી પડે, પણ સાથે અગ્યારસ પણ કરવી પડે !

એક દિવસ સુમન તથા વિનોદરાય એકાએક મળી ગયા. સંજોગ વચ્ચે તેમની ભેદી મુલાકાત થઇ ગઈ. મી. ગોળવાળાના બાથમાં તેમની ભેટ થઇ ગઈ. મી. વિનોદરાય હજી ન્હાવા પડયા, ત્યા સુમન કિનારાપર આવી લાગ્યો.

"કોણુ અલ્યા સુમન ? તું ક્યાંથી ?" વિનોદે એકદમ ચમકીને પુછ્યું.

"હા, હું સુમન ! આપને મળવા આવ્યો છું, કાકા ?" વિવેક રાખીને, મનમા દુ:ખનો અંગાર છતાં, ગરમી બતાવીને નહિ, પણ પ્રકાશ દાખવીને બોલ્યો !—

"હુ ઘણો ખુશી થયો; મને બહુ ઉપકૃત કર્યો !" વિનોદ દીનવદને, એકદમ જળકુંડમાંથી બહાર નીકળીને સુમનનો હાથ પકડી, શેકહેન્ડ કરતા બોલ્યા—સુમન નીચી નજરે જોઈ રહ્યો.

"કંઇ નહિ, કાકાજી !" એટલુ બોલી—આખમાંથી દડ દડ આંસુ પાડવા લાગ્યો.

"મ્હારા નિર્દોષ સુમન ! તુ નિર્દોષ છુ ! માત્ર મ્હારી ભૂલનો તુ ભોગ થયો હઇશ, પણ હવે કયાં ને કેમ છે ?"

"પ્રભુ આધારે કિનારે પહોચી ગયો છુ ! પ્રભુએ એક પુત્રની ભેટ આપી છે; અને શાન્તિમાં, ચોપાટીપરના એક ખરીદેલા બંગલામા—સુખ નિવાસ કરૂં છુ !"

"એહો ! ધન્ય ભાગ્ય ! એ ત્હારી સુનીતિનું ફળ ! પણ હવે તુ મને મળીશ કે ?"

"હા, કાકાજી ! આજે ઓફીસમાં મળીશ !"

"મને તારી વચલી સ્થિતિના બનાવોની બધી પુરેપુરી વાત કહીશ કે ?"

'શા માટે નહિ કાકાજી !'

"તું બહારગામ હતો કે ? મને થોડું પુછવા દે !"

"હા—જી ! મને મુબઇમાં આવ્યાને વર્ષ દીન થયુ"

"ઓ હો ! ને ત્યા સુધી કાકાજીને યાદ ન કર્યા ?"

'હું હજી અંતર પારખી શકતો નથી, તેથી—"

"વેલ, જે થાય તે સારા માટે-હવે હું ખોટી થવા કે કરવા માગતો નથી. બરાબર ચાર વાગે, મ્હારી ઓફીસમાં આવજે ! ગુડ-મોરનીંગ !" વિનોદે ઘણા માન તથા હેત સાથે સુમનને શેકહેન્ડ કરી, અને હસતે ચ્હેરે વિદાય થયો. ન્હાયલા શરીરે હતો, તેથી કપડા બદલીને ઘર તરફ રવાના થયો.

આહા ! ભલાની ભલાઇ છે; જ્યારે ઉચ્ચ સ્થિતી પર કુળવાન ચડે છે, ત્યારે પણ પોતાના પરની આફત, કે ગરીબાઈ ભૂલી જઇને ગર્વ કરતો નથી, સુમન બધી આફત, દોષ ને પીડા ભૂલી ગયો. ને કાકાજી સાથે યોગ્ય વર્તનથી વ્યવહાર ચાલુ કર્યો. તે ન્હાઇને ઘેર ગયો, ને પોતાની પ્રિયાને વાત કરી; એજ રીતે વિનોદે પણ ભલી ભગીરથીને ખબર આપી. ભગીરથી કંઇ ઝાલી રહે ! તેણે તાણી તાણીને વિનોદને કહ્યુ કે ગમે તેમ કરીને સાંજે તેને બંગલે ઘસડી લાવવો ને આખરે તેમજ થયુ.

પ્રકરણ ૧૫ મું.

તાજો ઘા !

"બહેન ! તમારૂં નામ વીરમતી છે અને તમે જાપાનમા બચપણુ ગાળ્યુ, એ તો આજેજ જાણ્યું ! વારૂ, સુમનરાય પરણેલા છે, એ વાત તો તેમણે કરીજ હશે !" ભગીરથીયે, વીરમતીને પ્રશ્ન કર્યો.

વાંચનાર ! ભગીરથીયે વિનોદના મુખે સુમનની વાત જાણ્યા પછી એ અધીરી લલનાયે, તેની સ્ત્રીને મળવા આતુરતા દેખાડી, અને તેણીને પણ બોલાવી, સુમન ઓફીસમાં ગયો, અને વીરમતી એકલી અહીં આવી. ભગીરથ રમવામાં રોકાયો હતો, કોણ જાણે શા માટે તેણે અહીં આવના હઠ કરી હશે ! શું સુરથ મળે, તો કંઇ નવુ

અજવાળુ પડે, એ અટકાવવા, કુદરતે તેના હૃદયમાં પ્રેરણા કરી હશે ?—

" માજી ? એમણે કહ્યા પહેલાં વર્તમાનપત્રમાં આવેલી હકીકતથી મારા પિતા જાણીતા હતા, એમ પાછળથી માલમ પડયું. પણ માત્ર એ બાનુના મરણ ખબરની રૂઢીએ લખાયલું હતું, યાને ઘેલી થઇને આપઘાત કર્યો, એવા સમાચાર હતા !"

" ને તે પછી સુમને પરણવાનો વિચાર કર્યો હશે ?"

" નદી–નાવ સંજોગ–ભાગ્ય યોગ બની ગયો, ને લગ્ન નક્કી થઇ ગયુ !"

" આજ તમે સુખી છો કેની ?

" તમે મ્હારી હાલત ને મ્હો પરથી શુ ધારો છો ?"

" હું તમને સંપુર્ણ સુખમાં જોઉં છું; પ્રભુ તમારૂં સુખ અખંડ રાખે ! બિચારી નીરૂ નાહક વહેમનો ભોગ થઇ !"

આ વખતે નીરૂ, દિવાનખાનાની બાજુના દરવાજા કને ઉભી ઉભી સાંભળતી હતી. પોતાની બદબખ્તીનો તમાશો જોતી હતી. પોતાના ભાવીની ઉથલ–પાથલ જોતી હતી, પોતાના સુખ–વૈભવના રાજમાં મહાલતા રૂપસુંદરીની ચિત્ર–કાન્તિ નિહાળતી હતી. તેની ભલાઇ કે ભુંડાઈ, મોટાઇ કે ખોટાઇ તપાસતી હતી. ભલી વીરૂ કંઇ નીરૂના સદ્‌ગુણ કરતા હડે તેવી ન હતી.

" ભાગ્યની વાત ! જુઓ એવાજ મન પરિતાપ ને સંસારી સંતાપમાં–આપની પુત્રી મધુરી પણ દુ:ખ લઇને ગયાં ?"

" તમને એ વાત કોણે કહી ?"

" મ્હારા સ્વામીનાથે પ્રસંગોપાત વાત કરી હતી–એમનુ જાપાન તરફ આવાગમન કેમ થયું, તેનો ખુલાસો કરતાં આ વાત કરી હતી !"

" મધુરી ! હા ! મ્હારી રંક દીકરી પર કુદરતનો કોપ ગુજર્યો હતો.

" માણસ ઘણી વેળા ન ધારેલી આફતમાં આવી જાય છે, વહેમનું ને સ્વભાવનું ઓસડ નથી હોતુ ! પરબન્ધન જીદગી તેમા સ્ત્રીઓની જીદગી, દેશી સસારમાં ત્રાસદાયક છે. અજ્ઞાન, વહેમ, ને અવિશ્વાસે દેશી સંસારનું સત્યાનાશ વાળ્યું છે! ડગલે ને પગલે વહેમ! કોઇ સાથે વાત કરતા જુએ તો વહેમ ! નિદા અને અદેખાઇ તો ભારે, ભાર ભરેલી દેખાય ! અફસોસ ! એવો હીદ દેશ ક્યારે થાય, કે " ભલે જુવાન દીકરી સાથે એકલો પુરૂષ ફરે, તોપણ પોતાની પુત્રી સદઢ મનની છે, ભલે પુરુષ ભોળવે કે લલચાવે ફિકર નથી !" એવો દઢ વિશ્વાસ પેદા થાય ! "

" વીરમતી બહેન ! ધારો કે નીરૂ જીવતી મળી આવે, તો શુ સુમન તેમને રાખે ? ને તમે તેમની જોડે રહી શકો ! "

" હુ પ્રતિજ્ઞાપૂર્વક કહુ છુ, કે એ બાઇને હુ મ્હારી મોટી બહેન તરીકે જાળવી રાખું ! એમને હું પહેલુ સ્થાન આપુ ! કેમકે મ્હારા કરતાં તેનો હક પહેલો છે; સત્ય કહું છુ કે હુ કઇક એવી ફરજ બજાવી ચુકી છુ, કોઇ વેળા જણાશે " વીરુએ ઉછળતા દીલે ખરા અંત:કરણના ઉભરાથી આ પ્રતિજ્ઞા જાહેર કરી.

" વાહવા ! ધન્ય છે. શિક્ષણ તો એનુ નામ ! સુધારો તો એ ! વીરમતી ! હું ન્હોતી ધારતી કે તમે એટલી હદ સુધી મોટા દીલનાં હશો. પ્રભુ તમારૂ ભલુ કરે ! પણ તમારા પુત્ર ભગીરથને અહીં કેમ ન લાવ્યા ? મને તેમને જોવાની બહુ ઇચ્છા છે. "

" બીજીવાર લાવીશ, અગર મોકલીશ. પણ હવે મને રજા આપો તે એકલો છે, બીજીવાર આવીશ ! "

" સુમન આવે, એટલે તેની સાથેજ જાઓ ! "

" ના—હુ વહેલી જઇશ. તેઓ આવ્યા પછી વળી એ વળગશે, ને ભગીરથ વાટ જોતો રહેશે ! " વીરૂએ ભગીરથીનો હાથ લઇ વિનવવા લાગી. ભગીરથી વિચારમા પડી.

" રજા આપવી કે નહિ ? એટલામા વીરની નજર પેલી નીરૂ પ્રતિ પડી. "

' પેલી બાઇ કોણ માજી ? "

" એ મારી ભલી ને શુભ પગલાંની અનાધાર રહેલી બાઇ છે. બહુ ગુણી અને ડાહી છે. એમનું નામ નિર્મળા છે ! "

" આવોની બ્હેન ! ત્યા એકલાં ઉદાસ કેમ ઉભાં છે ? "

" ના—કંઇ નહિ ! " નીરૂએ હસતે મ્હોડે ઉકળતા લોહીએ જવાબ દીધો. અદેખાઇથી નહિ, પણ અવળાં ભાવીને દોષ દેતી, રીસમા નહિ પણ ભલાઇથી જવાબ દીધો.

" વીરમતી ? ત્યારે તમે એકલાં ન જાઓ. વિક્ટોરીયા ભાડે કરીને સાથે નિર્મળાને પણ લેતા જાઓ ! એ તમારૂં ઘર જોઈ જશે, તો કોઇવાર કામકાજે મોકલવાને હરકત નહિ પડે ! "

" વા., હૂં ખુશી થઇશ. તેમને પાછી એજ ગાડીમા મોકલીશ. "

" નિર્મળા ! તમે બ્હેન સાથે જાઓ ! રામાને ભાડુતી ગાડી લાવવા કહો ! "

" વા. મા !" એટલુજ કહીને તે અંદર ગઇ,

" એમનુ મન કંઇક ઉદાસ લાગે છે ! શુ એઓ વિધવા છે ? "

" ના—તેમનો પતિ છે. પણ ન્હાસી ગયો છે. એમને એક પુત્ર છે, ગરીબ બિચારી! પુત્ર ગુમાવેલો, પણ અકસ્માત તેમને મળી ગયો ? એ પણ હવે અહીજ રહે છે. "

" જાતની કોણ ? વતન ક્યા ? "

" નાગર બ્રાહ્મણી તો કહે છે ! વતન તો ગુજરાત—પાટણ તરફ બતાવે છે. અમે તો તેમને જુદુ જમવા આપીયે છીયે. "

" ભલી લાગે છે ! એમના પર મને જાણે કુદરતી ભાવ થાય છે, વારૂ, ' રજા લઇશ. માજી ! ફરી મળીશ ! " એટલું કહીને

વીરૂ ચાલી. પાછળ ભગીરથી ગઈ. આહા! આ વખતે નીરૂની દશા કેવી હશે?—વાચક, આગળનો સંબંધ તપાસીયે! નીરૂના હૃદયમાં લાગેલા તાજા ઘાની રૂઝ કેમ આવે છે, તે તો જોઇએ?

પ્રકરણ ૧૬ મું.

અકાળ—સંયોગ.

"નિર્મળા બહેન! તમારા ચહેરા પર કઇ બહુ ઉદાસી લાગે છે?"

"એતો મ્હારા મ્હોડાનો ભાવજ એવો છે, બાઇ!"

"તમે પતિ ગુમાવ્યે કેટલાં વર્ષ થયા?" વીરૂએ ચાલતી ગાડીયે પુછના માડયુ.

"પાંચ-સાત તો થયાં હશે!"

"તમારે ને તેને કંઇ કલેશ થયો હતો?"

"ના—મધુરી બહેન." એટલુ કહેતા નીરૂ અટકી પડી!

"બોલો! બોલો! મધુરી બહેનનું શુ!"

"ના—ના—એ તો હું ભુલી! મધુરી બહેનની જેવીજ વાત હતી, તે કહેવા જતી હતી!" નીરૂએ વાત પલટાવી તેને એકદમ ભાન આવ્યું કે પોતે શુ બકી જાય છે."

"શું તમારે મધુરી બહેન જેવો કલેશ હતો! તમારો પતિ ઉચ્છૃંખલ હતો?"

"ના—પણ—ભૂલ—ભૂલામણીમાં કંઇ મતભેદ થઇ ગયો હતો, હશે! ગઇ ગુજરી શી યાદ કરવી!"

"તમને પુત્ર થયા પછી કેટલે વર્ષે તમારા પતિ ગયા?"

"એઓ ગયા, ત્યારે મને ગર્ભ હતો!"

" એ વાત તમારા પતિ જાણુતા હતા ? "

" તે વાત હું નથી જાણુતી, પણુ મ્હારાં સાસુએ જાણ્યું હતું ! "

" તમારાં સાસરાં કયા ગામના, બહેન ? "

" અમદા—અરે ના–પાટણુ તરફનાં ! "

" તમે અમદાવાદ બોલવા જતાં હતાં ને ! "

" ના, ત્યાંના મૂળ રહીશ ખરા, પણુ પછી પાટણુ તરફ આવેલાં–"

" તમારા પુત્રનું નામ ? "

' સુર–હા–સુરદાસ ! "

" કેમ વાતમા ભંગ પડે છે, બહેન ! મને કહેવામા કંઇ હરકત છે ? શરમાઓ છો શા માટે ? હોય ! સંસારમાં સુખ–દુ:ખ આવે, ને સ્થિતિ પણુ બદલાય ! મોટા છતાં નાનાં થવાય, પણુ તેથી હલકાપણું તો નજ આવે ! કહો–તે હાલ અહીંજ છે ? "

" હા: મ્હારી સાથેજ છે ! ભણે છે ! ભગીરથી બહેનનો પ્રતાપ બહુ છે ! "

" તમારાં સાસરા તમને રાખતાં નથી ? પિયરમાં કોઇ નથી ? "

" ના–હા છે, પણુ—"

" તમને કહેવામાં કંઇક આચકો લાગે છે, તમારૂં મન ને મગજ લગાર અસ્થિર છે ખરૂં ? "

" હા; મને સભ્રમણા છે ! વાત કરતાં તરત વિસરાઇ જવાય છે !"

" એ તમારાપરની આફતની ભ્રમણા હશે ? "

" હા; કંઈક એમ લાગે છે; પણુ બહેન, તમે તો સુખી છો કે ! તમારા પતિનો સ્વભાવ તો વહેમી નથી કેની ? "

" ના–તેમને વહેમ પડે, એવો પ્રસંગ હું લાવવા દેતી નથી. તેમની ટેવો હું પારખી ગઇ છુ, એટલે તેમને કશું ઓછું પડવા દેતી નથી. તેમની મરજી સાચવુ છુ. એટલે તે સદા મ્હારાપર પ્રસન્ન રહે

છે. મને તેમનોજ આધાર, એટલે અન્ય વસ્તુપર પ્રીતિ નથી, ને તેમનીજ પ્રીતિ, એટલે તે મને ચાહે છે।"

"વાહવા! સ્ત્રીયો ખરે એવા સ્વભાવથી વર્તે, તો જરૂર તે પતિની વ્હાલી થાય! મનમા એક ડોળ, બહાર બીજું બતાવે; પોતેજ લાડ ને વ્હાલ માગે, ને તે રોબમા, મદમાં, મિજાજમાં, પોતાના રૂપ રંગ કે જુવાનીના તોરમાં, અથવા તો પતિની મોહક નબળાઇમાં પોતે અઘટિત લાડનો લાભ લ્હે; એ સંસાર સુખથી ન ચાલે—એવા વર્તનથી પતિ સ્વચ્છ મનનો છતા વહેમી બને! તમે ભાગ્યશાળી!"

"પ્રભુ એક મ્હારા પુત્રને જીવતો રાખે તો તેની સાથે પરણ્યાનુ સાફલ્ય થાય! આપણે તો પતિ વંશ રાખી દેવાનાજ અધિકારી છે. ભોક્તા થવુ, એ પતિના પુન્યનુ છે."

"સત્ય છે, બહેન! તમારા જેવી ભલી સ્ત્રી સર્વને સાંપડે!"

હજી નીરુ આ શબ્દ બોલે છે, ત્યા ગાડીના ઘોડાને ઠેસ વાગી—ને એકદમ અથડાઇ પડ્યો, તેનીજ સામે ગાડી આવતી હતી, તેનો આંચકો લાગ્યો, અને વીરુ ઉપર નીરુની કાયા અથડી, તેવોજ વીરુ ગાડીમાથી ડાબી તરફ સરી પડી. પેટમા સજડ આચકો લાગ્યો ને તે બેભાન થઇ ગઇ. ઘોડાવાળો ઉતરી પડ્યો, ને ગાડી તથા ઘોડાને સભાળવા લાગ્યો. નીરુએ વીરુને સભાળી રસ્તામા માણસો એકઠા થઇ ગયા, અને તરતજ પાસેના એક હીંદુ ચાયવાળાની દુકાનેથી પાણીનો ગ્લાસ લાવીને એક જણે વીરુને સાવધ કરી, અને તે બીજી ગાડીમા બેસીને રવના થઈ ગયાં!

અફસોસ! રસ્તામાં વીરુના પેટમાં દુખારો શરૂ થયો તરત સુમનને ટેલીફોનથી ખબર આપી, અને પાસે રહેનારી મીડવાઇફને બોલાવી વીરુને ચાર માસનો ગર્ભ હતો. અને ગર્ભ નુકશાન પામ્યો હતો. સુમન એકદમ આવી પહોંચ્યો. વીરુના અકસ્માતથી તે ગભરાઇ ગયો.

ડોકટરને બોલાવ્યો. અને સારવાર ચાલુ કરી, પણ એક કલાકમાં વીરૂને કસુવાવડ થઈ પડી—ગર્ભ કાચો સરી પડયો !

નીરૂ અહીં સારવારમાં રહી. આ હરેકત ને અગવડમા તેનાથી જઇ શકાયુ નહિ ! ભગીરથીને ખબર પડી, તે પણ દોડી આવી, અને નીરૂને વીરૂની સંભાળ કરવા રાખીને પોતે ઘેર ગઇ !

સુમન નીરૂને જોઇ જોઇને દુઃખી થતો હોય, એમ લાગ્યું! નીરૂને યોગ્ય તક મળી ગઇ, તે વીરૂને ઘણીજ માયા મમતાથી સારવાર કરવા લાગી. સુમન ખરેખર તેના ઉપકાર તળે આવ્યો. વીરૂ તો તેને હૃદયભાવે ચાહવા લાગી. નીરૂના ભાગ્યમા એ રેખા મોટી હતી. તે શુભ પગલાંની હતી..જયા જતી ત્યાં માન પામતી, એ માત્ર તેના શુદ્ધ અંતઃકરણનોજ પ્રતાપ હતો. તે જયા જતી ત્યાં એક દીલે રહેતી. સત્ય ભાવના, ને શુદ્ધ પ્રેમથીજ તે પુજાતી હતી. આ અકાળ સંજોગનુ શુ પરિણામ આવે છે, તે હવે જોવાનું છે.

પ્રકરણ ૧૭ મું.

મતી પ્રમાણે ગતિ !

बुद्धि कर्मानुसारिणी અથવા **तादृषी जायते बुद्धिः** એ મહદ્વાકય યથાર્થ છે. જે પ્રમાણે ગતિ જવાની હોય, તે પ્રમાણે મતિ ઉપજે છે ! દુર્યોધનને ભ્રષ્ટબુદ્ધિ, એ તેના નાશનુ કારણ થઇ પડયુ !

નિર્ગુણરાય જડજ હવે વૃદ્ધાવસ્થાના સીમાડા ઉપર આવી પહોચ્યા છે ! તેમને રીટાયર્ડ થવાને બે ચાર માસની વાર છે, એ દરમ્યાન તેમની મતિમા અનિવાર્ય ફેરફાર થઈ ગયો છે, જેમ તે અવસ્થાના સીમાડાપર આવી ગયો, તેમ તેનો ચમકતો સિતારો, સંધ્યા

કાળને શરણે જઈ પહોચ્યો ! તેનુ તેજ, માન ને પ્રકાશ પડી ભાગ્યો ! તે દુર્વ્યસની ને કુસંગી બની ગયો ! અને તેનું પરિણામ એ આવ્યું કે તે કુદરતની ભેદી શિક્ષાને લાયક થયો ! નિર્ગુણુરાયનો કડક મિજાજ, મદાંધીપણુ, આપમતી, અને સર્વત્ર અનુભવનો બકરો બનવાનું હોળ ઘાલી, સમતોલપણું ગુમાવી દીધેલુ આપણે જોયું–જાણ્યું છે ! આ જડજ સાહેબના ઉદ્ધત વિચારો અને આકળા સ્વભાવને લીધે, એક ગુણીયલ પુત્ર એક પુત્રવધુને ગુમાવી દીધી છે. એ બને પવિત્ર ને ભાગ્યશાળી–પુન્યશાળી પગલાં ઘરમાથી ગયા પછી તરેહવાર કંકાસ વધવા માંડ્યો. વિધવા કજીયાનું જોર અતી ચાલ્યુ અને તે હવે મોટી ભાભીની કેડે પડી. ભલો નાનું તો મહારાજા જેવો હતો તે એક અક્ષર પણ લાંબો–ટુંકો કરનારો નહતો. નિર્ગુણુના ભાગ્યનો અંધાપો શરૂ થયો. કજીયાના કકાસે આખરે મોટી ભાભીએ કુવામાં પડીને આપઘાત કર્યો, અને બીજેજ મહિને નાનુભાઇ ટાઇફોડ તાવની બિમારીમાં વિદેહ કૈવલ્ય પામ્યા ! અફસોસ ! હવે ઘરમા બીજું કોણુ ? શીવગંગા ને કજીયાબાઈ ! પુરુષ–વર્ગમાં શેઠ એક, તે પણ હવે સાથીમી વગરના થવાના; એટલે "નવરો બેઠા નખોદ વાળે," ને "નવરો હજામ અસ્ત્રા ઘસે, ' તેમ "નવરો અમલદાર કજીયા કરે" તેવી હાલત થઇ પડી !

નિર્ગુણુરાયની સરકારી અમલદારી પુરી થઇ અને ત્રણુસો રૂપિયાના પેન્સનપર આવી બેઠા ! હવે કામ ધંધો પડી ભાગ્યો ! મિજાજ અને રોફ તો જેવોને તેવોજ હતો ! બે છોકરા જુવાન ગયા, તોપણુ તેની મુછનો આકડો નમતો નહોતો ! હૈયામા હોળી છતાં મ્હોડાપર દિવાળીના દીવાનું બનેલુ તેલ લગાડીને મ્હોં લાલ રાખતો–ચળકતુ રાખતો હતો ! અફસોસ ! એવા બડેખા મગરૂરનું ગુમાન કેમ તૂટે છે, તે જુઓ !

નવરા બેઠા, એટલે હવે કલબ શોધવા માંડી ! કેટલાક વકીલો, અને બાટલીદાસોની એક રમતીઆળ કલબ હતી, તેમાં નામદાર કાકા સાહેબ મેમ્બર તો હતા, પણ હોદ્દાની મગરૂરી અને કમ ફુરસદથી ત્યાં જતા નહતા; હવે તે જવા લાગ્યા ! પાના પણ રમવા માંડયાં ! દારૂ પણ પીવા શરૂ કરી દીધો ! ચીરુટ તો સાધારણ ધુમાડો હતો ! અને ધીમે ધીમે પાલી તાડીવાલાની વાડીમાં, કેટલાક કુમિત્રો જોડે. પેલા છત્રના માછલાનો નાસ્તો અને તાડી-બીસ્કીટ પણ અડાવા લાગ્યા ! મી. કામાના હોટલમા એકાદ ફેરો અઠવાડીયાનો તો ખરો; કેમકે નવા ખાણાની લ્હેજત લેવાનું મન થાય ! વળી ફ્રીમેશન ખરા, એટલે તે મંદિરમાં પણ પાર્ટી વખતે જરૂર હાજર રહે ! આ સર્વ પ્રકારના દોષો શરૂ થયા; કમબ્ખતીના પાયા નંખાઈ ગયા !

આ તો રોજની "સેલ્ફ-હેમીટ" નું પ્રોગ્રામ રજુ થયુ. હવે ધંધાપર આવીએ ! આપણે સારી રીતે જાણીયે છીયે કે અમદાવાદમાં "**મીલ મેનીયા**" અથાગ વધી પડયો હતો ! એ સમયમાં એક વાણીઆએ "**એમ્પાયર**" મીલ કહાડી; અને તેમાં વડા ભાગીદાર તરીકે નિર્ગુણરાય નક્કી થયા. નાણાની મોટી રકમ તેમાં રોકી ! પહેલે વર્ષે પાક સારો થયો, સ્વદેશી ચળવળ વધી પડી, અને મોટો નફો થયો. બીજે વર્ષે વીવીગખાતુ વધાર્યું; એકાદ લાખ તેમાં વધુ ઉમેરાવ્યા-અને કામ ચાલ્યુ ! દૈવયોગે એ વર્ષે દુકાળ પડયો ! પાક બગડયો. અને મીલ મોટી ખોટમા આવી પડી ! ત્રીજુ વર્ષ પણ નબળું ચાલવા લાગ્યું ત્યારે નિર્ગુણરાય લાબા થઇ ગયા ! તેની મતિ ફરી ગઈ, અને મીલમાં ખોટી રીતે આગ લગાડી ! અફસોસ ! એ કાવતરૂ પકડાઇ ગયુ, અને નામદાર તો સેસન કમિટ થઇ ગયા !

એક તરફથી આ આફત આવી, ત્યારે બીજી તરફથી રાંડ કજીયાએ કાળું કર્યું ! તે એક પોતાના ઘોડાવાળા સાથે અલ્પચારી

કરવા લાગી ! હરામી ઘોડાવાળાએ તેને વશ કરી લીધી. અને ઘરમાં મોટી ચોરી કરાવી. થોડું ઘણુ ધન હાથ આવ્યુ, તે પટકાવી લીધું; અને કજીયાબાઈને અળખામણી કરી દીધી. પોતાને માથે કરજ છે, અને જો તે ન અપાય તો આપઘાત કરવો પડે, આ બ્હાનાંએ કજી-યાને ભોળવી લીધી. ને કેટલીક રોકડ તથા દાગીના ઉચકાવી લીધા. બીજે દહાડે ઘોડાવાળો વજો માપવાની તૈયારી કરવા લાગ્યો, પણ કજીયાએ તેને જવા ના કહી. લાચાર, ઘોડાવાળો હાર્યો, આખરે તેણે તક લીધી. નિર્ગુણરાયપર ક્રીમીનલ કેસ ચાલવા માંડયો, તેની જ્યારે ગડબડ ચાલી, ત્યારે તે તકનો લાભ લઈને ઘોડાવાળો, કજીયાબાઈ સમેત મુબઈ તરફ રવાના થઈ ગયા.

અફસોસ ! જ્યા પાલગડ આવ્યુ, ત્યાં પકડાઈ ગયાં. ઘોડાવા-ળાના હાથમાથી પેલુ રોકડ–દાગીનાનુ બચકુ સરી પડયુ; અવાજ થયો, ને પાસે ઉભેલા રેલ્વે પોલીસના જાણવામાં આવ્યુ. શક ઉપરથી તેઓને પકડયાં, ત્યારે ઘોડાવાળાએ બચાવમાં એમ કહ્યુ, કે મ્હારી શેઠાણીના દાગીના છે; ને તેમને મુબઈ મુકવા જાઉ છું ! સીપાઈએ સહાદત માગી. તેણે કજીયાને સ્રીના ડબામા બેઠેલી બતાવી. સિપાઈએ તેણીને પુછ્યુ કે "આ ઘોડાવાળો તેનો નોકર છે ? અને દાગીના તમારા છે ?" કજીયાએ હા કહી દીધુ, સારે ભાગ્યે અહીથી તો છુટયા. પણ પેલા ડીટેક્ટીવ પોલીસની આખ પર આ બન્નેને ચડાવી દીધા. પાલગડથી પોલીસે પુછેલુ કે તે કયા જવાનાં છે, ને કયાં ઉતરવાના છે, પેલા ઘોડાવાળાએ ગપ મારેલી કે તેઓ ગ્રાન્ટરોડ ઉતરવાનાં છે અને વાલકેશ્વર બગલે જવાના છે.

રેલ્વે સિપાઈએ ડીટેકટીવને ખબર આપી. ઘોડાવાળાની જાણે બલા કે પોતાની પાસે બેઠેલો ડીટેકટીવ પોલીસ છે ! કેમકે તે તો સાદા પોશાકમાજ હતો. ઘોડાવાળો તો ગ્રાન્ટરોડ બદલે દાદર ઉતર્યો ને

કજીયો ને પણ ઉતારી. પેલો ડીટેકટીવ તરત ચેતી ગયો. તે પણ ઉતરી પડયા. જે આ બન્નેનો ફારસ જોવા લાગ્યો. તેમણે ટીકીટો આપી. દરવાજા બહાર ગયાં, કે પોતે પણ બહાર નીકળ્યો. જાણે પેસેજર હોય, એવી ઢબે તે એમની જોડે ભગી ગયો. અને તેઓ કયા જાય છે, તેની તપાસમા પડયો. આ ભાઇને તો દાદર બી, બી. માંથી જી. આઇ. પી રસ્તે નાશીક જઇને ભરાવાનો વિચાર હતો, જેવો તેણે સામી બાજુનો રસ્તો લીધો, કે ડીટેકટીવે પણ તેજ માર્ગ હાથ ધર્યો, અને રસ્તામાંજ તે લોકોને પકડી લીધાં. દાગીના–રોકડનું બચકું ખુચી લીધુ, અને બન્નેના હાથમા કડીઓ નાંખી દઇને પોલીસ ચોકીમાં ઘસડી ગયા. અફસોસ! કજીયાને તો બોય ભારે થઇ પડી, પણ હવે કરવું શુ? ભલું થાય એક મિત્રનું, કે પોલીસ ચોકીમાં એક હીંદુ કલાર્ક હતો ને તે અમદાવાદી હતો તેણે કજીયાને ઓળખી. એ ઉચ્છૃ-ખલ ન્હોતી છતાં ફસાઇ પડેલી લાગી. સાહેબને સમજાવી દીધુ, કે આ હરામખોર પેલી આબરૂદાર ઘરની છોકરીને ઉઠાવી લાવ્યો છે. અમદાવાદના માજી સબોર્ડીનેટ જડજની આ વિધવા દીકરી છે. સાહેબે તપાસ કરી કજીયાની જુબાની લીધી, નક્કી ખાતરી કરી. પણ હવે કોર્ટ સિવાય તેનાથી શુ થાય! આખરે પેલા કલાર્કે સાહેબને કહ્યુ કે કોર્ટમા જવાથી આ બાઇની ને જડજની આબરૂને ધક્કો પહોંચશે. માટે બાઇને સહીસલામત રવાના કરી દેવી, અને ચોરીના કેસમા ઘોડાવાળાને પકડી શિક્ષા કરાવવી. સાહેબને એ વાત વધારે વજનદાર લાગી. ગુન્હેગાર પકડાયા પછી વધુ તેને દરકાર ન રહી, સાહેબે તેને કલાર્કને સોપી; કલાર્ક ભલો હતો કજીયાને તે લઇ ગયો. કજીયા તો ધાર ધાર આંસુડે રડવા લાગી ને અંતે ઉપકાર માન્યો. કલાર્કે ઘેર જઇને નિર્ગુણરાયને તાર કર્યો. નિર્ગુણે ઉપકાર સહિત તેણીને લાવવા બાલ્યુ પણ અફસોસ, તેણે તો શરમની મારી કનાકના રહેઠાણની

નજદીકના કુવામા પડીને આપઘાત કર્યો. બિચારીનુ ભાવી અંતે બગડયું.

અમદાવાદની ન્યાતે તો નિર્ગુણરાયપર વૈર લેવા માડયુ! છોકરો ન્હાસી ગયો. છોકરી વંઠી ગઇ, પોતાપર તરકટનુ વાદળ આવ્યું. જેટલો ગર્વ હતો, તે ગળી ગયો અને ન્યાતજાતમાં પણ ઘેર ઘેર ધિક્કારનો વરસાદ વરસી રહ્યો! ભાવી નબળાં તેનું બધુ નબળું:—

કજીયાપર જુરી ભરાણી ને તે અગ્નિ માતાને સ્વાધીન થઇ, ખફ બનતાં વિધવા છોકરી ગઇ, એ નિર્ગુણને મન તો નિવૃત્તિ થઇ. હવે એ મહેરબાનનું શુ થશે, એટલુ માત્ર જોવાનું રહે છે.

ડોસાને હજી એટલી ખબર નથી, કે પોતાનો પુત્ર સુમન મુબઇમા પુર ઠાઠથી સાહ્યબી ભોગવે છે, તેને હમણાંજ ખબર પડી. વર્તમાન પત્રમા, પેલા વિકટોરીયાના એકસીડન્ટની ખબર પ્રકટ થઇ, ને તેમા સવિસ્તર નામ આવ્યું, ત્યારે જાણ થઇ; પણ કેમ મળવું? અંતે વિનોદરાયપર એ સબંધી તારથી પુછાવ્યું. વિનોદે ઘણી તારીફ લાયક ખબર આપી, ને તે નિમિત્તે નિર્ગુણ મુંબઇ આવ્યો. વળી તેને પોતાના કેસ માટે એડવોકેટની સલાહ પણ લેવી હતી એટલે એક દિવસ માટે આવ્યા. તે વિનોદને ત્યા ઉતર્યો. સુમનને ખબર આપી. સુમન ઘણો ગુસ્સામા હતો ને વળી પોતાની પ્રિયાના મંદવાડમાં ગુથાયો હતો, તેથી મળવા ના કહેવરાવી. જો કે સુમનની ઇચ્છા સંપૂર્ણ એવી ન હતી, કે ન મળવુ; પરંતુ હાલના સજોગ વચ્ચે જેમ તેમ મળવામાં, ઘટીત ખુલાસો થાય, કે પાછા સ્નેહ સબંધમા જોડાય, તેવી તક ન હતી, એટલે તેણે મળવા ના પાડી, તે પણ કંઇ તદ્દન ખોટું કર્યું ન હતુ; પણ તેની અસર નિર્ગુણને ખોટી થઇ; કેમકે પોતાનાપર આફત છે, ને હાલ સુમન ઠાઠમા છે, તેથી પિતાની દરકાર ન કરી, એવો ખ્યાલ ગયો. નિર્ગુણ તરતજ રાત્રે પાછો મેલમા અમદાવાદ રવાના થયો, ને વિનોદરાયને કેસ સબંધી સલાહ લઇ મસલત કર-

મધુરીનો પિયર પ્રેમ.



મધુરી પિયરમા જવાને પતિને વિનતી કરેછે

ભા ૩ પૃ. ૫૧.

વાનું સોંપી ગયો. ક્રમભાગ્ય એ મંદાધીના કે એકાએક વિનોદરાયને વાયુ થઇ આવ્યો, અને આખુ અંગ ઝકડાઇ ગયું. ચોમેરથી આ કુટમ્બ કુદરતના કોપનું બળિદાન થઇ ગયું. સપડાઇ ગયું ! ત્યારે મધુરીનું શુ થયું ?

એ ભલી બ્હેનનો તો પત્તોજ ન હતો. અજબ છે તેની ધિરજને, કે પાંચ પાંચ વર્ષ થયા છતાં માબાપ તરફ નિગાહ પણ ન કરી; અરે પોતે જીવતી છે, એવી તરફડતી માતાને સંદેશો પણ ન કહેવરાવ્યો ! ચાલો, ત્યારે માતાની વ્હાલી દીકરી મધુરીની લગાર ખબર લઇએ. તેનાં બે સૂર્ય ચન્દ્રની ઝાંખી કરીએ.

પ્રકરણ ૧૮ મું.

મધુરીનો પિયર-પ્રેમ.

'વ્હાલા નાથ ! બહુ વરસ વીતિ ગયાં, હવે પિયર પ્રત્યે જવાની અને વ્હાલી માતાની ભેટ લ્હેવાની મને ઇચ્છા છે, હાલ નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુ પધારનાર છે, તેની મુંબઇમાં મોટી ધામધુમ છે, એક પંથ ને દો કાજ કરતાં આવીયે, સૌને મળતાં આવીએ." મધુરીયે કનકને નમ્ર સાદે વિનંતી કરી.

"ડીયર, શહેનશાહી ધામધુમ તો આ કલકત્તામાં પણ કંઇ કમ નથી. તે છતાં ત્હારી ઇચ્છા હોય, તો ચાલો મુંબઇ જઇએ ! પણ રખે ત્હારા પિતા ફરીને મને અપમાન કરે ! જો તું મ્હારી સાથે સીતારામ બોલ્ડીંગમાં ઉતરે, તો આવું." કનકે શંકા કરી.

"નાથ ! એટલી બધી બ્હીક ન રાખો ! એ વખત તો ગયો ! મને એક તાર કરવા દો—તેનું આમંત્રણ થાય તો પછી—?

"વેલ, હું ખુશી છું !"

'નાથ! આપણે આ દુર પ્રદેશમા એકલા પડયાં છીયે. તો કાં મુંબઇમા હવે જાયુકનો નિવાસ ન કરીયે! વળી તમારી બાપોકી રકમ પણ વ્યાજ વધીને મોટી થઇ હશે."

"વ્હાલી! મ્હારા મનમા પણ એમજ છે; પણ ત્યા ગયા પછી સર્વે વિચાર કરીશુ!'–હજી વાત ચાલે છે, ત્યાં મુંબઇની ટપાલમાં વર્તમાનપત્ર આવ્યું, ને તેમા એક ખબર ઉપર કનકની નજરે ગઇ; ને તે મોટે સાદે વાંચવા લાગ્યો

ચોપાટીપર અકસ્માત—અમદાવાદની સ્મોલકોઝ કોર્ટના માજી સબોર્ડીનેટ જડજના વડીલ પુત્ર મી. સુમનરાયનાં પત્નિ, જાણીતા સોલીસીટર વિનોદરાયની નોકરડી જોડે ભાડાની વિકટોરિયામાં મહ.-લક્ષ્મી તરફથી ચોપાટી જતાં રેલ્વે ક્રૉસીંગ આગળ બીજી ગાડી અથડી પડયાથી, ગાડીને નુકસાની થઇ છે, અને અંદર બેઠેલા એક બાનુ સગર્ભા હોવાથી આફતમાં આવી પડયા છે. તરતજ ડાકટરી મદદ મળી જવાથી બચાવ થઇ ગયો છે, તોપણ તે ભયંકર બિમારી ભોગવે છે.

માજી જડજ સેસન કમિટ—અમદાવાદના માજી જડજ મી. નિર્ગુણરાય મહેતા, જેઓ રીટાયર્ડ થએલા છે; તેમણે ચોકસ મીલ સંબધી આગ લગાડવાના કામમાં મદદ કરવા બદલ સેસન કમિટ થયા છે! કેસ મુલ્તવી છે!—

કનકરાયે આ બે નવી ખબર વાંચી; અને મધુરીના હર્ષનો પાર રહ્યો નહિ. બાપની બિમારીથી દુખ થયુ; પણ લાબે કાળે પ્રભુએ એક ભાઇની ભેટ કરી, તેની અનહદ ખુશાલી થઇ. વળી સુમનરાય પાછો મુંબઇમાં છે, ને તે સંસારી થયો છે, એ પણ ખુશી થવા જેવુ છે. નીરૂનો તો પત્તો નથી. પણ કદાચ પાછી મળી હોય! આ સર્વ નાટક નજરે નજર જોવાને સર્વને ભેટવા મધુરી આકળી પડી ગઇ.

" વ્હાલા ! ત્યારે તો હવે જરૂર તાર કરો અને તેમા અહીંથી નીકળવાનાજ સમાચાર આપો ! "

" વાઃ, તારી ઇચ્છા છે તો ભલે, આપણે કયા રજા કોઇની લેવાની છે. તૈયારી કરીએ—ઘટતો સામાન લઇયે. "

" અને ઉતરવાનુ બાપાજીને ત્યાજ રાખીયે. તે ઘણા ખુશી થશે તમને અપમાન કર્યું, તેનો પસ્તાવો તે જરૂર કરશે, અને આપણી મોટાઇ જણાશે. "

" ઑલ રાઇટ ! તેમ કરીએ ચાલ"—એટલુ કહીને તે ઉઠયો અને નોકરને હુકમ આપી દીધો, કે ઘટતો સામાન મગાવીને પેક કરે !

મધુરીએ વીગતવાર કાગળ માબાપ ઉપર લખ્યો. પોતાની સલામતી ને પછી પ્રભુ કૃપાથી મળેલી સપતિ–સંતતિની વાત લખી–પાચ વર્ષ અદૃસ્ય રહ્યાં, તેનુ કારણુ રૂબરૂમા કહેવા જણાવ્યુ ! મધુરી-એ પીયર પ્રયાણ કર્યુ, ત્યારે નીરૂના ભાવીએ શો માર્ગ લીધો ?

પ્રકરણ ૧૯ મું.

વીરમતીનો વિદેહ કૈવલ્ય.

"બ્હેન નિર્મળા ! આ મ્હારા લાડકડા ભગીરથને, મ્હારી ગેરહાજરી પછી તમે તેની મારી યા માતા તરીકે સંભાળ કરશો ?" વીરમતીએ રડતે સાદે, દમ લેતા લેતા નિરાશાનો નિસાસો મુકી કહ્યુ.

" બહેન ! તમે એમ ના બોલો ! તમે જલદી સારા થઇ જશો. ડોકટર બહુ સારી આશા બતાવે છે. "

" ના, મને આશા નથી—મ્હારી શક્તિ તદ્દન ઘટી ગઇ છે; અને મને પુર્ણ ભાન થાય છે, કે હું હવે આ દુનિયામા વધુવાર ટકવાની નથી !

"કોણ કહે છે ' તમે સારા થઈ જશો." ડાકટરે અંદર આવતાં કહ્યું. સુમન પણ સાથે હતો.

"એમને એજ ભ્રમણા લાગી રહી છે, ડાકટર!"

"ચિન્તા નહિ! ઇશ્વર સૌ સારૂં કરશે!" ડાકટરે નાડ તપાસતાં કહ્યું.

"મ્હારો ભગીરથ ક્યાં?"

"આવ્યો, બા!" ભગીરથ દરવાજા કનેજ ઉભો રહેલો હતો તે આવ્યો.

"મને ભેટ મ્હારા દીકરા! જો આ અભાગી માતા ચાલી જાય તો આ ભલી નીઃ અરે નિર્મળા માસીને માતા ગણીને એટલું" કહેતાંજ દમ ઉપડયો, ને એકજ મિનિટે બધ પડી ગયો. અફસોસ! વીરમતિ બિચારી પતિ ધામ—જગ ધામ છોડીને વૈકુંઠવાસમા ગઇ!

ઘરમાં રડારોડ થઇ રહી, પણ બિચારીનો અમર આત્મા આશાવંત જીવડો ગયો તે ગયો.

કોના સગાં વ્હાલાં અને કોના શિસુ સંસારમાં,
આશા ધૂમાડાના બધા છે બાચકા અંગારમાં:
જળ—કમળમા મન—ભ્રમર ફૂલાઈ રહે તન—ભારમાં,
સંસારમા સપડાયલા સમજે ન સાર અસારમા.

પ્રકરણ ૨૦ મું.

કલહી સંસાર!

જગતમાં માણસોને સુખે રહીને રોટલી ખાવાનું પણ ગમતું નથી. પ્રભુની દયાથી, ભલા દીલથી ભલાઇ પણ જોવાતી નથી. અજ

તેવો હોડકાર અને કર્મ તેવી બુદ્ધિ, એ એકત્ર, જો કે સઘળાંને લાગુ પડતું નથી, તોપણ કમ અક્કલનાં, કુસંગી, અને અસંસ્કારી જનોને માટેજ તે હોય એમ જણાય છે, કુળવંત. સુપાત્ર, અને સંસ્કારીનો વર્ગ જુદોજ છે. સારા સગમા છતાંયે, કૂટીલ તે કૂટીલજ રહેવાનું ! સુવર્ણપાત્રમાં ઝેર હોય તો તે કદી અમૃત થવાનું નથી. વિદ્વાનને કુલટા સ્ત્રી સાંપડી હોય, તો તે કદી સુશીલ થવાની નથી-હા, તે વંટોળીયા પ્રમાણે અમુક ઘડી, આમ તેમ ફરતી રહેશે અર્થાત્ સ્વભાવ બદલશે, પણ તેનો અસલ દુર્ભાવ ટળવાનોજ નથી. સગુણકાકા અને શીવગંગાની જોડી, આખા પાટનગરમાં પ્રખ્યાત ગણાતી હતી; તે આજે વખતના પ્રમાણમાં બદલાઈ ગઈ. સગુણકાકાની ધીરજ, અને ધાર્મિકતાનું એકજ બિન્દુ જગમાં વખણાતુ હતું; ને તે સંતતિથી ગવાતું હતું. વૈકુંઠ જેવો આજ્ઞાંક્તિ પુત્ર, અને નિરંજની જેવી પુત્રી, એ સગુણકાકાનાં સત્કર્મનો પ્રકાશ હતો-તેના પુન્યનો તે થર હતો. શીવગંગાનું પગલુ ઘરમાથી ઉપડી ગયુ; નીરૂ બિચારી સાસરેથી પાછી ફરી શકીજ નહિ. અને વૈકુંઠને પિતા-ઘરનો ત્યાગ કરવો પડગો ! કાકા સગુણે, વૃદ્ધ કાળે, નવી સ્ત્રી કરી, અને પોતાનું જીવનસુખ ગુમાવ્યું ! અકૂળવાન સ્ત્રીનાં પગલાથી સુખનુ સત્યાનાશ વળ્યું ! આખરે તેને છતે પુત્રે, છતી દોલતે, દેશવટો આવ્યો !

પેલી કર્કશા કાકી, ઘણે દહાડે, ઘણી સાભળી આવ્યાથી, પોતાના સાવકા દીકરાને ત્યાં પહોચી; ત્યારે કાકા સાહેબ, પોતાના વ્હાલાં પત્નીને ભેટવા માટે, પોતાને ઘેર પહોચ્યા ! ઘેર તો તાળું હતુ; પાડોશીએ કશી ખબર ન આપી, કેમકે સૌની સાથ કાકીએ હિસાબ ચુકતે કરેલો હતો ! ભલા કાકા બિચારા આમ તેમ આથડયા, પરંતુ ન ઘરની દાદ, કે પોતાની ફરિયાદ ! !

પેલા અસથા મહેતાને ત્યાં કાકા પહોચ્યા અને ઘરની ખબર

પુછી, ત્યારે તેણે કાને હાથ દીધા; અને જેણે આ જીવનો રંડાપો–ને ભુંડાપો વ્હોરાવી લીધેલો, તેણે હવે કાને હાથ દીધા ! ભાવી ! !

કાકા સગુણ બિચારા માનમા ને માનમાં ઉઠવા લાગ્યા. અમથાએ ભોજન માટે ખેચતાણ કરી, પણ હૈયામાં હોળી હોય. ત્યાં અનાજ કે પાણી ગળે શી રીતે ઉતરે ? ઘરની વાત મનમાં જાણી–ધણીયાણીના ફાગણીયા દિલમાં ડહામરૂપે સહન કરી લીધા અને રવાના થયા પોતાના ઘરની કુંચી તો હાથ ન હતી, એટલે લુહારને બે લાની તે તાળું ખોલાવ્યુ. ને ઘરમાં પેઠા પણ ખાવાનું કશુ નહોતું હાથે રાંધીને પણ પેટ ભરવાનું કાંઇ સાધન નહોતુ. વાસણ તો ત્રણ દીનનાં અજીઠા પડેલાં ખાળમાં સબડતા હતા. લોટમા સતરસો જંતુઓ આમતેમ હવામા ઉડતા હતા, ઉદરડાને માટે ખાસ નવી કાકીએ ચોરાસી કરી હતી અને સામટી રીતે જોતા–લેતાં, સગુણકાકાનું ઘર, એક કલહવાડો બની ગયુ હતુ '—

કાકા મનમાં પસ્તાતા હતા, પણ પાણી પીને ઘર પુછવાનુ શુ ! માત્ર નાકની દાંડી સાબુત એટલે શરમમા દબાઇને, ઘરનો ભવાડો બહાર ન જણાવા દેવા, પોતે સહન કરવા લાગ્યા. બિચારા કાકા તો ઘણુ છુપાવે પણ ગગને ચઢેલુ વાદળ, કે પુનમનો ચદ્ર કઇ છુપો રહે ? કાકીની દોઢ ગજ લાંબી જીભ, ગામ સાભળે તેવો ઘાટો, અને વિવાશાળા કોન્ટ્રેકટ લીધેલુ મગજ, તે વળી છાનું રહે ? કાકીએ તો બગબર બનાવ્યા ! !

સાવકા દીકરાને ત્યા લઇને બાર કલાકે કાકીસાહેબ અથડાઇને પાછા પોતાને ઘેર આવ્યા. ત્યા કાકા સાહેબને અપવાસી સાધુ પેઠેજ, તૂટેલે ખાટલે પડેલા જોયા ! કાકી પધાર્યા, ને જગત ન જાણે, તો પધરામણી શેની ? રાજા પધારે તો નોબતો વાગે કે તોપ ફુટે, ને

કર્કશા આવે, તો હોહાં કૂટાય, ને સાદના સાદ સંભળાય ! કાકા તો એ રંડાને જોતાંજ ચમકયા જાણે ડાકણ વળગશે !

લોકો બૈરી કરીને જીવનને શાન્તિમા મુકવા ઇચ્છે છે ! ઘડપણમાં સ્ત્રી, આ કહેવા પ્રમાણે ચાલનારાં દેશીજનો સંતોષ માને છે; પણ આ ભવાડાથી આયુષ્ય કેટલુ ઘટે છે, તેનો ખ્યાલ આવતો નથી !

" કયાથી પધાર્યા ! કોઇ તમારી સગીયે સંઘર્યા નહિ કે ? " કાકી સાહેબે પોથા પુરાણ ઉખેડયુ ! કાકા ચૂપ ! !

" બળ્યો તમારો અવતાર ! ઘર ઘરના ધક્કા ખાવાનું ને હડહડ થવાનુંજ નશીબમાં છે કે શુ ? " કાકાએ જવાબ દેવાનુજ માંડી વાળ્યુ.

" હવે ધાર્યુ છે શુ ? આવ્યા તો ખરા લીલના લાડા જેવા પણ દાણા—પાણીનું ? "

" પ્રભુએ ઘણું દીધુ છે, જો શાન્તિથી ખવાય તો ? કાકા જરા કંઇ બોલ્યા.

" હા—પથ્થર ઘરપર ચણેલા--ને ખેતરમા ધુળ ઘણી છે ! તે તમે ખાગો જાઓ ? '

" બાપાજી ચકરમ થઇ ગયા છે શુ બા ? " પેલો નાનકડો છોકરો માની સોબતના ભાવે બોલ્યો.

" તે આજથી કે ? મુવા બાપે એવા વેવલા કયાથી જોયા હશે? ગામમાં કોઇ સારો નાતનો દીકરો ન મળ્યો હશે ? "—

" મા ? મારા જેવો કોઇ—" દીકરા દળનારીના ને નામ ચુનીલાલ તે આનુ નામ '

" ચૂપ ? ખબરદાર ! ડોસા બોલ્યા. "

" લાબી—ટુકી ન કરશો. નીકર રસ્તો લેવો પડશે, " દીકરાજી બોલ્યા—કાકી હસ્યા ! કાકાએ જાણ્યુ, કે હવે જીવવામાં સાર નથી.

" ઠીક ! આ ચાલ્યા ! ' કાકા ઉઠયા.

" નોતરૂં કે તેડું કોનું હતું કે આવ્યા ! પધારો. "

કર્કશાએ દુખતા ઉપર ડામ દીધો—કાકા ચાલ્યા ગયા. ક્યાં ગયા તે પ્રભુ જાણે, કાકીને નિરાંત થઈ, કે હજી ડોસા જીવતા છે. જખ મારીને પાછા પધારશે. પણ અફસોસ ! ખરેખર તે તો ગયા તે ગયા!

પ્રકરણ ૨૧ મું.

મા વગરનો દીકરો.*

" બાપાજી ! નિર્મળા માશી તો હવે વિનોદકાકાને ત્યા જશે, તો પછી હું કોની સાથે રહીશ ? " ભગીરથ રડતે આંસુડે, આંખ લુછતો, પોતાના પિતાને કહેવા લાગ્યો !

" બેટા ! હું તે માટે તને ગમશે, તે રીતે બંદોબસ્ત કરીશ ' સુમને મા વગરના દિકરાની દયા જાણી.

અફસોસ ! વ્હાલી ધણીયાણી ગુજરી ગયા પછી, તેના પતિની દશા કેવી દયામણી થાય છે. અને તેમા જો બાળક મૂકી ગઇ હોય, તો તે કેવો જગતનો ઓશીયાળો થાય છે, તેવુ **ચિત્ર** આ સાથે રજુ કરતાં, એવા દુ:ખ માટે ડંખ પેદા થાય છે.

ભગીરથનું રૂદન અને સુમનનો દિલાસો ખરે હૃદયદ્રાવક હતો, વ્હાલામાં વ્હાલી મરનાર સ્ત્રીનુ આ એક માંસલ, જ્યારે એ બિચારી ગરીબ માતાને છોડવુ પડ્યુ હશે, અને એ સમજાણું બાળક, વ્હાલી માતાને સદાની વિખુટી થયલીને જાણતુ થયું હશે, તેમજ તે પત્નિના પ્રેમી પતિને એ વાતનો નિશ્ચય થયો હશે, તે વખતની તેની સ્થિતિ, આ જગતમાં સ્મશાન કરતાં વધુ શુન્ય, અને આફત કરતા વધુ આકરી થઇ પડી હશે. અનુભવીનું અન્તર, એ વાત જે રીતે જાણે, તેવી કદર, બીજાં વાંચનારથી કદી થઇ શકે જ નહિ.

" શેઠજી ? નિર્મળા બ્હેન કહે છે કે જો રજા આપો તો હું મોટાં બ્હેનને ત્યાં જાઉં:—વિનોદરાયજીની તબીઅત જોતી આવુ.

" ના ! હું નહિ જવા દઉં !" ભગીરથ દોડતો—બોલતો અંદર ગયો, પાછળથી સુમન ગયો, નિર્મળાને સમજાવવા ગયો. પોતાની પ્રિયાંગનાની પિછાન કરવા ગયો !

પ્રકરણ ૨૨ મું.

મા—દીકરીની ભેટ.*

" મ્હારી વ્હાલી દીકરી મધુરી ? આવ, મને અતી હર્ષથી ભેટ, મ્હારી દીકરી ? '

"ભગીરથીએ પોતાની જીવિત પુત્રીને, અંતરના ઉમળકાથી કહ્યું ને મા—દીકરી, હર્ષનાં આંસુ સહિત ભેટયા. "કોણ ? ભાઇ !" મધુરી પોતાના ન્હાના ભાઇને મળી ચુંબન કર્યું !"

આહા ! સમયની બલિહારી છે ! એક સમય એવો હતો, કે તે દહાડે, મધુરીનો વર કનકરાય, સસરાના ઘરનો શત્રુ હતો તે આજે ફાંકડો બનેલો ઉભો રહેલો જણાય છે ! બ ગાળણ દાસી પણ હાજર છે.

મધુરી અને માતા ભેટીને કનક સહિત અંદર બંગલામાં ગયાં ! વિનોદરાય જો કે તદન આસન હતા. પવનના જોરથી શરીરમાં, વૃદ્ધાવસ્થાને લીધે સહજ કંપ હતો—નબળાઇ હતી; તોપણ પોતાની વ્હાલી પુત્રી, જેને આ જગમાંથી ઉડી ગયલી જાણી હતી; તે ઘણે વર્ષે ભેટવા, અને તેથી પણ પોતાની ઇચ્છા પ્રમાણ, પતિ—સહિત મળવાથી તે બહુ ખુશી થઇ ગયો ! કનકરાય પણ સસરાને પગે પડયો. વીગતવાર પત્રતો મળેલોજ હતો, એટલે પેલા બે ભુલકાને જોયાં ને તેની ખબર લીધી.

કનકરાયે અને વિનોદરાયે સ્નેહભરી વાતો ચલાવી ત્યાર મધુરી ને ભગીરથી, બન્ને મા દીકરી, અંદરના હોલમા ગયાં ને ત્યા હરખાતી છાતીએ— ને આનંદની વાતો કરવા લાગ્યાં. વાત કરતાં કરતા મધુરીની નજર પેલી સામેની બંગલી તરફ ગઇ, ને બોલી.

"બા ? સુમનનો પત્તો લાગ્યો ?"

"હા, દીકરી ! એતો અહીંજ છે ! અને બિચારો પાછો દુઃખી થઇ ગયા !"

"કેમ ? તેની સ્ત્રી ગુજરી ગઇ કે શુ ?"

"હા, બેટા ! બાઇ ભાગ્યવત હતી. તનને ધનથી ખરે મગરૂર હતી, સદ્ગુણને સ્વભાવથી તે શત્રુને પણ વશ કરી શકે, એવી હતી !

"કમભાગ્ય બિચારા એ ભાઈના ! પણ મા ? હજી બાપુજી તેમની સાથે--

"ઘણી માયાથી વરતે છે, અને તેના માબાપ પણ હવે પસ્તાઇને તેની દયા ખાય છે"

"વાર, નિરંજનીનો કઇ પત્તા ?"

"ના હજી કઇ પત્તો લાગતો નથી. પણ શીવગંગા કાકી આવેલા હતા, તે કહેતાં હતા, કે આપણે ત્યા નિર્મળા બાઇ છે, તે જાણે નિરંજની ના હોય !"

હજી વાત ચાલે છે, ત્યા નંદ, પોતાના ધણીને ત્યાંથી, દમયંતી જેવી દશાના દેખાવથી આવી ચડી.

"બ્હેન ? સારાં છો કે" ભલી નીંદએ નમન કરી પુછ્યું !

"આ નિર્મળા જેની મે હમણાજ વાત કરી !" ભગીરથીએ ખુલાસો કર્યો.

"ઓહો ! તમે નિરંજના ?"

"ના, ના ! નિર્મળા."

ભગીરથી, મધુરી ને કનક.



આવ, મ્હારી વ્હાલી દીકરી ! મને ભેટ !

ભા ૩ પૃ

"શું તમે નિરંજનીને ચાહો છો, બેન ?"

"હા—ને જો તે તમે હોય તો—"

"મને ચાહો ?–"

"હા, પણ તે તમે ?"

"ના, પણ તેમના જેવી લાગું છું કે ?"

"તમે તો ખ્યાલ કરો છો. ખરૂં કહોને ?"

"દીકરી ? એ તો બિચારી ભલી છે ! નિરૂ તો કંઇયે હશે.'

"પણ ત્યારે હવે સુમનભાઈ પાછા પરણશે કે ?"

"હા, કદાચ."—

"અને જો પછી નીરૂ બહેન સાંપડી ગઇ હોય તો ?"

"તો ભલાં ભાગ્ય !"

"શું તે એ બિચારી અભાગીને સંગ્રહશે ?" નીરૂ બોલી.

"એ રંક બહેન માટે હું મ્હારા ભાભાભાઇને વિનંતી કરૂં !"

"એ આજે બિમાર જેવા થઇ ગયા છે. તબીયત બગડી આવી છે. મધુરી બહેન આવેલાં જાણીને હું તેમને એમને એમ મુકીને આવી છું."

"બા ? ચાલોની ? આપણે મળવા જઇએ ?"

"હા ચાલ, નિર્મળા પણ સાથેજ આવશે. ગાડી જોડવા કહીયે." એટલું કહીને સૌ ઉઠયા. ભાગીરથે ગાડી જોડવા હુકમ આપ્યો. વિનોદરાયને કહી રજા લેવાને આગલા હોલમાં આવ્યાં; એટલામાં તાર આવ્યો. નિર્ગુણરાયપર જે આફત આવી હતી, તે મીલમાં આગ લગાડવાનો આરોપ હતો; તેમાંથી તે નિર્દોષ થઇને છુટી ગયા. પણ તે પછી તરત કોર્ટમાંજ એકદમ બિમાર પડી ગયા હતા. હાલ સારૂં છે; ને તે હમણાંજ ધણી–ધણીયાણી બન્ને આવવાનાં છે."

"બિચારાં ભાગ્યશાળી કે આબરૂ સહિત રહ્યાં !

"હા; અને ધન તથા સર્વ ગુમાવ્યું. માત્ર એક સુમન રહ્યો."
"તે પણ આજારી પડી ગયો છે, અમે તેને જોવા જઇએ છીયે."
"વારૂ, જાઓ, અમે પણ પાછળથી આવીશું. નિર્ગુણરાય તો અહીંજ ઉતરશે. તે આવશે, પછી અમે સૌ સાથે આવીશુ. ગાડી મોકલી આપજો." વિનોદરાયે વાત કરી. ત્યા ગાડી આવી. સ્ત્રી વર્ગ ચાલ્યો. નીરૂ, રજા લઇને એક મિનિટ માટે ઉપર ગઇ, ને ફોટો તથા પત્ર લઇ છુપી રીતે પાસે રાખીને, પતિ ઘેર સૌ સાથે ચાલી.

પ્રકરણ ૨૩ મું.

સુરથ ને ભગીરથ.

"આવ આવરે, સુરથ ? બીહે છે શાને ? મ્હારા પપા કને તને લઇ જાઉં ! ન ડરતો ! હું છે કની ?" ભગીરથ પોતાના ગોઠીયા મિત્રનો હાથ પકડીને અંદર લઇ જાય છે. બિચારો સુરથ ડરે છે, જવાની આનાકાની કરે છે !

"મારી બા અહીં છે કે ?" સુરથ, પોતાની માતાને મળવા આવ્યો હતો, તેણે પુછ્યુ.

"શુ નિર્મળા બ્હેન તારી મા ?"

"નિર્મળા કોણ ? નીરૂ બ્હેન !" સુરથથી બોલી જવાયુ !

"નિરૂ ? ક્યા છે નીરૂ ?" સુમન, અંદરની બારી કને કોચ ઉપર બેસીને ન્યુસ વાંચતો હતો, તેણે સાંભળ્યુ ! તબીયત ના દુરસ્ત હોવાથી, એક બાજુ કોચ ઉપર પથારી નંખાવી તે પડયો હતો—તેણે સાંભળ્યું.

"બાપા ! એ તો પેલો સુરથ !" હું તેને અંદર લાવુ ?

"હા, બેટા લાવ ! અલ્યા બ્હીતો ના હં !" કુદરતીજ જાણે સુ-

મનને સુરથપર ભાવના થઇ હોય, એમ લાગ્યુ ! એ તો નિરૂનો પુત્ર પણ તે ખરો કે ? અને નીરૂ તે નિર્મળા ? આ સંભ્રમ ભાંગવાને તેણે સુરથને બોલાવ્યો–સુરથ હઠતે પગલે પણ અંદર આવ્યો. ભગીરથ પ્રેમભાવે ઘસડી લાવ્યો.

"અલ્યા સુરથ ? તારી માનું નામ નીરૂ ?" સુમને પુછ્યું.

"હા; નિરંજની પણ કહે છે !"

"તારો બાપ કયા છે ?"

"તે તો મને ખબર નથી, અમે તો વગડામા રહેતા હતા ? હું એ વખત ખોવાઇ ગયલો—"

"હં ? ત્યારે તારો જન્મ વગડામાં થયલો ?"

"તે તો હુ નથી જાણુતો !"

હજી વાત ચાલે છે–સુમન વારવાર તેના ચેહરા તરફ ટીકી ટીકીને જુએ છે.

"પપ્પા ?" સુરથને તમારૂ મો જાણે મળતું હોય ?

"ને તુ પણ સુરથ જેવો લાગે છે કે ?" સુમને કહ્યુ.

"હમે જાણે એક ભાઇ જેવા હોઇએ તો ?"

"એમજ છે–અંદરથી જુવી ડોશી બહાર આવતાં બોલી–એમ જ એ ભાઇ ! નિર્મળા બહેન તે નિરૂબા હો !"

"મ્હારા સમ ?" સુમને બેઠા થઇને પુછ્યુ.

"હા; તેણે બધી વીતક વાત કહી-જો, મધુરી બહેન, ભગીબા ને નીરૂ બહેન આવ્યા."

સુમન અચેત થયો–ત્યા સૌ આવ્યા–લગાર મગજને શ્રમ પડી ગયો–ડોશીએ પવન નાખ્યો-ભગીરથ, મધુરીને નીરૂ આવી ચડયા—અહા ! શો કુદરતનો ભેદ ? ભગીરથ, ને સુમન તો જોઇને રહ્યા ! !

પ્રકરણ ૨૪ મું.

કુટુમ્બ મેળો!

સગુણકાકા કંટાળીને આખરે કાં તો જીવનમુક્ત થવા દેહને જળ-દાહમાં મુકવા ચાલ્યા. એકવાર !પાછું પુત્ર વૈકુંઠને મળવું, જે પછી કાશી જવુ. ત્યાં જે બને તે ખરૂં! કાં તો ગંગામાં દેહને નાંખવો!-આ વિચાર કરતો સગુણરાય સ્ટેશન તરફ ચાલ્યો.

કાકી કર્કશા પોતાના પુત્ર વૈકુંઠને ઘેર લડી-વઢીને વતન પાછી ફરી, પણ વૈકુંઠને પિતાનું બહુ લાગી આવ્યું. તે ક્યાં ગયા? ઘેર ગયા છે, તો નક્કી નવી સંતાપશે, માટે કોઈ રીતે તેને મુક્ત કરવા માટે, ખાસ બે દિવસની રજા લઈને પોતાના પુત્ર તથા સ્ત્રી સહિત ચાલ્યો.

આનંદ સ્ટેશને આવતાં તેમને ખબર મળી કે, નિર્ગુણરાય તથા તેનાં સ્ત્રી, મુંબઈ ગઈ રાતની મેલમાં ગયા; નીરંજની હાથ આવી અને તેઓ સર્વ મળી ગયા!

આહા! કેવી રૂડી ખબર! પોતાની રંક ને ભલી બહેન ક્યાંથી મળી આવી હશે? ખરે, ઘેર જઈને બાપાજીને આ ખુશ ખબર કર-વી. તેઓ હજી સ્ટેશનમાથી બહાર નીકળે, ત્યાં કાકાસાહેબ ખંભે ખ-ડીયો નાંખી કમ્મર બાધીને આવતા મળ્યા. વૈકુંઠને કુટુમ્બ સહિત જોઈને તે તો હેરત થયો, આ અહીં ક્યાંથી?

“દાદાજી? ફુઈજી આવ્યાં છે?” વૈકુંઠના બાળકે દાદાજીને વધામણી દીવી.

“હા બાપાજી!” મુંબઈમાં સુમનને ત્યાં! ને તે માટે કેમ મને પ્રભુએ અહીં મોકલ્યો હોય?”

“ત્યારે તો ચાલો, મુંબઈ!” ડોસા બોલ્યા

નીરૂ, સુરથ ને ભગીરથ.



આ વાર્તાનો અધુરો ભાગ "મધુરી" અથવા
"પ્રેમ-ઘેલી પ્રમદા" એ નામે પ્રકટ થશે
ગ્રાહકોએ પ્રથમીજ નામ નોંધાવવા કિં રૂ. ૦ા૮.

"એક વાર ઘેર જઇયે. મારાં નવાં માતુશ્રીને મનાવીયે, ને તેને પણ સાથે લઇ જઇયે!"

"તે કર્કશાને હવે નથી બોલાવવી!"

"ઓ, એ તો જો આવે?"

કર્કશા કાકીને પણ પ્રભુએ સદ્બુદ્ધિ આપી. કાકા કંકાસ કરીને ઘર છોડી ગયા પછી તેને લાગ્યું, કે પોતે સ્ત્રી, અબળા જાત, ગમે તેવા પણ ધણીથી શોભીતી ને સુખી છે; તેથી તે ધણી પાછળ દોડી—તેની પછવાડે છોકરાએ આવ્યો. સ્ટેશને આવતાં સર્વને જોયા—ને કાકીની આંખમાં જળઝળીયાં આવ્યાં તેણે સહન કરી, વૈકુંઠના બાળકને હર્ષથી તેડી લીધું. કાકા આડું મો કરી ઉભા રહ્યા, પણ કાકી વખત વરતી ગઇ.

"મને માફ કરો—ને હવે સૌ ઘેર ચાલો—મ્હારી ભૂલ થઇ!" કાકી બોલી.

"હા—અમે એમજ કરીએ છીએ—ને વળી ખુશ ખબર એ કે મ્હારી બેન્હ નિરંજની પોતાના પતિ સુમનને શરણે આવી પહોંચી છે!

"વાહ! ગોળ કરતા બીજું ગળ્યું કયુ? ગયું ધન મળે, કે વિયોગી વ્હાલાં મળે, એથી વધુ આનંદ કયો? પ્રભુ રાજી:—"

"કાલે મુંબઇ મળવા જઇશું!,'

"હા, જરૂર જઇશું. આજ તો ઘેર ચાલો—,'

કાકી ને સુમતી આવી, તેથી ડોસો ખુશી થયો. ને સર્વે હર્ષ સહિત ઘેર ગયાં. બીજે દહાડે મુંબઇ રવાના થવાનું હતું. ગામમાં પણ શુભ ખબર થઇ કાકાનું ઘડપણ સુધર્યું. સંપ ત્યાં જંપઃ—પ્રભુ, સૌની લાજ રાખ.

પ્રકરણ ૨૬ મું

નિરંજની પતિવાસમાં ! સત્યનો જય ! !

" વરઘેલી વનિતા ! ત્હારી ધીરજને ધન્ય છે ! તેં ત્હારી પવિત્રતાની ને પતિભકિતની કસોટી કરાવી દીધી છે ! મારાજ નહિ, પણ જગતમા વહેમા ભરથારો હશે, તેને તે ખરી પ્રેમાળ સ્ત્રીના પૂર્ણ પતિભકિતનો દાખલો બેસાડીને તેને નિઃશંક બનાવ્યા છે. " સુમનરાયે, નિશંક હૃદયે પોતાની પ્રિયાગના નીરૂને વ્હાલથી કહ્યું.

વાચનાર ! આગલા પ્રકરણમાં મધુરીને ભગીરથના ભેટા વખત જ, નીરુની નિર્મળતાનો પડછાયો પડી ગયો. ને એ વેળાએજ નીરૂએ ખરો ખુલાસો કર્યો. વીતકનુ સહજ ભાન કરાવ્યુ, ને એજ પળે સુમન પોતાની પ્રિયાને ભેટયો—મધુરીને માન મળ્યુ !

" ગુણવંત નાથ ! એક હાથે તાળી નથી પડતી; પ્રભુએ ઠામ ઠામ મ્હારી લાજ રાખી છે: મ્હારી ખરી ભકિત વડે મને તેણે મદદ કરી છે તમે છેવટ મને સ્વિકારીને દુખી દમયંતીની દશા પલટાવી, એજ મારા જીવનના સત્યકર્મનું ફળ છે, વ્હાલા !"

" મને તારે માટે કશો શક ન્હોતોજ પણ—"

" મે ભુલ કરી છે, તે મને માફ કરજો. "

" સંજોગ પ્રતિકૂળ હોય, ત્યારે અવળા માગ સુજે, પણ હવે સૌ સારૂ, કે જેનું છેવટ સારૂ ! હવે તુ અને તારા બાળકો સહિત ઘર સંભાળજે; ને આ ત્હારા પ્રેમી પતિને—"

" સદાના મારા હૃદયમાં છે, ને રાખવાની છુ ! નાથ ! હવે ક-

હેવાનું શું છે? એ મારા વ્હાના બે પુત્રો* આવે છે? રામ લક્ષ્મણની જોડી!! વાહવા! પ્રભુ તેમનું જીવન લાંબુ કરે!"

વાંચનાર? હવે તને લાંબા તારમા ખેંચવાની જરૂર નથી. ભલી ને ભાગ્યવંત નીરૂ હવે પતિ ધામમાં પહોંચી ગઈ સુખી થઇ ગઇ.

બીજે દહાડે નીરૂના માબાપ, ભાઇ બોનાઇ અને બાળકો આવ્યા. આગલી રાત્રે નિર્ગુણરાય ને તેની સ્ત્રી આવ્યાં.

સૌનો કુટુમ્બમેળો થયો. મધુરી અને કનક તથા બાળકો પણ હવે સદા માટે મુબઇમાં રહ્યાં! સર્વના સંશયનો નાશ થયો. સુમન પણ પોતાના પિતા–માતા સાથે સદામાટે સાથેજ રહ્યો! અને વૈકુંઠ પણ પિતાજી સહિત નીરૂ બ્હેનને મળી ભેટીને પાટનગર પહોંચ્યો.

અંતે સર્વનું સારૂં થયું. ને ભલી નીરૂ, પેલા ભલા પુત્ર ભગીરથને, સુન્થ ગણીને પતિભક્તિ કરવા લાગી. અસ્તુ! જય! જય!

વાંચનાર? હજી ત્હારે એકવાર "પ્રેમ–ઘેલી પ્રેમદા" તરફ નજર કરવી પડશે.

ભાગ ૩ જો
સમાપ્ત.

